પૂજ્યપાદ

શ્રી ધર્મસિંહજી સ્વામી



ભા. ૨. ૧૯૫.

પૂજ્યપાદ

શ્રી કર્મસિંહજી સ્વામી.

એ મહાપુરૂષની સંક્ષિપ્ત જીવનરેખા

અને

મુનિજીવન.

પ્રયોજક,

વિજ્ઞાન ભિક્ષુ મંડળ.

હા. નાનાલાલ દેવશંકર વૈદ્ય. મુદ્રા.

પ્રકાશક,

નાનાલાલ દેવશંકર વૈદ્ય.

મુદ્રા (કચ્છ)

God ! give us men, the time like this demands
Strong mind, great heart, true faith and ready hand

ઈશ્વર ! અમને નરરત્નો આપ, હાલના સમયમા દૃઢ મન, પ્રૌઢ હૃદય, ખરેખરી શ્રદ્ધા, અને કાર્યપરત્વે તત્પરતાવાળા મનુષ્યોની જરૂર છે

સર વિલિયમ્ જોન્સ

પ્રથમ આવૃત્તિ—પ્રત ૫૦૦

વીર સંવત ૨૪૪૨. ઇ સ. ૧૯૧૫

કિંમત ૧-૦-૦.

*** *** ***

वदनं प्रसादसदनं सदयं हृदयं सुधामुचो वाचः।
करणं परोपकरणं येषां केषां न ते वंद्याः॥

જેઓનુ મુખ પ્રસન્ન, હૃદય દયાળુ, વાણી અમૃતઝરી, અને કર્મ પરોપકારવાળા હોય છે તેઓ કોને વંદવા યોગ્ય નથી ? અર્થાત્ એવા મહાત્મા સર્વને વંદનીય છે.

*** *** ***

Lives of great men all remind us,
We must make our lives sublime,
And departing, leave behind us,
Footprints on the sands of time.

—*Longfellow.*

ભાવાર્થઃ (રોળાવૃત્ત)

મહાન પુરૂષોતણા જીવન ચેતવતા જનને,—
છે આપણુ આધીન કરવુ ઉન્નત જીવનને,
ને મુકિ જાવી પુઠે—વિદાયો લેતા છેલ્લી
કાળસિંધુ તણી વાળુ વિષે પદપંક્તિ પડેલી.

(રા. રા. નૃસિંહરાવ ભો. દીવેટીઆ.)

*** *** ***

અમદાવાદ ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રીન્ટીગ પ્રેસમા
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યુ.

અમારૂં વંદન.

भवबीजांकुरजनना रागाद्याः क्षयमुपागता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥

यत्र तत्र समये यथा तथा
योऽसि सो स्याभिधया यया तया
वीतदोषकलुषः सचेद्भवा
नेक एक भगवन्नमोऽस्तु ते ॥

त्रैलोक्यं सकलं त्रिकाल विषयं सालोक मालोकितम्
साक्षाद्येन यथास्वयं करतले रेखात्रयं सांगुलि ।
रागद्वेष भयाभयान्तक जरा लोलत्व लोभादयो
नालं यत्पदलं घनाय स महादेवो मया वन्द्यते ॥
यो विश्वे वेदवेद्यं जननजलनिधेर्भंगिनः पारदृश्वा
पौर्वापर्या विरुद्धं वचनमनुपमं निष्कलंकं यदीयम् ।
तं वन्दे साधुवन्द्यं सकलगुणनिधिं ध्वस्तदोषद्विषन्तम्
बुद्धं वा वर्धमानं शतदलनिलयं केशवं वा शिवं वा ॥

અર્થઃ—ભવબીજના અંકુરને ઉત્પન્ન કરનાર રાગાદિ (કામ,

ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર) જેના ક્ષય પામેલા છે, તે બ્રહ્મા હો અથવા વિષ્ણુ હો અથવા હર હો વા જિન હો, તેમને હું નમસ્કાર કરૂં છું.

૨

જે તે સમયે જેવો તેવો તું છે, જે તે નામવાળો છે તે તું, જો દોષરૂપી કલુષ રહિત એકજ હો તો હે ભગવન્, તને નમસ્કાર કરૂં છું.

૩

પોતાની આગળીઓ સહિત હથેલીની રેખા સાક્ષાત્ દેખાય છે, તેમ જેને ત્રણ લોક સાક્ષાત્ દશ્યમાન છે, અને રાગ, દ્વેષ, ભય, રોગ, મૃત્યુ, જરા, લોલત્વ, અને લોભ જેના પદનુ ઉલ્લંઘન કરવાને શક્તિમાન થતા નથી એવા મહાદેવને નમસ્કાર કરૂં છું.

૪

જે વેદ્ય જગતને જાણે છે, જેણે વિશ્વની ઉત્પત્તિરૂપી રચનાનો પાર જોયો છે, જેનુ વચન પૂર્વાપર અવિરૂદ્ધ છતા અનુપમ અને નિષ્કલંક છે, જે સાધુપુરૂષોને વંદન કરવા યોગ્ય છે, જેના દોષરૂપી શત્રુ નાશ પામ્યા છે, એવા સકલ ગુણનિધિ બુદ્ધ હો અથવા વર્ધમાન અથવા બ્રહ્મા હો કે કેશવ હો અથવા શંકર હો તેને હું વંદન કરૂં છું.

'કુમારપાળ પ્રબંધ.' (જૈનસ્તોત્ર.)

ॐ तत्सत् परमात्मने नमः

અર્પણ પત્રિકા.

પૂર્વે જૂદા જૂદા દેશકાળમાં સર્વ વ્યાપ્ત અંધકાર દૂર કરવા માટે
જે મહાત્માઓ ગમે તે સ્વાંગમા ધર્મ યુદ્ધે ચ્હડી જનસમાજને
માટે શાન્તિ મેળવી આપી સ્વસ્વરૂપે ચાલ્યા ગયા, **વર્તમા-**
નકાળે ભિન્ન ભિન્ન દેશોમાં અને ભિન્ન ભિન્ન વેશોમા
જે જે મહાત્માઓ દુઃખી જનસમાજને પ્રકાશ અને
આનંદમા દોરવા પોતાના ક્ષયોપશમ પ્રમાણે
શુદ્ધ નિષ્ઠાથી તનતોડ મહેનત નિરભિમાન-
પણે કર્યા કરે છે તથા ભૂત અને વર્ત-
માનના એ પૂજ્ય પુરૂષોને પગલે **ભવિ-**
ષ્યમાં જે મહાભાગો ચાલશે તે
સર્વ પૂજ્ય પુરૂષોને તેમના એક
બાળબંધનુ આ સંક્ષિપ્ત
જીવન ચરિત્ર
અર્પણ
હો !

અનુક્રમણિકા.

આદર્શ મુનિ.

ते तीर्णा भववारिधिं मुनिवरास्तेभ्यो नमस्कुर्महे
येषां नो विषयेषु गृध्यति मनो नो वा कषायैः प्लुतम् ।
रागद्वेष विमुक् प्रशान्त कलुषं साम्याप्तशर्माद्वयं
नित्यं खेलतिचाप्त संयमगुणाक्रीडे भजद् भावनाः ॥

જે મહાત્માઓનુ મન ઇન્દ્રિયોના વિષયમા આસક્ત થતું નથી, કષાયોથી વ્યાપ્ત થતું નથી, રાગદ્વેષથી વિમુક્ત રહે છે, જેણે પાપ કાર્યોને શાન્ત પમાડયા છે, જેણે સમતાવડે અદ્વૈત સુખ પ્રાપ્ત કરેલ છે, અને જે ભાવના ભાવતુ ભાવતું સયમ-ગુણોરૂપી ઉદ્યાનમા હમેશા ખેલે છે—આવા પ્રકારનુ જેમનુ મન થએલુ છે તે મહામુનીશ્વરો આ સસારસમુદ્ર તરી ગયા છે અને તેઓને અમે નમસ્કાર કરીએ છીએ

'અધ્યાત્મ કલ્પદ્રુમ'.

उपोद्घात.

" A sage is the instructer of a hundred ages. "

' સાધુ પુરૂષ સો યુગોનો શિક્ષક છે '

જીવન ચરિત્ર લખાવાને યોગ્ય પુરૂષોના ત્રણ વર્ગ પાડી શકાયઃ **ભુજાબળથી** અદ્‌ભૂત કાર્યો કરનાર " અદ્‌ભુત" પુરૂષો, **મગજ**શક્તિથી પ્રખ્યાતિ પામેલા પુરૂષો અને **હૃદયબળથી** અસાધારણ કાર્ય કરનાર પુરૂષો. જે મહાપુરૂષનું ચરિત્ર આલેખવાનો પ્રયાસ આ લઘુ પુસ્તકમા કરવામા આવ્યો છે તે પુરૂષ ઉપર કહેલા ત્રણ વર્ગમાની ત્રીજી કોટિમા આવે છે તેઓએ નથી જીત્યા કોઇ દેશ કે નથી કરી રાજકીય પ્રવૃત્તિ, નથી રચ્યાં પુસ્તકો કે નથી આપ્યા સભા ગજાવે એવા ભાષણો, પરતુ તેઓએ જે કાંઈ કર્યું છે તે એવુ કઇક છે કે જે એવા સર્વ બહાદુરી ભર્યા કામો કરતા વિશેષ દુષ્કર અને સ્વપરને વિશેષ હિતાવહ છે. સ્પષ્ટ શબ્દોમા કહીએ તો એમણે કષ્ટસાધ્ય સ્વોન્નતિ અથવા આત્મશુદ્ધિ સાધી છે, અને જે મનુષ્યો પોતાના સહવાસમા આવ્યા તેમને ખરે રસ્તે મૂકવા બનતું કર્યું છે. આ એક કારણ અને હમણાજ કહેવામા આવશે તે બીજુ કારણ. એ બે કારણોથીજ એ મહાપુરૂષનુ જીવન ચરિત્ર લખવાની પ્રવૃત્તિ સ્વીકારવી ધર્મ્ય માની છે.

બધા બહાદુર યોદ્ધાઓ અને રાજવશીઓ કરતાં મહાન્ નેપોલીઅન બોનાપાર્ટનું નામ વધારે ગાજ્યુ એનુ કારણ શુ ? યુરોપને

ધ્રુજાવનાર એ વીર નર કોઈ રાજવંશી પુરૂષ ન હતો કે લડાયક કુટુમ્બમા જન્મ્યો ન હતો. 'પુસ્તકોના કીડા' ગણાતા એક વિદ્વાન્-એક બૅરીસ્ટરનો તે પુત્ર હતો, અને તેની બાલ્યાવસ્થામાજ પિતા ગુજરી જતા તેણે પોતાની કેળવણી અને પોતાની ઉન્નતિ પોતાના હાથમાં લીધી હતી તથા એક સોલ્જર, કપ્તાન, રાજા, વ્યવસ્થાપક, પૉલીટીશીઅન તરીકે દીપી ઉઠવામા જોઈતા ગુણો પોતાની જાતમહેનતથીજ મેળવ્યા હતા, જેને લીધે તે ફ્રાન્સ દેશનો રાજા બની શકયો હતો અને આખા યુરોપને ધ્રુજાવી શકયો હતો. આપણા ચરિત્રનાયક પણ એવીજ રીતે—જો કે જૂદી દિશામા—પોતાના નસીબના કડીઆ પોતેજ બન્યા હતા, અને એક ગામડીઆ ખેડુતમાથી એક તત્ત્વજ્ઞ, ઉપદેશક તથા જગતનુ સ્વરૂપ સ્હમજતા ફીલસુફ બનવા ઉપરાત એક ન્હાના સમાજની વ્યવસ્થા કરનાર **'आचार्य'** બનવા પામ્યા હતા. એમનો દેશ, એમનો સમય અથવા કાળ, એમની કુટુમ્બ સ્થિતિ, એમના જ્ઞાનપ્રાપ્તિના સાધન અને બીજી અનેક પરિસ્થિતિઓનો વિચાર કરનારને એમને હાથે થએલા કામો માટે તથા એમની ચારિત્રશુદ્ધિ તથા જ્ઞાન માટે આશ્ચર્ય અને માનની લાગણી ઉદ્ભવ્યા વગર કદી નહિ રહે. અને આ કારણથીજ આ પુરૂષનુ જીવનચરિત્ર લખવાની આવશ્યકતા સ્વીકારવામા આવી છે, કારણ કે એ ચરિત્રમા ઉત્ક્રાન્તિક્રમ્-(evolution)નુ કોકડુ કેવી રીતે ધીમે ધીમે પણ ચોક્કસપણે ઉકલે છે અને વિસ્તાર પામે છે એ જોવાની અચ્છી તક મળે એમ છે

" એક સાધુ પુરૂષ એ સો યુગોનો શિક્ષક છે. " એમ વિદ્વાનોનુ કથન છે અને તે સત્ય છે. એક સાધુ-હૃદયનો સાધુ—કાંઈ પણ ન બોલે, કાંઈ પણ ન કરે તો પણ એની હૃદયની પવિત્રતાને લીધે તેના મ્હો ઉપર પડતા ભાવોજ દુનીઆને મુગો ઉપદેશ આપનારા થઈ પડે છે, તો પછી એમની શુભ પ્રવૃત્તિઓ, આત્મજય માટે તેમણે કરેલા

આતરયુદ્ધો, ક્રમે ક્રમે થતી તેમની આત્મિક ઉત્ક્રાન્તિઃ એ સર્વ જાણ-વાથી દુનીઆને લાભ થાય એમા આશ્ચર્યજ શુ ?

આપણા ચરિત્રનાયકમા વેદાન્તજ્ઞાન અને જૈન તત્ત્વજ્ઞાનનુ અદ્-ભુત મિશ્રણ હતું. બન્ને દર્શનોએ તેમના મનપર પ્રાથમિક છાપ પાડી હતી. કર્તવ્યપરાયણતા, દૃઢ ઇચ્છાશક્તિ, સુદર સ્મરણશક્તિ, ટેક, શુદ્ધ વૈરાગ્ય, પ્રાચીન સરક્ષક વૃત્તિના વાતાવરણમા ઉછરવા છતા હિતાવહ સુધારાનુ રહસ્ય સમજવાની શક્તિ અને તેને આચરવા—સાહાય્ય આપ-વાની તત્પરતા, સહનશક્તિ અને મત સહિષ્ણુતા, શાસ્ત્રજ્ઞાનનુ રહસ્ય પામવાની તીવ્ર ઉત્કઠા, સેવાબુદ્ધિ, વ્યવસ્થા શક્તિ અને નિરભિમા-નતા' એ ગુણો એમનામા પ્રત્યક્ષ જોવાઇ શકાતા હતા. એમના આ જીવનચરિત્રમા નોધાયલા બનાવોમા એ ગુણોનું દર્શન ઘણે સ્થળે થઇ શકશે. એમણે કરેલા સમાજસેવાના કામોમા સર્વોત્કૃષ્ટપદને લાયક કોઇ કામ હોય તો તે એ છે કે, જે સમાજના સહવાસમા પોતે આવ્યા હતા, તેની દૃષ્ટિમર્યાદા ઘણી સકુચિત હતી, જે તેમણે વિકસાવી હતી. જૈનોના આધુનિક પેટાવર્ગોના કોઇપણ સાધુમડળે નહિ કરેલી એવી સાધુસુધારણા અને સઘસુધારણાની હીલચાલ અર્થાત્ **साधु परिषद्** ની પહેલ તેમણેજ કરાવી હતી, જેનુ અનુકરણ પછી બીજા ગચ્છોએ કરવા માડયુ છે.

બીજા ધર્મોને લેશ પણ અપમાન પહોચાડવાની ઇચ્છાવગર એમ તો સત્યતાપૂર્વક કહી શકાશે કે જૈન સાધુઓમા આજે થોડુઘણું પણ **साधुत्व** રહ્યુ છે તેટલુ બીજાઓમા ભાગ્યેજ જોવામા આવે છે. ઉગ્રવિહાર, કચન, કામિની અને ઉપાધિનો સદતર ત્યાગ, દુષ્કર ક્રિયાઓ, આહાર—વિહારના અતિ સૂક્ષ્મ અને કઠીન નિયમો વગેરેને લીધે જૈનસાધુમા આજે (જો કે પહેલાનો શતાશ પણ નથી તો પણ) બીજા ધર્મોને મુકાબલે વિશેષ પવિત્રતા રહેવા પામી છે. આંતરિક

શુદ્ધિ અથવા ભાવશુદ્ધિ એટલે કષાય ત્યાગની બાબતમા આજના સાધુવર્ગનો મ્હોટો ભાગ સતોષજનક ન જણાતો હોય તો એ સબંધમા માત્ર એટલુજ કહેવાનુ રહે છે કે દીક્ષાની લાયકીમાટેની શાસ્ત્રોક્ત ફરમાનોની અવગણનાનુ એવુજ પરિણામ આવે. આપણા ચરિત્ર નાયકે આ બાબતપર પૂરતું લક્ષ આપ્યુ હતું અને પોતે અસાધારણ નિર્મળ હૃદય ધરાવવા ઉપરાત પોતાના સમુદાયમા એવા નિયમો બાંધ્યા હતા કે જેથી ભાવશુદ્ધિનો ગુણ ક્રમે ક્રમે ખીલતોજ જાય અને અયોગ્ય દીક્ષિતોની ભરતી થવા ન પામે.

એમનામા મગજ અને હૃદયના સર્વ ગુણો ઉપસ્થિત હતા એવી અતિશયોક્તિ કરવા આ લેખક મુદ્દલ ઇચ્છતો નથી. તેઓ કોઈ જબરદસ્ત વક્તા કે લેખક કે વાદી હતા એવુ કહેવડાવવાની આ લખનારની ઇચ્છા નથી, પરતુ **"જીવનની સાદાઇ અને વિચારની ઉચ્ચતા"** એ જો પ્રશસ્ય ગુણ હોય તો એને પ્રશસવામા આ લેખક કાઈ દોષ કરતો નથી, કારણ કે આપણા ચરિત્ર નાયકનુ સૂત્ર **"चित्ते वाचि क्रियायां च साधूनामेकरूपता"** અર્થાત્ **"વિચાર, વાણી અને કાર્યમાં સાધુઓની એકરૂપતાજ હોય છે."** એ હતું, અને પોતે જે ભૂમિકાપર હોય ત્હેને લગતા કાર્યોપર સૌથી વિશેષ ધ્યાન આપવુ એ એમનો નિશ્ચય હતો.

આચાર્યશ્રીના ગૃહવાસ તેમજ યોગાવસ્થાને લગતો સમ્પૂર્ણ હેવાલ આ લખનારને મળી શક્યો નથી, જે કાઇ પ્રયત્ને મળ્યુ ત્હેનુ ચિત્ર પણ પોતાની અપૂર્ણ લેખનશક્તિના કારણથી વધારે ખામી ભર્યું બન્યુ હશે એમ આ લખનાર ખુલ્લા હૃદયથી સ્વીકારે છે પરન્તુ આટલુ તો નિડરપણે કહી શકાશે કે ગુરૂ તરફના પૂજ્યભાવને લીધે તેમના ગુણગ્રામમા અતિશયોક્તિ કરીને હાસ્યાસ્પદ દેખાવ કરવાની પ્રથા આ લેખકથી અજાણીજ છે.

આ જીવનચરિત્ર કાંઇ એક વ્યક્તિની પ્રસિદ્ધ અર્થે રચાયુ નથી, પરન્તુ ઘણાએક ભવ્ય જીવોને પોતાના કર્તવ્યનુ માર્ગસૂચન થાય એવા હેતુથી લખાયુ છે. સુભાગ્યે જૈન સાધુઓના જીવનવૃત્તાન્ત લખવાની આવશ્યકતા હવે સ્વીકારાવા લાગી છે, અને ચાર પાચ પ્રયત્નો એ રસ્તે થઇ પણ ગયા છે. જૂદા જૂદા ધર્મો, પથો, દેશોના વિચારનેતાઓ, આધ્યાત્મ શિક્ષકો, સમાજ સુધારકો, સમાજ સેવકો, હૃદયના તમ્બુરામાથી અવાજ કહાડનારા સાચા કવિઓ અને એવાજ લેખકો, સ્વદેશ પ્રેમીઓ, ગુપ્ત દ્રષ્ટાઓ (Mystics) ભક્તો, ઉપકારી સાધ્વીઓ અને સેવિકાઓઃ ઇત્યાદિના જીવનચરિત્રો શુદ્ધ નિષ્ઠાથી લખવાના સ્વભાવવાળા લેખકોની કલમથી લખાય અને ત્હેનો બહોળો પ્રચાર જનસમાજમાં થાય એ ઘણું ઇચ્છવા યોગ્ય છે. બાકી તો પોતપોતાના પ્રિયજનોમા અછતા ગુણો આરોપણ કરી માત્ર ભવાયાના વેશ ભજવવાથી તો સમાજને ફાયદાને બદલે અનિવાર્ય હાનિઓજ થાય છે. આ ચરિત્રમા તો અતિશયોક્તિને બદલે કેટલેક સ્થળે ન્યૂનોક્તિ દોષ થયો હોય એમ આ લખનાર માને છે, કારણ કે હૃદયના ગુણોની યથાર્થ કીમત એટલી સ્થિતિએ નહિ પહોચેલાથી અકાવી મુસ્કેલ છે, મહા કવિ કાલિદાસે ખરૂજ કહ્યું છે કે:—

वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि ।
लोकोत्तराणां चेतांसि कोहि विज्ञातुमर्हति ॥

અલૌકિક પુરૂષોના હૃદય કેટલાકને કેટલેક પ્રસગે વજ્ર કરતા પણ કઠોર દેખાય છે અને કેટલાકને કેટલેક પ્રસગે પુષ્પથી પણ કોમળ જણાય છે, ખરેખર લોકોત્તર મહાત્માઓના હૃદય જાણવાને કોણ સમર્થ છે?

એક વાત જણાવવી રહી જાય છે તે એ કે કેવળ શિષ્ટાચાર તરીકે નહિ પણ ખરેખરા ભાવથી સત્ય કથન તરીકે જણાવવાનું કે

આવા પ્રકારનો ગ્રંથ લખવાનુ કામ આ પ્રથમજ છે. લેખ્યવિષયનો સર્વાંગ સંપૂર્ણ અભ્યાસ તથા ચરિત્રને લગતી સંપૂર્ણ સામગ્રીઓ, માહીતીઓના અભાવે આમા સ્થળે સ્થળે અપૂર્ણતા, દોષ અને એવા બીજા તત્ત્વો મળેલા જોવામા આવશે, વિચાર પ્રદર્શન અપૂર્ણ અને ખામીભર્યું થયુ હશે; તેમજ પ્રમાદથી અને અજ્ઞાનથી બીજા ભાષા તેમ વિચાર સબધી દોષો આવ્યા હશે. આ સર્વ પ્રત્યે ઉદાર ભાવ રાખી હસનીપેઠે નીર મૂકીને ક્ષીર ગ્રહણ કરવા સુજ્ઞવાચક વર્ગપાસે યાચના છે. જેવુ તેવુ તોપણ એક ખરેખરા સત પુરૂષનુ જીવનચરિત્ર છે, તેના સબધમા આવવાથી લાભજ છે એમ જાણી આ ગ્રથ પ્રસિદ્ધ કરવાનુ ઉચિત ધાર્યું છે આશા છે કે શરીરના બીજા સારા ભાગ મૂકી દઇને માખી જેમ ગડગુમડ ઉપર જઇ બેસે છે તેમ સજ્જન વર્ગ નહિ કરે પણ દોષ ઉપર નજર ન કરી ગુણ ગ્રહણ કરશે, સારગ્રાહી થશે.

ગ્રથગત વિષય સંબધમા નીચેની ઉક્તિ લક્ષમાં રાખવા વાચકને સૂચના છે.

વિવિધ રંગો છે માનવ કેરી પ્રકૃતિ જેનો થતો ન નાશ,
એક વ્યક્તિમા સૌને સરખો ના થાતો એકજ પ્રતિભાસ.
સતમહત તણા કલ્યાણી પુણ્યસતતિ વિસ્તારે.
કૃતિ મતિ વાણી કલ્યાણ કરી દુસ્તર ભવસાગર તારે.

આ પુસ્તક તૈયાર કરવામા માનસિક અને આર્થિક બળ આપનાર જગબારનો ભાવિકવર્ગ (સઘવી હીરાચદ હસરાજ, દોશી સાગરચદ દામજી વગેરે) તથા વાકીના શાહ રાયમલ કાનાની વિધવા શ્રાવિકાબેન પાચીબાઇને અમુક શ્રદ્ધાળુ તથા અગાઉથી ગ્રાહક થનાર

ભાઇઓ વગેરે જે જે મહાશયોએ સહાયતા આપી છે તે બદલ આ પુસ્તકનો સર્વ યશ તેમને સમર્પણ છે.

આ પુસ્તક તપાસી સુધારા વધારા સૂચવનાર સાહિત્યપ્રેમી મહારાજશ્રી ઉમેદચંદ્રજી (ભાવનગર) નો તેમજ શ્રાવકરત્ન ધર્મપ્રેમી શ્રીયુત વાડીલાલ મોતીલાલ શાહનો આ સ્થળે ઉપકાર માનુ છુ.

આ ગ્રંથ છપાવી બહાર પાડવામા તેમજ તેના અગની બીજી કામગીરી કરવામા શ્રીયુત પોપટલાલ કેવળચદ શાહે જે તસ્દી લીધી છે અને જહેમત ઉઠાવી છે તેને માટે તેમનો આભાર માનુ છુ.

ના. હે. વૈદ્ય.

पूज्यपाद श्री कर्मसिंहजी.

પ્રકરણ ૧ લું.

પ્રાથમિક સંસ્કાર.

यस्याश्रयं श्रुतकृतातिशयं विवेक-
पीयूषवर्ष रमणीयतरं श्रयन्ते ।
सद्भावना सुरलता नहि तस्य दूरे
लोकोत्तर प्रशम सौख्यफल प्रसूतिः ॥

સિદ્ધાન્તના પરિચયથી વૃદ્ધિ પામેલ અને વિવેક અમૃતના વરસવાથી શોભાયમાન થએલ અંતઃકરણ જે પ્રાણીઓનુ છે, તેઓનો સદ્ભાવના આશ્રય કરે છે, અને તેવા પ્રાણીઓને લોકોત્તર સમતા સુખના ફળને જન્મ આપનાર (મોક્ષ આપનાર) કલ્પલતા દૂર નથી.

' શાન્તસુધારસ. '

કેટલાક વિદ્વાનો કચ્છ પ્રાન્તના ચાર ભાગ પાડે છે:—અબડાસો, બન્ની, વાગડ અને કાંઠી. કાંઠીમા મુંદ્રા તાલુકો વ્યાપાર, ખેતી, ઉદ્યમ અને કેળવણીમા કંઇક ઠીક ગણાય છે. આ તાલુકાના ઘણા લોકો આજીવિકા અર્થે દૂર દેશાવરોમા છૂટથી ફરે છે. અહિનુ એક નાનામા નાનુ ગામડું એવુ નહિ

હોય કે જેમા પરદેશ સાથે સંબંધ નહિ એવું એક પણ ઘર હોય. દેશાટનના પ્રતાપથી સાહસ, ધૈર્ય અને સહનશીલતા જેવા ઉચ્ચ સદ્દગુણો કેળવણી નહિ પામેલા વર્ગમા પણ જોવામા આવે છે. ધર્મ સમાજ અને ગૃહસ્થાશ્રમમા તેમજ આનન્દ ભોગવવાની રીતમાઃ—એ સર્વમા ક્રમશ: ઉચ્ચીકરણ થતું જતું દૃષ્ટિગોચર થાય છે. ઉંચા પ્રકારની કેળવણી પામેલો વર્ગ આ તરફ બહુ જોવામા આવતો નથી, તોપણ વ્યવહાર–કુશલ બુદ્ધિમાન અને ધર્મ નીતિપરાયણ સાહસિક વ્યાપારીઓ તથા પ્રામાણિક ધંધાદારીઓનો વર્ગ ઠીક દેખાય છે. પરદેશગમનનો પ્રતાપ આ પ્રદેશના નાના સરખા ગામડામા પણ દૃષ્ટિગોચર થાય છે. હાલના જમાનામા અને સો વર્ષ પહેલાના જમાનામા આસમાન જમીનનો ફેર પડી ગયો છે આપણા ચરિત્ર નાયકના જન્મકાળ સમયે પરદેશગમન, કેળવણી, ધર્મસુધારો વગેરે બાબતોમા ગામડા બહુજ પછાત હતા. હાલ એવી સ્થિતિ છે કે, વણિક જેવી એક વખત બધી બાબતોમા પછાત ગણાતી જ્ઞાતિ પણ પરદેશગમન, કેળવણી, ધર્મગુરૂઓનો પ્રબોધ એ સર્વની સંયુક્ત અસરથી આચારવિચાર, આહારવિહાર અને વ્યવહારમા સુધરતી જાય છે. કેટલાક વર્ષો પૂર્વે—અને આજ પણ કોઇ કોઇ સ્થળે—એ જ્ઞાતિ લગભગ બધા વિષયોમા બહુ પછાત હતી. હાલના જમાનાની અસર સર્વાંશે નહિ તો સ્વલ્પાંશે પણ પ્રત્યેક ગામડામા સ્પષ્ટ નજરે પડે છે.

મુંદ્રા તાલુકાના ગામડા એકંદર બાસઠ લગભગ છે એ ગામડાઓમા મુખ્યભાગે વસ્તી ઓશવાળ વાણીઆની* વિશેષ છે આ

* કૃષ્ણગઢની આવી ઓસીઆ ગામમા રહેનાર ઓસજાતિને નામે ઓળખાતા ત્યાથી કેટલાક સંકટોને લીધે નાસી કચ્છમા આવ્યા, ત્યા ઓસવાળને નામે ઓળખાયા આ જ્ઞાતિમા પાછળથી મતભેદને લીધે બે પક્ષ બંધાઈ ગયા છે; જે દશા અને વીશા ઓસવાળ તરીકે ઓળખાય છે.

જ્ઞાતિનો મુખ્ય ધંધો ખેતીનો ગણાય છે, પરંતુ હવે એ ધંધાપ્રત્યે એની એટલી બધી સારી લાગણી રહી નથી. વારંવાર પડતા દુષ્કાળો તેમજ બીજી અગવડોને લીધે જમીનની પેદાશ સંતોષકારક થતી ન જણાતા ધીમે ધીમે એ જ્ઞાતિમાંથી કેટલાક કુટુમ્બોએ પરદેશ જોડે સંબંધ રાખવો શરૂ કર્યો છે. પરદેશમા વેપાર કે નોકરી જેવા ધંધામા પડી જતા કેટલોક વર્ગ એવો જુનો થઇ ગયો છે કે કચ્છ સાથે તેઓનો સંબંધ પણ નહિ જેવોજ રહ્યો છે **ઓસવાળ** જ્ઞાતિ પૈસે ટકે સુખી મનાય છે, તેમ પરદેશમા પણ એ નાતના માણસોની મ્હોટી પેઢીઓ છે કેળવણીનો પ્રસાર બહુ જુજ છતા, તેમ કેટલાકને તો કેવળ પોતાના નામની સહી કરવા જેટલુ જ જ્ઞાન હોવા છતા, સાહસ અને ધીરજ જેવા ગુણોથી એ લોકો મ્હોટા વેપારમા હાથ નાખે છે અને ફાવી પણ જાય છે. આ જ્ઞાતિના પુરૂષો વેપારમા આગળ પડતા છે, તન્દુરસ્ત, મજબુત અને કસાયેલ છે, સાહસિક, ઉદ્યોગી અને ખંતીલા છે, કેટલાક પુરૂષો સારા સમૃદ્ધિમાન છે, પરંતુ ઉતાવળીઆ-પણું, જક્ક અને ખોટી બડાઇ એ ખામીઓ પણ એ પુરૂષોમા કોઇ કોઇ સ્થળે તરી આવે છે. સુભાગ્યે હમણા હમણા કેળવણીએ આ જ્ઞાતિમા પગપેસારો કરવા માડયો છે, જેના પ્રતાપે કેટલાક પુરૂષો અવિચાર મૂલક અંધશ્રદ્ધાને સ્થાને વિવેકના પાયા ઉપર બંધાયલી શ્રદ્ધાના ભક્ત બનતા દૃષ્ટિગોચર થાય છે

પાછળ કહેવાઇ ગયુ તેમ કેટલાક વર્ષો પૂર્વે ઓસવાળ જ્ઞાતિનો ધંધો હળ ખેડવાનો જ હતો હાથમા હળ લઇ ખેડ કરવી પડતી હોવાથી એ પ્રજા કસાયલી અને કાયરપણા વગરની બનતી, તેમજ ખેતીની પેદાશ સારી, હાલ કરતા જરૂરીઆતો ઓછી, રહેણી બહુ સાદી એટલે એ પૈસાનો જીવ પણ ન્હેતો. કેળવણીની બાબતમા હાલ પણ સંતોષકારક સ્થિતિ નથી તો તે વખતે કયાથી જ હોય ?

ઘડીઆળ, તાર, આગગાડી અને આગબોટ એ સર્વની હકીકત આ તરફના લોકોને અલૌકિક જણાતી ! એ વખતના ભોળા ભલા લોકોના નમૂના હજી પણ કચ્છમા ખૂણે ખોચરે શોધીએ તો મળી આવે ખરા ! આવા અસલી માણસો હાલના જમાનાની દૃષ્ટિએ જગલી જેવા લાગે પરતુ એજ લોકોએ અનેક હાડમારીને ખમીને ખેતીના ઉત્તમ મનાતા ધધાને ખીલવ્યો હતો અને તેથી સારી પુજી એકઠી કરી હતી, કે જે આજે મોટી ધીકતી પેઢીઓ ચલાવવામા કામ લાગે છે. કેળવાયલા પુરૂષો કરતા પણ તે અશિક્ષિત જનોએ સદ્વૃત્તિના પ્રશસાપાત્ર ઉદાહરણો પૂરા પાડયા હતા, અને અધશ્રદ્ધાથી પણ ધર્મને ટકાવી રાખ્યો હતો આપણા ચરિત્ર નાયકના દાદા આ અસલી માણસોમાના હતા.

મુદ્રા તાલુકામા **વાંકી** કરીને એક થોડી અને ગરીબ વસ્તીવાળુ, હાલ પણ બહુ પ્રસિદ્ધ નહિ એવુ નાનુ સરખુ ગામડુ છે. આ ગામડાની પૂર્વ દિશાએ પુરાતન કાળનુ વાકલ માતાનુ દેવસ્થાન આવેલુ છે, જે માતાના નામ ઉપરથી તે ગામનુ નામ વાકી પડયુ છે ધર્મ શ્રદ્ધા માટે વખણાએલા આ નાના ગામડાએ પવિત્ર જૈન ધર્મના પ્રચાર અર્થે આઠેક સાધુ મહાત્માઓને ઉત્પન્ન કર્યા છે. મોટા શહેરો કરતા ગામડામા ધર્મ ઉપર આસ્થા તથા ધર્મમા નિષ્ઠા વિશેષ પ્રમાણમા હોય છે એ તો ગામડા અને શહેરોના જીવનનુ અવલોકન કરનારને કહેવુ પડે એમ નથી આ નિયમ તો હવે સર્વ સાધારણ જેવો થઇ ગયા છે કે મહાન્ પુરૂષોના જન્મસ્થળ તેમજ પૂર્વસ્થિતિ પ્રાયઃ બહુ અપ્રસિદ્ધ અને રકતમ હોય છે. કલિકાલ સર્વજ્ઞ **હે**મચન્દ્રાચાર્ય, **શંકર**, **જે**ઠમલજી સ્વામી, **સર આઇ**ઝેક ન્યૂટન—એ મહાપુરૂષો આ નિયમના પ્રત્યક્ષ ઉદાહરણરૂપ છે આપણા ચરિત્ર નિરૂપ્ય પણ આ નાના સરખા ગામડામા સાધારણ સ્થિતિમા જન્મ્યા હતા. એ વાકી ગામમા આજથી લગભગ ૧૫૦ વર્ષ ઉપર હસરાજશાહ નામે એક ગૃહસ્થ

રહેતા હતા. તે જ્ઞાતિએ વીશા ઓશવાળ હતા. તેમનુ ગોત્ર કાસ્યપ અને અવટંક છેડાની હતી. તે વખતમા મુખ્ય ગણાતા કૃષિકર્મથી હંસરાજશાહ પોતાના કુટુમ્બનો નિર્વાહ ચલાવતા. ધર્મની બાબતમા એ પરંપરાગત ધર્મના અનન્ય ભક્ત હતા. પોતે આ ધર્મમા શામાટે ચુસ્ત છે તેનુ જ્ઞાન તેમને મુદ્દલ હતું નહિ! 'બાપદાદા પાળતા આવ્યા છે માટે આપણે પણ તે ધર્મ પાળવો' એ વિચારથી વધારે ઉંડાણમા ઉતરવાની તેમણે દરકાર કરી નહતી. ધર્મની ગંભીર બાબતમા માથુ ઘાલવાનો ખ્યાલ સ્વપ્નમા પણ તેમને આવ્યો નહતો એમને સ્વધર્મ ઉપર જેટલી અડગ ચુસ્ત શ્રદ્ધા હતી તેટલીજ અન્ય પંથવાળા પ્રતિ માનબુદ્ધિ હતી. ગામડીઆ લોકોમા ધર્મસંબંધી વિખવાદ હાલ જોવામા આવે છે, પણ એ વખતે તો હાલના જેવી કુસાતુસી કે ધર્મના ઝઘડાનુ નામ સરખુએ નહતું ધર્મની બાબતમા ઉદાર વૃત્તિ રાખી મતભેદ સહી લેવો એવા વિચાર મુલક ધર્મ્ય હેતુથી કે જ્ઞાનથી નહિ પણ સ્વભાવના એવાજ કોઈ બંધારણથીજ એ જમાનાના લોકો ધર્મસંબંધી બાબતોમા બહુ માથુ મારતા નહિ. એ વખતે કેળવણીનો પ્રસાર વાંકીમા મુદ્દલ નહિ હતો તેમ ધર્મ, વ્યવહાર, સમાજ આદિના સ્વરૂપ સંબંધી પરિસ્ફુટ વિચારો પ્રકટ થયા નહતા, એટલે હંસરાજશાહ પણ કેળવણી અને સુધારાવટમા પશ્ચાત હતા. નવા જમાનાના વિચારોની અસર તો એ વખતે કયાંથીજ હોય? વિદ્યા, કળા, શોધ એ સંબંધી અન્યદેશીય વિચારો અને પ્રવૃત્તિનુ તથા દેશ પરદેશની માહિતીનુ અને ધર્મશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, ઇતિહાસ આદિનુ જ્ઞાન હાલ મ્હોટા શહેરમાં વસતા એક સામાન્ય માણસને હોય છે તેના સોમા ભાગ જેટલુ પણ તેમનામા નહતું; છતા પણ સત્યનિષ્ઠા, કર્તવ્યપરાયણતા, ઉદારતા, સદ્વાસના એ સદ્ગુણો તેમનામાં પ્રત્યક્ષ જણાઇ આવતા. વળી તેઓ શરીરે નીરોગીને હૃષ્ટપુષ્ટ

હતા. એમના પત્ની **લાધીબાઇ** પણ દયા અને સૌજન્યની મૂર્તિ હતા એમ આજ પણ વાકીના વૃદ્ધ સ્ત્રી–પુરૂષો પાસેથી સાભળવામા આવે છે. જો કે અજ્ઞાન વહેમ અને એવી સ્થિતિને સુલભ એવા બીજા દોષો પતિની પેઠે તેમનામાં પણ હોવાજ જોઇએ અને હતા પણ ખરા, પરંતુ પતિપરાયણતા, વ્યવહાર કુશળતા, કરકસર અને આવડ ત્રેવડ એ ગૃહિણીમા બહુ દેખાઈ આવતા. એમના સબધમા એક વાત આજ પણ એ ગામમા કહેવાય છે કે એ પતિને હરેક કામમા સાહાય્ય કરતા, ખેતરે કામ કરવા જતા ત્યારે છાશ અને જારની રાબ પોતા સાથે હમેશા લઈ જતા અને કોઇ થાક્યો પાક્યો અતિથિ તે જગાએ થઈને જતો જોવામા આવતો તેને તે આપતા. આબરૂદાર પણ દરિદ્રતાથી પીડાતા કુટુમ્બોને ધાન્ય, ગોરસ અને કોઈ વખતે પૈસાની પણ મદદ આપતા આ સુખી અને આબરૂદાર ગણાતા જોડાને ત્રણ પુત્રો હતાઃ **પાલણ**, **હે**મરાજ અને વણવીર. આમાથી **હે**મરાજશાહમા પિતાના ઉચ્ચ સદ્ગુણોની છાપ બેઠી હતી. બાપની પેઠે તે પણ અભણ, અજ્ઞાન અને કેવળ ગામડીઆજ હતા, પરંતુ માણસનુ માણસપણું જે સચ્ચારિત્રથીજ–અને નહિ કે ધન, વિભવ, પાડિત્ય કે બીજી એવી કોઇ બાહ્ય ઉપાધિથી–ગણવામા આવે છે, તે સચ્ચારિત્ર તેમનામા હતુ. એક અંગ્રેજ વિદ્વાન ખરૂ કહે છે કે **‘ચારિત્રની એક મૂઠી વિદ્યાના સો મણની બરાબર છે.’** સ્વાર્થ પરાયણ બુદ્ધિવાળા પરશ્લાઘા અને પરસ્તુતિથી પેટ ભરનારા તર્ક કુશળ પણ તત્ત્વવિમુખ પડિતો કરતા પ્રામાણિકતા, સત્યનિષ્ઠા અને સદ્વર્તનવાળો એક હલકામા હલકો ગામડીઓ પણ વધારે ઉચ્ચ મનુષ્ય છે **હે**સરાજશાહ સ્વભાવે તીખા અને પોતે જે માને તે સત્યને ન છોડવામા પૂરા આગ્રહી હતા. આકાશ પાતાળ એક થાય તોપણ લીધી વાત ન મૂકવા જેવી કેટલીક વાતે સારી અને કેટલીક

વાતે નરસી ટેવ તેમનામા બહુ પ્રબળપણે હતી. એમણે ખેતીના ધધા સાથે વ્યાપારમા પણ હાથ ઘાલવા માડયો. તે વખતથી ઘણા ખેડુતો ધીમે ધીમે ખેડ સાથે વેપારનુ કામ કરતા થયા હતા. નાતમા તેમનુ ઘર મ્હોટું અને ઠીક મનાતું હોઇ ગામડીઆ લોકોનુ મડળ તેમને ત્યા હમેશ ભરાતું હતું. ઘરમા કોઇ માદુ પડે કે કોઇને કઇ થાય તો ગામડાના લોકો એમ માને છે કે એ સર્વ દુઃખ ભૂતપ્રેતાદિએ મૂકેલુ છે, તેથી તેઓ પ્રેતાદિને કહાડનાર ‘ ભુવા ’ લોકોને બોલાવે છે. ભુવા લોકો ડાકલા વગાડે છે અને ધામધૂમ કરી મૂકે છે એટલે એકાદ ભોળા દિલના ગામડીઆપર અસર થવા લાગે છે અને તે ધૂણવા લાગી પડે છે. આ ધૂણનાર માણસ મરી ગએલા એકાદ જણનુ નામ દે છે અને એ પોતે આ સઘળુ કરે છે એમ જણાવી અમુક અમુક ઉપાયો લીધાથી સર્વ દૂર થવાની ખાત્રી આપે છે. બાપડા ભોળા લોકો આ ઉપરથી પેલા શરીરમા પેઠેલા માની લીધેલા મૃતક અવગતિઆને ‘ દેવ ’ તરીકે માને છે અને ઘરમા તેની મૂર્તિ સ્થાપે છે આ મૂર્તિને ‘ પુરૂષા ’ કહે છે. આવા અનેક પુરૂષાઓ હેમરાજ-શાહના ઘરમા ગામના લોકો પધરાવી જતા અને પ્રસગે પ્રસગે આવી ભુવાઓને બોલાવી અનેક પ્રકારની ધાધલ મચાવી મૂકતા. ‘ ભુવા ’ અને ‘ પુરૂષા ’મા શ્રદ્ધા વગરના હોવા છતા હેમરાજશાહ દયાળુપણા અને મીલનસારપણાને લીધે પોતાના ઘરમા બીજાઓથી થતી ગરબડ અટકાવી શકતા નહિ. કેટલીકવાર ના કહેવા છતા લોકો તેમના ઘરમા અનેક ‘ પુરૂષાઓ ’ મૂકી જતા, આથી ઘરમા સકડાશ પડવા લાગી તેમજ લોકોની ધાધલ અને ડખલ પણ વધવા લાગ્યા. જગાની તગી અને રોજના ડખલથી હેમરાજશાહ છેવટે કટાળી ગયા, અને અતે એક દિવસ તો બધા ‘ પુરૂષાઓ ’ને એકઠા કરી ગાસડી બાધી ગામ પાસે ભરપુર આવેલી નદીમા પધરાવી આવ્યા ! છેવટે એમણે એમજ

જણાવવાની હિંમત કરી કે જો એ દેવોમા કંઈ દૈવત હશે તો પોતાની મેળેજ ઘરમા ચાલ્યા આવશે અથવા કંઇ અવનવુ કરી નાંખશે!' હેમરાજશાહને ધર્મ ઉપર શ્રદ્ધા હતી, પરંતુ તે વ્હેમનુ રૂપ ધરે એવી નહિ. સ્વરક્ષણને બાધ કરે એવા વિચારોને તેઓ ધર્મવિચાર તરીકે માનવાની ના પાડતા. આત્મસંરક્ષણ, નીતિ અને ધર્મ એ ત્રણે એક-સાથે જળવાય એવો માર્ગ તેમને બહુ પસંદ હતો. વહેમી જમાનામા વહેમી લોકોની વચ્ચમા રહી શુદ્ધ હૃદયે જે યોગ્ય ભાસે તે કહી અને કરી નાખવુ એ પણ થોડાથીજ બની શકે તેવુ કામ છે તેમની આવી નીડરતાભરી રીત કદાપિ તે જમાનામા નિન્દાપાત્ર પણ ઠરી હશે, તોપણ નિંદા સ્તુતિની દરકાર તેમને ઓછીજ હતી. તેમને વાઘજી, કર્મસિંહ અને રત્નસિંહ એમ ત્રણ પુત્રો હતા, આમાથી બીજા નંબરના કર્મસિંહ તે આ ચરિત્રના નાયક પોતે

કર્મસિંહજીનો જન્મ વિક્રમ સંવત્ ૧૮૮૬ ના ચૈત્ર શુદિ ૫ ગુરૂવારના રોજ થયેલો હતો તેમનો જન્મ થયો તે કાળે કેટલાક શુભ ચિહ્નો જણાયા હતા એમ કહેવાય છે. તે વર્ષે વેપાર અને ખેતીની પેદાશ હંમેશ કરતા સારી આવી એટલુ જ નહિ પણ ત્યાર પછી એ કુટુમ્બની પૈસા સંબંધી સ્થિતિ વધારે આબાદ બનતી ગઈ આ બાળકની કાન્તિ પણ સુંદર હતી કેમ જાણે તેમના ભવિષ્યના ઉજ્જવલતા તે બતાવતી હોય! આમ થવાથી સંસારની રીતિ પ્રમાણે આ બાળક ઉપર સૌને વિશેષ ભાવ, મમતા અને સ્નેહ બંધાયા. તેનુ ગૌર રમણીય વદન સૌને બહુ પ્રિય લાગતું તેથી આવ્યુ ગયુ સૌ તેને લાડ કરાવતુ. એના લાલન પાલન પોષણ એ સર્વપર પિતા સારી દેખરેખ રાખતા કર્મસિંહજીની માતા ભાણબાઈને ધર્મ ઉપર સારી આસ્થા હતી, તેથી ધર્મના સંસ્કાર પણ તેમને પ્રાયઃ માતા તરફથી જ મળ્યા હતા. સત્ય માનેલી વાતને ગમે તે થાય તોપણ ન છોડવી, એ ગુણ

પિતા પાસેથી વારસામા મળ્યો હતો. ભાણબાઈ, આને શોભાવે તેવા આચાર રીતિ અને મર્યાદામા ચાલનાર હતા. ધર્મ ભાવનાનો વારસો તેમને પત્રીમા* તેમના પિયેર તરફથી મળ્યો હતો. ત્યા તેમના ઘર નજીક 'સ્થાનક' આવેલુ હતું એટલે ત્યાથીજ ધર્મલાગણીઓને પોષણ મળ્યુ હતું. આ અજ્ઞાન પણ ધર્મ ઉપર ઉડી આસ્થા ધરાવનારી માતાના ધાર્મિક ચિતનો, કથાઓ, વ્રતો, ભજન કીર્તનો વગેરેની અસર બાળકપર માતાના ખોળામાથીજ થવા લાગી અને નિયમના અજાણ-પણામા પણ અદૃશ્યરીતે તેમની હૃદયભૂમિકામા ધર્મના બીજકો રોપાવા-પોષાવા માડયા. કર્મસિહજીની હૃદયભૂમિકા પૂર્વભવથી ખેડાઇને તૈયારજ હતી, એટલે એ બીજ વૃક્ષરૂપે તરતજ કેમ ફળી ફાલીને પરિણામ પામ્યુ એ હવે પછી જોવામા આવશે. એ વખતે તો ભાણબાઇને સ્વપ્ને પણ એવો ખ્યાલ નહિ આવ્યો હોય કે જે સસ્કારોથી આ બાળકની હૃદયભૂમિકા રચાયલી છે તે એવા પ્રકારના છે કે તેમને બહારની થોડી પણ અનુકૂળતા મળતા સસારથી એકદમ તેને અલગ કરી દેશે. આ બાળક સસાર વ્યવહારનો ત્યાગ કરી સાધુ થઇ ચાલ્યો જશે એવુ જ્ઞાન માતાપિતાને સ્વલ્પાશે પણ હોત તો તેમનુ વર્તન કઈ જૂદાજ પ્રકારનુ થાત અને કર્મસિહજીને જે રૂપમા આપણે જોયા છે તે કરતા કઇ જૂદાજ રૂપમા જોત, પરતુ એ બધી પાછળની કલ્પ-નાઓ છે, પ્રારબ્ધ બીજ અને અદૃષ્ટ સસ્કારોને કોણ સમજી શકે? એ સર્વનુ યથાર્થ દર્શન તો એ કાર્યરૂપે પરિણામ પામે ત્યારેજ થાય. જે જે પ્રતિમાઓ કર્મસિહજીની મનોભૂમિમા બાલ્યકાળથી પડવા લાગી હતી, તે સર્વનુ પ્રતિફલન તેમની પાછલી જીદગીમા થયુ ત્યારેજ એ અદૃષ્ટ સસ્કારો–પ્રારબ્ધ અને તે તે પ્રતિમાઓના સ્વરૂપ સમજી શકાયા. અજ્ઞાન દશામાજ તેમની માતાએ તેમને એવી રીતે ઉછેરવા માડયા કે જેથી તે એક યોગ્ય મહાન્ સાધુ થયા.

---

* આ ગામડુ વાંકીથી લગભગ એક માઇલ દૂર છે.

કર્મસિંહજી પાચ વર્ષના હતા. ત્યારે એક વખત એક જીવલેણુ અકસ્માતમાથી ભાગ્ય યોગે બચી ગયા. પ્રસગ એવો બન્યો હતો કે તેમના માતાપિતા વગેરે સર્વજણુ કામ ઉપર બહાર ગયા હતા, ઘરમાં ફક્ત તે તથા તેમના દાદીમા હતા. મોસમ શિઆળાની હોતા તેઓ એકલાજ સઘડી પાસે તાપવા બેઠા હતા. એટલામા એકાએક વસ્ત્રનો એક છેડો સળગ્યો, અને જોતજોતામા આખુ વસ્ત્ર સળગી ઉઠયું. આગ વધી અને મ્હો સુધી ફેલાઇ, તેમની બૂમ રાડથી ડોસીએ દોડી તેમને બચાવી લીધા. આખ બચી પણ છાતીને ઘણી જફા આવી. આ પીડા બે માસ સુધી ભોગવવી પડી. છાતીપર જે ચાઠા પડયા તે તો હમેશ માટે કાયમ રહી ગયા. આ મ્હોટી ઘાત વીત્યા પછી બીજી કોઈ ઘાત તેમના માથે વીતી નથી.

એ વખતે વાંકીમા વાલજી પડયાની ગામઠી નિશાળ હતી. આઠ વર્ષની ઉમરે કર્મસિહજીને આ નિશાળમા બેસાડવામા આવ્યા. હાલ પણુ કેળવણીમા પછાત ગણાતા કચ્છ જેવા પ્રાન્તના એક અપ્રસિદ્ધ નાના સરખા ગામડામા આજથી લગભગ ૯૦ વર્ષ ઉપર કેળવણી કેવી અપાતી હશે, કેળવણી સબધી લોકમત કેવો હશે, એનો ખ્યાલ વાચકે પોતેજ કરી લેવો. ખેડ કરનાર વર્ગને કેળવણીની જરૂર નથી એમ આજ પણુ મનાય છે તો તે કાળે મનાય એમા કઇ નવાઈ નથી. ટૂકમા કહીએ તો તે વખતનુ શિક્ષણ સામાન્ય પ્રકારનુ અક્ષરજ્ઞાન—લેખન અને હિસાબમા સમાપ્ત થતું. તથાપિ એ જૂના જમાનાના માનમા આપણુને એટલુ તો કહેવુજ પડશે કે હિસાબી કામમા આજ—કાલના શિક્ષિત માસ્તરો કરતા પણુ પુરાણા કાળના પડયાઓના શિષ્યો વધારે હોશીઆર નીવડતા અને પૂછતાની સાથેજ કઠીન હિસાબોના જવાબ આપતા. હાલની માફક ઇતિહાસ, ભૂગોળ, ખગોળ વગેરે વિષયોની મગજમારી તે વખતે કરવી પડતી

નહિ, તેમ પરીક્ષાઓ પસાર કરવાની, સ્કૉલરશિપો મેળવવાની, વર્ગ-મા પહેલો નબર રાખવાની, એવી એવી અનેક પ્રકારની હરિફાઇની સૂક્ષ્મ ચિંતાઓ વેઠવી પડતી નહિ. ખર્ચ, ચિંતાથી ઉત્પન્ન થતો તાવ, શરીરની ક્ષીણુતા અને અડધી ઉમરનો ભોગઃ એ સર્વથી તે વખતની કેળવણી મુક્ત હતી, અને વિદ્યાર્થીઓને વ્યવહાર કુશળ અલમસ્ત સાદા ગૃહસ્થ બનાવવાથીજ સતુષ્ટ હતી કર્મસિહજીના નિશાળના જીવનમાથી આવા કારણોથી કાઇ વિશેષ નોધ કરવા સરખુ મળી આવતું નથી એટલુજ કહી શકાય કે એ નિશાળમાથી થોડુ ઘણુ વાચતા લખતા તેમને આવડયુ અને હિસાબ ગણવામા તે બહુ 'પાકા' થયા. આ નિશાળમાથી ભણી પરવાર્યા બાદ શાળામા કે ખાનગી રીતે નિયમસર કેળવણી લેવાનો પ્રયાસ તેમણે લીધો હોય એવુ જણાયુ નથી, તેવી ઇચ્છા પણ ઉદ્દય નહિ પામી હોય એમ એમના પાછળના જીવન ઉપરથી સમજી શકાય છે આ પ્રમાણે એક ગૃહસ્થ તરીકે તેમની માનસિક શક્તિઓનો વિકાસ તો બહુજ થોડો-કહો કે નહિ જેવોજ કરી શકાયો હતો, અને દીક્ષિત દશામા—એ નવા જન્મમા—જો તેઓ આશ્ચર્યભૂત પ્રગતિ ન કરી શકયા હોત તો એમનુ જીવન કોઇને ઉપયોગી થયા સિવાય એળેજ ગયુ ગણાત. તેઓએ જ્યારે શ્રી **વીર**ના સુભટ તરીકે ગુરૂમત્ર અથવા દીક્ષા લીધી ત્યારે તેમનો આત્મિક અને માનસિક વિકાસ માત્ર ગર્ભસ્થ બાળક જેવોજ હતો. એમનો પુનર્જન્મ તો દીક્ષાકાળ **પછીનો** છે, એ જન્મમા તેમણે **ધોરણસર** કેળવણી લીધી છે પણ એ કેળવણી તે કેવળ ધર્મની સસાર શાળાની તેમને જરૂર નહતી.

તેમની જીવનભૂમિકાને રચનાર હેતુઓમા એ પ્રમાણે, શાળાની કેળવણીનો કઇ ભાગ ન હતો, પરતુ એ શાળાના પડયાના **સહવાસની અસર** તેમનાપર મરણપર્યંત રહેવા પામી ખરી. **વાવજી**

પડ્યાનો કર્મસિંહજી ઉપર સારો ભાવ હતો, નિશાળમાથી રજા પડયા પછી પણ વખતોવખત તે પડયાનુ કામ કરવાને રોકાતા. ફુરસદના વખતમા પંડયા તુલસીકૃત રામાયણ વાચતા તેના રાગ અને કથામા કર્મસિંહજીને ધીમે ધીમે રસ પડવા લાગ્યો. આથી કામ ન હોય તોપણ એ તેમના પાસે બેસી રહેતા અને પડયાની ન્હાની ન્હાની વાર્તાઓ સાભળી આનન્દ પામતા. તેમને ભાવીજીવનની સામગ્રી આવીરીતે પડયાના સહવાસમાંથી મળતી, એટલુજ નહિ પણ એ સિવાય સાધુઓ અને ભજન કીર્તનમાથી પણ તે મળતી રહેતી, એ વખતે વાંકીમા સ્થાનક હતું નહિ. ત્યા ગુર્જર જ્ઞાતિના શેઠ હંસરાજ દેવશી દેશાઇ કરીને એક ધર્મનિષ્ઠ શ્રદ્ધાવાન અને ધર્માભિમાની ગૃહસ્થ રહેતા હતા. તે સાધુઓ અને સાધ્વીઓને વારવાર આમંત્રણ આપી બોલાવતા, અને ધર્મ તથા જ્ઞાનની ચર્ચાઓ તેમને મુખેથી સાભળતા ઉપરાત એક ગામથી બીજે ગામ વિહાર કરતા રસ્તામા સાધુસત આ ગામમા થોડો વખત વિશ્રાતિ લેતા આ સાધુઓના દર્શન કર્મસિહજીને થતા; વળી પત્રીમા મોમાળ પાસેજ સ્થાનક હોતા ત્યા પણ મુનિદર્શનનો લાભ પામતા સાધુઓની ઉડી જ્ઞાનવાર્તા સહમજી તો કયાથી શકે, તોપણ તે સાભળવા ઉભા રહેતા આવા સત્વગુણ પોષક સત્સમાગમની અસર અજાણતાજ એમનુ હૃદય પામ્યા કરતું હતું. અજ્ઞાન માણસો એવુ માનતા જણાય છે કે, બાળકમા બુદ્ધિ હોતી નથી તેથી તેની આસપાસ જે બનાવ બને છે તેની લેશ પણ અસર તેનાપર પડતી નથી. દેખાવો, શબ્દો, સ્પર્શ આદિ તેના મગજ ઉપર કાઇ અસર કરતા નથી, પરતુ વિદ્વાનોનો મત અને આપણા ચરિત્ર નિરૂપ્યનુ દૃષ્ટાન્ત આ સહમજણની અસત્યતા સ્પષ્ટ બતાવી આપે છે. ફોનોગ્રાફની જડ તાવડીઓ અથવા ચૂડીઓ પણ સ્વરની છાપ ગ્રહણ કરે છે, અને તેપર ટાચણીનો ભાર આવતા અસલ

જેવો અવાજ આબેહુબ તેવીજ ઢબમા બહાર કાઢે છે, તો એ તાવડી-ઓ કરતા અનન્તગણું ઉચ્ચ મનુષ્યમન બાલ્યાવસ્થાનેલીધે બહુ વિકસિત ન થયુ હોય તોપણ જોયેલા અને સાભળેલા તેમજ અનુભવેલા વિષયોની છાપ ગ્રહણ કરતું જાય અને આગળ જતા અનુકૂળ સયોગો મળતા તેવાજ સૂર કાઢે તેમા આશ્ચર્ય જેવુ કે ન બનવા જેવુ કઇ નથી. વિચારની અસર વનસ્પતિવર્ગ ઉપર થવાનુ હાલનુ વિજ્ઞાનશાસ્ત્ર જણાવે છે, તો મનુષ્ય મનપર એની અસર થવામા શકા ધરવા જેવુ કશુ નથી બાળકનુ મગજ જડ હોતું નથી. તેના માનસિક સસ્કારો **પ્રસુપ્ત** હોય છે. અસ્ફુટસસ્કારમય મન નવીન સસ્કાર ગ્રહણ કર્યેજ જાય છે. તેમા અવસ્થાભેદ બહુ અતરાયરૂપ થતો નથી, ઉલટુ બાળક અવસ્થા તો સસ્કારગ્રહણ માટે વિશેષ યોગ્ય છે "જન્મ પામે તે વખતે સર્વ અસહાય હોય છે," તેથી જેવા સસર્ગમા હોય તેવામાથી તનમન ઉભય પોષણ પામે છે. બાળકમા તો અનુકરણ કરવાની શક્તિ સવિશેષ હોય છે. એટલે તેની આગળ પાછળના સસર્ગથી તેના મનપર એવી છાપ પડી રહે છે કે જે આગળ જતા સજીવ થઇ વૃદ્ધ થએલ બાળક દ્વારા બોલે છે." કર્મસિહજી અસહાય, અપક્વ, અને બીનઅનુભવી પણ સસ્કાર ગ્રહણ કરવાને તૈયાર એવી બાલ્યાવસ્થામા હતા, ત્યારે જે જે પ્રતિમાઓ તેમના હૃદયપટ ઉપર પડી તે સર્વ પાછળથી પૂજ્યપાદ આચાર્યરૂપે પ્રતિફલિત થઇ એમ નિ શકપણે કહી શકાય.

વાઘજી પડયાના રામાયણમા બાર વર્ષની ઉમરે વધારે સ્હમજણ પડવા લાગી અને ઘણો વખત તેમના સહવાસમાજ નિર્ગત થતો હતો. સદાચાર, સદુચ્ચાર અને સદ્વિચારમા મહાલય સ્થાન ગણાતા આ કાવ્યના શ્રવણથી તેમા વર્ણવાયલી ઉચ્ચ પ્રકારની વ્યાવહારિક નીતિ, કર્તવ્યપાલન, અને ધર્મશ્રદ્ધાનો પાશ તેમને બેઠો આચાર્યશ્રીમાં લી-

ધેલુ કામ પૂરૂ થતા સુધી વિરામ ન પામવાનો ગુણ, તેમજ ધર્મ પ્રસાર માટે વીરત્વયુક્ત જુસ્સો, પ્રતિવાદીઓને જીતવાનુ કૌશલ્ય ઇત્યાદિ જે કાંઈ જોવામાં આવતું તેનું મૂલ આ રામાયણની કથાના શ્રવણમા મળી આવે છે. પડયાનો ભાવ પણ બહુ એટલે આ કથાસિવાય બીજી પણ ન્હાની ન્હાની કથાઓ તેમને સભળાવતા. કર્મસિહજીએ પણ પડયા તથા તેમના કુટુમ્બ ઉપર મરણ પર્યંત સારો ભાવ રાખ્યો હતો. પાછલા વખતમા તેઓ કહેતા કે "મારામા જે કાઇ છે તેમાથી કેટલોક ભાગ તો જાણ્યે અજાણ્યે એ પડયા પાસેથી મળી ગયો છે" રામાયણના દુહા ચોપાઇ સાભળવામાથી કર્મસિહજીને ભજન કીર્તન સાભળવાથી લ્હે લાગી હતી એ સાભળવાનો તેમને બહુ શોખ હતો. ગામડાના લોકો ભજન કીર્તન કરાવીને પોતાની ધર્મભાવનાને સતોષે છે, ધર્મસબધી લાબા લાબા વાદવિવાદો, તર્ક પરપરા કે જ્ઞાન ગોષ્ઠીનો ત્યા મુદ્દલ સચાર હોતો નથી પોતાના નિયત કર્તવ્યો બજાવીને નવરાશની વેળાએ એકાન્તમા જ્ઞાન, ભક્તિ, અને વૈરાગ્યના પદો ગાઇને કે ગવરાવીને એ ઉદ્યોગી વર્ગ પોતાનો થાક ઉતારે છે, અને ધર્મની લાગણીઓને તૃપ્ત કરે છે જનસમૂહને કેળવવાને કોઇ પણ જાતની વ્યવસ્થા જયા હોતી નથી, ધાર્મિકજ્ઞાન કે નીતિ શિક્ષા પામવાની અનુકૂળતા જયા હોતી નથી, કેવળ જગલ અને જાનવરો સિવાય બીજો વધારે સારો સહવાસ જયા ભાગ્યેજ મળે છે, એવા ગામડાઓમા આ ભજન કીર્તન કરનારાઓ લોકસેવા ઠીક બજાવે છે એ ભજનના પદો પણ, હાલ કવિ અને કવિતા કોને કહેવા તેની પચાતમા પડેલા અને બલપૂર્વક જયા ત્યાથી તાણી ખેચીને એકઠા કરેલા ક્લિષ્ટ રચનામય પદના બનાવનારાના રચેલા નહિ, પરતુ **ખરા** જ્ઞાની અને **ભક્ત** કવિઓના હૃદયના ખરા ઉદ્ગારરૂપે નીકળેલા હોઇ બહુ સાદા સરળ અને બોધક હોય છે. તેથી અભણમા અભણ ગામ-

ડીઓ પણ તેનું રહસ્ય પામી શકે છે. અને તેના રસમાં લીન બની જાય છે. તે પદો બાળ અને વૃદ્ધ, સ્ત્રી અને પુરૂષ સર્વેને એકસરખી અસર કરે છે. એથી આનન્દ સાથે બોધ પણ મળે છે, તેથી ગામડીઆઓને એ પદો સાભળવામા બહુ આનન્દ આવે છે. દરેક ગામડે એકાદ ભજન કરનારી ટોળી તો મળીજ આવે છે. હાલનો સાક્ષરમા ગણાતો કોઈ વિદ્વાન્ કદી રાત્રિના શાન્ત સમયમા ભોળા દિલના નિષ્કપટી લોકોને ભજન ના પદો ગાતા અને સાંભળતા જુએ તો અવશ્ય તેના હૃદય ઉપર સચોટ અસર થયા વગર રહેજ નહિ. વાંકીમા એવા ભજન ગાનારી એક મ ડળી હતી. તે તુલસી, ધીરો, મીરા, ભોજો, નરસિ હ, અખો, એ પ્રાચીન ગુજરાતિ કવિઓના તેમ કચ્છી કવિઓના જ્ઞાન ભક્તિ અને વિરાગના પદોના ભજન કરવામા પ કાતી હતી. કર્મસિ-હને આ ટોળીમા જવાનો બહુ શોખ હતો. ભજનનો વિષય તેમને એટલો તો પ્રિય થઈ પડયો કે કેટલાક સારા સારા પદો તો મોએ કરી લીધા હતા. તેમની સ્મરણશક્તિ પણ એવી તેજ હતી કે તે અવસ્થામા શીખેલા પદો વ્યાખ્યાન વખતે પ્રસ ગોપાત બોલી બતા-વતા. એ સ સ્કારી જીવની બુદ્ધિ જેમ રામાયણની કથા સાભળવાથી વિશેષ ચ ચળ થઇ તેમ આ જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યના પદો શીખી લેવાથી વિરાગના સસ્કારે ઉડા મૂળ ઘાલ્યા આવી રીતે વિરાગ વાસનાઓનું પ્રાબલ્ય વધતા ત્યારથીજ સસાર વાસનાને પક્ષાઘાત લાગુ પડયો.

હેમરાજશાહ અને તેમના પત્ની પ્રામાણિક અને સદ્વર્તનશીલ હતા, તથાપિ ઉચ્ચ પ્રકારની કેળવણી, પરદેશનો પરિચય, સુધારા અને જ્ઞાનના વિચારોનો પાશ તેમને મુદ્દલ લાગ્યો ન હતો, એટલે સસાર સુધારાના વિષયમા તેઓ કેવળ અજ્ઞાત અને પછાત હતા, તેઓ વિનાશક રૂઢીઓનાં ચુસ્ત ઉપાસક હતા, તેમજ આસપાસની

પરિસ્થતિ પણ અજ્ઞાનમા વધારો કરે એવી હતી. ગામડાઓમા હાલ પણ અજ્ઞાન અને વિનાશક રૂઢીઓનુ જોર છે તોપણ તે કાળને મુકાબલે બહુ જુજ છે. આવી સ્થિતિમા બાળકને વહેલો વહેલો પરણાવી "ગૃહસ્થ" બનાવવાની અને પૌત્ર દર્શનની લાલસા રહે એ સ્વાભાવિક છે દુનીયાના એક મોટા "લ્હાવા" તરીકે માની લીધેલા પ્રસગને માટે એ જોડુ બહુ આતુર હતું, વળી કર્મસિંહજી ઉપર ભાવ વધારે એટલે તેનો વિવાહ તો પારણામા હતા ત્યારથીજ કરવાનો ઇરાદો ચાલતો હતો. અને કન્યાની શોધ ચાલુ થઇ હતી. બે વર્ષની અવસ્થાએ વડાળાના શા દેવરાજની પુત્રી માણેકબાઈ સાથે વાગ્દાનથી જોડાયા. કન્યા નો વરથી મ્હોટી અથવા તો તેના જેવડીજ જોઇએ એવા વિચારવાળા આ અજ્ઞાન માબાપે કન્યા પસદ કરી તે પણ બે વર્ષની ! સદ્ભાગ્યે આ પ્રકારના બાળલગ્ન અને કજોડાથી થતા અનિષ્ટ પરિણામો પૂજ્યશ્રીને ભોગવવા ન પડયા. પરણ્યા પહેલાજ સસાર ત્યાગી સાધુપદ ધારણ કરી લેવાથી બચી ગયા. તેમને પોતાને બાળલગ્ન, વૃદ્ધવિવાહ અને કજોડા ઉપર બહુ તિરસ્કાર હતો. વ્યાખ્યાન વખતે પ્રસગ ઉભો કરી એ વિષય ઉપર વિસ્તારપૂર્વક વિવેચન પણ કરતા અને એ રૂઢીઓ નાબુદ થાય તે માટે બની શકે તે ઉપાયો લેવામા પણ તેઓ ચૂકતા નહિ. આ રૂઢીથી પૈસા ટકાની પાયમાલી થાય છે, બલ વીર્ય પરાક્રમ હણાઇ જાય છે, પ્રજાનો યમને ખપ હોય તેમ એનુ આયુષ્ય પણ બહુ ટુકુ થઇ જાય છે, વળી એને પરિણામે વિધવાઓની સખ્યામા વધારો થવા સાથે ગર્ભપાતાદિ મહાપાપોનો વિસ્તાર વગેરે અનર્થો પણ થવા પામે છે. આ આડકથામા ઉતરવુ એ યોગ્ય નથી, તોપણ વાચકને એટલુ તો જણાવીશુ કે આવા વિનાશક રિવાજો જેમ બને તેમ જલદીથી નાબુદ કરવા પ્રયાસ તો કરવોજ જોઇએ

કર્મસિંહજીને પહેલા મરદાનગીભરી રમતોનો શોખ હતો, પરંતુ એ રમતો નિર્દોષ હતી. પોતાના સોબતીઓને પણ કોઈ કોઇ વાર કોઇને નુકસાન પહોચાડે એવી રમતો રમતા તે અટકાવતા. એક વખત નદીમા રમતા રમતા લૂગડા ફાટયા, આથી માબાપનો ભય લાગ્યો ગમે તે ભોગે સાચુ તો બોલવુંજ એવો દઢ નિશ્ચય હોવાથી ફરીને આવી સ્થિતિમા ન અવાય તે માટે તે દિવસથીજ રમત બંધ કરવાનો સંકલ્પ કર્યો અને એ સંકલ્પ બરાબર પાળ્યો.

પુત્રની સુપાત્રતા, પ્રતાપ તથા મહિમા જોવાનુ **ભાણ**બાઇ માટે નિર્માણ થયુ ન હતું. એ ભલી બાઇ પુત્રને પંદર વર્ષનો મૂકી મરણ પામી **ભાણ**બાઈ ભણેલી, સુધરેલી કે બહુ બુદ્ધિશાળી નહતી, તોપણ તેમની સ્વાભાવિક ભલમનસાઈ અને નિર્દોષતાએ પુત્ર પર અજાણ્યે ઉચ્ચ સંસ્કાર પાડયા હતા માતાના મરણે કર્મસિંહજીના હૃદયમા નવીનજ પ્રકાશ પાડયો. માણસ ઉપર મૃત્યુનો અમલ નિરંકુશપણે ચાલે છે, એ જોઇ એના અમલમાથી છૂટવાના રસ્તા કયા હશે એવા પ્રશ્નો તેમને મનમા થવા લાગ્યા, કેટલાક સામાન્ય મનુષ્યોના મન એવા તો રીઢા થઇ ગએલા હોય છે કે, આવા પ્રસંગોથી તેમને કંઇજ અસર થતી નથી. મોહમા ચકચૂર થએલુ પામર વિષયી મન આત્મશ્રેય સ્હમજે કયાથી? **નિત્ય જોવામાં આવતા** પ્રસંગોથી સામાન્ય મનુષ્યોના મનપર કંઇ અસર થતી નથી, કોઇ **સંસ્કારી** હૃદયોજ એમાથી કંઇને કંઇ શિક્ષા ગ્રહણ કરી લે છે. રાજર્ષિ શ્રીમદ્ ભર્તૃહરિ યોગ્યજ કહે છેઃ—

आदित्यस्य गतागतै रहरहः संक्षीयते जीवितम्
व्यापारै बहुकार्य भारगुरुभिः कालो न विज्ञायते ।
दृष्ट्वा जन्मजरा विपत्तिमरणं त्रासश्चनोत्पद्यते
पीत्वा मोहमयी प्रमादमदिरा मुन्मत्त भूतं जगत् ॥*

---

* સૂર્યના ઉગવા અને આથમવા સાથે પ્રતિદિન આયુષ્યનો ક્ષય થાય

કર્મસિંહજીના સંસ્કારો કંઇ જુદીજ જાતના હતા. તેમની મનોભૂમિ મોહના કાદવથી મેલી બની નહતી, બાળકપણાથીજ તેઓ ઉન્મત્ત નહિ પણ ગંભીર અને વિચારશીલ હતા. એને માતાના અને ત્યાર પછી દાદીમાના મરણથી ત્રાસ ઉપજ્યો. મરણ પામતા જીવની દશા—અને સંબંધીઓનો કોલાહલ—એ જોવાથી એમનું મન હલમલી ઉઠયું

અનેક જન્મોમાં બાંધેલા કર્મોના સારા માઠા સંસ્કારો હૃદયમાં સ્થિતિ કરી રહ્યા હોય છે કેટલાક અદ્‌ભુત અને કેટલાક અનુદ્‌ભુત હોય છે. આ સમસ્ત સંસ્કારોનું કોકડું એવું બંધાયું છે કે કયે પ્રસંગે અને કેમ એ કોકડાથી કેવા રંગનો દોરો કેટલો લાંબો ફેલાશે અર્થાત્ કેવા સંસ્કારો કેવા પ્રસંગોમાં ઉદ્‌ભવી મનુષ્યને કેવી પ્રવૃત્તિમાં જોડી દેશે એ વાત અલ્પજ્ઞ મનુષ્યથી સ્હમજાય તેવી નથી. એકજ પ્રસંગથી અમુક પ્રકારનો સંસ્કાર સહુને જાગૃત થાય કે બેસે એમ બનતું નથી, તેનું કારણ હૃદયમાં રહેલા સૂક્ષ્મ સંસ્કાર બીજકોમાં સ્વરૂપમાં વિવિધતા એજ માની શકાય છે બીજા કોઈને ન જાગેલા એવા સંસ્કારો અને તેનાથી પ્રેરાયલા વિચારોને લીધે આચાર્યશ્રીનું મન બહુ ઉદાસ રહેવા લાગ્યું ત્યાર પછી કોઇ પણ બાબત તેમને ગમતી નહિ. પંડયાનો સહવાસ અને ભજનકીર્તન સિવાયના સઘળા કામો એકજ ઉપલક મને કરતા

માતાના મરણ પછી કામનો બોજો વધ્યો. પિતાને પણ મદદ આપવી પડતી આ સર્વ કામ તેઓ કરતા. આ સંબંધમાં તેઓ

છે, બહુ કાર્યભારને લીધે ભારી થઈ પડેલા વ્યવસાયવશાત્ સમય પણ જણાતો નથી, જન્મ, જરા, વિપત્તિ અને મરણ જોઇને પણ ભયની પ્રતીતિ થતી નથી, તેથી નિઃસંશય મોહમય પ્રમાદરૂપી મદિરા પીને જગત્ ઉન્મત્ત થયું છે !!

પાછળથી જણાવતા કે, "સંસાર દુઃખથી ભરેલો છે. તેના ઉપર આસ્થા રાખવી ઉચિત નથી, તોપણ એ સસારની પાર રહેલી વસ્તુને પામવાની યોગ્યતા જ્યાસુધી પ્રાપ્ત નથી થઇ ત્યા સુધી અવશ્ય કરવાના કર્તવ્યો બજાવવાજ એવુ ઝાખુ ઝાખુ ભાન મને એ વખતે હતું, અને તેથી મને જે કામ કરવા પડતા તે કામને રખડાવીને કે જેવા તેવા કરીને સતોષ માનતો નહિ, પણ કાળજીથી કરતો." ઘરના કામમા વ્યગ્ર, પણ અતરમા પ્રિયતમના સમાગમ સુખને ચિતવતી પતિવ્રતા સ્ત્રીની પેઠે કર્મસિહજી ઘરકામ બજાવતા પણ તેમના અતરમા તો તે વખતે પોતાને પણ સમજાય નહિ તેવી અસ્પષ્ટ ભાવનાઓ સ્વાભાવિક રીતે રમતી. પદર વર્ષની ઉમરે તેમણે કાઇ ભારે મ્હોટા કામો તો નહિજ બજાવ્યા હોય, પરતુ ન્હાની ન્હાની તોપણ જવાબદારી રૂપ ગણાતી ફરજો ચીવટથી અદા કરવાનો ગુણ પાછળથી આધ્યાત્મિક ઉન્નતિ કરવામા પણ બહુ મદદગાર થઈ પડે છે.

કર્મસિહજીને ઘર કામે વારવાર પત્રી જવાનુ થતું તેમનો નિયમ હતો કે ગુરૂશ્રીનો જોગ હોય ત્યારે સ્થાનકમા અવશ્ય જવુ. વ્યાખ્યાન વખતે તો તે સાભળવા સારૂજ ત્યા આવતા, અને લક્ષપૂર્વક તે સાભળતા. હવે તેમની વિચારશક્તિ ખીલી હતી, એટલે સાભળેલી બાબતોપર વિચાર ચલાવી તેને સારી પેઠે સમજવાની મહેનત પણ લેતા. સાભળેલુ પોતાનુજ થઇ રહે ત્યા સુધી તેમને સતોષ થતો નહિ. વ્યાખ્યાન થઇ રહ્યા પછી પણ કોઇ કોઇવાર તે બેસી રહેતા અને વ્યાખ્યાનકાર પાસે પોતાની શકાનુ સમાધાન કરાવતા. આ અવસ્થામા તેમને બીડીનુ કે બીજું કોઈ દુર્વ્યસન પડે એ તો અસંભવિતજ હતું. હૃદયમા ખોટા સસ્કાર પાડે કે દુર્વ્યસનમા દોરી જાય એવા લોકોની સગતમા તેઓ આવ્યાજ નહતા. કોઇ

અદૃષ્ટ સંકલનાથી તેઓ પડયા, સ્થાનક, ભજન કીર્તન કરનાર મંડળી ઇત્યાદિના સત્સમાગમમાં નાનપણથીજ મૂકાયા હતા. ધર્મબીજ સૂક્ષ્મ અવસ્થાને તજી સ્થૂલ રૂપે પરિણામ પામવાને ઉન્મુખ થતું જતું હતું. સુધારાના વિચાર કે ઉચા પ્રકારની વ્યાવહારિક કેળવણીનુ જ્ઞાન તેમને આ ઉમરે થયુ નહતુ તોપણ તેમની પદર વર્ષની ઉમરનુ એક સામટું સ્વરૂપ તપાસીએ, તો આપણને સ્હમજાય છે કે, પિતાના આગ્રહી સ્વભાવનુ તેમનામા પ્રતિબિંબ પડયુ હતું. તેમજ માતાના અજ્ઞાન અને અંધશ્રદ્ધાવાળા, પણ એક નિષ્ઠાવાળા ધર્મચિતનો અને ધર્મ ક્રિયાઓથી તેમને ધર્મ ઉપર આસ્થા બેઠી હતી. એ આસ્થાને મનાર વાસનાઓ હોલાવી નાખે નહિ તે માટે માતાના અને દાદીમના મરણે વિરાગની દીવાલ રચી આપી હતી. વળી સાધુ સમાગમ, કથા શ્રવણ અને ભજન કીર્તનથી આ ધર્મશ્રદ્ધા, વિરાગ અને જિજ્ઞાસાના પાયા ઉપર તેમના મુનિ જીવનની ઇમારત ચણાઇ હતી, અને **તેથીજ** એ વ્યક્તિનુ જીવન વૃત્તાન્ત લખવાની આવસ્યકતા વિચારવામા આવી છે.

પ્રકરણ ૨ જું.

ઉચ્ચ જીવન માટેની તૈયારીઓ.

"For men on earth remains only the choice between the pleasures of sense and the peace of the soul. To attain the peace of the soul on erath, to make the life here approach the divine life, to be free in this kingdom of death, taste not the fruit of the earth."

—*Shiller*

ભાવાર્થ:—પૃથ્વી ઉપર મનુષ્યને વિષયસબંધી સુખો અને આત્મિકશાન્તિ એ બેમાથી એકજ વસ્તુ પસદ કરવાનુ પ્રાપ્ત છે. આત્મિકશાન્તિ આ દુનિઆમા મેળવવા, આ જીવનને દિવ્ય જીવન સમીપ લાવવા, અને મૃત્યુના આ રાજ્યમાથી છુટા રહેવા સારૂ પાર્થિવ ફળો-વિષયસુખોનો આસ્વાદ લેવો નહિ.

આજે સ્થાનકવાસી જૈનધર્મનો કચ્છમા જેટલો પ્રચાર છે તેટલો ઘણા વર્ષો પૂર્વે ન હતો, બલ્કે મુદ્દલ ન હતો એમ કહેવામા પણ બાધ નથી સવત્ ૧૭૭૨ માં પૂજ્યપાદ શ્રીમાન્ ઇંદ્રજી સ્વામી* તથા તેમના શિષ્ય સોમચદ્રજી સ્વામી

* શ્રીમાન્ ધર્મ સુધારક (martyr) ધર્મદાસજી સ્વામીના શિષ્ય શ્રી રામચદ્રજીના એ શિષ્ય હતા

કચ્છમા પધાર્યા, તે વખતે જૈનધર્મના નિગૂઢ રહસ્યો, તેની ધાર્મિક ક્રિયાઓ તેમજ તત્ત્વભાવનાના ગૌરવથી લોકો છેક અજ્ઞાન હતા. જુના કવિઓના સ્તવન કીર્તન અને સામાન્ય પ્રકારની ધર્મક્રિયાઓમા તે કાળે ધર્મની સમાપ્તિ થતી. વામમાર્ગ વગેરે બીજા સપ્રદાયોનો પવન જોરમા વાતો હતો, એટલે જૈનધર્મની પ્રાચીનતા, મહત્તા અને શ્રેષ્ઠતાનો ખ્યાલ સરખોએ કોઇને ન હતો કેટલાક મનુષ્યો જૈનધર્મનુ ઉપલકીઉ જ્ઞાન ધરાવતા અને માની લીધેલા ધર્મના બાહ્યસ્વરૂપને અનુસરી પોતાને જૈનમતાવલબી કહેવડાવતા, પરતુ તેમના ઉપર કે તેમના કહેવાતા ધર્મ ઉપર લોકોની આસ્થા બેઠી ન હતી ઉક્ત સ્વામીશ્રી કચ્છમા પધાર્યા ત્યારે આ સ્થિતિ તેમના જોવામા આવતા કચ્છમા સ્થાનકવાસી જૈનધર્મનો ઉદ્યોત કરવા તેમણે નિશ્ચય બાધ્યો, અને તેવો ઉપદેશ ફેલાવવાનો પ્રયાસ શરૂ કર્યો. મુનિશ્રી ઇંદ્રજીસ્વામી-ને શ્રીમદ્ ધર્મસિહસ્વામીના શાસ્ત્રજ્ઞાન તથા તેમના રચેલા ટબા માટે સારૂ અભિમાન હતું.

એ બને મહાપુરૂષો (શ્રીમદ્ ઇંદ્રજી સ્વામી તથા સોમચદ્રજી સ્વામી) કચ્છમા ચાર વર્ષ ફર્યા ધર્મપ્રસારકોને જે વિઘ્નો, પ્રતિ-બધો, અને જીવલેણ કટાકટીના પ્રસગોનો અનુભવ થાય છે તે સર્વનો તેમને પણ અનુભવ થયો. પરતુ '**अगीकृतं सुकृतिनः परिपालयन्ति** ॥' 'સ્વીકારેલી પ્રતિજ્ઞાને પુણ્યશાળી મહાત્માઓ પાળે છે' એવી સ્વભાવસિદ્ધ પ્રકૃતિને લીધે રાજ્ય તરફની તથા વિધર્મી અને વિદ્વેષીઓ તરફની અનેક તરેહની પજવણીઓ છતા પણ દૃઢ આગ્રહ, મત અને સમયસૂચકતાના જ્ઞાનથી તથા કોઇ કુદરતી અદૃષ્ટસકેતથી તેઓએ પોતાનો સકલ્પ પાર પાડયો. કચ્છમા જૈનસ્થાનકવાસી ધર્મનો પ્રસાર ઠીક ઠીક થવા લાગ્યો. લોકોની આસ્થા તે ઉપર બેઠી અને બહુ લોકો તેના અનુયાયી બન્યા. આવા મહાત્માઓનો નિશ્ચય હોય છે કે —

अनारम्भोहि कार्याणां प्रथमं बुद्धि लक्षणम् ।
आरब्धस्यान्तगमनं द्वितीयं बुद्धि लक्षणम् ॥*

કાતો કામ આરભવુ નહિ, અને આરભ્યુ તો તેને સપૂર્ણપણે પાર પાડવુ એવા ચોક્કસ નિશ્ચયથી પ્રૌઢ ઇચ્છાશક્તિવાળા એ મહાત્માઓ પોતાનો મનોરથ સફળ કરી શકયા. પ્રથમ ભૂજમા અને પછી ધીમે ધીમે કચ્છના મુખ્ય મુખ્ય ભાગોમા સ્થાનકો બધાયા, અને જૈનધર્મના તત્ત્વભૂત રહસ્યોનુ ગૌરવ લોકોને સમજાવવાની અનુકૂળતા થઈ. વાકી ન્હાનુ ગરીબ અને થોડી વસ્તીવાળુ અને અપ્રસિદ્ધ ગામડુ છે એટલે કર્મસિહજીના જન્મકાળે ત્યા સ્થાનક બધાયુ ન હતું, પરતુ પત્રીમા એ વખતે સ્થાનક હતુ અને તે પણ પાછળ કહેવામા આવ્યુ તેમ તેમના મોસાળ પક્ષના ઘર સમીપજ હતું. પત્રી આવતા ત્યારે તેઓ આ સ્થાનકમા અવશ્ય જતા અને સાધુ સમાગમનો લાભ લેતા, એ આપણે પાછળ વાચી ગયા છીએ. ધર્મચર્ચાઓનુ શ્રવણ શ્રદ્ધાથી અને રસપૂર્વક થતુ હોવાથી તેમજ શ્રવણ કરેલા વિષયપર વિચાર કરી સશય કે વિપરીત સમજણ ટાળી નાખવાની ટેવ હોવાથી વયની સાથે તેમની ધર્મવૃત્તિ પણ વધતી જતી હતી. જિજ્ઞાસા અને વિરાગની વૃત્તિઓ પણ પોષાતી હતી, જો કે એ વૃત્તિઓ હૃદયપ્રદેશમા બહુ સૂક્ષ્મ—અસ્પષ્ટ ભાવે કોઇ કોઇ વાર સચરતી—બહુ ધીમી ગતિવાળી હતી. આ વૃત્તિને ઉત્તેજે, પોષે, સજીવ રાખે એવી અનુકૂળતા મળે છે તો ઉત્તરોત્તર વધતી ચાલે છે નહિતર તે દબાઈ જઈ સ્વાર્થમય ધર્મવૃત્તિ પુષ્ટ બને છે દારૂખાનુ તૈયાર હોય, પરતુ તેમા જ્યા સુધી દીવાસળી ન મૂકાય ત્યા સુધી તેને સળગી ઉઠતા વિલબ લાગે છે, તેમ શિષ્યની હૃદયસામગ્રી તૈયાર હોય તોપણ સદ્‌ગુરૂનો સુયોગ

---

* કાર્યાને આરભવા નહિ એ બુદ્ધિનુ પ્રથમ લક્ષણ છે અને આરંભેલા કામને પૂરા કરવા એ બુદ્ધિનુ બીજુ લક્ષણ છે.

થયા વિના તે બહાર પ્રકટી શકતી નથી. જ્ઞાનપ્રાપ્તિમા ગુરૂ એ મુખ્ય અને આવશ્યક અગ મનાય છે. તેનો યોગ થયા વિના સિદ્ધિ મળતી નથી એ ખરૂ છે, પરંતુ આ વાતને ઉંધા રૂપમા સમજનારા કેટલાક 'ગુરૂઘેલા' લોકો એમ માની બેસે છે કે ગુરૂજી માથે હાથ મેલશે, કે કૃપાદૃષ્ટિ કરશે તો તરી જઇશું,+ સ્વ પ્રયત્નની કશી જરૂર નથી' ખરેખર આ માન્યતા ભયકર છે. આવા ખોટા વિચારોથી ભ્રમિત થએલા ગુરૂઘેલા લોકો હૃદયશુદ્ધિ માટે કે બીજી યોગ્યતા મેળવવા માટે કઇ પણ પ્રયત્ન સેવતા નથી અલબત તેવાઓ ગુરૂની શોધમા ફરે છે, પરતુ યોગ્ય પરીક્ષક શક્તિને અભાવે કોઇના બાહ્ય આડબરથી મોહ પામી અયોગ્યને ગુરૂ કરી માને છે પરિણામે ગર્દભ શિષ્ય અને કુભાર ગુરૂનુ જોડુ બધાય છે। "**अन्धेनैव नीयमाना यथान्धाः**" "આધળાની પછવાડે દોરાતા આધળાઓની પેઠે મહા-અનર્થના ખાડામા તે બિચારાઓ પડે છે અને બીજાઓને પાડે છે. ગુરૂ બની પૂજાવાનો શોખ પણ આજકાલ બહુ વધી પડયો છે જેના કઠમા પાણો બાધ્યો હોય તે પોતે ન તરી શકે તો બીજાને ક્યાથીજ તારે? જે પોતાને **મુક્ત** કરી શકે નહિ તે બીજાને કેવી રીતે મુક્ત કરી શકે? ગુરૂ થઇ બેસવાની કે ઘણા ગુરૂ કરવાની ઘેલછામા પડવા બદલ સૌ પોતપોતાની યોગ્યતામા વધારો કરતા રહે તો શુભ પરિણામ આવે. સાધન સપન્ન શિષ્યની શોધમાજ સદ્ગુરૂઓ ફરે છે, અને શિ-

---

+ શ્રીમદ્ યશોવિજયજી આ સબંધમા કહે છે કે—

કોઇ કહે અમે ગુરૂથી તરશુ, જિમ નાવાથી લોહા રે;
તે મિથ્યા ન લહે સહવાસે, કાચપાચની સોહા રે

અને પૂજ્ય શ્રી જેઠમલજી સ્વામી કહે છે કે—

ઉપાદાન સુધર્યા વિના, શુ કરે ભવ્ય નિમિત્ત,
ગુરૂથી તરવાનુ ધારીને, કરે અશુદ્ધ નિમિત્ત.

બ્યની સાધન સંપત્તિથી આપોઆપ તેની પાસે ખેંચાઇ આવે છે. આપણા ચરિત્ર નિરૂપ્યને તો એ અવસ્થામા કઇ ગુરૂ શિષ્યના લક્ષણ કે યોગ્ય ગુરૂની અગત્ય એ વિષેનો વિવેક હોય એમ સભવતું નથી. તેમના જીવનની સાકળ ગોઠવાવામા બુદ્ધિની યોજનાઓ કરતા અદૃષ્ટનો સંકેત મૂળ કારણરૂપ હતો એમ એમના સમગ્ર જીવનપરથી આપણને સ્પષ્ટ જણાઈ આવે છે. કુદરતી રીતેજ તેમના સબધમા એવા બનાવો બન્યા કે જેથી એમનુ ભાવિ જીવન બહુ ઉચ્ચ સ્વરૂપમા ઝળકી ઉઠયુ તેમની ધર્મજિજ્ઞાસા, વિરાગ આદિ વૃત્તિઓ બીજ દશાને પામી કઇક કઇક અકુરિત થતી હતી તેવામા તેમના ભાગ્યના યોગથી એ અકુરનો માળી સવત્ ૧૯૦૨ ની સાલમા મળી આવ્યો. મનુષ્યપણું, મુમુક્ષુપણું અને મહાપુરૂષોનો સગ એ ત્રણ વસ્તુ **દુર્લભ** છે, જેનાપર દૈવની કૃપા હોય તેજ એ પામી શકે છે એમ એક મહાત્મા કહે છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર પણ સાક્ષી પૂરે છે કે—

चत्तारि परमंगाणि, दुल्लहाणी य जन्तुणो ।
माणुसत्तं सुईसद्धा, संजमं मिय वीरीयं ॥

અધ્યયન ૩, ગાથા ૧

આ સસારમા પ્રાણીઓને આ ચાર વસ્તુઓ મુશ્કેલીએ મળે એવી છે.—મનુષ્યપણું, સૂત્રસિદ્ધાન્તશ્રવણ, શ્રદ્ધા, સયમને વિષે બલ પરાક્રમનુ ફોરવવુ.

સવત્ ૧૯૦૨ ના ફાલ્ગુન માસમા પૂજ્યપાદ સ્વામી શ્રી **પાના**ચદજીનુ **પત્રી** મુકામે પધારવુ થયુ પ્રસગ એવો બન્યો કે કાંઈ ઘરકામ પ્રસગે આપણા ચરિત્રનાયકને **પત્રી** જવુ પડયુ તેઓ હમેશના ધોરણ મુજબ પોતાના મામા સાથે વ્યાખ્યાન સાભળવાને સ્થાનકમા ગયા. કેમ જાણે પૂર્વથી પરસ્પરનો મેળાપ થએલો હોય તેમ પરસ્પરની દષ્ટિ મળતા એક બીજા ઉપર બહુ ભાવ પ્રગટયો. શ્રીમ-

દ્પાનાચ દજી સ્વામી આ છોકરાનો વિનય અને વ્યાખ્યાન સાભળવાની એકાગ્રતાથી તેના તરફ આકર્ષાયા. વ્યાખ્યાન પ્રસગમા એ સ્વામીએ શ્રાવકના લક્ષણ, તેમને પાળવાના બારવ્રત,* સાધુના લક્ષણ તથા ધર્મ એ સર્વેનું વિવેચન ટૂકમા પણ બહુ સુન્દર રીતે કર્યું. આ વિવેચનની અસર કર્મસિહજી ઉપર સચોટ થઇ. કોઇ પણ વાત રૂચવાને અને યથાર્થ સમજવાને માટે પહેલી શરત એ છે કે તે વ્યક્તિના હૃદયમા તેવા સસ્કાર સુપ્ત વા જાગૃત હોવા જોઇએ. જે વિચારો એકને રૂચે છે અને સમજાય છે તે અન્યને તેવીજ રીતે રૂચે અને સમજાય એમ હમેશા બનતું નથી. તેનુ પણ એજ કારણ છે કર્મ સિહજી પાછળથી આત્મકથાના પ્રસગમા જણાવતા કે " એ વિવેચનથી મ્હારા હૃદયમા કઇ નવોજ પ્રકાશ થયો, અને સસારમા રહેવુ ઠીક કે ત્યાગી થવુ ઠીક એવી પ્રશ્નવૃત્તિ ઉદ્ભવી તોપણ એ વખતે એટલુ તો ચોકસ કીધુ કે કોઇ પણ રીતે ધર્મનુ **યથાવિધિ** પાલન તો અવશ્ય કરવુજ અને ધર્મજ્ઞાન પામવુ

વ્યાખ્યાન શ્રવણ કરવા તો ઘણાજણ આવે છે. કેટલાક તો મ્હોટા ડોળડમાકથી બેસે છે, અને બધુ સમજતા હોય એવો આડબર રાખે છે, પરન્તુ ઉપદેશાયલુ તત્ત્વ તો કોઇકમાજ પ્રવેશી શકે છે. સ્ફટિકમણિમા જેમ ચદ્રકિરણ પ્રકાશે છે તેમ નિર્મળ મનમાજ તત્ત્વ સ્હેલથી પ્રવેશી શકે છે. એક કવિ યોગ્યજ કહે છે —

---

* બારવ્રતના નામ નીચે મુજબ —

૧ પ્રાણાતિપાત વિરમણ, ૨ મૃષાવાદ વિરમણ, ૩ અદત્તાદાન વિરમણ, ૪ સ્વદારાસતોષ તથા સ્થૂલ મૈથુન વિરમણ, ૫ પરિગ્રહપરિમાણ, ૬ દિગ પરિમાણ, ૭ ભોગોપભોગ વિરમણ, ૮ અનર્થદડ વિરમણ, ૯ સામાયિક વ્રત, ૧૦ દેશાવગાસિક, ૧૧ પોષધ, ૧૨ અતિથિ સવિભાગ

प्रभवति शुचि र्बिम्बोद्ग्राहे मणिर्न मृदाञ्चय ॥*

ઠીકરાં જેવુ વિષયમુગ્ધ જડ ચિત્ત–જેમા ઉપદેશને અનુકૂળ પડતા સસ્કારોનો લેશ પણ છાટો હોતો નથી તે, એ ઉપદેશ ક્યાથી ગ્રહણ કરી શકે? ક્વચિત્ તેના ચિત્તને મિથ્યાગ્રહણ–વિપરિત ગ્રહણ થાય છે. વ્યાખ્યાન શ્રવણથી કૃતકાર્ય થયાનુ ઘણાજણ માની બેસે છે તે પણ ભૂલ છે સાખ્યદર્શન જણાવે છે કે–**नहि श्रवणमात्रेऽपिकृत-कृत्यता परामर्शादृते विरोचनवत् ॥** 'સાભળવામાત્રથી કૃતાર્થતા નથી. મનન કર્યા વગર શ્રવણનુ ફળ મળતું નથી. એટલે ખરો લાભ પામવાને લક્ષપૂર્વક મનન કરવુ જોઈએ શ્રવણ કરતા મનન શતગુણ વિશેષ ઉચ્ચ છે એમ વિદ્વાનો કહે છે તે યથાર્થ છે હાલતો પ્રમાદીઓને શ્રવણથી કૃતકૃત્ય થવા કરતા કેવળ શ્રવણનો ભાવ મનમા ઉપજ્યો એટલે કૃતાર્થ થવાની ફિલસુફી હાથ આવી છે' ઘેર બેઠે ભાવ થયા એટલે બસ' આવા કેવળ લુખાભાવ, કે વિચારરહિત શ્રવણનો સ્પર્શ ફ્રૅમસિહજીને થયો ન હતો તેમની પ્રકૃતિજ નમન-શીલ હતી વ્યાખ્યાન થઈ રહ્યા બાદ સૌ ઉઠી ચાલ્યા ગયા એટલે શ્રવણકાળે ઉઠેલા કેટલાક પ્રશ્નોનુ નિરાકરણ કરાવવા તથા કેટલીક શકાઓનુ સમાધાન પામવા તેઓ સ્વામીશ્રી પાસે બેસી રહ્યા. સાધારણ દેખાવના સોળ વર્ષના કાચા યુવાનની ધર્મ ઉપર પ્રીતિ, જિજ્ઞાસા, પ્રશ્ન પૂછવાની તેમ શકાઓ ઉઠાવવાની ખુબી એ વગેરેથી પાનાચદજી સ્વામી તો છક થઇ ગયા. શ્રાવકોને પાળવાના બાર વ્રતોમાથી પ્રથમ વ્રત જે પ્રાણાતિપાત વિરમણ–અહિસા–તેનુ સ્વરૂપ તે પાળવાના નિયમ તેમજ યથાવિધિ સર્વાશે એ વ્રતનુ પાલન કરવાથી

---

* "વિમલમણિ લે ઝીલી તેવુ સુબિમ્બ ન ઠીકરી '

સાક્ષર શ્રીયુત મણિલાલભાઇ કૃત ઉત્તર રામચરિત્ર ભાષાતર

થતાં ફળ એ સબધી કેટલીક ચર્ચા ચાલી. એ ચર્ચાને વિશેષ રસભરી કરવાને તથા સર્વ દેશીય ધર્મ બતાવવાને સ્વામીશ્રીએ વેદ, યોગશાસ્ત્ર, મનુસ્મૃતિ જેવા હિંદુધર્મપુસ્તકોમાંના કેટલાક શ્લોકો તેમજ કુરાનની કેટલીક આયાતો પણ કહી બતાવી. જૈનસિદ્ધાન્ત સત્ય હોઇ સર્વ ધર્મમા અને સર્વ દેશ કાળ અને પરિસ્થિતિમા પ્રકારાન્તરે પ્રતિપાદિત થએલો છે એમ સ્વામીજીને પૂર્ણ શ્રદ્ધા હતી. તેથી હિ દુના તેમ મુસલમાનના ધર્મ ગ્ર થોમાથી વચનામૃતો ઉતારી લેવાનો તેમ જૈનેતર સાથે જ્ઞાનવાર્તા કરવાનો તેમને બહુ શોખ હતો. તેમના હાથના લખેલા આવા ઘણા વચનો હજી મોજુદ છે.

વાતચીતનુ પરિણામ એ આવ્યુ કે કર્મસિ હજીની વૃત્તિઓ જે પ્રથમ અવ્યક્ત હતી તે હવે ઇચ્છારૂપે વ્યક્ત થઇ મૂલના અસ્ફુટ મનોભાવ, ઇચ્છા અને વિચારરૂપે પરિણામ પામવા લાગ્યા. તેમને એજ વખતે થયુ કે સાધુ થવાય તો સારૂ, ગૃહસ્થાશ્રમમા ન પડાય તો ઠીક. આ નિયમ તો નિર્વિવાદ છે કે અનુકૂળ પ્રસ ગે થએલી સ્હેજ પણ સૂચના કે બોધના વચન મનુષ્યના આખા જીવિતને ફેરવી નાખે છે. ઇતિહાસમા એવા દાખલા ઘણા નોધાયલા છે. આજ પણ એવા ઘણા દાખલા નજરે પડે છે કે જેના એકજ સદુપદેશરૂપી વચન બાણથી લાખો મહાપુરૂષો ઘરબાર ત્યજી ચાલી નીકળી પરમ-પદને પામ્યા છે કે દુરાચારી પુરૂષો સદાચારી બન્યા છે **क्षणमपि सज्जन संगति रेका, भवतिभवार्णव तरणे नौका,**[1] **॥ महत्सेवां द्वार माहुर्विमुक्ते**[2] **॥ सतांसंग. कल्पद्रुम इव न किं कि वित-**

---

[1] ક્ષણવાર સેવાયલો સત્સ ગ ભવસાગર તરવાને વહાણરૂપ થઇ પડે છે

[2] મહાપુરૂષોની સેવા એ મોક્ષનો દરવાજો છે એમ મ્હોટા પુરૂષો કહે છે

नुते;[1] **सत्संगतिः कथय किं न करोति पुंसाम्,**[2] **सतांसंगो हि भेषजम्**[3] **॥** એ વચનામૃતો ખરેખર હૃદય પટ પર કોતરીજ રાખવા યોગ્ય છે.

આ જ્ઞાનગોષ્ઠિનુ પરિણામ એ આવ્યુ કે, કર્મસિહજીને અહિસાવ્રત અંગીકાર કરવાની તીવ્ર ઇચ્છા થઈ, પરન્તુ કેવા સયોગોમા તે વ્રત સર્વાંશે પાળી શકાય એ વિચાર તેમને ઉદ્ભવવા લાગ્યા. બીજે દિવસે જે બનાવ બન્યો તેણે એમના મનોગત પ્રશ્નોનો ઉત્તર પૂરો પાડ્યો. હકીકત એમ બની કે તેમના પિતાએ તેમને ખેતરમા ખાતર પખેડવા જવા ફરમાવ્યુ. આ ઉપરથી ખેતરમા જઈ કામ કરતા હતા તેવામા અસખ્ય જીવો ખાતરમા ખદબદતા કચરાતા અને ચગદાતા જોવામા આવ્યા. આ દેખાવથી તેમની મનનશીલ પ્રકૃતિને બહુ આઘાત થયો. એકદમ કામ છોડી દઈ વિચારમા ને વિચારમા ઘેર પાછા વળી આવ્યા. ત્યાથી તરત **પત્રી**મા શ્રીમદ્ **પા**નાચદજી સ્વામીપાસે આવીને સર્વ વૃત્તાન્ત કહી છેવટે પોતાનો નિશ્ચય જણાવ્યો, કે ગૃહસ્થથી અહિસાધર્મનુ પાલન યથાર્થ રીતે થઇ શકેજ નહિ. વળી પોતે યતિ થવાની વૃત્તિ ધરાવે છે એવો ઇસારો પણ વાતચીત દ્વારા કરી દીધો. ત્યારબાદ યતિ અને ગૃહસ્થમા કોણ શ્રેષ્ઠ, તપ કોણ કેટલી હદ સુધી કરી શકે, અહિસાધર્મ પાળવાની અનુકૂળતા કોને વિશેષ એવા એવા પ્રશ્નોના ખુલાસા માગ્યા. **પા**નાચદજી સ્વામી બહુ અનુભવી અને વિચક્ષણ પુરૂષ હતા. સામાનો **અધિકાર** જોઇ તેને અનુસરતો ઉપ-

---

૧ સત્સગ કલ્પવૃક્ષ જેવો છે એ શુ શુ નથી આપતો ? અર્થાત્ એનાથી સર્વ ઇચ્છિત અર્થ ફળે છે

૨ સત્સંગતિ માણસને શુ શુ નથી કરી આપતી ત કહે, અર્થાત્ એ સર્વ કરી આપે છે

૩ સત્સગ એ ભવરોગ ટાળવાનુ ઔષધ છે

દેશ આપવાનો તેમનો રિવાજ હતો. બોધ આપવા સંબંધે મહાત્માઓમાં બે મત ચાલે છે કેટલાક મહાત્માઓ અધિકારીની યોગ્યતા દીઠા વિના તેને જ્ઞાનોપદેશ કરતા નથી અને કેટલાક કરે છે. અવસ્થા ન્હાની છતા પણ ધર્મપાલન માટેની તેમની તત્પરતા, શ્રદ્ધા, વિચારશીલતા, એવા એવા સદ્‌ગુણોના બીજક સ્વામીશ્રીએ જોઈ લીધાં એટલે બોધ આપતા તેમણે જણાવ્યુ કે.–" ગૃહસ્થ તેમજ યતિ પોતપોતાની ભૂમિકામા પોતપોતાને પ્રાપ્ત ધર્મોનુ પાલન કરે તો બને તે તે ભૂમિકાએ શ્રેષ્ઠ છે, અને તેથી વિરૂદ્ધભાવે વર્ત્તે તો બને નેષ્ઠ છે. ગૃહસ્થ પણ પોતાના આશ્રમમા રહી પોતાનુ કલ્યાણ સાધી શકે છે, ત્યાગી અવસ્થામા કલ્યાણની સગવડ વધારે હોવાનો સભવ છે ખરો, પરન્તુ એવો કોઈ નિયમ નથી કે યતિ થવાય તોજ આત્માનુ કલ્યાણ થઇ શકે. કેટલાક લોક એમ સમજે છે કે સસારનો ત્યાગ કરવાથીજ કલ્યાણ થાય છે,[૧] પરન્તુ અહિ ગેરસમજ છે સસાર ત્યાગવા છતા પણ ધર્મકર્મના ઉપકરણ આદિમા મમતા તથા અહત્વ અને તેથી થતા રાગદ્વેષ અને કષાય ન ત્યજાય તો બાહ્યવેષ માત્ર ધરવાથી કઇ વિશેષ લાભ નથી વિકારોને ધીરે ધીરે શમાવતે રહી અલુબ્ધપણે ગૃહસ્થધર્મનુ પાલન કરનાર મનુષ્ય પણ સિદ્ધિની નજદીક પહોચી શકે છે જે બાર વ્રતો શ્રાવક માટે વિધાન કરાયા છે તેનુ **બરાબર** પાલન. કોઇ મનુષ્ય કરે તો તે બાહ્ય સસારને છાડતા છતા આતરસસારમા ખરડાયલા દાભિક સાધુ કરતા ઘણો ઉત્તમોત્તમ પ્રાણી છે. અને તેના કરતા ઘણો જલદી કલ્યાણ સાધી શકે છે. તપ કરવુ એ કોઇ રમત વાત નથી તપનો વિષય બહુ ગભીર છે એ સબધમા પણ કેટ-

---

૧ શ્રીમદ્ યશોવિજયજી આ સબંધમા કહે છે કે —
કોઇ કહે અમે લિગે તરસુ, જૈન લિગ છે વારૂ,
તે મિથ્યા નવિ ગુણ વિણુ તરિયે, ભુજ વિણુ ન તરે તારૂરે

લીક ગેરસમજ ચાલે છે. બાર વ્રતો શ્રાવકોથી પળી શકે એવા છે, તોપણ હિંસાના પાપથી સર્વાંશે બચી શકે એવી તેમની સ્થિતિ નથી. વ્યવહારનુ સ્વરૂપજ એવુ છે કે દેશ કાળ અને પરિસ્થિતિ એવાજ પ્રકારના છે કે શાસ્ત્રદૃષ્ટિએ જોતા ગૃહસ્થ પગલે ને ડગલે પ્રમાદાદિને લીધે કર્મબંધનમા પડતો જાય છે અને બાર વ્રતમા તેનાથી સ્ખલન પણ થાય છે " આ બોધ વચનોથી તેમના મનમા એવુ દૃઢ થઈ ગયુ કે ગૃહસ્થધર્મ નહિ પણ કષ્ટે પળાતો યતિ ધર્મજ અંગીકરણીય છે ધર્મનુ લક્ષણ તે વખતે તેમણે ગમે તે માન્યુ હોય તોપણ એમના વિચાર અને નિશ્ચય જોતા એવુ સમજાય છે કે અહિંસા બરાબર પાળી યતિધર્મ સ્વીકારવો એ ધર્મ એમ તેમણે માનેલુ હોવુ જોઇએ પોતાનુ કુટુંબ, જાતીભાઈ પ્રત્યેની જવાબદારી તેમજ યતિ થવાથી પોષ્ય કે સ્નેહીવર્ગ દુખે કેટલો ટળવળશે, આર્ત અને રૌદ્રધ્યાન કરી કેવા પ્રકારની ગતિ પામશે, તેનુ જ્ઞાન એ અવસ્થામા કયાથી હોય ? વિચારપૂર્વક ઘટતી તુલના કર્યા વગર પ્રથમ વાતચીતના પ્રસંગમાત્રથી સાધુ થવાની જે વૃત્તિ ઉઠી હતી તે હવે **સંકલ્પ**ના રૂપમા આવી. તેમણે સંકલ્પ કર્યો કે સાધુ થવુ આ સંકલ્પ કર્યા પહેલા લાબા વિચારોની તુલના અને પૃથક્કરણ કરવાની, ઔચિત્ય અનૌચિત્ય તપાસવાની, સ્થિતિ–સંબંધ–સહવાસ–દેશ કાળ આદિ જોવાની ને શાસ્ત્ર ગુરૂની સલાહ લેવાની જરૂર રહે છે, તેમાનુ કંઈપણ કર્યા વગર કેવળ અહિંસાવ્રતની ઇચ્છાથીજ એ સંકલ્પને હૃદયમા જડી લીધો. આ સંકલ્પ કાર્યરૂપે પરિણામ પામ્યો અર્થાત્ તેઓ સાધુ થયા અને તે સ્થિતિમા ઘણી સારી ખ્યાતિ મેળવી. એ ઉપરથી સમજાય છે કે તેમને દીક્ષા લેવા પ્રેરનાર કોઈ પૂર્વ જન્મમા પાળેલી દીક્ષાના સંસ્કાર કા ન હોય ?

શ્રી કર્મસિંહજીએ શ્રી **પાનાચંદજી** સ્વામીને પોતાનો દીક્ષા લેવાનો

ઇરાદો જણાવતા કહ્યુ: "આપને મારા ગુરૂ શ્રી તરીકે મે ક્યારનાએ સ્થાપ્યા છે. માટે મારાપર કૃપા કરો." ન કલ્પેલુ કે ન ધારેલુ પરિણામ પોતાની વાતનુ આવ્યુ તેથી સ્વામીશ્રીની અજાયબીનો પાર રહ્યો નહિ. એમને ગુરૂ બની પૂજાવાનો અને ઘણા શિષ્યો કરવાનો મુદ્દલ શોખ ન હતો. તેમનો મત એવો હતો કે ધર્મવૃદ્ધિ ઘણા શિષ્યોથી નહિ પણ થોડા અને **યોગ્ય** શિષ્યોથી થઇ શકે છે, તેમ સાધુની મહત્તા પૂજા અર્ચા આદિમા નહિ પણ ચારિત્ર સયમ અને ધર્મપાલનમાજ છે અયોગ્ય શિષ્યોથી સપ્રદાયના માન પ્રતિષ્ઠા ઘટે છે, અને બીજી કેટલીક હાનિ થાય છે ગુરૂભાવ-સ્વરૂપ વગર ગુરૂપદને લાયક એક વ્યક્તિ હોઇ શકે નહિ, વળી તેમનો સ્વભાવ પણ બહુ જલદ હોવાથી કોઇ ખરેખરો વિનયીજ એમની પાસે રહી શકે એમ હતુ કર્મસિહજીને એ ઇરાદો મૂકી દેવાનુ સમજાવતા તેમણે કહ્યુ, "તમારી ઉમ્મર હજી ન્હાની છે, તમે બીનઅનુભવી છો. પિતાની ઇચ્છા જાણી નથી, પિતાની ઇચ્છા હોય તોપણ આ વખતે પ્રસુપ્ત પણ અનુકૂળ પ્રસગ આવતા મહાવેગથી ઉડવાના સ્વભાવવાળી સસારવાસનાઓનો ભોગથી કે જ્ઞાનથી નાશ કીધો નથી. હાલતો નીતિમાર્ગમા રહેવાને તેમજ કર્મસજોગે મળેલી સ્થિતિને અગે રહેતી જવાબદારીઓ બજાવવાને તમારે **સુશ્રાવકપણુ** અગીકાર કરવુ જોઇએ. ગૃહસ્થાશ્રમરૂપી કિલ્લામા રહીને વિકારો અને કષાયો સાથ લડવુ ઠીક છે યતિ થવુ એ તો ખુલ્લા મેદાનમા લડવા બરાબર છે દૃઢ મનોબળવાળા અને યોગ્ય સાધન સપન્ન હોય તેજ મેદાનમા જીતી શકે છે. દુનિયાના વિવિધ અનુભવો લઇ વિષય ઉપર રહેતી આસક્તિ તૂટવા માડે, વિરાગવૃત્તિ સપૂર્ણ રીતે ઉગ્ર બને ત્યારે આવો સકલ્પ કરજો. પૂર્ણ વિરાગ અને વિવેકનો ઉદય થયા વિના માત્ર વેષ ધારણ કવામા વિશેષ મહત્ત્વ નથી, શ્રાવકનો ધર્મ પાળીને રહો, ધર્મકાર્યો

બજાવો, ધર્મજ્ઞાનનુ શ્રવણ મનન કરો એટલે એવી દશા આપોઆપ પ્રાપ્ત થશે કે જ્યારે વિના પ્રયત્નેજ ઇચ્છો છો તેવી સ્થિતિ મળી રહેશે" આમ સમજાવ્યા પરંતુ તેમને તેમજ કર્મસિહજીને કે આ લેખકને પણ એ વખતે તો ઓછીજ ખબર હતી કે જે જે બોધ અપાય છે તે સર્વ સ્થિતિમાથી આ બાળક પસાર થઇ યતિ થવાને જોઇતી સામગ્રીઓ મેળવીજ આવ્યો છે એવો નિયમજ છે કે કાર્યરૂપે પરિણામ ન પામે ત્યા સુધી પૂર્વસસ્કારોનુ સ્વરૂપ સમજી શકાતુ નથી સ્વામીશ્રીને તેમની સાધનસપત્તિનુ કઇક અસ્પષ્ટ ભાન તે વખતે થયુ તોપણ તેમની યોગ્યતાની પરીક્ષા માટે તેમને કેટલોક બોધ આપ્યો અને લાલચો બતાવી. એ સ્વામી અનુભવી હતા એટલે સારી પેઠે સમજતા હતા કે ક્ષણિક વૈરાગ્ય અને ધર્મના ઉમળકાથી કે કોઇ કારણથી હૃદયમા આવેશ આવે છે ત્યારે વિરાગાભાસથી ભમાઇ માણસ ઘરબાર ત્યજી સન્યાસી, ફકીર, કે યતિ બની જાય છે પરતુ પાછળથી આવા તામસ ત્યાગ—મોહના આવેશથી અવિવેકે લીધેલા ત્યાગ વિડંબના રૂપ થઇ પડે છે. પૂર્વસસ્કારને અનુકૂળ પડતા સજોગો મળતા એ સ-સ્કારો ઝણઝણાયમાન થઈ હૃદયને ખુદી નાખે છે, વાસનારૂપ પિશા-ચણીઓ થનથનાટ કરી મનને મથી નાખે છે, સાસારિક પ્રલોભનો ચારે તરફથી ખેચવા માડે છે, ત્યારે સાધનહીન માણસ વાસનાવશ બની ઉન્માર્ગે ચડી જાય છે અને **ઉભયભ્રષ્ટ** બને છે, એટલુજ નહિ, પણ સપ્રદાયને પણ બટ્ટો લગાડે છે આવી સ્થિતિ ન બને, પુણ્યનાં કહેવાતા કામને બદલે ઉલટુ ભારે કર્મબધન ન થાય એટલા સારૂ કેટલાક અનુભવી પુરૂષો શિષ્ય થવા ઇચ્છનારને અનેક રીતે કસી જુએ છે. અને આવશ્યક માનસિક સમૃદ્ધિયુક્ત જણાય તોજ યોગ્ય શિક્ષણ આપી ત્યારપછીજ દીક્ષા આપે છે જૈનસપ્રદાયમા શાસ્ત્રવિ-હિત ક્રમ એવો છે. આ ક્રમને અનુસરવામાજ લાભ છે એમ સમ-

જતા હોવાથી સ્વામીશ્રીએ દીક્ષા આપવાની ચોકખી ના પાડી. **યોગ્ય થયા પછીજ** આ વિચારને અમલમા મૂકવાની ભલામણ આપી. કર્મસિંહની બુદ્ધિ એ વખતે એટલી બધી તેજસ્વી ન હતી કે જેથી સ્વામીશ્રી સાથે વિવાદ કરી પોતાનો પક્ષ સ્થાપી શકે. એટલે સ્વામીશ્રીના વચન સાભળી બુદ્ધિ થભી ગઈ. સામો જવાબ દઇ શકાયો નહિ, પરતુ હૃદયે એ વાત માન્ય કરી નહિ. ઘણીવાર એવું બને છે કે અસાધારણ બુદ્ધિવાળો માણસ પોતાના બુદ્ધિબળથી સામા માણસને ચૂપ કરી દે છે, પણ તેના હૃદયના ભાવ ઉપર તેનું કઈ ચાલી શકતુ નથી પત્રીથા ઉઠી સ્વામીશ્રી કયે ગામ જનાર છે એ વાતચીતના પ્રસગમા જાણી લઈ એ વખતે તો કઈ ન બોલતા કર્મસિહજી ઉઠી ચાલ્યા ગયા.

દીક્ષા લેવાનો ઇરાદો કોઇને જણાવવાનુ તેમને ઠીક લાગ્યુ નહિ. કેવી રીતે પિતા સમતિ આપે અને ઘરમાથી છૂટી સાધુ થવાય એ વિચારો હવે તેમના હૃદયમા નિરતર ચઢ ઉતર કરવા લાગ્યા. કોણ, ક્યારે, શી રીતે દીક્ષા લઈ શકે છે તેનો વિવેક તો એ વખતે કયાથીજ હોય ? તેમણે ન કાઇ વિચાર કર્યો કે ન શાસ્ત્રનુ અવલોકન કર્યું, ન કોઇ અનુભવી વડીલની સલાહ લીધી કે ન કાઇ વ્યવહારનુ જ્ઞાન મેળવ્યુ. કેવળ સાધારણ વાતચીતનો પ્રસગ, ખેતરમા દીઠેલો બનાવ, તેમ જે તે વખતે તેમને જે કાઈ વિચાર થયા હશે તે એ મુનિ થવાના સકલ્પમા દેખીતી રીતે મૂલરૂપે જણાતા હતા. આવા ઉતાવળીઆ સકલ્પ અને તે પાર પાડવાની છેવટની હદ સુધીની હઠીલાઈનુ પરિણામ ઘણીવાર આવે છે તેમ અવળુ ન આવતા બહુ શુભ આવ્યુ એમ શ્રીમદ્ કર્મસિહજી સ્વામીના યતિજીવન પરથી જોઇ શકાય છે. એટલે એ સકલ્પના મૂલ તરીકે વાસ્તવિક રીતે પૂર્વજન્મોના અધૂરા રહેલ અભ્યાસના સસ્કાર ગણી શકાય એ જીવ પૂર્વજન્મમાં

અનુભવ લઇ અભ્યાસ કરી તૈયાર થઇ આવેલો હોય અને એ અધૂરૂ રહેલુ કામ તેણે અહિ પાછુ ઉપાડયુ હોય એમ માનવાને કાઇ હરકત નથી. બાલ્યકાળમા પડેલા ગૃહસસ્કાર, ભજનકીર્તન, રામાયણાદિકથાનું શ્રવણ એ સર્વના સુઘટિત યોગથી પૂર્વાભ્યાસ જાગૃત થયો અને એ અવશપણે યતિ થવાને ખેચાયા. યોગસિદ્ધિને પ્રાપ્ત કરવાને મથતા શ્રદ્ધાવાન્ યોગી અભ્યાસ કરતા કરતા અધવચ્ચેજ એ સિદ્ધિને પામ્યા વગર મરણ પામે તો તેની કેવી ગતિ થાય એવા **અર્જુનના** પ્રશ્નનુ નિરાકરણ કરતા **શ્રીકૃષ્ણ** ગીતાના છઠ્ઠા અધ્યાયમા વદે છે કે—

पार्थ नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते ।
नहि कल्याणकृत्कश्चिद् दुर्गतिं तात गच्छति ॥
प्राप्य पुण्यकृतांल्लोकानुषित्वा शाश्वती समाः ।
शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते ॥
अथवा योगिनामेव कुले भवति धीमताम् ।
एतद्धि दुर्लभतरं लोके जन्म यदीदृशम् ॥
तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदेहिकम् ।
यतते च ततो भूयः संसिद्धौ कुरुनन्दन ॥
पूर्वाभ्यासेन तेनैव ह्रियते ह्यवशोऽपि सः ।
जिज्ञासुरपि योगस्य शब्दब्रह्मातिवर्तते ॥

• **ભાવાર્થ:**—હે **પાર્થ**! એનો અહિ કે પરલોકમા વિનાશ **થતો** નથી, કેમકે શુભ આચરણ કરનારો કોઇ પણ પુરૂષ નઠારી ગતિને પામતો નથી. એવો યોગભ્રષ્ટ પુરૂષ પુણ્યકર્મ કરનારા લોકને પામે છે, ઘણા વર્ષો ત્યા રહે છે, અને પછી આચારશુદ્ધ શ્રીમાનને ત્યા **અથવા** તો બુદ્ધિમાન યોગીરાજના કુલમા (એ પ્રકારનો જન્મ **બહુ** દુર્લભ છે) અવતરે છે, ત્યા તે પૂર્વ દેહના અભ્યાસને લીધે બુદ્ધિયોગ પામે છે અને વળી સિદ્ધિને માટે વધારે પ્રયાસ કરે છે પૂર્વ દેહના અભ્યા·

સના બળથી **અવશ્યપણે** પણ તે ખેચાયો જાય છે. યોગનો જિજ્ઞાસુ પણ **શબ્દબ્રહ્મને** ઓળગી જાય છે.

મુનિ થવાના સકલ્પ અને તીવ્ર વેગપૂર્વક તે પાર પાડવાના વિચારો તથા તે પ્રવૃત્તિના મૂલ બીજભૂત કારણોનો વિચાર કરતી વખતે એ ગીતાવાક્યમા ચરિત્રનિરૂપ્યનુ કઇક સામ્ય દેખાય છે. એમને યતિ થવાના વિચારો એટલા તો આવવા લાગ્યા, કે રાત્રે સ્વપ્નમા પણ પોતાને સાધુરૂપે જોતા. એટલામા તેમને પરણાવવાના સમાચાર વડાળાથી તેમના શ્વશુર પક્ષ તરફથી આવ્યા ઘરમાં લગ્નસમારભની વાતો તેમજ તૈયારીઓ થવા લાગી. સૌને એ શુભ પ્રસગની ખુશાલી થતી હતી. ત્યારે ખુદ વરરાજાને તો સતાપ થવા લાગ્યો. નવા પરણનારને જે ઉમગ અને આનન્દ થાય છે તેને બદલે આ વરને તો ઉચાટ અને ખેદ થવા લાગ્યા. પરણીને સસારબધનમા પડવુ, હિસક બનવુ, ધર્મધ્યાન પરાયણ થવાને બદલે જૂઠા જગતની જ- જાળમા ફસી આત્મકલ્યાણને તિલાજલિ આપવી એ સર્વ તેમને રૂચતું ન હતું. ગામમા તેમનો એવો કોઈ મિત્ર ન હતો કે જેની પાસે પોતાનુ હૃદય ખુલ્લુ કરી રાહત મેળવે. પિતા પાસે ગુપ્ત સકલ્પ ખુલ્લો કરતા તેમને ભય લાગતો હતો. આથી તે બહુ મુઝાયા. અતે પોતાની ભાભી ગોમીબાઇને જણાવ્યુ, કે “ મારે પરણવુ નથી, દીક્ષા લેવી છે, માટે લગ્નની તૈયારીઓ કરવાનુ બધ રખાવશો. ” બાપને કાને આ વાત ગઇ, એક કાચો જુવાનીઓ આટલી ઉમરે આવી વાતો કરે, દુનિયાદારીના સુખો ત્યાગી, પાળવા બહુ કઠિન એવા મુનિધર્મો સ્વી- કારવા ઇચ્છા જણાવે એ સૌને ભારે આશ્ચર્ય ઉત્પન્ન કરનાર થઈ પડે એ દેખીતુંજ છે પ્રથમ તો એ ખબર સાભળી “ અજ્ઞાનમૂલક ઘેલછા કરતો હશે, વખત ઉપર પોતે ઠેકાણે આવી રહેશે. ” એમ માની કોઇએ તેમના કહેવાની દરકાર કીધી નહિ. લગ્નની તૈયારીઓ

આગળ વધતી જોઈ વરરાજા તો બહુ મુઝાવા લાગ્યા. "પરણ્યા પછી પત્નીની અનુવૃત્તિ વિના યતિ થવાથી સ્ત્રીને દગો દીધો ગણાય, તે વિના અપરાધે રઝળી પડે, એકવાર લપટાયા પછી મુક્ત થવુ મુશ્કેલ થઈ પડે" એવા અનેક આડાઅવળા વિચારોએ તેમની શાન્તિનો ભગ કીધો. પોતાનો સદ્વિચાર પાર તો પાડવોજ એવો દૃઢ નિશ્ચય હોવાથી કોઇની સલાહ લેવાનુ ઉચિત ધાર્યું નહિ. હૃદયપ્રકાશથી જે જણાયુ તેજ સ્વીકારવુ, પોતાની ગુચ પોતેજ છોડવી, દૃઢ નિશ્ચય રાખવો એ સિદ્ધાન્તોએજ તેમના ખરા મિત્રની ગરજ સારી. તેમણે સૌને તોડીફાડીને કહી આપ્યુ કે "ગમે તેમ થશે તો પણ મારે નથીજ પરણવુ, હુ તો તરતમાજ દીક્ષા લઇને મુનિ થઈશ, માટે લગ્નની વાત માંડી વાળજો." પુત્રની ઇચ્છા તો દૃઢ છે, એ ઘેલછામા નથી, એમ જોવામા આવતા દુનિયાદારીમા પલોટાયલી બુદ્ધિવાળા પિતાના આશ્ચર્ય, ચિંતા અને ક્રોધનો પાર રહ્યો નહિ ધર્મના વિચારોને બદલે સ્વાર્થના વિચારો તેમને થવા લાગ્યા. મળેલી કન્યા, પુત્ર, પુત્રની ભવિષ્યની પ્રજા એ સર્વનુ સુખ એ બધુ ખોવુ, કન્યાવાળાને ના કહેવી, લોકમા લાજ ખોવી, એવા એવા વિચારો એ ત્રણ પુત્રના પિતાને થવા લાગ્યા. ધર્મની મ્હોટી મ્હોટી વાતો કરનારા પોતાને ધર્મિષ્ઠ કહેવરાવનારા લોકોનો ધર્મભાવ ત્યા સુધી ટકી રહે છે કે જ્યાસુધી સ્વાર્થને ક્ષતિ આવતી ન હોય. સ્વાર્થને જરા પણ હાનિ પહોંચતી હોય તો ધર્મને એક બાજુએ મૂકવાનો સ્વભાવ ધર્મિષ્ઠ કહેવાતા પડિતોમા પણ જોવામા આવે છે તો પછી આ એક ગામડીઆની શી વાત? પરમાર્થમા પણ સ્વાર્થવૃત્તિ રાખનાર લોકો નિઃસ્વાર્થ ધર્મપરાયણ મનુષ્યોની નિન્દા કરે છે, પરન્તુ આવી લોક નિન્દાથી **ખરા** વીરપુરૂષો ડગતા નથી. કર્મસિંહજીની તેમના પિતાએ બહુ નિન્દા કરી, નિષ્ઠુર રીતે ધમકી આપી, ભય બતાવ્યો પરન્તુ

કશાથી તેમનો નિશ્ચય ફર્યો નહિ. ઘરમા રોજ રકઝક થવા લાગી. એક દિવસ પિતા કઇક શાન્ત રીતે પુત્રને સમજાવતા હતા ત્યારે પાનાચદજી સ્વામી પાસેથી શીખી લીધેલા એક વૈરાગ્યના શ્લોકનો ભાવ પિતાને તેમણે કહી બતાવ્યો કે "નિર્વાણ સુખના દુઃપ્રાપ્ય સાધન રૂપ મનુષ્ય જન્મ અને જૈનધર્મ પામ્યા પછી ક્ષણિક વિષય-સુખના સેવનમા તે રત્નો ઉડાવી દેવા એ ડહાપણભરેલુ નથી. જે સ્થળે હીરાની પ્રાપ્તિ થઈ શકે છે તે સ્થળે આવી કાચના ટુકડાઓ લઇ બેસવુ અથવા કાચ વીણવા માટે પ્રયાસ કરવો એ તો ચોકખી મૂર્ખતાજ છે. મને એવા મૂર્ખ બનવાનુ પાલવે તેમ નથી પિતાની આજ્ઞા માનવી એ ધર્મ હુ સ્વીકારૂ છુ. પરન્તુ અનન્તકાળના પિતા-મહ શ્રી વીરદાદાની આજ્ઞાનો ભગ ન થાય એ પણ મારે સભાળ-વાનુ છે. અખડ કલ્યાણ જેમા સમાયલુ છે એવી પ્રવૃત્તિમા પડતા અટકાવનારૂ વચન માતાપિતા ગુરૂ કે વડીલ જનો કહે તેવે વખતે એમનાથી વધારે ડહાપણવાળા વીર વચનને અનુસરવુ એમ મ્હોટા પુરૂષો કહે છે" પરન્તુ આ દલીલોની અમર મોહજાળમા ફસાયલા પિતાને ક્યાથી થાય ? તેને તો એ સર્વ વાતો ગાડાના બકવાદ જેવી લાગી પોતાની ઇચ્છાને કોઇ પણ રીતે માન મળતુ ન જોવાથી હેમરાજશાહને ક્રોધ તો ચડ્યો, પરન્તુ પુત્રવત્સલ હૃદયે હજી પણ એ સહુ વાતને છોકરવાદમા ગણી કાઢી અને લગ્નની વાત ઠડી પા-ડવાનો નિશ્ચય કર્યો આ દિવસ પછી તેમને વિવાહ વિષે કોઇ કઈ કહેતું નહિ કર્મસિહજીને સ્પષ્ટ સમજાયુ કે પિતા કોઇ પણ રીતે દીક્ષાની સમતિ આપે એમ નથી આ ઉપરથી ઘરમાથી ગુપ્તપણે ન્હાસી જવાનો ઇરાદો કર્યો આ ઇરાદાને અમલમા મૂકવાની તક એક દિવસે મળી ગઇ પિતા કરોડપીરને* મેળે ગયા હતા, ભાઇઓ

* વાકાંથી ત્રીસેક માઇલ ઉપર આ નામના મોહમેદન પીરનુ સ્થા-

વ્યાપાર ધધાના કામે પાસેના ગામડામા હતા, ઘરમા પોતે એકલાજ હતા, પાનાચદજી સ્વામી માંડવીમા હોવાનો સભવ માની તે તરફનો રસ્તો પકડયો. કામધધાથી શરીર કસાયલુ હતું એટલે પગે રસ્તો માપવામા કાંઈ અડચણ પડે તેમ નહતું. તીવ્ર ઇચ્છાના વેગથી પાછળ શુ થશે તેનો વિચાર પણ ન કીધો અને કોઇ પણ સ્થળે રોકાયા વિના સીધા માડવી આવ્યા. અહિ પાનાચદજી સ્વામી હજી આવી પહોચ્યા ન હતા. તેમના દાદા ગુરૂ શ્રીમદ્ દેવજીસ્વામી ત્યા બિરાજતા હતા. તેમને પોતાની ઇચ્છા જણાવી ત્યા રહ્યા. બીજેજ દિવસે પાનાચદજીસ્વામી પણ આવી પહોચ્યા હકીકત જાણી તેમને બહુ નવાઇ લાગી. ન્હાસી આવવા માટે ઠપકો આપ્યો અને પાછા વળી જવાનું કહ્યું. પરતુ કર્મસિહજીની જક્ક અને દ્રઢતાને અતે વશ થવુ પડયુ. અહિં સામાયિક સૂત્રનો અભ્યાસ ચાલુ કરાવ્યો. કેમ જાણે પૂર્વની માહિતી હોય, અને તેજ તાજી કરતા હોય તેમ ત્રણ દિવસમાં એ અભ્યાસ પૂરો કર્યો. આ અભ્યાસ ઉપરાત રાત્રિને વખતે પૂજ્યશ્રી દેવજીસ્વામી પાસેથી કેટલુક વ્યવહારોપયોગી જ્ઞાન પણ લેતા. ત્હેમના ઉદ્યોગ બુદ્ધિ અને ખતથી બને સ્વામીઓ બહુ પ્રસન્ન થયા અહિ આવ્યાને ચાર દિવસ થયા, એટલામા તો હેમરાજશાહ ખબર લેતા લેતા ત્યા આવી પહોચ્યા, અને પાનાચદજી સ્વામીને કહી કર્મસિહજીને પાછા વાંકી તેડી ગયા ઇચ્છા દ્રઢ છે તો માર્ગ આપોઆપ ખુલ્લી જશે એવુ ધારીને એ વખતે તો તે

નક છે. ત્યા દરવર્ષે મુસલમાન લોકો મેળો ભરે છે ત્યા કેટલાક વર્ષો થયા ભોળા અને વ્હેમી હિદુઓ પણ જાય છે આ મેળામા હિસા બહુજ થાય છે, તેમ એવી માન્યતા ચાલે છે કે પાણી ગળાય નહિ ને ધાન્ય સોવાય નહિ. જો તેમ કરવામા આવે તો તેમા કીડા ઉત્પન્ન થાય છે. પૂજ્યશ્રીએ આ મેળામા નહિ જવાના નિયમ ઘણા લોકોને આપ્યા છે સમજુએ ત્યા જવુ ન જોઇએ

પણ વગર આનાકાનીએ પિતા સાથે ગયા. રસ્તામા અને ઘેર આવ્યા પછી પિતા પુત્ર વચ્ચે આ સબધી કેટલીક ચર્ચા ચાલી, આ માર્ગ પરથી ઉતરી જવાને પિતાએ પુત્રને બહુ બહુ રીતે ફોસલાવ્યો, પટાવ્યો, છેવટે ધમકી આપી ભય બતાવ્યો, પણ સઘળુ ધૂળ ઉપર લીંપણની માફક નિષ્ફળ ! કોપાયમાન પિતાએ છેવટે વેર લેવાનો રસ્તો યોજ્યો. ઘર પછવાડે વાડામા લીમડાનુ એક ઝાડ હતું. તેની સાથે કર્મસિહને બાધ્યા ! મેથીપાક સારી રીતે ખવરાવ્યો, અને વિશેષમા સ્પષ્ટ પરખાવી દીધુ કે જ્યા સુધી દીક્ષાનો ઇરાદો ફેરવવામા નહિ આવે ત્યા સુધી ભૂખ તરસ સાથે બધનની પીડા કાયમની રહેશે. પછી ઘરના માણસોને તેના પર દયા આણવાની ના કહી પિતા કામે ચાલ્યા ગયા. પરન્તુ સ્ત્રીજાતિના કોમળ સ્વભાવને લીધે તેમની ભાભીને દયા આવી તે ખાવાનુ આપવા આવી, પણ હઠીલા પિતાનો પુત્ર હઠીલાઈમા કયા ઉતરે તેમ હતો ? ભાભીને કહ્યુ કે "ઇચ્છા મુજબ રજા નહિ આપવામા આવે ત્યાસુધી મારે ખાવુ પણ નથી" બિચારી સ્ત્રીએ તેમને બહુ સમજાવ્યા પણ તેમણે હઠ મૂકી નહિ. આ પ્રસગની વાત કહેતા પૂજ્યશ્રી ઘણીવાર કહેતા કે–"એ વખતે મારી ઉંમર ન્હાની હતી, અભ્યાસ પણ બહુ ન હતો, પરન્તુ ગુરૂવર્ય શ્રી પાનાચદજી સ્વામીના પરિચયથી કે કોઈ પુણ્યપ્રભાવથી એ લીમડાપંર લટકતે લટકતે મારા ભાવ વધારે ઉજ્જવળ બનતા જતા હતા. ગુરૂશ્રી દરરોજ રાત્રે જે એક ગાથા બોલતા અને સ્હમજાવતા તે ગાથા આ પ્રસગે મને અત્યત સહાયક થઈ પડી —

एगो मे सासवो अप्पा नाण दंसण संजुओ ।
सेसा मे बाहिरा भावा सव्वे संजोग लक्खणा ॥

એક મારો આત્મા શાશ્વત જ્ઞાન દર્શન યુક્ત છે, બાકી બધા બાહ્યભાવ છે અને તેનુ લક્ષણ સર્વ સજોગ છે.

આ ગાથાનુ રટણ કરતો હતો, પૌદ્ગલિક શરીરને પીડા થાય તેથી ચેતનને કઇ હાનિ નથી, મને હાનિ તો ત્યારેજ થાય કે જ્યારે હુ પિતાના આવા કૃત્યથી તેનાપર ક્રોધ કરૂ કે તેનુ ભૂડુ ઇચ્છુ પિતા માત્ર અજ્ઞાન અથવા મોહદશાને લીધેજ આટલી બધી મારફાડ કરે છે. આ અવિચાર અને અજ્ઞાન **દયાપાત્ર** છે, નહિ કે **ક્રોધપાત્ર.** ગુરૂ કહે છે કે દુનિયા સ્વાર્થી છે એ ખરૂ છે મારા પિતા પણ સ્વાર્થી છે. 'પુત્ર વડે મારૂ નામ રહેશે, વશ રહેશે, બુઢાપામા રક્ષણ થશે' એવા એવા વિચારોથી પુત્ર વહાલો લાગે છે પુત્રની મતલબ સરે તે માટે નહિ પણ **પો**તાની મતલબ સરે તે માટે પુત્ર વહાલો લાગે છે તેના **લાભ** કરતા હુ તેને વધારે પ્રિય હોઉં તો ખચીત તે મને આટલુ દુ:ખ દે નહિ. પોતાના લાભ સચવાતા નથી માટેજ આટલી બધી માથાફોડ કરે છે. ત્યારે આવા સ્વાર્થલપટ વ્યવહારમા પડી રહેવાથી લાભ શો ?"

હેમરાજશાહનો મનોરથ આ શિક્ષાથી સફળ થયો નહિ, ઉલટુ જુદુજ પરિણામ આવ્યુ કેમકે એ સ્થિતિમા આ સસ્કારી જીવને માણસ જાતની સ્વાર્થપરાયણ વૃત્તિ, ચેતનની નિર્વિકારી દશા, પુદ્ગલના બનેલા શરીરાદિની વિકારી દશા વગેરેના વિચારો આવવાથી તેનો મૂળનો સકલ્પ વિશેષ દૃઢ થયો. બરાબર ચોવીસ કલાક પછી સગા સબધીઓના સમજાવવાથી તેમને પિતાએ છૂટા કર્યા પદરેક દિવસ સુધી તો સઘળુ ચૂપચાપ ચાલ્યા કર્યું, જો કે દીક્ષાના ઉમેદવારની આતરપ્રવૃત્તિ તો પોતાનુ કામ કર્યેજ જતી હતી. માનસિક દીક્ષા લેવાઈ ગઈ હતી. **પાનાચદજી** સ્વામી **ભૂજ** તરફ વિહાર કરે છે એવા ખબર મેળવી તે એક દિવસ લાગ સાધી સાજ વખતે **ભૂજ** જવાને ગુપચૂપ ન્હાસી છૂટયા. એ વખતે રસ્તામા એક એવો બનાવ બન્યો કે જેની અસર કદી ધોવાઇ જાય તેમ ન હતી અને જેથી તેમની

ધર્મશ્રદ્ધા સુદૃઢ થઈ. આ બનાવની હકીકત તેઓ આ પ્રમાણે જણાવતા: "વાંકી એક ગાઉ મૂકયું એટલે રાત પડવા આવી. ભાઇ અને પિતા ઘેર આવ્યા હશે અને મને ન જોવાથી તરત પાછળ પડી પકડી પાડશે એવી બીકથી હુ તો ઉતાવળો ઉતાવળો દોડયો જતો હતો જંગલ ઉજ્જડ હતું, કોઈ પણ માણસ જોવામા આવતું ન હતું, સર્વત્ર સૂનકાર વ્યાપી રહ્યો હતો, અધારૂ ચોતરફ છવાઇ રહ્યુ હતું, તથાપિ ખાઉ ખાઉ કરતું જગલ, અધકાર કે સૂનકાર એમાનુ કાઇ મને ભય ઉપજાવી શકયુ નહિ. હુ તો મારા તાનમા ને તાનમાજ સપાટાબંધ દોડયો જતો હતો. તેવામા મારા પિતા અને ભાઇઓ પરસ્પર વાતો કરતા દોડતા આવતા હોય એવી ભ્રાન્તિ પડી. કંઇક ધીમા પડી કાન દીધા તો 'હમણા પકડી પાડીશુ, બાધી લઈ જઇશુ, હવે કયા જવાનો છે' એવા શબ્દો અને પગના ધબકારા સભળાયા, મારા ગાત્ર શિથિલ થઇ ગયા, પગ ઢીલા થઇ ગયા, છાતી ધબકવા લાગી, શરીર ધ્રૂજવા લાગ્યુ. પરસેવાથી રેબઝેબ થઈ ગયુ. આગળ વધવાની હિમત રહી નહિ એટલે બેસી ગયો. વાતો અને પગના ધબકારાનો અવાજ તો સભળાયા કરતોજ હતો. હવે શુ કરવુ? કોનો આશ્રય લેવો? પરમકૃપાળુ વીર પિતાના નામસ્મરણ સિવાય બીજુ કયુ આશ્રયસ્થળ વૈરાગીને જડી આવે? માળા પાસેજ હતી, નવકાર મત્ર જપવા મડી પડયો. એક માળા પૂરી થઇ કે જીવ હેઠો બેઠો, ગભરાટ દૂર થયો અને અવાજ સભળાતો બધ પડયો ' ઇષ્ટસ્મરણ કરતો કરતો ત્યાથી પછી આગળ ચાલ્યો."

ભૂજમા સ્વામી પાનાચદજીને મળ્યા ત્યારે તેમની હકીકતથી વાકેફ થઇ તેમણે કહ્યુ કે "આવી રીતે ન્હાસી આવો તે ઠીક ન કહેવાય. પિતાને કચવાવીને કે તેમની રજા લીધા સિવાય દીક્ષા લેવી એ જેમ **તમને** યોગ્ય નથી તેમ એવી દીક્ષા આપવામા **અમારો**

પણ ધર્મ નથી, શોભાએ નથી, માટે તમે પ્રથમ તમારા પિતાને પ્રસન્ન કરો, તેમની ઇચ્છાને અનુસરો, વખત આવે દીક્ષા લઈ લેજો" આવી રીતે સમજાવવા માડયુ પણ "દુનિયામા પડવાનુ સ્વીકારાય તોજ પિતા પ્રસન્ન થાય, તેમને પ્રસન્ન કરી દુનિયાદારીમા ફસાઉ તો પછી દીક્ષા લેવાના પ્રસગ ન મળે, સ્ત્રી અને પોષ્યવર્ગને રખડાવી દીક્ષા લેવી એ વાજબી પણ નહિ, તેમ વળી આપ જેવા ગુરૂનો યોગ ભવિષ્ય-મા થાય કે ન પણ થાય" આવા પ્રત્યુત્તરો આપી ગુરૂને બોલતા બધ કર્યા. ગુરૂએ જોયુ કે આ માર્યા પણ ખસે એમ નથી. એનો સંકલ્પ દૃઢ છે, વળી તે લાયક પણ છે. આથી તેમને પોતા પાસે રાખ્યા. ત્યા પ્રતિક્રમણનો અભ્યાસ ચાલુ કર્યો.

હેમરાજશાહે તેની બહુ શોધ કરી પણ કઈ પત્તો ન મળ્યો, તો પણ તપાસ ચાલુ રાખી હતી. એટલામા ભોગજોગે એવુ બન્યુ કે ભૂજમા દરબારી કામે ગયેલા વાંકીના એક રજપુતે કર્મસિંહને જોયા. તેણે હેમરાજશાહને ખબર આપ્યા આ ઉપરથી ભૂજ જઇ પાનાચંદજી સ્વામી પર પોતાના છોકરાને બગાડવાનો આરોપ મૂક્યો' આવી રીતે કોઇના છોકરાને ભમાવીને યતિ બનાવવા, અને કોઇનુ ઘર પીટાડવુ એ વાજબી ન કહેવાય એવા એવા અનેક ઉદ્દગારો કહાડયા. શ્રીમદ્ પાનાચદજી સ્વામીએ પોતાની સ્થિતિ તેને કહી બતાવી અને કર્મસિહને તેની મરજી ઉપરાત બળાત્કારથી તેના પિતા સાથે રવાના કર્યા.

ઘેર આવ્યા પછી પોતાની આબરૂના કાકરા ન કરવા તથા પરણવાની હા કહેવાનુ દબાણ પિતા તરફથી ચાલુ થયુ. પિતાને સતોષકારક જવાબ ન મળતા તેણે તેમને એક **અંધારા ઓરડામાં પૂરી મૂક્યા.** ખાવા દેવાની પ્રથમની પેઠેજ મના કરી હતી. તોપણ ભાભી ગુપ્તપણે ખાવાનુ આપી જતી. ઓરડાના અધકારમા બેઠે બેઠે

પણ દીક્ષા લેવાના વિચારો, ગુરૂનો ઉપદેશ, અભ્યસ્ત વિષય એનુજ રટણ ચાલતું હતું. શરીર પીડા તો કઇ પણ ચિતા કે વિલાપ વગર-કઇ પણ સામો ઉપાય લીધા વગર સહી લીધી. હવે તો તેમની કસોટી પૂરી થઇ. કેમ જાણે દેવતાઓ તેની યોગ્યતા અને સકલ્પની દૃઢતાને કસતા હોય તેમ આ દબાણુ અને કસોટીના દુઃખમય પ્રસંગ તેમના પર આવી પડયા હતા. પ્રસિદ્ધ અગ્રેજ કવિ કાર્લાઇલિ કહે છે કેઃ-

"Gold that has been refined in the hottest furnace comes out the yellowest."

"સોનાને ધગધગતી ભઠ્ઠીમા નાખીને જેમ વધારે તાવ્યુ હોય તેમ તે વધારે પીળુ-વધારે શુદ્ધ નીકળી આવે છે." કર્મસિંહજીને આવા દુઃખની ભઠ્ઠીમા તપવુ પડયું, પરન્તુ એથી એમના ભાવ ઉલટા વધારે વિશુદ્ધ થયા. મૂળથીજ દુનિયા ઉપર અભાવ, તેમા વળી પિતાનુ આવા પ્રકારનુ વર્તન એટલે પૂર્ણ વૈરાગ્ય આવી જાય એમા કહેવુજ શુ? પિતા વારવાર પૂછતા પણ તેમનો તો એકજ પ્રકારનો ઉત્તર હતો "બાપ તેવા બેટા" બાપની હઠીલાઇ તેવીજ બલ્કે તેથી પણ વધારે પુત્રની હઠીલાઈ! હઠની **દિશા** માત્ર (સસ્કાર પ્રમાણે) જૂદી હતી. છેવટે લોકોના સમજાવવાથી **હેમરાજશાહે** તેમને ઓરડા બહાર કાઢયા. તો પણ ભય તો આપ્યો કે "હવે ન્હાસી જઇશ તો પોલીસ પાસે પકડાવી જેલમા નખાવીશ." કર્મ-સિહજીના મ્હોટા ભાઇની વહુ લાગણીવાળી હતી તેણે પિતા જીવતે તો રજા આપે એમ છે નહિ માટે કા તો તેમની મરજીને અનુસર-વાનુ અને કા તો તે તેડવાજ ન આવી શકે એટલે દૂર જતા રહે-વાનુ સમજાવ્યું. એ વખતે **મેઘબાઇ** તથા દેશાઇ **જગસિંહ** જે બને બહુ ધર્મશીલ હતા તેમના તરફથી પણ બહુ દૂર નીકળી જવાનો ઉપદેશ મળતો રહ્યો. છેવટે એજ રસ્તો સ્વીકાર્યો. પ્રસગ પણ મળી

ગયા અને ઘરને છેલ્લી સલામ કરી. એ વખતે ગુરૂશ્રી અંજાર હોવાના ખબર મળવાથી તે અંજાર ગયા. એક તરફ પિતાનો નિષેધ અને બીજી તરફ છોકરાનો દૃઢ આગ્રહ અને યોગ્યતા જોનાર ગુરૂએ વિવેકપૂર્વક જવાબ આપ્યો કે "અહિ અભ્યાસ કરો" ત્યા રહ્યા કે થોડા દિવસ પછી ગુરૂ સાથે વાગડમા રાપર તરફ નીકળી ગયા. ત્યાં પણ ધોરણસર અભ્યાસ ચાલુ રાખ્યો, અને શ્રમણોપાસક વ્રત* એટલે પડિમાધારીપણું ધારણ કરી ત્યા ચોમાસુ રહી ગુરૂ સાથે ગુજરાત તરફ નીકળી ગયા.

પુત્રના ન્હાસી જવાની ખબર પડતા હેમરાજશાહને ક્રોધ, અને ચિંતા બહુ થવા લાગ્યા. ઘડીભર વિચાર થયો કે પોલીસને ખબર આપી તેને પકડાવી સખ્ત સજા કરાવુ, વળી કોર્ટે ચડી પુત્રને પકડાવી લાવવા માટે વ્યર્થ દ્રવ્ય, સમય અને મહેનતનો વ્યય કરવો પડે અને પરિણામ ધાર્યુ આવે એવો કઇ નિર્ધાર નહિ, એવા વિચારોએ એ નિશ્ચયને નબળો પાડી નાખ્યો. સગાસબધીઓએ તેમજ બે પુત્રોએ પણ તેને સ્હમજાવ્યુ કે "તમારાથી બનતું તમે કરી ચૂક્યા, તો પણ એ એક ટળી બીજો ન થયો, હવે એ વાત પડતી મૂકો. અને એનુ કલ્યાણ થવા દો, એના ભલામા આડા ન પડો." આ ઉપરાત દેશાઇ હંસરાજ તથા મેઘબાઇએ પણ ધર્મ સબધી

---

* દીક્ષા લેવા ઇચ્છનારને દીક્ષાની યોગ્યતા મેળવવા, શરીર સંયમ સાધવા તેમજ સાધુ અવસ્થાની પૂર્ણ ભાવના સપાદન કરાવવા તેને એવા વેષમા ફેરવવામા આવે છે કે જે પહેર્યા પછી ગૃહસ્થ બનવુ હોય અથવા સાધુ ન થવુ હોય તો તેમ કરી શકાય છે આમા કેટલાક સખત નિયમ પાળવાના હોય છે તેથી શિષ્યની પૂરી કસોટી થાય છે અને દીક્ષા લેવાના યોગ હોય તો દીક્ષિત સ્થિતિ પાળવાની લાયકાત આવે છે આ જમાનામા પડીમાધારીપણુ દીક્ષા અગાઉ લેવામા આવે તો ઘણુ ઉપયોગી થવા સભવ છે. દીક્ષાની ઉતાવળ કરવાનો આ જમાનો નથી

કેટલીક વાર્તાઓ કરી તેમના મનનું સમાધાન કર્યું. આથી તેમણે એ વાત છેક પડતી મેલી. પોતાનો જેનાપર બહુ ભાવ હતો એવો પુત્ર હાથથી ગયો એવા શોકના ઉભરા વારંવાર વૃદ્ધ પિતાને આવી જતા. તેમનું મન બહુ નબળુ પડી ગયુ હતું, એવામા વળી મંદવાડમા સપડાયા. વૃદ્ધાવસ્થા સાથે માદગીનુ કારણ મળતા માણસને બીજી દુનિયાના ખ્યાલ સહજ આવે છે અને ધર્મનો આશ્રય લેવાનું વલણ થાય છે. એ વખતે ક્રોધ, સ્વાર્થવૃત્તિ વગેરે વૃત્તિઓના ઉછાળા સ્વાભાવિક રીતેજ શમી જાય છે. માદગીના બિછાનાપર પડયે પડયે એ વૃદ્ધ વણિકને પુત્ર તરફના પ્રથમના વર્તન માટે બહુ પશ્ચાત્તાપ થવા લાગ્યો પુત્ર ઉપરનો પ્રેમ હવે તાજો થયો સ્વાર્થ કરતા ધર્મની પ્રથમ અગત્ય હવે તેને સમજાવા લાગી. "કઇ વળ્યુ નહિ, પુત્ર જેવો પુત્ર દૃષ્ટિ બહાર થયો, હુ ધર્મ હાર્યો, હવે એ કયા હશે, કેમ હશે, શુ કરતો હશે" એવા એવા વિચારોથી એ ડોસો કોઈ કોઇ વાર તો બાળકની પેઠે રડી પડતો પરન્તુ હવે કઇ ઉપાય ન હતો. પુત્રની ભાળ મળી શકી નહિ. તેમણે ઇચ્છયુ કે પુત્રને મળી દીક્ષાની રજા આપી તેના અને પોતાના જીવને ઠારવો આવા વિચારમા ઘેરાયલો ડોસો ખાટલાપર પડયો પડયો ઉડા નિશ્વાસો મૂકયા કરતો હતો. તેવામા વડાળામા રહેતી તેમની ફોઇ ત્યા આવી. તેણે ખબર આપી કે, "તમારો છોકરો ગુજરાત તરફ છે, એમ મને સાધુઓના પ્રસગથી ખબર મળી છે એ સાધુ જેવો વેષ પહેરી—શ્રમણોપાસક સ્થિતિમાં ફરે છે એટલે હવે એ પોતાનો અભિપ્રાય ફેરવે એ સભવતું નથી, એને તો હવે તમે ખુશીથી સમતિ આપો અને તમારી હઠ મૂકી દો. વડાળાવાળા સમજી તો ગયા છે, તો પણ વ્યવહારની રીતિએ તેમને જવાબ આપી દો કે "હવે તમારૂ સૂઝતું કરી લ્યો. બનતા ઇલાજો કીધા, પણ વિરાગી પુત્ર ગૃહસ્થ બને એમ નથી." ડોસાને પુત્ર

દર્શનની ઇચ્છા તો હતીજ એટલે આ ખબર મળતા તે બહુ ખુશી થયો. તરતજ વિગતવાર કાગળ લખાવી ડીસે બીડયો. આ કાગળ વાચીને કર્મસિંહજીને પણ અપૂર્વ આનન્દ થયો, ત્યા જવા તૈયાર થયા.

ગુરૂશ્રીની રજા મેળવી, પગેજ ઉતાવળો વિહાર કરી તાબડતોબ વાંકી આવ્યા. વાંકીમા આગળ હતા ત્યારે તેમની મુખાકૃતિ અને રીતભાત કેવળ એક ગામડીઆ જેવી હતી, પરન્તુ હવે તો જ્ઞાન-પ્રતાપે તથા નિયમિત જિંદગીને લીધે તેમજ ગુરૂના સહવાસથી અને નિઃસંગ વ્યવહારથી તેમની કાન્તિ વિશેષ દીપી નીકળી હતી. તેમનો દેખાવ જોનારના મનમા માનવૃત્તિ ઉપજાવે એવો હતો. માણસની મુખાકૃતિ અમુક પ્રકારની હોવામા તેના સંસ્કાર, તેને પરિણામે બંધાતી ભાવના, વાસના, વિચાર, તથા સહવાસ, ખોરાક, આજુબાજુની પરિસ્થિતિ અને કેળવણીઃ એ સર્વની એકત્ર અસર કારણ રૂપે હોય છે. જેવી સંસ્કારાદિની પ્રધાનતા તેવા આકાર–દેખાવ કાન્તિ ઘડાય છે. નિરંતર ક્રોધનેજ પ્રધાનપણે સેવનાર અને એ ક્રોધવૃત્તિને પરિણામે થતા અનિષ્ટ કર્મમા રચીપચી રહેનાર મનુષ્યની મુખાકૃતિ કેવી ઉગ્ર હોય છે, સત્વગુણપોષક વૃત્તિઓને સેવનાર સાધુપુરૂષોની મુખમુદ્રા કેવી શાન્ત, સૌમ્ય અને પૂજ્યબુદ્ધિ ઉપજાવનાર હોય છે એ વિચારશીલ વાચકના અનુભવ બહાર નહિજ હોય. કર્મસિંહજીને આવી પ્રવૃત્તિમા પડવાને જો કે બહુ મુક્ત થઇ ન હતી તો પણ તેમની હૃદયભૂમિ મૂળથીજ સત્વગુણી હતી, તેથી બાળપણથીજ ધર્મ વિચારોનો પાશ બેઠો હતો, તેથી તથા ગુરૂનો સંસર્ગ, સરસ્વતીનો સહવાસ અને તે દ્વારા પડતા સુઘડ સ્વચ્છ અને સારા સંસ્કારોથી તેમનુ મન મુદ્રિત થયુ હતુ આથી તેમની મુખાકૃતિ હવે શાન્ત સૌમ્ય આકર્ષણીય અને માન ઉપજાવવા યોગ્ય બની ગઇ હતી. આવી સુરૂપ, મોહક અને તેજસ્વી આકૃતિથી

પ્રેમી અને પસ્તાતા પિતા વિશેષ આકર્ષાય તેમાં નવાઇ જેવું ન હતું. પુત્રની ઇચ્છાને સામે થવામા પોતે મ્હોટી ભૂલ કરી હતી એ હેમરાજશાહની ક્રોધી પણ વિચારશીલ બુદ્ધિએ જોઇ લીધુ. એ બહુ ભોંઠા પડી ગયા ઉગ્ર પણ ઠોકર ખાઇ શાન્ત પડેલા પિતાની આખોમા આસુ આવી ગયા. આગલાં કૃત્ય સાભરી આવવાથી છાતી એવી ભરાઇ આવી કે બોલી પણ ન શકાયુ. પિતા પુત્ર મળ્યા, બીજા ભાઇ તેમજ સગાસબધીઓ પણ મળ્યા. કર્મસિહજીના મનપર બહુ અસર થઇ. પિતા કરતા ધાર્મિક જ્ઞાનમા પોતે વિશેષ ચઢીઆતા છે એવુ જરા ધમડ પણ તેમને આવ્યુ નહિ. પોતે કઇક જાણ્યુ' એટલે પિતાનો અધિકાર ઓછો થઇ જતો નથી એમ સમજતા હોવાથી સૌનુ' માન રાખી નમ્રભાવે રહેવા લાગ્યા. થોડા દિવસ વીત્યા કેડે હેમરાજ શાહે દેશાઈ હ'સરાજ દેવસિહ સમક્ષ પોતાને હાથેજ લખી આપ્યુ કે કર્મસિહજીને દીક્ષા લેવાની સમતિ રાજીખુશીથી શુદ્ધ બુદ્ધિથી અને અક્કલ હોશિયારીથી આપી છે આ વખતે હેમરાજશાહે પોતાની ભૂલ સ્વીકારી પાનાચદજી સ્વામી પાસે માફી માગવાની ઇચ્છા જણાવી વિશેષમા કહ્યુ કે "તને ગૃહસ્થ કરવા માટે મે સખતમા સખત ઉપાયો લીધા, છતા તું તારા ત્યાગભાવથી જરા પણ ડગ્યો નહિ, હવે તેવા ભાવમા તુ તારા ખરા લાભો મેળવજે એવી મારી અતઃકરણપૂર્વક શુભ આશિષ છે." પોતાની ઇષ્ટ વસ્તુ હવે મળશે, ધાર્યો સકલ્પ પાર પડશે એવા વિચારોથી કર્મસિહજીને બહુ આનન્દ થયો અને તેમણે પિતાનો બહુ ઉપકાર માન્યો. પછી તેમને ધર્મબોધ આપી તેમના હૃદયનુ શાત્વન કર્યુ અને તેમની રજા લઇ વડાળે ગયા જ્યા પોતાની થવાની પત્નીને 'ધર્મની બ્હેન' કરી ચુદડી ઓઢાડી આવ્યા. ત્યાર પછી માદા પિતાની સેવા કરવાને વાંકીમાં રહ્યા, અને પિતા આરોગ્ય મેળવે એટલે દીક્ષા લેવાને ગુરૂ

પાસે જવું એમ ધારીને તનમનથી પિતાની સેવા કરવા લાગ્યા. નવરાશના વખતમા ગુરૂ પાસેથી મળેલુ જ્ઞાન પિતાને સભળાવતા, અને દુનિયાની નિ:સારતા સ્હમજાવી, સગાસબધીઓનો મેળાપ મુસાફરખાના જેવો છે, જીવ અવિનાશી છે, દેહાદિ સ્થૂલ પદાર્થો નાશવત છે, દુનિયાના પદાર્થો, વિષયભોગો ક્ષણિક સુખ આપવાવાળા, પરિણામે દુ:ખદ અને ઈંદ્રિજાળ જેવા છે. તેમા આસક્તિ રાખવી ઠીક નથી. એવી એવી જ્ઞાનવાર્તા કરતા. તેમનો મત બધાઇ ગયો હતો કે અન્નવસ્ત્રાદિ સ્થૂલ પદાર્થોથી પિતાની સેવા કરવાથી તો કેવળ સ્થૂલનુજ પોષણ થાય છે, આત્માને કઈ લાભ મળતો નથી. જેટલી જરૂર અન્નવસ્ત્રાદિથી સેવા કરવાની છે તે કરતા પણ વિશેષ જરૂર એમના સૂક્ષ્મ શરીરને આરોગ્ય થાય અને આત્માને લાભ થાય એવી રીતે સેવા કરવાની છે, કારણકે સૂક્ષ્મ શરીર બીજા જન્મમા પણ જીવ સાથે રહે છે. એ સૂક્ષ્મ શરીર કામનામય છે. અર્થાત્ અનેક વાસનાઓના જાળાથી એ બનેલુ છે. એ વાસનાઓ—કામનાઓનો જે પ્રમાણમા ક્ષય કે ઉપશમ થાય તે પ્રમાણમા આત્માને વિશેષ શાન્તિ અને સુખ મળે. આ દેખાતું શરીર છેક વીખેરાઇ જાય, વાસના જાળ ત્રૂટે, કામ અને કર્મના સસ્કારોનો અશેષ નાશ થાય—નિષ્ક્રિય અવસ્થા પ્રાપ્ત થાય એજ મોક્ષ છે.* આ મોક્ષસુખને પામવાની યોગ્યતા યત્કિચિત્ અશે પિતાને મળે એવા ઉદ્દેશથી તેઓ તેમની પાસે એવીજ વાતો કરતા. એવોજ વ્યવહાર રાખતા કે જેથી મોહના કાદવમા ખૂચેલી બુદ્ધિ સ્વચ્છ થાય, અજ્ઞાન ટળે, વાસના કઇક ઓછી થાય કે મન્દ થાય, સંસ્કાર સુધરે, ને અહતા મમતા ભાવ ઓછો થાય. અજ્ઞાની અને જ્ઞાનીના હાથે થતી સેવામા આટલો

---

* वासना प्रक्षयो मोक्षः सा जीवन्मुक्ति रुच्यते ॥

બધો મ્હોટો ફેર રહ્યો છે ! હેમરાજશાહની આખર અવસ્થા આવી રીતે સુધરી "**मरणे या मतिःसा गतिर्भवेत्**" એ કિંવદન્તી ખરી હોય તો તેમની મતિ મરણકાળે ઘણી સુધરી ગઈ હતી એટલે તેમની મરણોત્તરદશા ઉચ્ચ હશે એ નિસશય છે. પિતાને ઉચ્ચ ગતિની પ્રાપ્તિ કરાવવી એથી વિશેષ ઉચ્ચ પુત્રધર્મ કયો છે ? પિતાનાં હૃદયને જ્ઞાનના સંસ્કારોથી ભરી તેમનો મરણકાળ સુધારી તેઓ પિતૃઋણથી મુક્ત થયા[1] હવે તેમના પર સસારપક્ષે કોઇ જાતની જવાબદારી રહી નહોતી. માતાપિતા સદ્‌ગત થયા, ભાઈઓ પોતાનો ભાર ઉપાડી શકે એવા થઈ ગયા, એટલે પોતે કુટુમ્બ બધનથી મુક્તજ હતા. હવે દીક્ષા લેવામાં પ્રતિબધ કરે એવુ કોઈ પણ કારણ વ્યવહાર તેમને શાસ્ત્રની દૃષ્ટિએ રહ્યુ નહોતું. પિતાના મરણ પછી ભાઇઓના મનનુ સાન્ત્વન કરી ગુરૂશ્રી પાસે જવાનો ઇરાદો તેમને જણાવ્યો. ગુરૂશ્રી ગુજરાત તરફ હોવાના સમાચાર મળેલા એટલે તે તરફ જવાની તૈયારી કરી. આ વખતના તેમના મનોભાવ, ઉત્સાહ અને આનન્દાન્દ એ સર્વ આન્તરિક વૃત્તિઓનુ યથાસ્થિત આલેખન કોણ કરી શકે ? પ્રિય વાચક, તારી કલ્પનાશક્તિથી એ વખતનુ ચિત્ર તારી સમક્ષ ખડુ કરીશ તો તને એ આનન્દી સ્મિતભરી ગૌરવર્ણની આકૃતિ કંઇક ઉપદેશ આપતી જણાશે, કે જે ઉપદેશમા શ્રીમદ્ ભર્તૃહરિના આ ઉદ્‌ગાર ઓતપ્રોત થયેલા જણાશે કેઃ—

रत्नै र्महार्हैं स्तुतुषु र्न देवा
नभेजिरे भीमविषेण भीतिम् ।

---

૧ ઉવવાઈ સૂત્રકાર ઉપદેશે છે કે–ગુરૂ, શેઠ, માતાદિના ઉપકારનો પ્રત્યુપકાર ધન, દેહાદિ અર્પણ કરતા વળતો નથી પરન્તુ જ્ઞાનાદિ સંસ્કારો રોપી સેવાધર્મમા અડગ રહે ને સેવે તો થાય

૫૬

सुधांविना न प्रययु र्विराम
न निश्चितार्थाद्विरमन्ति धीराः ॥*

---

* સમુદ્રમાથી અમૃત મેળવવાની ઇચ્છાથી સમુદ્રનું મથન કરતા દેવતાઓને ના તો મહા મૂલ્યવાન રત્નો મળવાથી સતોષ થયો, ના તો ભયકર વિષથી ભય થયો, તેઓએ જ્યા સુધી **અમૃત** મળ્યુ નહિ ત્યા સુધી વિરામ લીધોજ નહિ (અર્થાત્ અમૃત મેળવ્યા પછીજ વિરામ્યા) એ ઉપરથી સિદ્ધ થાય છે કે ધીર પુરૂષો નિશ્ચિત અર્થ મેળવ્યા વિના કદી પણ **વિરામ લેતા નથી** અવિશ્રાન્ત ઉદ્યમથી પોતાનો ધારેલો હેતુ સિદ્ધ કરેજ છે

પ્રકરણ ૩ જું.

દીક્ષા, અભ્યાસ, વિહાર.

पितामाताभ्राता प्रियसहचरी सूनुनिवहः
सुहृत्स्वामी माद्यत्करिभट रथाश्वपरिकरः ।
निमज्जन्तं जन्तुं नरककुहरे रक्षितुमलम्
गुरो र्धर्माधर्मप्रकटनपरात्कोऽपि न परः ॥

નરક રૂપ ખાડાને વિષે પડતા, જીવોને પુણ્ય અને પાપનુ ફળ પ્રકટ બતાવી આપનારા **ગુરૂ વિના** બીજા કોઇ અર્થાત્ પિતા, માતા, ભાઈ, પ્રિય સ્ત્રી, પુત્રનો સમૂહ, મિત્ર, મદોન્મત્ત હાથી, અશ્વ, સુભટ અને સ્વામી કે સેવકવર્ગ રક્ષણ કરવાને સમર્થ નથી—

સિંદૂર પ્રકરણ

ગ્રીષ્મ ઋતુના પ્રચંડ સૂર્યના ધખતા કિરણથી તપેલો અને ચાલવાથી થાકી ગએલો કોઇ મુસાફર જેમ સુંદર જળાશય અને આમ્રવૃક્ષની ઘટાને પ્રાપ્ત થઇ આરામ પામે છે તથા મિષ્ટ ફળ ખાઇ તૃપ્ત થાય છે, **તેવીજ રીતે** સંસારની આધિ, વ્યાધિ, ઉપાધિરૂપ તાપથી તપેલા અને થાકથી કંટાળી ગયેલા આપણા ચરિત્ર નાયક પણ શાન્તિ અને તૃપ્તિ મેળવવાને ગુરૂવરશ્રી **પાનાચંદજી સ્વામી** પાસે જવાને પેલા મુસાફર જેટલીજ તીવ્ર આતુરતાથી અને ભારે વેગથી નીકળી પડયા. ગુરૂશ્રીને આશ્રયે જઈ વિદ્યાનો લાભ લેવાની તથા સત્સંગ રૂપ શીતળ ચન્દ્રકિરણો વડે ચિરકાળની મનોવ્યથાને શાન્ત કરવાની

હવે તેમને અનુકૂળતા મળી હતી. ગુરૂદેવનો મેળાપ ઉત્તર ગુજરાતના પાલનપુરમાં થયો. પિતાએ લખી આપેલ અનુમતિ પત્ર ગુરૂશ્રીના હાથમા મૂકી વિનંતિ કરી કે "હવે યોગ્ય જણાય તો દીક્ષા આપવાની કૃપા કરો." કર્મસિંહજીની ત્યાગવૃત્તિ, દૃઢતા, ધર્મપ્રીતિ, જ્ઞાનતૃષ્ણા, શાસ્ત્રોક્ત સાધનસંપત્તિ ગુરૂશ્રીએ જોયા હતા, પોતાની સાથે કેટલાક વખત સુધી ફેરવી તેમનું મનોબળ કસ્યુ હતું અને તેમની વૃત્તિ નિયમપાલન અને જ્ઞાનપ્રેમની ખાત્રી કરી જોઇ હતી એટલે હવે દીક્ષા આપવામા સાહસ, અવિચાર, અવિવેક કે શાસ્ત્રનિષિદ્ધ વર્તન જેવું કંઇ રહ્યું નહતું. શ્રીમદ્ **પાનાચંદજી** સ્વામીએ બહુ ખુશીથી એ માગણી સ્વીકારી. '**મેઘદૂત**'મા કવિ **કાલીદાસ** કહે છે —

केषां न स्यादभिमतफला प्रार्थनाह्युत्तमेषु ॥

"ઉત્તમ પુરૂષો પાસે કરવામાં આવતી પ્રાર્થનાનુ ઇચ્છિત ફળ કોને નથી મળતું?" મહાત્માઓનો પ્રસાદ સર્વદા સફળજ નીવડે છે. પ્રાર્થના કરનાર પણ યોગ્ય એટલે પૂછવુજ શુ? **પાલનપુર**થી વિહાર કરી **સિદ્ધપુર** આવ્યા. ત્યા દીક્ષા આપવાનુ કાર્ય **સિદ્ધપુર** ખાતે કરવુ એવો ત્યાના શ્રાવકોએ આગ્રહ કર્યો. આ ઉપરથી શ્રીમદ્ **પાનાચંદજી** સ્વામીએ સંવત ૧૯૦૪ ના **વૈશાખ** સુદિ ૩ ગુરૂવારના શુભ દિવસે શાસ્ત્રઆજ્ઞાનુસાર મધ્યાનકાળે આમ્રવૃક્ષ તળે તેમને યથાવિધિ દીક્ષા આપી. વચલા મન્થન કાળમા વેઠેલા દુખનુ આવુ સુખી અને ઇચ્છિત છેવટ લાવનાર માત્ર તેમનુ દૃઢ મનોબળજ હતું

દીક્ષા લઇને સંસ્કાર પામી મુનિ કર્મસિંહજી નવો જન્મ પામ્યા. પૂર્વ આશ્રમમા **રામાયણ**, સ્તવન–**કીર્તન**, **સાધુ** સહવાસ આદિથી જાગેલા પૂર્વ ભવના સંસ્કારોથી ધર્મબીજ અંકુરિત થઇ વૃક્ષ રૂપે પરિણત થયુ હતું. આ વૃક્ષ મ્હોટુ થઈ પોતાની સુવાસ, શીતળ છાયા અને મિષ્ટ ફળથી તેમને પોતાને અને તેમના સંસર્ગમા આવેલા

જનોને કેટલું ઉપકારક થયું તે વિવેકી વાચક જોઈ શકશે. ખરી લાગણી અને ખરા વિચાર તથા વિપુલ અવકાશવાળી તેમની હૃદય-ભૂમિમા પોષાયલો એ છોડ શ્રદ્ધા, તત્પરતા, સંયમ અને દૃઢ અભ્યાસ રૂપ શુદ્ધ વાયુના આવરણમા કુશળ માળીની દેખરેખ નીચે હવે વહેલો વહેલો ઉછરવા લાગ્યો. તે કરમાઇ ચીમળાઇ અથવા ઠીંગરાઇ ન જાય તે માટે ગુરૂ બહુ કાળજી રાખતા. કોઈ ભાગ્યના યોગથીજ યોગ્ય ગુરૂ અને યોગ્ય શિષ્યનો યોગ થાય છે, એમા સંશય નથી. શાસ્ત્રગુરૂ અને શિષ્યનો સુયોગ હોય તોજ શાસ્ત્રોક્ત ફળ પ્રત્યક્ષ કરી શકાય છે. અન્યથા નહિ. એ ત્રણે સામગ્રીમાથી એકની પણ ન્યૂનતા હોય તો ખરૂ ફળ મળી શકતું નથી કર્મસિહજી સ્વામીની ધારણા શક્તિ ઠીક હતી. એ મેધાવી પુરૂષ હતા, તર્ક પ્રતિ તર્ક કરવામાં કુશળ હતા, તેમ અભ્યાસ કરવા ઉપર તેમને બહુ પ્રીતિ હતી. વળી નવરા બેસી નકામાં ગપ્પા હાકવા કે સાધુને વિહિત નહિ એવી બીજી ત્રીજી પ્રવૃત્તિમા વખતને ખોઇ દેવો એ તેમને ગમતું નહિ. પોતાના અભ્યાસમા સતત લાગ્યા રહેતા. તેમની સાથે કોઇ સહાધ્યાયી ન હતો. યોગવાસિષ્ઠમા કહે છે તેમ જ્ઞાન પ્રાપ્તિમા શિષ્યબુદ્ધિ મુખ્ય ભાગ ભજવે છેઃ—

उपदेशक्रमोराम व्यवस्थामात्रपालनम् ।
विज्ञप्तेःकारणं शुद्धा शिष्यप्रज्ञैव केवलम् ॥

ભાવાર્થ—હે રામ, ઉપદેશ આપવાનો ક્રમ તો **એક વ્યવસ્થા પાલન** માત્ર છે શિષ્યની શુદ્ધ પ્રજ્ઞા—ઉત્કૃષ્ટ બુદ્ધિ એજ જ્ઞાનનુ કારણ છે

આ તો ગુરૂ શિષ્ય બન્ને યોગ્યતાવાળા એટલે અભ્યાસ તેજસ્વી થાય એમા પૂછવુજ શુ ? શ્રીમદ્ પાનાચંદજી સ્વામીને વાનુ દરદ કેટલુક થયાં લાગ્યુ હતું એના ઉપદ્રવથી સિદ્ધપુરમા કેટલીક મુદ્દત સુધી રહેવુ પડયુ. ત્યાથી પછી પાલનપુરમા ચોમાસું કર્યું. એ મુદ-

તમાં કર્મસિંહજી સ્વામીએ મુનિજીવનના નિયમ, જીવ અજીવ આદિ નવ તત્ત્વોનો વિવેક, થોકડાઓ–ઇતિહાસ, ભૂગોળ, ખગોળ અને વિજ્ઞાન શીખી લીધા. એ એક ચોમાસામાં એમણે એકંદર ૪૨ થોકડાઓ કંઠસ્થ કર્યા હતા. અભ્યાસનું કામ બહુ પ્રીતિથી અને ખંતથી કરતા; તથાપિ મનુષ્ય સ્વભાવને લીધે કોઇ કોઈવાર પ્રમાદ અને આલસ્યને વશ થવાતું. ગુરૂ ઘણા સખ્ત હતા. એટલે એ દુર્ગુણો ઘામા નાંખીને પડી રહે એમ તો નહતું. કોઇ કોઇ વાર નિદ્રાદોષ નડે, કંટાળો આવે, અને પાઠ પૂરો ન આપી શકે તો ગુરૂ, શિષ્યને પોતાની સામા ઉભા રાખીને પાઠ તૈયાર કરાવતા. આવી ગુરૂની સખ્તાઇથી તેઓ ખીન્ન થતા નહિ પરંતુ એ સખ્તાઇમા રહેલી હિતબુદ્ધિનો વિચાર કરી ગુરૂપરનો તેમનો ભક્તિભાવ વધારતા જતા તેઓ સમજતા કે:—

गाभगुरूणां परुषाक्षराभि-
स्तिरस्कृता यान्ति नरा महत्त्वम् ।
अलब्धशाणोत्कषणा नृपाणां
न जातु मौलौ मणयो वसन्ति ॥

"ગુરૂઓની કઠોર વાણીથી તિરસ્કાર પામેલા નરો મહત્તા મેળવી શકે છે. શરાણ પર ચડીને ન ઘસાયલા મણિ રાજાઓના મુકુટમાં રહી શકતા નથી. અર્થાત્ મહત્પદ મેળવવાને આરંભમા થોડાક સંકટો–દુઃખો તો વેઠવાજ પડે.

પાલનપુરથી ડીસા તરફ વિહાર કરતા રસ્તામા એક ન્હાનુ સરખુ ગામડુ આવ્યુ. ત્યા શ્રાવકના સાત આઠ ઘર હતા અને ત્યા ખરતરગચ્છના કલ્યાણચંદજી નામે એક વયોવૃદ્ધ અનુભવી અને નરોપકારશીલ યતિ રહેતા હતા. એ યતિને ત્યા એ ગુરૂ શિષ્યે રાત વાસો કર્યો. બીજે દિવસે વહોરવા જતાં સ્વામી પાનાચંદજીને કૂતરૂ

કરડી ગયું એટલે નિરૂપાયે ત્યાં અનેક દિવસ સુધી રોકાઇ રહેવું પડ્યું. *આ અરસામાં સ્વામી શ્રી કર્મસિંહજીની તીવ્ર બુદ્ધિ, અભ્યાસ પરાય*ણતા, વગેરે ગુણો એ યતિના મનમા વસી ગયા. પાનાચદજી સ્વામીને તેમણે કહ્યુ કે " આ તમારો શિષ્ય ભવિષ્યમા સારૂ નામ કાઢે એમ જણાય છે. એને ધર્મજ્ઞાનના અભ્યાસને માટે બહુ હોસ છે. એટલે જો એને મારી પાસે થોડી મુદ્દત સુધી રાખો તો જે કાંઈ અનુભવ અને જ્ઞાન મને મળેલ છે તે તેને આપુ, એ યોગ્ય છે, મારી પાસે રહી અભ્યાસ કરી શકે એવા શિષ્યોનો મને જોગ નથી. હુ યોગ્ય પુરૂષની શોધમા છુ. મારૂ શરીર વૃદ્ધ થયુ છે. એટલે ઘણા વર્ષોથી પોષેલુ ફળ યોગ્ય અધિકારીને હાથ આપી જવુ એવી મારી ઇચ્છા રહે છે કેમકે ફળનો અને તેના આધારરૂપ વૃક્ષનો સમૂલ નાશ થાય એવો દૈવયોગ નજીક જણાય છે. તો જેવુ છે તેવું આ સુમાળી કર્મસિહને હાથે જાય તો એ પકવ થઈ તેના રસનો સ્વાદ સર્વને મળે અને એના બીજમાથી અનેક ફળ બને."

આમ પોતાપાસેની સિદ્ધિઓ, કળાઓ, ગુપ્ત જ્ઞાન બીજાને આપી દેવાની વૃત્તિ ખરેખર ઉદાર ચરિત મહાપુરૂષો સિવાય બીજામા હોવા સભવ નથી. પોતા પાસેનુ જ્ઞાન ગુપ્ત રાખવાની પ્રાચીન રૂઢીને લીધે ભારતવર્ષે અનેક લાભો ગુમાવ્યા હશે ખેદની સાથે આપણે જોઇએ છીએ કે આ જમાનામા પણ કોઇ કોઈ સ્થળે એ નીતિને અનુસરવામા આવે છે ખરૂ જોતા તો પોતાની વિદ્યા અન્યને આપી જવાથી તે જળવાઈ રહે છે. કલ્યાણચદજી યતિને પ્રતિ ઉત્તરમાં સ્વામીશ્રીએ જણાવ્યુ કે.—" આપનુ કહેવુ યથાર્થ છે, શિષ્યને સપૂર્ણ રીતે યોગ્ય બનાવવાની મારી ઇચ્છાજ છે પરતુ હાલમા મારા પરમોપકારી ગુરૂવર્ય કચ્છમા વિચરે છે, તેમની તબીયત ઠીક નથી, એટલે અમારે તરતમા ત્યા જવુ જોઇએ, આવતે ચોમાસે આ તરફ

આવી આપનો લાભ લેવા વિચાર છે." "આયુષ્ય કમલપત્ર પર રહેલ જલના ટીપા જેવુ અસ્થિર છે; આવતે ચોમાસે શરીર રહે કે ન રહે તેનો કંઇ વિશ્વાસ નથી." એમ યતિએ કહેવા છતા ભાવિની પ્રબળતાને લીધે તેમની એ માગણીનો સ્વીકાર ન થયો. તો પણ એ યતિ કર્મસિંહજીના ગુણ, રીતભાત અને કેટલાક સામુદ્રિક ચિહ્ન જોઇ એટલા તો પ્રસન્ન થયા હતા કે પોતા પાસેથી એ એમને એમ જાય એ તેમને રૂચ્યુ નહિ. કોઈ પણ રીતે પોતા તરફથી આ છોકરાને સહાય મળે એવા હેતુથી તેને કેટલાક સારા સારા પુસ્તકો અભ્યાસ માટે આપ્યા

અહિથી ચાલી ગુરૂ શિષ્ય કચ્છમા આવ્યા. આ વખતે શ્રીમદ્ પાનાચંદજી સ્વામીના ગુરૂશ્રી રંગજી સ્વામી ચકરીના દરદથી પીડાતા હતા. તેઓ નવદીક્ષિત શિષ્યને જોઇ પરમ સંતોષ પામ્યા. કર્મસિંહજી સ્વામીએ એ સ્વામીની સેવા બહુ ભક્તિભાવથી કરી. થોડી મુદ્દત પછી રંગજી સ્વામી રોગમુક્ત થતા કલ્યાણચંદજી યતિને આપેલા વચન પ્રમાણે ચોમાસુ તે તરફ કરવા ગુરૂ શિષ્ય ગુજરાત જવા નીકળ્યા પરંતુ વાગડમા ઝાટાવાડા પાસે આવતા ચોમાસુ બેસી ગયુ. એટલે નિરૂપાયે ત્યાંજ રહેવુ પડયુ. અહિ રહીને મુનિશ્રીએ દશવૈકાલિક સૂત્ર અને ભક્તામર સ્તોત્રાદિ જીહ્વાગ્રે કર્યા. ચોમાસુ પૂરૂ થયે કલ્યાણચંદજી યતિને ગામે જઇ તપાસ કરી તો ખબર મળ્યા કે એ તો બે માસ થયા કાલધર્મ પામ્યા છે. જ્ઞાન મેળવવાની આવી એક ઉમદા તક ખોવાથી બંનેને ભારે પશ્ચાત્તાપ થયો. પણ હવે એથી કંઇ વળે એમ નહતું, સ્વામીશ્રી કર્મસિંહજી અહિ રહીને એ યતિ પાસેથી જ્ઞાન પામ્યા હોત તો વિશેષ દીપી નીકળત એમ એ યતિએ ભાર દઇને આગ્રહપૂર્વક જણાવ્યુ હતું એ ઉપરથી સમજી શકાય છે. એક અંગ્રેજ લેખક યોગ્યજ કહે છે કેઃ—

" Occasions of learning and self-improvement come, stay with us for a while, then pass. And the wheels of time shall not be reversed to bring them back once they are gone. If we neglect them, we shall be permanent losers for this life. But if we do what we can to use them, while they are granted, we shall have learnt one lesson of the heavenly discipline. "

Principal Sharp.

ભાવાર્થઃ—જ્ઞાન સંપાદન કરવાના અને આત્મ સુધારણાના પ્રસગો આપણને મળે છે, પરતુ થોડી મુદ્દત રહી જતા પણ રહે છે. આ પ્રસગો હાથથી એકવાર ખોયા તો કાળ-સકટના ચક્ર તેમને ફરી લાવવા માટે પાછા હડસેલી શકાતા નથી. મળેલા પ્રસગોમા પ્રમાદી રહીએ તો આ જીવનને માટે તો તેમને હમેશને માટે ગુમાવી બેસીએ છીએ. પરતુ જો મળેલા પ્રસગોનો પોતાથી બનતો ઉપયોગ કરી લેવાય તો એ દિવ્ય નિયમનો એક ઉપદેશ શીખ્યા એમ કહી શકાય.

અહિથી તેઓ **નૈયડ મારવાડ** ભણી વિહાર કરી ગયા. **થરાદ** આવ્યા ત્યા **માળવા** સપ્રદાયના પ્રજ્ઞાનિધાન મહાત્મા શ્રી **ઉદયચંદજી** મહારાજનો મેળાપ થયો. તેમના સત્સગમા તેઓ પદર દિવસ રહ્યા. કર્મસિંહજીને આ સત્સગદ્વારા કેટલાક સારા સસ્કારો બેઠા તેમની ચપળતા જોઇને ઉદયચદજી મહારાજે **પાનાચદજી** સ્વામીને ભલામણ કરી કે " એને સૂત્રજ્ઞાન આપ્યા પછી વ્યાકરણ, કાવ્ય વગેરેનું જ્ઞાન અવશ્ય અપાવશો " એ સાલનુ ચોમાસું શ્રાવકોના આગ્રહથી **ખેરાલુમા** કર્યું. અહિ **કર્મસિહજી** સ્વામીએ ઉત્તરાધ્યયન

સૂત્ર કંઠે કર્યું, ઉપરાંત કેટલાક હસ્તલેખો લખ્યા. બીજું ચોમાસું પ્રાલનપુરમાં થયુ. ત્યા આચારાંગ સૂત્રનો પ્રથમ શ્રુત સ્કંધ તૈયાર કર્યો. પાલનપુરમા જ્યેષ્ઠમલજી સ્વામીનો એક જૈન પુસ્તક ભંડાર છે * ત્યાં કેટલાંક સદ્બોધક પુસ્તકો જોયા ઉપરાત નીચેના પાચ પુસ્તકોનો અભ્યાસ યથાર્થ રીતે કર્યો.

૧. જ્યેષ્ઠમલજી સ્વામીકૃત સિદ્ધાન્ત સારણી અને શ્રી ભગવતીજી પરનો ટબો. ૨. ક્નીરામજી મહારાજ વિરચિત સિદ્ધાન્તસાર. ૩. ત્રીકમદાસજી મહારાજ પ્રણીત, તત્ત્વશોધક ગ્રંથ. ૪. ધર્મસિંહ મુનિ યોજિત—સાધુ સમાચારી. ૫. અને લોકસાર ગ્રંથ.

આટલો વખત ગુરૂ સાથે ગુજરાતમા ફર્યા તે દરમ્યાન અભ્યાસ, મહાત્માઓનો સંગ, પુસ્તક વાચન આદિથી ફર્મસિંહજી સ્વામી પર બહુ સારી અસર થઇ. ગુરૂ પાસે તેમણે એકંદર જે ધર્મગ્રંથોનો અભ્યાસ કર્યો હતો તેની ટીપ નીચે આપી છે. તે પરથી એમનું સાંપ્રદાયિક જ્ઞાન કેટલું વિશાળ હશે તેનો ખ્યાલ આવશે.

૧ દશવૈકાલિક સૂત્ર, ૨ ઉત્તરાધ્યયન સૂત્ર, ૩ આચારાંગ સૂત્ર, ૪ ભક્તામરસ્તોત્રાદિ, ૫ સૂયગડાંગજી પ્રથમ સુતસ્કંધ, ૬ ભગવતીજીના બાર શતક. ૭ વ્યવહાર સૂત્ર, ૮ વેદકલ્પ સૂત્ર, ૯ દશાશ્રુતસ્કંધ સૂત્ર, ૧૦ નિશિત સૂત્ર.

આ સૂત્રો તેમને કંઠસ્થ હતા. સિવાય કેટલાક સૂત્રોના આલાવા,

---

* દુર્દૈવવશાત્ આ ભંડારનુ જાળવણુ યથાયોગ્ય પ્રકારનું નહિ હોવાનો લાભ લેનારે લીધો છે એમ ઘણા મુનિવરો પાસેથી સંભળાય છે સ્થાપનારના હૃદયની ઉચ્ચ ધારણાને લક્ષમા રાખી તેને પોષક બળ આપી સવિશેષ વધારો કરવો એવુ આપણા મુનિવરોથી બન્યુ હોત તો આ ભંડાર જેમ પાલનપુર ઉપાશ્રયની લાયબ્રેરી ખ્યાતિવંત થઈ છે તેમ થાત પણ શુ ઉપાય ?

કેટલાકનાં અધ્યયનો, કેટલાકની ગાથાઓ, તે ઉપરાત ગુજરાતી સાહિત્યમાં સઝાયો, સ્તવનો, આધ્યાત્મિક પદો, ઢાળો વગેરે શીખ્યા. આ શિક્ષણ તેમણે એવી પદ્ધતિથી લીધુ કે તે સર્વનું વિવેચન તેઓ બહુ સારી રીતે કરી શકતા. આ સર્વ અભ્યાસ તેમણે સ્યાદ્વાદ શૈલીપૂર્વક કીધેલો હતો એ માગધી અને ગુજરાતી ધર્મસાહિત્યના અભ્યાસથી સંસ્કૃત શીખવાની ઇચ્છા જાગી શરૂથાજ તેમણે ઇચ્છયુ હતું કે, સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરી, કાવ્ય વ્યાકરણાદિ શીખી તે સાહિત્યમા પ્રવેશ કરવો, કે જેથી સૂત્રોપરની સસ્કૃત ટીકાઓ સમજી શકાય અને ધર્મનુ રહસ્ય અને ગૌરવ સમજવામા સરળતા મળે. આ સંકલ્પની સાથે બીજો એવો સકલ્પ બધાયો હતો કે જ્ઞાન પામી ધર્મ પ્રસાર કરવો, ધર્મના તત્ત્વભૂત રહસ્યો સહમજાવવા અને આત્મોન્નતિ અર્થે ધાર્મિક ક્રિયાઓનુ યથાવિધિ અનુષ્ઠાન કરવુ, આ સકલ્પમા તેઓ કેટલે અશે પાર પડયા છે એ તેમના સમગ્ર જીવનપરથી સમજી શકાશે. પાનાચદજી સ્વામીનો સસ્કૃતમા પ્રવેશ નહતો અને કર્મસિહજી સ્વામીની ઇચ્છા તો તીવ્ર થતી જતી ઇચ્છા હોય ત્યા માર્ગ આપોઆપ મળી રહે છે, એ સુસિદ્ધ નિયમ પ્રમાણે એ ઇચ્છા પાર પડે એવો એક સયોગ મળી ગયો કચ્છમા ચાક પરગણામા ગુરૂ સાથે વિહાર કરતા હતા ત્યારે મજલગામમા તપગચ્છના લાભવિજયજી *યતિનો મેળાપ થયો. આ યતિ સંસ્કૃતભાષામા પ્રવીણ વિદ્વાન્ સરળ અને મળતાવડા સ્વભાવના હતા. તેમના સબધમા આવતા તેમની પાસે સંસ્કૃતનુ જ્ઞાન મેળવવાની ઉત્કઠા જણાવીને તે શીખવવાની પ્રાર્થના કરી જેનો તેમણે સ્વીકાર કર્યો આગળની પેઠે આવી તક ગુમાવવાથી નુકસાન વેઠવુ પડશે એવા ભયથી ત્યા રહી સખત મહેનત લઇને અભ્યાસ આરભ્યો. અહિ તેમણે સારસ્વત વ્યારણ

---

* મજલમા એમને લાલજી યતિ પણ કહેતા

અને કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યકૃત યોગશાસ્ત્રમાના પાછલા પ્રકાશો તથા જ્યોતિષનુ જ્ઞાન મેળવ્યુ. મુનિધર્મના કાનુન એવા છે અગર એવા હોવાનુ મનાયુ છે, કે અભ્યાસ જેવા કારણે પણ એક સ્થળે લાંબો વખત રહેવાય નહિ. બીજા હાથ ઉપર, એક શિક્ષક પાસે લાંબો કાળ સતત અભ્યાસ કર્યા સિવાય વિશેષ જ્ઞાનપ્રાપ્તિ થવી શક્ય પણ નથી. આવા કારણથી યતિશ્રી પાસેથી ઇચ્છા મુજબ જ્ઞાન મેળવી શક્યા નહિ આ યતિ તરફથી કેટલાંક ઉપયોગી વિરલ પુસ્તકો મુનિશ્રીને ભેટ મળ્યા હતા.

આવી રીતે અભ્યાસ અધરો રહ્યો તોપણ તે પછી તેઓએ સ્વતત્ર લેખો વાચવાનો મહાવરો રાખ્યો. અભ્યાસ નિશ્ચિત અને પરિપક્વ થવાની તક તેઓ શોધ્યા કરતા આ તક સુભાગ્યે પાછી તરતમાં મળી ગઈ ભુજમા મોઢ જ્ઞાતિના બ્રાહ્મણ શાસ્ત્રી દામોદર દયારામ રહેતા હતા તેઓ જૈન સપ્રદાયના લહીઆનુ કામ કરતા તેમજ સાધુઓને સસ્કૃત કાવ્યાદિ શીખવતા આ વખતે વળી ગુરૂને પગમા વાનુ દરદ હોવાથી વિહાર થઈ શકે તેમ ન હતું તેથી સ્થિર વાસ કરવો પડયો ત્રણ વર્ષની અત્રેની સ્થિરતા દરમ્યાન ગુરૂની શુશ્રૂષાનો અને શાસ્ત્રી પાસેથી સિંદૂર પ્રકરણ, કર્પુર પ્રકરણ, અધ્યાત્મકલ્પદ્રુમ, યોગશાસ્ત્રસટીક, સ્યાદ્વાદમજરી, ભગવતીજી તથા પન્નવણાજીની ટીકા તથા સસ્કૃત ટીકાવાળા બીજા કેટલાક ધર્મગ્રથો વિચારી જવાનો લાભ લીધો. આ સર્વ વાચન, અભ્યાસ અને વિચારણાને પરિણામે મુનિશ્રીનો માનસિક વિકાસ સારી રીતે થયો. સુપ્રસિદ્ધ લેખક મૅકોલેએ વાજબીજ કહ્યું છે કે:–

"It is unquestionable that an extensive acquaintance with ancient literature enlarges and enriches the mind."

"જૂનાં સાહિત્યના પુષ્કળ પરિચયથી મન વિસ્તૃત અને સમૃદ્ધ બને છે, એ નિર્વિવાદ છે."

હવે તેમણે ગુજરાતી, માગધી, અને સંસ્કૃત સાહિત્યના વિશાળ પ્રદેશમા ઇચ્છાનુસાર વિચરવા માડયુ. ગુરૂસેવા, વહોરવા જવુ, નિયમિત નિત્યકર્મ કરવા, ગુરૂસાથે વ્યાખ્યાનમા બેસવુ એવા અનેક કામના બોજા છતા પોતાના અભ્યાસનુ કામ તો અખડ જારીજ રાખ્યુ હતું. જીવન પર્યંત એ તો જ્ઞાનના અભ્યાસીજ રહ્યા હતા. ધાર્મિક જ્ઞાન અને ક્રિયાઓનો અભ્યાસ કરી પોતામાટે વિધાન કરાયલા કર્તવ્યો ન બજાવતા કેવળ આહાર, નિદ્રા, આત્મશ્લાઘા અને પરનિદા, કલહપોષણ, ગામગપાટા આદિમા વીર્ય અને સમયનો વ્યય કરનારા પ્રત્યે તેમને અભાવ હતો અર્થ ગૌરવ વગરના નિર્માલ્ય કાવ્યો કે પદો કે ટાયલા જેવા લેખો લખી પ્રસિદ્ધ કરી મનમા મલકાઈ જવુ એ વગેરે પ્રવૃત્તિઓ ઉપર તેમને અતિશય અરૂચિ હતી. તેમા પણ સાધુ થયા પછી મારૂ તારૂ કરવુ. ક્લેશ કલહ વિદ્વેષમા પડી રહી પ્રપચ પ્રતારણા કે મિથ્યા આડંબર કરવા તથા સામાન્ય જ્ઞાનવાળો ગૃહસ્થ પણ રચી શકે તેવા નમાલા અલ્પજીવી પુસ્તકો પ્રસિદ્ધ કરી શ્રાવકોના પૈસાનો દુરૂપયોગ કરવો એવી એવી સાધુને અવિહિત પ્રવૃત્તિમા પડી રહેનારા તરફ વારવાર તેમણે નાપસદગીજ બતાવી છે, અભ્યાસ, મહાત્માઓના સહવાસ તથા પોતાની સ્વતત્ર વિચારશક્તિથી તેમને સમજાઈ ગયુ હતું કે જૈન સાધુની સાધુતા અને મહત્તા શાસ્ત્ર તેમજ દેશકાલાદિને અનુસરતી કર્તવ્ય યોજના ઘડવામા, જ્ઞાન ધ્યાન અને વૈરાગ્યમા, સચ્ચારિત્રમા, ધર્મના રહસ્યોને પ્રકાશવામા તથા ધર્મનો મહિમા અને પ્રભાવ વધારવામા રહેલી છે. જે પ્રવૃત્તિઓ ગૃહસ્થાશ્રમમા પણ થઈ શકે છે તેમા સાધુ જેવુ મહત્પદ પામ્યા પછી.પડી રહેવુ એ વ્યાજબી નથી ટૂકમાં કહીએ તો સાધુ ઉપર દેશકાળ અને ધર્મશાસ્ત્ર અનુસાર

જે જે ફરજો રહેલી છે તે તે ફરજો બજાવવામાં પૂરેપૂરી તત્પરતા નહિ રાખનાર મુનિવર્ગ ઉપર તેમને ભારે ચીડ હતી* એમનું મન એવુ તો અસાધારણ રીતે ઉદ્યોગશીલ હતું કે અનિવાર્ય કારણો સિવાય પોતાના અભ્યાસ વાચન ક્રિયા આદિના નિયમનુ તેઓ જરા પણ ઉલ્લંઘન થવા દેતા નહિ. જે વિશ્રાન્તિ બીજા લોકો વાતોમા કે અમથા બેસી રહેવામા મેળવે છે તે વિશ્રાન્તિ તેમને તો પોતાના અભ્યાસમાથીજ મળી રહેતી. પોતાના સાંપ્રદાયિક ગ્રંથો સિવાય અન્ય ગ્રંથો વાંચવા વિચારવા નહિ, સંપ્રદાય બહારના લોકો સાથે હળીમળી વિચાર વિનિમય કરવો નહિ, અન્યના મન્તવ્યનો અભ્યાસ કરવો નહિ, એવી સંકુચિત્ત વૃત્તિને તેઓ હાનિકારક માનતા. તેમનુ વાચન વિશાળ હતું. અને તેઓ ઘણા પંથોના માણસોના સમાગમમા આવ્યા હતા. તેઓ કહેતા કે, **સત્ય તો એકજ છે, તેની જિજ્ઞાસા સર્વ દેશકાળમાં અને સર્વ પરિસ્થિતિમાં થાય એ પણ સ્વાભાવિક છે,** પરન્તુ એ એકજ સત્ય જૂદી જૂદી બાજુએથી જોતાં અનન્ત રૂપે ભાસે છે. સત્યનુ સત્ય રૂપે ભાન થવુ એ તો ઉચ્ચતમ દશામાજ સંભવી શકે છે. દેશકાળ અને પરિસ્થિતિની અસરથી તેમજ માનવ સ્વભાવને લીધે બંધાતા ભિન્ન ભિન્ન દૃષ્ટિ બિંદુથી સત્યના ભિન્ન ભિન્ન સ્વરૂપો કલ્પાય છે. સત્યની ગરજવાળા ઉમેદવારો, જેઓને સત્યની ઝાંખી આપણાથી જૂદાજ સ્વરૂપે થઇ હોય તો પણ માનનીય છે. સત્ય કોઇને વરી બેઠુ નથી. તે "જ્યાથી મળે ત્યાથી ગ્રહણ કરવુ જોઇએ" આવા ઉદાર વિચારોને લીધે યોગવાસિષ્ઠ તેમજ કેવલાદ્વૈતનુ પ્રતિપાદન કરનારા અન્ય ગ્રંથોનુ વાચન પણ તેઓશ્રીએ આનન્દપૂર્વક કર્યું હતું. તેમજ

---

* જો કષ્ટે મુનિ મારગ પાવે, બલદ થાયે તો સારો;
ભાર વહે જે તાવડે ભમતો, ખમતો ગાઢ પ્રહારોરે—જિનજી

શ્રીમદ્ યશોવિજયજી

વેદાન્તજ્ઞાનથી પ્રસિદ્ધ થએલા મહાત્મા પીતામ્બરદાસજી તથા *ઈશ્વર-દાસજીના બહુ સમાગમમા આવ્યા હતા, અને તેમની સાથે જૈન તથા વેદાન્ત મતની જ્ઞાનગોષ્ઠિમા ઘણી રાત્રીઓ પસાર કરી હતી.

આ બાબતમા કોઇ કાઈ ટીકા કરતું તો હરિભદ્રસૂરિનો નીચેનો શ્લોક તેઓ કહી સભળાવતા.

न मे भ्राता महावीरो, न द्वेषः कपिलादिषु;
युक्तिमद्वचनं यस्य, तस्य कार्यः परिग्रहः ॥+

"અમે સ્હમજ્યા એટલુજ સત્ય, બીજુ બધુ અસત્ય, મારૂ માત્ર સારૂ અને બીજાનુ તો સર્વ ખોટુ" એવુ માનનાર દુરાગ્રહી પુરૂષોએ આ વિચારોનુ બહુ મનન કરવુ ઘટે છે. ભાગ્ય યોગે મુનિશ્રીના ગુરૂ પણ સ્વતંત્ર ખ્યાલના હતા. વિચારસ્વાતન્ત્ર્ય તરફ તેઓ પૂજ્ય બુદ્ધિ ધરાવતા હતા. પરધર્મના વિચારોના સબધમાં આવવાથી કર્મસિહજી સ્વામીની શ્રદ્ધા સ્વધર્મ ઉપર સવિશેષ ચોટી.

મનુષ્યની માનસિક અને આત્મિક પ્રગતિને વેગ મળે અને તેથી અતે મનુષ્ય પૂર્ણ અને પવિત્ર બને એટલા માટે બીજા કોઇની સહાયની અપેક્ષા રહેતીજ નથી એમ સ્હમજવાનુ નથી. ઘણા મનુષ્યોને એવી સ્હાયતાની જરૂર રહે છે, અને એવી થોડી સહાયથી કેટલીક વખતે અસાધારણ ઉન્નતિ થતી જોવામા આવે છે, કે જે ઉન્નતિ તેવી થોડી સહાય ન મળી હોત તો વર્ષો કે જન્મો સુધી અટકી પડી હોત. માનસિક અને આત્મિક પ્રગતિ પૈકી પહેલી પ્રગતિ તો પુસ્તકો વડે

---

* વેદાન્ત શાસ્ત્રના નિગૂઢ રહસ્યોમા પ્રવીણ પડિત શ્રી પીતામ્બરદાસજી ભાવ સાધુ જેવા હતા ઇશ્વરદાસ શ્રી એક વિરક્ત ભક્તિભાવવાળા, શાત, મૂર્તિમાન્ મહાત્મા રામાનુજ સપ્રદાયના હતા

+ મહાવીર મારો ભાઇ નથી, કપિલાદિ મુનિઓ સાથે મારે દ્વેષ છે નહિ, જેનુ વચન સયુક્તિક હોય તેનો સ્વીકાર કરવો જોઇએ

પણ બની શકે છે. પરંતુ બીજી અર્થાત્ આત્મિક પ્રગતિને સગીન મદદ માત્ર કોઇ ઉચ્ચ આત્માજ પહોંચાડી શકે છે. કોઇ આખા જન્મારા સુધી પુસ્તકો વાચી બુદ્ધિમાન્ બને, તર્ક કુશળ થાય કે વાક્ચાતુરી મેળવે અને સભા ગજાવનારા ઠઠારાબંધ ભાષણો આપે પરતુ હૃદયની નિર્મળતા અને આત્મિક વિકાસ તેથી માની લેવાના નથી આપણા સાધુ સમાજમા સેંકડે નવ્વાણું ટકા જૈન ધર્મની મ્હોટી મ્હોટી વાતો કરનારા કે રસ જમાવીને વ્યાખ્યાન આપનારા મળી આવશે પણ એ જ્ઞાનનો તેમના હૃદય પર-જીવન પર કાંઈ પ્રભાવ પડયો છે કે નહિ એ જોવાનો સમય પ્રાપ્ત થતા ઘણે ભાગે આપણને ખેદજ થવાનો. આથી સિદ્ધ એ થાય છે કે આત્મોન્નતિને તો કોઇ અન્ય લોકોત્તર આત્માજ વેગ આપી શકે છે. શ્રી કર્મસિંહજી સ્વામીની બાબતમા આ સિદ્ધાન્તની સત્યતા આપણે જોઈ શકીએ છીએ. તેઓશ્રીની બુદ્ધિ શકિતનો વિકાસ પુસ્તકોના વાચનથી થયો હતો, તેની સાથે એમના આત્માના વિકાસ અને પવિત્રતાને સાધનાર સ્વધર્મના તેમજ અન્ય ધર્મના પવિત્ર સતોનો નિરંતર મળતો સત્સગ જ હતો. અત્યાર સુધી ગુજરાતમા કલ્યાણચદજી યતિ, ઉદયચંદજી મહારાજ, લીંબડી સપ્રદાયના ન્હાના પક્ષના પૂજ્ય શ્રી ગોપાલજી સ્વામી* તથા બીજા સઘાડાનાં ત્યા વિચરતાં અન્ય સાધુ સાધ્વીઓનો સમાગમ તેમને થયો હતો, અને કચ્છમા શાસ્ત્રી દામોદર, દાદાગુરૂ રંગજી સ્વામી, પૂજ્ય શ્રી કર્મચદજી સ્વામી, અને લાધાજી સ્વામી વગેરે મહાત્માઓના સમાગમમાં પણ તેઓ બહુવાર આવી

---

* આ મહાત્માશ્રીએ સ્વાનુભવિક સિદ્ધાન્તનુ જ્ઞાન આપવા બહુ પ્રયત્ન સેવેલો તેનો સારો લાભ લીંબડી નાના સઘાડાના હીરાજી સ્વામીએ લીધેલો સાભળ્યો છે જ્ઞાન આપનારને યોગ્ય શિષ્યો મળતા નથી એજ સમયની બલીહારી છે ! ! !

ગયા હતા. સાધુ આશ્રમમા મરણ પર્યંત તેઓ સત્સ ગ સેવવાને તત્પર રહેતા. આની અસર તેમના આત્મિક વિકાસમા ખુલ્લી દેખાય છે. મુનિશ્રીની યોગ્યતા જેમ જેમ વધતી ગઈ તેમ તેમ ગુરૂવર્યે તેમના વિકાસ માટે વધારે કાળજી બતાવવા માડી શ્રીમદ્ કર્મચ'દજી સ્વામી કે જેઓએ પાલનપુરમા પ ડિત પ્રવર સૂત્રવારિધિ શ્રીમદ્ જ્યેષ્ઠમલજી સ્વામી પાસેથી સૂત્રજ્ઞાનનુ રહસ્ય મેળવ્યુ હતું તેમની પાસે આ મુનિશ્રીને રાખવામા આવ્યા અને ઘણા સૂત્રોનુ રહસ્ય જ્ઞાન અપાવરાવ્યુ.

દિવસે દિવસે મુનિશ્રીમા વકતૃત્વ શક્તિનો વિકાસ થવા લાગ્યો તેમજ ઉપદેશકને જોઈતી રસમય સામગ્રીઓનો પણ સ ચય થયો. સૂત્રો, પુરાતન ગ્ર થો, અને ગુજરાતી સાહિત્યમાથી અવતરણ કરવાનુ કામ એ બહુ અચ્છી રીતે કરતા. તેમણે જો કે કોઈ સ્વતત્ર ગ્ર થ બહાર પાડયો નથી, તો પણ એમનુ લેખન કાર્ય બહુ વિશાળ હતું આ પ્રમાણે બેકન કહે છે તેમ:—

Reading maketh a full man,
Conversation maketh a ready man,
Writing maketh an exact man

"વાચન, સભાષણ અને લેખનના સેવનથી મનુષ્ય અનુક્રમે પૂર્ણ, હાજર જવાબી, અને જેવો જોઇએ તેવો (સપૂર્ણ) બને છે"—

વાચન સભાષણ અને લેખન એ ત્રણે કળાના યોગથી મુનિશ્રીની યોગ્યતામા સારો વધારો થવા લાગ્યો

કર્મસિહજી સ્વામીના ઉદયભાવનો યોગ કહો કે બીજુ ગમે તે કારણ કહો, તેથી દીક્ષાની યોગ્યતા સપાદન કરવાને આવશ્યક એવી કારણ સામગ્રી જેમ અનાયાસેજ મળી રહી હતી, તેવીજ રીતે ધર્મગુરૂ—આચાર્ય—ઉપદેશક થવામા અપેક્ષિત કારણ સામગ્રીઓ પણ તેમને

અનાયાસેજ મળતી રહી તેમના જ્ઞાન, અનુભવ અને બુદ્ધિમા પ્રતિદિન વધારો થતો રહેતો હતો, કારણ કે તે માટેના સર્વ દ્વાર વિના સંકોચે પોતે ખુલ્લાંજ મૂકયા હતા. પોતે પૂર્ણ છે એવા અને આટલી જ્ઞાનસપત્તિ બસ છે એવા વિચારોને સ્થાને પોતામા હજી ન્યૂનતા છે, પૂર્ણ અને પવિત્ર થવાને હજી મહત્પ્રયાસની અગત્ય છે એમ તેઓ માનતા અને જયા ત્યાથી સારભૂત વાતનુ ગ્રહણ કરવા હમેશા તત્પર રહેતા. જ્ઞાનપ્રાપ્તિ, અનુભવવૃદ્ધિ અને આત્મસુધારણાના જે કાઇ સાધન મળી રહે તેનો યથેચ્છ ઉપયોગ કરવામા તથા તેવા સાધનો ઘડી કહાડવામા એ પરોવાયલાજ રહેતા આવશ્યક જ્ઞાન પ્રાપ્ત થયુ એટલે તેઓ ગુરૂ સાથે બેસી વ્યાખ્યાનનાં કામમા સહાય આપતા એ કામને ‘ સહાય આપવાનુ કામ ’ લોકદષ્ટિએજ કહેવાતું પોતે તો તેને પણ એક પ્રકારના ‘ સ્વાધ્યાય અથવા આત્મશિક્ષણ ’રૂપે ગણ્યુ હતું; કારણ કે ઉપદેશપદ્ધતિ બારીકાઇથી શીખવાનો એ શ્રેષ્ઠ માર્ગ હતો કેટલાક મુનિઓ વ્યાખ્યાનકાર જોડે બેસી મ્હોટા રાગડા કાઢે છે, અલ્પ જ્ઞાનથી ફુલાઈ પોતાને મ્હોટા સહાયક તરીકે ગણે છે, અને વ્યાખ્યાનદાતા મુનિ પાસે બેસી ઉપદેશપદ્ધતિનુ જ્ઞાન મેળવવાને બદલે પોતે બધુ સ્હમજતા હોય એવો આડબર કરવામા મ્હોટાઇ સ્હમજે છે વ્યાખ્યાનકાર સાથે બીજા મુનિઓને બેસાડવાનો હેતુ એવો નથી કે એમની સહાય વગર વ્યાખ્યાન નજ થઈ શકે, પરન્તુ એવી રીતે સાથે બેસવાથી વ્યાખ્યાન પદ્ધતિનુ અને વ્યાખ્યાનકારની જવાબદારીનુ જ્ઞાન થાય અને વખત ઉપર સ્વતત્ર રીતે વ્યાખ્યાન આપવાનુ બની શકે કર્મસિહજી સ્વામી ગુરૂ સાથે બેસી ઘણી બાબતો “ ધારતા. ” એટલુજ નહિ, પણ કોઇ કોઈવાર તો પેન્સિલ કાગળ સાથે રાખી જાણવા યોગ્ય મુદ્દાઓ નોંધી લેતા. આજ કાલ ઘણાએક મુનિઓની બાબતમા જોવામા આવે છે કે કેમ જાણે

વેશ માત્ર પહેર્યાથીજ પોતાને બધુજ સ્હમજાઈ ગયુ હોય, મુક્તિનાં દ્વારે પહોંચી ગયા હોય, શીખવાની અગત્યજ રહી ન હોય તેમ તેઓ વ્યાખ્યાન વ ચાતી વખતે અલગ ખ'ડમા બેશી બે ચાર ચેલકાઓને ભેગા કરી વૃથા ગામગપાટા કે બીજી નિષ્ફળ પ્રવૃત્તિઓમાં રોકાઇ રહે છે અને શાસ્ત્રજ્ઞાન તથા વ્યાખ્યાન પદ્ધતિનુ જ્ઞાન શીખવાનો પ્રસ ગ ગુમાવે છે. આવી પ્રકૃતિવાળા મુનિ મહારાજો શ્રીમત્ કર્મસિ હજી સ્વામીનો દાખલો ધ્યાનમા રાખી વ્યાખ્યાનકાર સાથે બેસી લક્ષપૂર્વક વ્યાખ્યાન સાભળવાનો રીવાજ રાખે તો તેઓ ઘણા સારા ઉપદેશકો બની શકે તથા પોતાના આત્માનુ પણ હિત સાધી શકે

આપણા ચરિત્ર નિરૂપ્યની આ ટેવ ખાસ અનુકરણીય હતી કે કોઈ પણ વિદ્વાન્ સાધુ વ્યાખ્યાન આપતા હોય ત્યારે તેઓ પૂર્ણ ભાવથી **શિષ્યવૃત્તિથી** તે સાભળતા અને તેની બોલવાની ઢબ, વાત સ્હમજાવવાની યુક્તિ પ્રયુક્તિ, દાખલા દલીલ, ઉપદેશ રીતિ તથા ભાષણકલાનો વિચારપૂર્વક અભ્યાસ કરતા. આવી વૃત્તિવાળા આચાર્ય પદવીને પામે એમા નવાઈ જેવુ નથી.

અન્ય મુનિઓ અને સાધ્વી માતાઓને ભણાવવાનુ પણ હવે તેમને સોપવામા આવ્યુ. તેમનુ માનવુ હતુ કે જૈન ધર્મની શૈલીથી તદ્દન અજ્ઞાન એવા **અન્ય** ધર્મના પુરૂષો કરતા **જૈન** સાધુઓ પોતેજ શિક્ષણ આપવાનુ કામ કરતા હોય તો પરિણામ બહુ સ ગીન આવે. તેમની શિક્ષણ પદ્ધતિથી સર્વને બહુ સ તોષ મળતો તેમના હરેક કામથી સ તોષજ થતો તેનુ કારણ તપાસીએ તો સ્પષ્ટ જણાઇ આવે છે કે **યોગ્ય થયા પછીજ** કોઈ પણ કામ તેઓ ઉપાડતા. ખોટો ડોળ દેખાડીને પોતે અયોગ્ય છતા યોગ્ય હોવાનો દ ભ રાખીને કામ હાથમા લેવાય તો તે કદી પણ સારૂ થતુ નથી એવો અનુભવ આપણને વ્યવહારમા નિર તર મળે છે, બીજાને કઇ **આપવા** માટે

પ્રથમ પોતા પાસે કંઇ સંગ્રહ હોવો જોઇએ; એવો સંગ્રહ જેની પાસે નથી, જેઓએ આત્મસુધારણા કીધી નથી, બુદ્ધિ શક્તિઓને ખીલવી નથી, તેમના પાસેથી લોકોને થોડુંજ મળે છે. એટલુંજ નહિ, કિંતુ જે થોડું મળે છે તે લાભને સ્થાને કવચિત્ હાનિ કરનાર નીવડે છે. જેમ જ્ઞાન વિસ્તૃત, ચારિત્ર શુદ્ધ અને બુદ્ધિપ્રભાવ તેજસ્વી તેમ લાભ વિશેષ અને સ્થાયી આપી શકાય છે. જવાબદારીનુ સ્વરૂપ સ્હમજાયા પહેલાંજ તેમને સાધનસપન્ન થવા ઉપર વિશેષ લક્ષ આપવાની ટેવ પડી ગઇ હતી. અને તેથીજ હરેક કામમાં તેઓ ફતેહમદ નીવડતા.

કર્મસિંહજી સ્વામીની વય બત્રીસ વર્ષની થઇ. અઢારથી બત્રીસ સુધીની વય યોગ્યતા સંપાદન કરવાના પ્રયાસમાં વ્યતીત થઇ હતી. એટલે ઉપદેશકને જોઇતી જ્ઞાન સામગ્રી તેમને સારા પ્રમાણમાં મળી હતી. તેમનો વિરાગભાવ, અસર પાડે તેવી શરીર આકૃતિ, વક્તૃત્વ, ધર્મજ્ઞાન, ઉપદેશ પદ્ધતિ આદિની સુવાસ ધીમે ધીમે પ્રસરવા લાગી.

‘ गुणा कुर्वन्ति दूतत्वं, दूरेऽपि वसतांसताम् ’

“ સત્પુરૂષો દૂર વસતા હે તો પણ તેમના ગુણો તેમના દૂતનુ કામ કરે છે,” અર્થાત્ તેમની ખબર બીજાઓને કરી તેમને યોગ્ય સન્માન અપાવે છે. એ વચન પ્રમાણે તેમના ગુણોએ ઘણા પ્રદેશમા પ્રસરી દૂત કાર્ય બજાવ્યુ. ઠામઠામથી ચાતુર્માસ કરવાની વિજ્ઞપ્તિઓ આવવા માડી.

પોતે વ્યાખ્યાન આપતા અને શ્રોતાઓ રંજિત થઇ તારીફ કરતા તો પણ તેમને પોતાના જ્ઞાનમા અપૂર્ણતા અને દોષ હોવાનુજ ભાન રહેતું, અને જ્યા સુધી ખરેખર મ્હોટા પુરૂષોને સતોષ ન પમાડાય ત્યા સુધી વ્યાખ્યાનકળા અને શાસ્ત્રજ્ઞાન ઘણુ અપૂર્ણ ગણાય એમ તેમને લાગતું. **શાકુન્તલ** નામક વિશ્વવિખ્યાત નાટકના કર્તા

કવિવર કાલિદાસ સૂત્રધારના મુખમા નીચેની ઉક્તિ મૂકે છેઃ—

आपरितोषाद्विदुषां, न साधु मन्ये प्रयोगविज्ञानम् ।
बलवदपि विदुषांमात्मन्य प्रत्ययं चेतः ॥*

મ્હોટી જવાબદારીવાળુ કામ પોતે બજાવી શકે છે કે નહિ તેનો વિશ્વાસ તેમને હજી બેઠો ન હતો. પોતાનુ જ્ઞાન અલ્પમા અલ્પ જણાયા કરવાની પ્રકૃતિ તેમને મૂળથીજ હતી. ભર્તૃહરિ કહે છે —

यदा किंचिज्ज्ञोऽहं द्विपइव मदान्ध सममवम्
तदा सर्वज्ञोऽस्मी त्यभवदवलिप्तं मम मन ।
यदा किंचित् किंचिद्बुधजनसकाशादवगतम्
तदा मूर्खोस्मीति ज्वर इव मदो मे व्यपगत. ॥×

સદ્ભાગ્યે તેમને પ્રથમથીજ મદજ્વરનો તો સ્પર્શજ થયો ન હતો મદાન્ધ કે ધર્માન્ધ થવાનુ ભાગ્ય તેમને માટે નિર્માણુજ થયુ નહોતુ એમને બાલ્યકાળથીજ બુધજનોનો પરોક્ષ તેમ અપરોક્ષ સમાગમ સુલભ હતો એટલે સ્વાભાવિક હતુ કે તેમનામા વિદ્યામદ ન હોય, જ્ઞાનનુ અભિમાન ન હોય કઇ ને કઈ ન્યૂનતા, અલ્પજ્ઞતા અને સદોષતાનુ ભાન તેમને રહ્યાજ કરતું. કેટલાક વ્યાખ્યાનકારો સામાન્ય પ્રકારના અજ્ઞાન લોકોની વાહવાહથી ભોળવાઈ જઇ પોતામા

---

* વિદ્વાન્ જનોને સતોષ થાય એવુ જ્યા સુધી ન બને ત્યા સુધી મારૂ આ પ્રયોગ વિજ્ઞાન મને ઠીક નથી લાગતુ વિદ્વાનોનું ચિત્ત બલવાન હોય-જ્ઞાનસપન્ન હોય તો પણ તેમને આત્મવિશ્વાસ હોતો નથી

+ જ્યારે મને કઇક કઈક જ્ઞાન હતુ ત્યારે હુ મદમત્ત હાથીના જેવા મદથી અધ થઇને એમ માનતો કે હુજ સર્વજ્ઞ છુ—મને તો બધુએ આવડે છ એવા મદથી મારૂ ચિત્ત રગાઈ ગયુ હતુ, પરતુ જ્ઞાની પુરૂષોના સમાગમમા જેમ જેમ આવતો ગયો તેમ તેમ મને સમજાતુ ગયુ કે 'હુ તો મૂર્ખ—અજ્ઞાન છુ કઇજ જાણતો નથી' અને મારો મદજ્વર જતો રહ્યો

હોય તે કરતા વિશેષ યોગ્યતાનો આરોપ કરી લેવાની ભૂલમા પડે છે અને આગળ વધતા અટકી પડે છે આવા કૂપમડૂકોની દૃષ્ટિ× કર્મસિહજી સ્વામીને સ્વભાવથીજ મળી ન હતી. કુટુમ્બવાસનાના પરિત્યાગની સાથે લોકવાસનાનો પણ સ્વભાવથીજ પરિત્યાગ થએલ હોવાથી લોકોની ઉપર ઉપરની ક્ષણિક અવિચારમૂલક પ્રશસાથી તેમને હર્ષ થતો નહિ, તેમ તેવી પ્રશસા મેળવવા માટે ખોટા વલખા પણ મારતા નહિ તેમને સતોષ આપે એવા મુનિજીવનના કાર્યનુ સ્વરૂપ એમણે એવુ કલ્પ્યુ હતુ કે ધર્મ માટે શિથિલ પડેલી લાગણીને જાગૃત કરવી, ધર્મના ખોટા ઝનુનને સ્થાને ખરા અભિમાનની વૃત્તિઓને ખીલવવી, ધર્મના રહસ્યોનુ સારી પેઠે સ્ફુટીકરણ કરવુ, ધર્મની મહત્તાને બહુ મ્હોટા વિસ્તારમા સ્થાપિત કરવી, ધર્મજ્ઞાન અને ધર્મક્રિયાઓ ઉપર લોકરૂચિ જગાડવી, તેની પ્રાપ્તિ અને પાલનમા પ્રેમપૂર્વક લોકોને પ્રવર્તાવવા, પોતાના સહકારી અને સહચારી મડળમા દેશકાળને વટતા સુધારા દાખલ કરવા, આમ થઇ શકે તો તેમને સતોષ થાય એમ હતુ જો કે એક દૃષ્ટિએ—તેમનુ જ્ઞાન સીમાબદ્ધ હતું, અનુભવ પણ સમર્યાદ હતો, શક્તિ પણ સાધારણ હતી, વળી તેમને

× કૂપમડૂકની દૃષ્ટિનો અર્થ જરા વિસ્તારથી સમજવા જેવો છે કૂવાના દેડકાને મન એ ખાબોચીઉંજ મ્હોટુ લાગે છે તેથી મ્હોટુ જળાશય હોઇ શકેજ નહિ એમ તે માને છે તેવી રીતે કેટલાક લોકો પોતે જે સપ્રદાયમા હોય કે જે જ્ઞાન પોતાને પ્રાપ્ત હોય તે સપ્રદાય અને તેજ જ્ઞાન સર્વોત્કૃષ્ટ છે, તેથી વિશાળ દુનિયામા બીજુ કઈજ નથી એમ માની બેસે છે અને તેથી જ્ઞાન અને સુધારણાના દ્વાર બધ કરે છે પોતાના મન્તવ્ય, જ્ઞાન અને સુધારાનુ એટલુ બધુ અભિમાન ધરાવે છે કે બીજાના યોગ્ય સુધારા ગ્રહણ કરતા નથી બીજાનુ જોતા નથી સાભળતા પણ નથી 'આપ આપકે મનમે ગધાભી મસ્ત' એવી નીતિને અનુસરે છે

કેટલાંક બંધનોમા રહેવું પડતું, અને તેમના હાથથી બહાર એવા સંયોગોને વશ વર્તવું પડતું, છતાં તેમનુ લક્ષ્યબિંદુ ઘણું ઉંચું હતું, જો કે ઉચ્ચ લક્ષ્યબિંદુએ પહોંચવાનું સદ્‌ભાગ્ય થોડાનેજ મળે છે, તો પણ સામાન્ય પ્રકારની ઇચ્છાઓ બાંધી તે પાર પાડવામાં મંડયા રહેવા કરતા ઉચ્ચ અને કષ્ટસાધ્ય ઇચ્છાઓ બાંધી તેને પાર પાડવાના પ્રયાસમાં મંડયા રહેવામાં શ્રેષ્ઠતા છે એમ વિદ્વાન્ પુરૂષો કહે છે. એક અંગ્રેજ લેખક કહે છે કેઃ—

Pitch thy behaviour low, thy projects high,
So shalt thou humble and magnanimous be;
Sink not in spirit, who aimeth at the sky,
Shoots higher than he that means a tree.

ભાવાર્થ:—તારો વ્યવહાર—આચરણ સામાન્ય રાખ, પણ તારા **ઉદ્દેશો** ઉચ્ચ રાખ; એમ કરવાથી તું નમ્ર અને મ્હોટા મનવાળો થઈશ. અભિલાષમા ઉણો મા રહે—ઉત્સાહમા નીચે ન પડીશ. મન્દ ન થઈશ જે આકાશ તરફ તાકે છે તે ઝાડ તરફ તાકનાર કરતા વધારે ઉંચે ઘા ફેંકી શકે છે.

એ મહેચ્છાઓને પાર પાડવા માટે બને તેટલો પરિશ્રમ તેમણે ઉઠાવ્યો હતો એ તેમના જીવન પરથી સમજી શકાય છે.

આ મહેચ્છાઓ કેટલે અંશે સફળ થઇ અને સર્વાંગે સફળ ન થવાના ખાસ કારણો કયા હતા એ બાબતમા ઉતરવાની જરૂર નથી, કારણકે શ્રીમદ્ ભગવદ્‌ગીતા જણાવે છે તેમ* માણસની મહત્તા **કર્મમાં** છે ફળમા નહિ. કર્મ—(નિઃસ્વાર્થ ઉદ્યમ) કરવા એટલુજ માણસના હાથમા છે ફળનો આધાર 'પંચસમવાય' ઉપર રહેલો છે.

---

* कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाच न,
તારો અધિકાર કર્મમા છે, ફળમા કદી પણ નહિ અધ્યાય ૨ જો

તથાપિ શ્રી કર્મસિંહજી સ્વામીની ઉચ્ચ અભિલાષાઓ છેકજ વંધ્યા રહી નહતી એ તો ચોક્કસપણે કહેવું જોઇએ.

સંવત્ ૧૯૨૭ ની સાલમાં કર્મસિંહજી સ્વામીને માંડવીથી અન્ય સ્થળે ચોમાસું વ્યતીત કરવાનુ ઠર્યું હતું. પરન્તુ પાનાચંદજી સ્વામી કે જેમને પક્ષાઘાતનુ દરદ લાગુ પડયું હતું તેમના આગ્રહથી તેમજ તેમને પોતાને પણ ગુરૂશ્રીની સેવા કરવા સારૂ રહેવાની ઇચ્છા હોવાથી માંડવીમાંજ રહેવાનું થયુ. તેમની અનન્ય ભક્તિભરી સેવા તેમજ જ્ઞાનસંપત્તિ અને વિશુદ્ધ જીવનથી ગુરૂને પરમ આનન્દ અને સંતોષ થતો, જે તેઓ વારવાર પ્રસગે પ્રસંગે પ્રદર્શિત કરતા. અંતકાળે ગુરૂશ્રીએ તેમને કેટલીક સારી શિક્ષાઓ આપી હતી, તે ટુંકી પણ વ્યવહારૂ હતી. તે આ પ્રમાણેઃ—

૧. અયોગ્ય શિષ્ય કરવા નહિ. શિષ્ય વધારવાનો લોભ રાખવો નહિ. જેને ખરો વિરાગભાવ ઉપજ્યો હોય, ખરેખરી ધર્મતૃષ્ણા જાગી હોય, જે શાસ્ત્રકથિત લક્ષણયુક્ત હોય, તેનેજ દીક્ષા આપવી.

૨. કોઇની મિથ્યા પ્રશસા કરવા માટે કવિતા રચવી નહિ.

૩. ધર્મપ્રસાર કરવા બનતી કોશિશ કરવી.

૪. ચારિત્ર શુદ્ધ રાખવુ, મુનિધર્મ યથાયોગ્ય રીતે પાળવો.

૫ ધર્મપરાયણ રહી **દેશકાળ અને પ્રસંગનો વિચાર કરી** તેને અનુકૂળ પડતી **કર્તવ્ય યોજના** કરી લેવી

૬ આત્મકલ્યાણ ઉપર નિરતર લક્ષ આપવુ અને પરકલ્યાણમા અહેતુક દયા પ્રવૃત્તિ રાખવી

આ ઉપરાત તેમણે શ્રીમત્ પૂજ્યપાદ કર્મચદ્રજી સ્વામીને ભલામણ આપી કે, “ આ કર્મસિહ મારી પછી એકલો થઇ રહેશે, એકલો હશે તો પણ **સિંહ** છે એટલે તેની ચિતા રાખવાનુ મારે કાઇ ખાસ કારણ નથી તો પણ એને તમારી ઓથમા રાખશો તે

એ વધારે કામ કરી શકશે, માટે હવેથી એને **તમારો શિષ્ય જાણી એની સંભાળ રાખશો.**" પ્રસગે પ્રસગે આ બને જણને આવી ભલામણ આપતા રહી, શેષકાળ તત્ત્વભાવનાનુ ધ્યાન કરતા એ ગુરૂશ્રી કર્મવડે સપાદન કરેલી વિશેષ ઉન્નતિ અને વૃદ્ધિની સામગ્રીઓ લઇ પોતાને સ્થાને ચાલતા થયા. આ બનાવ સવત્ ૧૯૨૭ ના **શ્રા**વણ વદિ ૭ **ર**વિવારના રોજ બન્યો. ગુરૂશ્રીના પરલોકવાસથી શિરે આકાશ તૂટી પડ્યો હોયની શુ ? એવી વેદના કર્મસિહજી સ્વામીને થવા લાગી તેમના મનથી તો દશે દિશામા અન્ધકાર વ્યાપી ગયો ભક્તિપરાયણ શિષ્યને 'હવે શુ કરવુ, હુ એકલો થઇ રહ્યો' એવા એવા હૃદયની દુર્બલતાસૂચક વિચારો આવવા લાગ્યા, પરંતુ જ્ઞાનપૂર્ણ હૃદયમા આ સક્ષોભને વિશેષ કાળ પર્યંત સ્થાન મળી શક્યું નહિ હૃદય દૌર્બલ્યનો ત્યાગ કરીને આ જ્ઞાની પુરૂષે હવે પછી પોતાના કર્તવ્યો શુ છે તેના વિચારમા મન પરોવ્યુ. એકલા અસહાય વિચરવુ પડશે એ માટે તો તેમને કશી ચિતા હતીજ નહિ. યોગ્યજ કહ્યુ છે કે—

एकोऽह मसहायोऽहं कृशोऽह मपरिच्छद ।
स्वप्नेऽप्येवं विधा चिंता मृगेन्द्रस्य न जायते ॥*

મનુષ્ય સ્વભાવની આવી દુર્બળતા સહજ છે. પ્રસગ પડે ત્યારે કોઇ વિરલજ એ ભય સામે ટકી શકે છે. 'વિકારના હેતુ હોય છતા જેનુ મન વિકાર પામતુ નથી તે ધીરx' એવી કાલિદાસે 'કુમાર સભવ'મા ધીર પુરૂષની વ્યાખ્યા આપી છે તે યથાર્થ છે. જ્ઞાની અજ્ઞાની બનેને ક્ષોભ અને દુર્બળતાના વિચારો એક સરખી

---

* હુ એક છુ, **અસહાય** છુ, દુર્બલ છુ, કુટુમ્બહીન છુ, એવા પ્રકારની ચિતા સિહને સ્વપ્નામા પણ થતી નથી.

x विकार हेतौ सति विक्रियन्ते येषा न चेतासि त एव धन्याः

રીતે આવે છે, અતર એટલુ કે જ્ઞાનીનુ ચિત્ત પાછુ તરત ઠેકાણે આવી જાય છે વિવેક અને વિજ્ઞાનના ધોકાથી વિનાશક વૃત્તિઓના વેગને તે શમાવી દે છે, જ્યારે અજ્ઞાની હાયવોય કરી નિત્ય નિરતર ક્ષોભ, ચિતા, ભય, વ્યાકુળતા, સતાપ, વિષાદ, વિલાપ કર્યાજ કરે છે શ્રીમત્ કર્મસિહજી સ્વામીનો ભોગદાયી કર્મના પ્રાબલ્યથી ઉદ્ભવેલો ક્ષોભ જ્ઞાન અભ્યાસના બળથી વિદૂર થતા તેઓ કાર્યાકાર્યના વિવેકમા, કર્તવ્યયોજના ઘડવામા પ્રવૃત્ત થયા તેમની બુદ્ધિ, વિદ્યા, અનુભવ, શાસ્ત્રજ્ઞાન, સુભાષિત સાહિત્યના શ્લોકોનો સગ્રહ, વાકચાતુરી, સૂક્ષ્મ વિચારો સમજી સમજાવી શકવાની શક્તિ, સુદર વિચારોનો સગ્રહ, ધૈર્ય અને ગભીરતા, એ સર્વ તેમના સહાયક હતા સપ્રદાયની અને ધર્મની સેવા, તપશ્ચર્યા, ધ્યાન, જ્ઞાન, ગુપ્તિ, દેહદમન, મનોનિગ્રહ, શાન્ત વૃત્તિ, ધર્મોપદેશ એજ વ્યવસાય એજ વ્રત અથવા કર્તવ્યરૂપે માની, શક્તિ હોય ત્યા સુધી પર્યટન કર્યા કરવાનો તેમણે નિશ્ચય કર્યો. ગુરૂએ આપેલી આજ્ઞા મુજબ શ્રીમત્ કર્મચદજી સ્વામીમા ગુરૂભાવ સ્થાપી, તેમની સેવામા પિતૃનિષ્ઠા રાખી ગુરૂભક્તિ એવી દર્શાવી આપી કે તે સ્વામીનો ભાવ તેમના ઉપર પોતાના શિષ્યો કરતા પણ વધ્યો. આ વૃદ્ધ સ્વામીની સેવા ઉપરાત પોતાના દાદાગુરૂ રગજી સ્વામી અને કેશવજી સ્વામીની સેવા કરવાનુ પણ આપણા ચરિત્રનાયકને પ્રાપ્ત થયુ હતું સવત્ ૧૯૨૯ ની સાલમા એ મુનિશ્રી કાળધર્મને પામ્યા પૂજ્યશ્રી કર્મચદજી સ્વામી પણ વૃદ્ધ હોઈ દિવસે દિવસે ઘસાતા જતા હતા તેઓ પણ સવત્ ૧૯૩૨ ના ભાદ્રપદ વદી ૧ ના દિવસે કાળધર્મ પામ્યા. આ ત્રણે વયોવૃદ્ધ, અનુભવી, અને જ્ઞાની પુરૂષોની સેવામા લાબા વખત સુધી રહેવાથી કેટલુક ગુપ્તજ્ઞાન અને રહસ્ય શ્રી કર્મસિહજી સ્વામીને મળ્યા હતા. આથી તેઓ ઉપદેશ વખતે ગુરૂજનોની સેવાના મહાન લાભ

કહેતી વખતે સ્વાનુભવની વાતો જણાવતા અને મહાત્માઓના અંત વખતે પાસે રહી સેવા કરવાથી અમૂલ્ય લાભ મળવા સંભવ રહે છે એમ ઇસારો કરતા.×

હવે શ્રીમત્ કર્મસિંહજી સ્વામી ખરેખરી રીતે દૃષ્ટ સહાય વગરના અને એકલા (ગુરૂ અને વૃદ્ધ સાધુઓના આશ્રય વિનાના) પડયા, પરંતુ આગળ કહેવામાં આવ્યું છે તેમ તેઓ સ્વાશ્રયી અને જ્ઞાનસંપત્તિવાળા હતા, અને એ ગુણો તથા સંપત્તિને ટકાવી રાખવા જેટલી સાધનસંપત્તિ ગુરૂ, વૃદ્ધ સેવા, સત્સંગ અને ધર્માભ્યાસ દ્વારા પામી ચૂકયા હતા. એટલે તેમનુ મન નિડર હતું. આટલો કાળ પરતંત્ર રીતે ગુરૂઆજ્ઞાતળે રહીને કામ બજાવવાનુ હોવાથી તેમણે પોતાની કેટલીક ઇચ્છાઓ દબાવી રાખી હતી. હવે સ્વતંત્ર રીતે વિહાર કરવા સારૂ વિશાળ કાર્યક્ષેત્ર તેમને માટે ખુલ્લુ થયુ. પોતે વિદ્વાન્ છતા નમ્ર હોવાથી ગુરૂ તેમજ ગુરૂતુલ્ય વૃદ્ધ સાધુ પુરૂષોથી ઉપરવટ થઇ કોઇ પણ કાર્ય કરવાની તેમને ટેવ ન હતી. આથી ધારેલી કેટલીક મુરાદો પાર પાડવાનો યોગ હવે તેમને મળ્યો. હવે પછીના જીવનમાં આટલા વર્ષો સુધી પોષેલુ ફળ અમુક નામરૂપ આકારે વ્યક્ત થવા લાગ્યું. જે ભાવનાની પ્રતિમાઓ હૃદયભૂમિમા પડી હતી, તે હવે સાકારરૂપ ધરવા લાગી અને તેમની મહત્તા સર્વ તરફથી સ્વીકારાઈ.

લોકોને ચાલુ ઉપદેશ આપી સપ્રદાય અને ધર્મનો મહિમા તથા

× नाणस्स होइ भागी, थिरयरओ दंसणे चरित्ते य,
धन्ना आवकहाए, गुरुकुलवासं न मुचंति. "आवश्यक निर्युक्ति."

નાણુ તણો સભાગી હોવે, થિર મન દર્શન ચરિત્તે રે,
ન ત્યજે ગુરૂ કહિયે એ બુધ ભાખ્યુ, આવશ્યક નિર્યુકતે રે
યશોવિજયજી

વિસ્તાર વધારવો, ધર્મનાં રહસ્યો પ્રકટ કરવાં, અન્ય સંપ્રદાયવાળાને પોતાના સપ્રદાયનાં તત્ત્વોનાં રહસ્ય તથા ગૌરવ બતાવી પોતાના ધર્મ ઉપર રહેતી તિરસ્કાર કે ઉપેક્ષાવૃત્તિને દૂર કરવી એવાં એવા કામો માટે જૂદે જૂદે સ્થળે ફરવાનો નિશ્ચય કરી તે સબધી તૈયારીઓ કરતા હતા. એટલામા તેમના ઉપર એક ન ધારેલુ કર્તવ્ય બજાવવાનું આવી પડયુ. સયોગો એવા બની આવ્યા કે પોતાનાજ સપ્રદાયના લોકોને અન્ય સપ્રદાય તરફ દોરવાઈ જતા અટકાવવાની અને પોતાના પંથમા સ્થિર કરવાની પ્રવૃત્તિ તરફ પોતાનુ બધુ લક્ષ આપવાની જરૂર પડી. સપ્રદાયમા જાગેલી આ ખટપટ કોણે, શામાટે, કેવી રીતે, કેટલી જગાવી હતી તેની ચિકિત્સા અને વિવેચન કરવાનું આ સ્થળ નથી. અત્રે તો માત્ર એ બાબતનો ઈસારો કરીનેજ ચલાવી લઇશુ.

જૈનધર્મની મૂળ બે શાખા છે. શ્વેતાબર અને દિગંબર. શ્વેતાબરમા વળી મુખ્ય બે ફાટા છેઃ દેરાવાસી અને સ્થાનકવાસી. સ્થાનકવાસી જૈનધર્મનો પ્રસાર કચ્છમા ક્યારે અને કેવી રીતે થયો તે સબધી ટૂક હકીકત પ્રકરણ બીજાની શરૂઆતમા કહેવાઈ ગઇ છે. હવે સ્થાનકવાસી પથમા છકોટી અને આઠકોટી નામે મુખ્ય બે ફાટા છે. આઠકોટી પક્ષમા આપણા ચરિત્રનાયક હતા. આઠકોટી પક્ષમાજ એ ખટપટ જાગી હતી. આ સબધી વિવેચનમા ઉતર્યા પહેલા એ તરખડના મૂળ કારણના સ્વરૂપનો વિચાર કરવો યોગ્ય છે, કેમકે કારણનુ જ્ઞાન થયે એવા વિનાશક કાર્યોને અટકાવવાના ઉપાય અને સાધનો મળી રહે છે. કોઈ પણ સપ્રદાયમાં કોઇ માણસ ત્યાગી, સંન્યાસી, ગોસાઇ, સાધુ, યતિ, ફકીર કે દરવેશ થાય છે તે, તે સપ્રદાયગત ધોરણને અનુસરીનેજ થાય એવો નિયમ છે, દૃઢ વિરાગ અને વિવેકનો ઉદય થયા વગર સંસારને ત્યાગવાનો ઉપદેશ કોઇ પણ સપ્રદાયનુ ધર્મસાહિત્ય જણાવતું

નથી. છતાં લોકપ્રચલિત નીતિ એથી બહુ વિરૂદ્ધ છે અને આવી વિરૂદ્ધ નીતિએ ચાલવાથીજ લોકો પોતાનાં ધર્મશાસ્ત્રો તથા તેમના પ્રણેતાઓને તેમજ ખુદ આખા સંપ્રદાયને નિંદાવે છે શાસ્ત્રવિધિને ન સમજી અથવા તો સમજ્યા છતા કોઇ કારણોને દૂર રાખી પોતાના ક્ષુલ્લક સ્વાર્થને સાધવાના હેતુથી દીક્ષા અપાય છે અને શિષ્ય પક્ષે કેવળ ભોળાઈ, અજ્ઞાન, ખોટો આવેશ ને ધર્મ ઘેલછાથી પ્રેરાઇ દીક્ષા લેવાય છે ઘણા સંપ્રદાયમા આમ બને છે, અને એવા વેશધારી લોકો ધર્મને ઉન્નત કરવાને બદલે ઉતારી પાડે છે—વગોવાવે છે.* ત્યાગાશ્રમની શોભા સર્વ વાસનાઓનો અનુદય—જે વિરાગનો પરમ અવધિ મનાય છે તે ઉપર અવલંબે છે. પુષ્કળ વિરાગ વગર અહંમમનો સર્વાંશે ત્યાગ કર્યા વગર લીધેલો વેશ વિડંબનારૂપજ છે. વેશ માત્ર ધારણ કરવાથી ત્યાગાશ્રમ બનતો નથી, આ સર્વ વિચારોથી ફલિત થાય છે કે વિરાગ બોધ અને ઉપરતિ (જે પરસ્પરના સહાયક છે) નું પરિશીલન કરવાને જે હૃદયબલની, પુણ્યપુંજની અને સત્સંસ્કારની જરૂર છે, તે પ્રાપ્ત કર્યા પછી દીક્ષા લેવાતી હોય અથવા તો દીક્ષા લેવાયા પછી પણ એ સર્વને પ્રાપ્ત કરવાનો સબલ પ્રયાસ સેવાતો હોય તો કોઇ પણ ધર્મમા વિખવાદ કે પ્રપંચનો, વિદ્વેષ કે કલહનો, દંભ, આડંબર અને પ્રતારણાનો પ્રસંગ ઉભો થવાનો વખતજ આવે નહિ. આપણા કચ્છ, કાઠીઆવાડ અને ગુજરાતમા ચાલતા કોઈ પણ સંપ્રદાય—ધર્મ—વાડાની અંદર જે જે આચાર્યો, ગોસાંઇઓ, ગાદીપતિઓ, મુનિમહારાજો કે સંન્યાસીઓ વર્તે છે તે સર્વ મનુષ્ય પ્રકૃતિને અંગે રહેતા સ્વાભાવિક દોષોથી **સર્વથા** મુક્તજ હોય છે એમ નથી. ખરા કર્તવ્યને ભૂલી જઇ કર્તવ્યવિમુખ બની

---

* જ્ઞાન દર્શન ચરણ ગુણવિણ, જે કરાવે કુલાચાર રે,
લૂંટે તેણે જન દેખતા, કિહા કરે લોક પોકાર યશોવિજયજી

માન અકરામ, પૂજા અર્ચા, સત્કાર, અધિકાર, જગ્યા, જાગીર, દ્રવ્ય, ખોટી મ્હોટાઈ ઈ મેળવવા માટે એક સાધારણ સંસારીની માફકજ કોઇ કોઇ તો વલખા મારે છે, કોર્ટે ચઢે છે અને પ્રપંચો રચે છે, પોતપોતામા અને અનુયાયી વર્ગમા કલહ અને વિદ્વેષના બીજ રોપે છે, પોતાના દુશ્ચરિતથી ખોટુ દૃષ્ટાન્ત ઉભુ કરી લોકોની ખરા ધર્મ ઉપરની આસ્થાને શિથિલ કરે છે.+ અને પોતાના બીજા વર્ગને હમેશને માટે નીચુ જોવડાવનાર થઇ પડે છે, પરિણામે એકજ જાતમા અનેક તડ અને ફાટાઓ પડી જાય છે. આવા અનેક અનર્થો ઇતિહાસ જોતા જણાઇ આવે છે. આપણા જૈન સંપ્રદાયના ઇતિહાસમા એક વખત એવો પણ હતો કે જેનુ વર્ણન પૂજ્યતમ મહાત્મા **આનન્દઘનજીએ** નીચેના પદમા આપ્યુ છે—

ગચ્છના ભેદ બહુ નયન નિહાળતા,
તત્ત્વની વાત કરતા ન લાજે,
ઉદરભરણાદિ નિજ કાર્ય કરતા થકા,
મોહ નડીઆ કલિકાલ રાજે

શ્રીયુત **માણેકલાલ ઘેલાભાઇએ** આ પદનો પરમાર્થ નીચે પ્રમાણે ભર્યો છે.

"એક તરફ મત અથવા ગચ્છનુ મમત્વ અને બીજી તરફ નિર્મળ આત્મતત્ત્વની વાત કરવી એ બનતું નથી જ્યા મતનુ મમત્વ હોય ત્યાં આત્મત્વનુ જાણપણુ હોતું નથી છતા સમુદાય અથવા તપા-સોંકાદિ ગચ્છના ભેદોમા ગુંથાએલા એવા તેઓ તત્ત્વની વાત કરતા શરમાતા નથી."

+ કેઇ નિજ દોષને ગોપવા, રોપવા કેઈ મત કદરે,
ધર્મની દેશના પાલટે, સત્યભાએ નહી મદરે

યશોવિજયજી.

"વૃક્ષના મૂળમા અગ્નિ બળતો છતાં વૃક્ષ લીલું રહે એ સંભવિત નથી; તેમ મમત્વ અને તત્ત્વની વાત તેને વિસંવાદ છે. એટલે મમત્વીઓ યથાર્થ તત્ત્વ જાણે અને કહે તે ઉપર કહેલા તત્ત્વનાં દૃષ્ટાન્ત જેવુ છે.

"આ ગચ્છના ભેદ અને પ્રતિભેદોમા ગુથાએલા મમત્વીઓ શુ કરે છે, અને એમની એવી સ્થિતિ કેમ છે તે કહે છેઃ—

"આવા મમત્વીઓને કલિકાળરૂપી રાજાએ, અથવા કલિકાળના રાજ્યમા **મોહ** રાજાએ નડતર કરી છે, અર્થાત્ મોહ રાજાએ તેમને પોતાના કબજામા લીધા છે, અને તેથી કષાયપૂર્વક તેમની કરણી હોય છે. અને તેથી તેઓ ઉદરપોષણ વગેરે કામો કરે છે, અને પરમાર્થથી વેગળા છે. સામાન્ય મનુષ્યોને **મોહે** કોઇને કેડ સુધી તો કોઇને ગરદન સુધી ગ્રહેલા છે. એટલે સામાન્ય મનુષ્યોમાં કષાય જો કે થોડા જોવામા આવે છે. પણ આ વેષધારી મતવાદીઓને તો **મોહ** રાજાએ પગથી તે માથા સુધી ગ્રહણ કરેલ છે. એટલે તેમનામા કષાયની પ્રબળતા જણાય છે. તેઓ બાપડા **દયાપાત્ર** છે કહ્યુ છે કે—

ભાખે નિરપેક્ષક વચન, ક્રિયા દેખાવે ક્રૂર,
વાકો તપ સયમ સરવ, કર્યો કરાયો ધૂર.

"માટે જે એકાન્ત પક્ષી ગમે તો દયાપક્ષી હોય વા ભક્તિપક્ષી હોય કે 'ગુરૂ ગુરૂ જપના ઓર સબ સુપના' એમ કહેનાર ગુરૂપક્ષી હોય તો પણ નિરપેક્ષ વચન બોલનાર કષાયવાન ચારે ગતિઓમા ભ્રમણ કરશે."

સ્થાનકવાસી જૈન સાધુ વર્ગમા કચ્છ ખાતે એ વખતે આવાંજ કેટલાક કારણોને લીધે ક્રિયા, આચાર અને સિદ્ધાન્તમા મ્હોટો મતભેદ ઉભો થયો. ભાવાર્થને જાણ્યા વિના અમુક એક વાતને વળગી

રહી મૂળ સૂત્રના **અર્થમાં** તાણી તોસીને એકદેશીય સ્વચ્છંદી ફેરફાર કરવામા આવ્યા. દાન દયા અહિંસાના લક્ષણને એટલી હદ સુધી ખેંચી જવાયાં કે એ સર્વ આચરવામા પાપ બધાય છે, એટલે કાઇ ન કરતા **કેવળ પ્રવૃત્તિશૂન્ય** થઇ મલિનભાવે રહેવુ એમાજ ધર્મ મનાવા લાગ્યો. સ્વામી વિવેકાનન્દ કહે છે કેઃ–"જગત્મા એ તો એક સર્વ સાધારણ મહાન નિયમ થઇ ગયો છે કે કોઇ એક વાર્તા ગમે તેટલી સારી હોય તો પણ તે અતિની ગણનામા આવીને વધવા લાગી એટલે વધતા તે કોઇ **ભળતીજ** સ્થિતિએ જઇ પહોચે છે, અને તે એટલી બધી સીમા ઉપરાત કે અતે આપણને તેના પ્રતિ તિરસ્કારજ થઇ જાય છે ભલેને ગમે તો સદાચરણ હોય પણ મનુષ્ય જો તે અતિપણાથી આચરવા લાગ્યો અને સદાચારના નિયમમા પ્રત્યેક અક્ષરનો કોરી કોરીને અર્થ કાઢી સર્વથા શબ્દશ. કર્મ કરવા લાગ્યો એટલે અતે તેનુ પર્યવસાન દુરાચરણમાજ થવાનુ. એના પ્રત્યેકને અનુભવ હોવો જોઇએ." સંસ્કૃત કથની છે કે–**अति सर्वत्र वर्जयेत्** તે પણ એજ તાત્પર્યનુ સૂચન કરે છે સ્વચ્છંદી અને મનસ્વી અર્થ કરનારો વર્ગ આ પ્રમાણે અતિશયતાથી દરેક સૂત્ર સમજાવવા લાગ્યો અને પોતે એટલી હદસુધી પ્રવૃત્તિશૂન્ય રહેવા લાગ્યો કે વસ્ત્રાદિ વ્યવહારોની શુદ્ધિ, વ્યાકરણાદિનુ અધ્યયન, જ્ઞાન અને વિચારમા સુધારો કરનાર અન્ય સજ્જનોના સમાગમ આદિમા પણ પાપ બંધાતુ સમજી તેથી વિમુખ રહેવા લાગ્યો. આત્મિક વિકાસ સર્વાશે તો શુ પણ સ્વલ્પાશે પણ જેને થયો હોય તેવો વિરલ મનુષ્ય સપૂર્ણ નિ:સંગતાને સેવે–અને તો પણ શુદ્ધિ આદિમા તો સાવચેત રહેજ–તો તે ચલાવી લેવાય. પરતુ સ્વલ્પ પણ વિરાગભાવનો ને જ્ઞાનનો જેને સ્પર્શ નથી એવા રાગદ્વેષ અને તજ્જન્ય મિથ્યા કર્મચક્રમા ભમતા વર્ગની આ માનીનતા તેમનાથા વિરૂદ્ધમત ધરાવનારાથી સહન થઇ શકી

નહિ. અંતે પરસ્પર પ્રકૃતિ રૂચિ અને બુદ્ધિના ભેદને લીધે તથા ઈર્ષા દ્વેષ અને સ્વાર્થવૃત્તિને લીધે ઉભા થએલા મતભેદે એવું રૂપ પકડયુ કે આજ સુધી એકરૂપે રહેલા આ સપ્રદાયમાં કચ્છમાં તડ પડયા. મનસ્વી અર્થ બેસાડનારના વર્ગના સસ્થાપક શ્રીમત્ હંસરાજજી સ્વામી હતા. ત્યાર પછી એ વર્ગ "ન્હાની પક્ષ"ને નામે અને મૂળનો વર્ગ "મ્હોટી પક્ષ"ને નામે ઓળખાવા લાગ્યો. હિંદુસ્થાન એ ભિન્ન ભિન્ન દર્શન મતવાળા અને સંપ્રદાયનુ મુખ્ય સ્થળ મનાય છે એટલે આ નવા વાડા બંધાયા તેમા કાઇ નવાઈ જેવુ ન હતું. એક જૈન ધર્મના મારવાડમા લગભગ પચ્ચીસ અને કાઠીઆવાડમાં આઠેક જૂદા જૂદા ગચ્છ કે તડ છે. તો કચ્છમા ત્રણ તડ થાય તેમા નવાઇ પામવા જેવુ થોડુ છે* !!! જો કે ધર્મની શોભા, મહત્તા અને બળ તો ઐકતામાજ છે, પરંતુ ધર્મનુ ઐકય આપણા ભાગ્યમા લખેલુજ નથી એટલે નિરૂપાય! વિધિને દોષ આપી આપણે હવે ચાલુ વિષય તરફ વળીએ+ આ બનાવ બન્યા પછી જૂદા પડેલા બંને પક્ષના સાધુઓનુ હવે મુખ્ય કર્તવ્ય (ધર્મ?) એ થયુ કે પોત પોતાના વાડાની વાડ મજબુત અને વિશાળ કરી તેમા ભરાય તેટલા

---

*दुस्सम हुंडा सप्पिणी, दाहिणं वासंमि भास गह जोए ।
कनह पक्खिणं जीवा, पंच विसं पंचमे अरए ॥

અભયદેવ સૂરિ

અર્થ—પાચમા આરામા આ પાચ પ્રકારના વિષ હોય છે—દુઃખકારી વખત, ઉતરતો જમાનો, દક્ષિણ દિશામા નિવાસ, ભસ્મ ગ્રહનો યોગ, કૃષ્ણપક્ષી જીવ—મનોગત ભાવ ક્લિષ્ટ હોય તેવા જીવો

+ સ ૧૮૫૯ મા કચ્છમા કચ્છી સઘાડાથી લીંબડીનો સંઘાડો અલગ થયો તેની ધમાલ, કર્મબધણી, પ્રપચ, ખટપટો કાઇક ઠરી ઠામ થયા હતા, એટલે બે પક્ષો પોત પોતાના સઘાડાની વાડ નક્કી કરી ચૂક્યા હતા—ઉપરામવા જેવી સ્થિતિમા હતા ત્યા આ દાહ ઉત્પન્ન થયો

અનુયાયી (ઘેટા ?) ભરવા. કેટલાક અનુયાયીઓનુ એક ટોળુ ન્હાની પક્ષમા જઇ ભરાયુ કેટલાક બિચારા મૂળ પક્ષમાંજ રહ્યા. પોતાનો અનુયાયી વર્ગ વધારવાની તજવીજ બને પક્ષ તરફથી ચાલતી હતી; તેમાં આપણા ચરિત્ર નિરૂપ્ય પણ સામેલ થયા. આ પ્રવાહમા ન તણાતા તેના તટસ્થ સાક્ષી તરીકે રહેવાનું તેમની પ્રકૃતિને રૂચતું હતું, પરતુ આ રૂચિને પોતે અમુક સયોગને વશ હોવાથી દાબવી પડી, તો પણ એ પ્રવાહમા તણાઈ મમત્વ, દુરાગ્રહ, પ્રપચ, ખટપટ કે ઠગાઇમા તેઓ પડયા ન હતા. સત્ય શુ છે તે સમજાવવુ એજ માત્ર એમનુ એક લક્ષ્યબિદુ હતું તે વખતે એ કાઇ અગ્રેસર પદવી ધરાવતા ન હતા તો પણ પોતાને પ્રાપ્ત થએલાં જ્ઞાનથી મૂળ પક્ષના ધર્મતત્ત્વો સબધી વિચાર યથાર્થ અને યુક્તિયુક્ત લાગવાથી તથા જૂદો પડેલો વર્ગ પોતાની **કલ્પનાને** ધર્મનુ નામ આપી લોકોમા પ્રસારે છે—ભ્રમ ઉપજાવી લોકોને વહેમી, શકાશીલ અને અનાસ્થાશીલ બનાવે છે ને એ તત્ત્વોના પ્રસારથી સામાન્ય જન હિતમા પણ વાધો આવવા સભવ છે એમ તેમને જણાવાથી અનિચ્છાએ પણ આ પ્રવાહમાં ઝીપલાવુ પડયુ હતું તથાપિ ઉપર કહેલ છે તેમ બીજા કેટલાક મનુષ્યોની પેઠે એમનુ લક્ષ્યબિદુ મહત્તા, પૂજા, અર્ચા કે માન પ્રતિષ્ઠા મેળવવાનુ નહિ પણ સત્ય ધર્મની નિ:સ્વાર્થ પ્રેમપૂર્ણ સેવા કરવાનુ તથા સમાજ હિત સાધવાનુ હોતા સાધુને ન છાજે તેવી પ્રવૃત્તિ, નિદા, અસત્ય, પ્રપચ, આડબર, માયા-(અદર એક અને બહાર બીજુ) વગેરેમા એ પડયા ન હતા આ વખતે પોતાની જ્ઞાનપૂર્ણ અને વિચારપૂર્વક યોજેલી સયુક્તિક ઉપદેશ પદ્ધતિથી ઘણા લોકોને સત્યાસત્ય વિવેકનુ, સારાસાર વિચારનુ અને સત્ય ધર્મનુ સ્વરૂપ સ્પષ્ટતાથી સમજાવવા માડયુ, અને ખરૂ આત્મકલ્યાણ આમા છે તેનુ ભાન કરાવ્યુ. તેમના પ્રયાસના પ્રતાપે ઘણા લોકો મૂળ ધર્મમા ટકી રહ્યા. નવીન પંથના સ્થાપકો પોતાના પ્રયાસમા નિષ્ફળ નીવ-

ડયા હતા એમ ન હતું. તેમના પણ સ્થાનકો બધાતા ગયા. આમ બને પક્ષ બની રહ્યા.

લોક ગતાનુગતિક* છે, એમને તત્ત્વ સમજવાની શક્તિ, ઇચ્છા, અવકાશ કે જરૂર હોતી નથી. દરેક સપ્રદાયમા આમ બનતું રહે છે એ ધ્યાનપૂર્વક જોતા જણાઇ આવશે બોધની જરૂર કેવળ અજ્ઞાનીને કે કેવળ જ્ઞાનીને હોતી નથી. જે કઇક જાણે છે—કઇક નથી જાણતા તેવા વર્ગનેજ ઉપદેશ કરવો જરૂરનો છે. શ્રીમદ્ કર્મસિહજી સ્વામીએ ઉપદેશપાત્ર વર્ગ ઉપર સચોટ અસર કરી અને સખ્યાબધ અનુયાયીઓની શ્રદ્ધા ટકાવી રાખી સપ્રદાયની મ્હોટી સેવા બજાવી.

ચાર પાચ વર્ષ વીત્યા બાદ કઇક શાન્તિ થઇ બંને તડવાળા પોતપોતાના " વાડા " બાધી શિષ્યાદિ વર્ગની ચોક્કસ સખ્યા થઈ જતા સ્વસ્થ થયા આ શાન્તિકાળનો લાભ લઇ જ્યા આજ સુધી કોઇ પણ સાધુ ન ગયા હોય તેવે સ્થળે વિહાર કરી જૈન સમાજનો મહિમા વધારવાની પોતે પૂર્વે નિશ્ચિત કરી રાખેલી પ્રવૃત્તિ ધરવાનુ આપણા ચરિત્ર નાયકે નક્કી કર્યું અમુક મર્યાદિત પ્રદેશમાજ માત્ર વિહાર કરી ચોક્કસ સખ્યાના એના એજ લોકોને ધર્મબોધ આપ્યા કરવો તે કરતા બહોળા પ્રદેશમા વિચરી ઘણા લોકોને ધર્મબોધ આપવાનું તેમને વધારે પસદ હતુ. આથી **અબડાસા** તરફ જવાનો વિચાર કીધો. પરતુ આ નિશ્ચય પાર પાડવામા કેટલીક સઘાડા તરફથી અગત નડતરો હતી ખાસ કરીને એક શિષ્યની જરૂર હતી કેટલીક અગત અગવડો, સાપ્રદાયિક નિયમ તથા રિવાજને લીધે આ જરૂર ઉભી થઇ હતી એટલા અરસામા તેમના પૂર્વાશ્રમના ભત્રિજાએ તેમની પાસે દીક્ષા લીધી એટલે આ નવ દીક્ષિત યુવક સાથે તેઓ અબડાસા તરફ વિહાર કરવાને નીકળી પડયા,

---

* દેખાદેખીથી, વિવેક વિચાર કર્યા વગર એકની પાછળ ચાલ્યા જવુ—એક કરે તેમ કરવા દોડવું એવા સ્વભાવવાળા 'ગતાનુગતિક' કહેવાય છે

પ્રકરણ ૪ થું.

ઉપદેશ, આચાર્યપદ અને દેહોત્સર્ગ.

महाव्रतधरा धीरा भैक्ष्यमात्रोपजीविनः ।
सामायिकस्था धर्मोपदेशका गुरवो मताः ॥

મહાવ્રતને ધારણ કરનાર, ધીર, ભિક્ષામાત્રથી વૃત્તિ કરવાવાળા, સામાયિક વ્રતમા હમેશ રહેવાવાળા અને બીજાના હિતને માટે ધર્મનો ઉપદેશ કરનારા જ 'ગુરૂ'ઓ કહેવાય છે.

હેમચદ્રાચાર્યે પ્રણીત 'યોગશાસ્ત્ર'

એ વખતે લોકોને સ્થાનકવાસી જૈનમતમા હાલ છે તેટલી પૂજ્ય-બુદ્ધિ, શ્રદ્ધા કે આદર નહતો. કચ્છના થોડાજ ગામડાઓમા એ મતને માનનાર વર્ગ હતો, તેમા પણ 'મ્હોટીપક્ષ' અને 'ન્હાનીપક્ષ' એમ બે પક્ષ બધાવાથી તો બહુજ ફેર પડી ગયો. મુનિશ્રી કર્મસિહજીની પહેલાના તેમ તેમના સમકાલીન મુનિઓ ધર્મનો ઉપદેશ કરતા અને ધર્મપ્રસાર માટે પ્રયાસ લેતા હતા. પરંતુ એ પ્રયાસનુ પરિણામ હજી સુધી બહોળા પ્રમાણમાં આવ્યુ નહોતું. કર્મસિહજી સ્વામીને દેશકાળ, લોકરૂચિ તથા આવશ્યક સુધારાઓનુ મનન કર્યા કરવાની ટેવ હતી. આથી ઉપદેશવા લાયક તત્ત્વોનો તેઓ સૂક્ષ્મ અભ્યાસ કરતા રહેતા તેમની પાસે પ્રાસ્તાવિક શ્લોકો, ગુજરાતી તથા હિંદી કવિઓના કાવ્યો, ધર્મશાસ્ત્રના ગ્રથોના સુદર વિચારોનુ પૂર, દૃષ્ટાન્ત સગ્રહઃ એ સર્વ સામગ્રીઓ એકઠી થઈ હતી, અને તે સર્વ મગજમા એવી રીતે ગોઠવાઈ ગઇ હતી કે વ્યા-

ખ્યાનને ચટકદાર અને રસમય બનાવવા માટે જોઇએ તેવી સામગ્રી જ્યારે જોઈએ ત્યારે મળી રહેતી. એ જે વિચારોનો અભ્યાસ કરતા તે સર્વ વિચારોને પકી રીતે સમજી રાખતા આ ઉપરાત તેમનામા દાખલો લેવા જોગ ટેવ એ હતી કે જ્યા વ્યાખ્યાન આપવાનુ હોય ત્યા જે જે સુધારા કરવા જેવા હોય, જેવા પ્રકારના ધર્મબોધની અગત્ય હોય તે બધી બાબતોનો વિચાર કરી જોઈતી નોધ મગજમા તૈયાર રાખતા—વ્યાખ્યાન માટે અગાઉથીજ તૈયાર રહેતા મુનિમહારાજો આવી નોધો પોતાની નોધપોથીમા કરે અને તે ઉપરથી તૈયાર થઇને પછી વ્યાખ્યાન આપવા બેસતા હોય તો થોડાજ વર્ષમા ન ધારેલા સુધારા જોઈ શકાય એ નિ:સશય છે શ્રીમત્ કર્મસિહજી સ્વામી તૈયાર થયા વગર કે વિચાર કર્યા વગર કદી પણ વ્યાખ્યાન કરવા બેસતા નહિ. આ ટેવને લીધે ઉપદેશ આપતી વખતે એમના ચહેરા ઉપર નિર્ભયતા અને આત્મશ્રદ્ધા તથા ઉત્સાહના ચિહ્નો દેખાતા. અબડાસાના કેટલાક ગામડાઓ, કે જ્યા સ્થાનકવાસી જૈનમતને માનનાર કોઇ વિરલજ મળતા, જ્યા સાધુઓને વિરામ લેવા માટે કોઇ જગ્યા કે સ્થાનક તે વખતે હતા નહિ અને જ્યા અંચલ* અને લોંકાગચ્છના ગોરજી અથવા યતિઓનુ પ્રાબલ્ય બહુ હતું, ત્યા શ્રી કર્મસિહજી સ્વામી વ્યાખ્યાન આપવાની આવી ઉત્તમ પ્રવીણતાને લીધે પોતાના ધર્મનો પ્રસાર કરી શક્યા.

---

* વિધિપક્ષ—અંચલગચ્છની સ્થાપના સવત્ ૧૨૦૦ ની સાલમા આચાર્ય શ્રી આર્યરક્ષિતજીએ કરેલી હતી લોંકાગચ્છના મૂળપ્રવર્તક અમદાવાદના શ્રીમાન્ શાહુકાર લોકાશાહ હતા તેમણે સવત્ ૧૫૦૮ મા મૂળ પ્રવાહને શુદ્ધ કરવાની પ્રવૃત્તિ હાથમા લીધી હતી જૈનના જીર્ણ થઇ ગએલા ગ્રથોની નકલ ઉતારતા મનનપૂર્વક વાચવાથી ધર્મના અસલ સ્વરૂપનુ તેમને બહુ સારૂ જ્ઞાન થયુ તેમણે એ જ્ઞાન ઘણા મનુષ્યોને

માંડવી પાસે ગોધરા નામે ગામડુ છે, ત્યાં લોકાગચ્છના ગોરજીઓ રહેતા હતા. શ્રીમત્ કર્મસિહજી સ્વામી અહીં આવ્યા ત્યારે રહેવાની તો શુ પણ ઉભા રહેવાની પણ જગ્યા ન હતી. કર્મસિહજીની આકૃતિ, વિશુદ્ધિ, શાસ્ત્રપરિચય, ધ્યાન અને તપ–જપ–વ્રતના અનુષ્ઠાનથી બહુ આકર્ષક અને મનોહર લાગતી. મુખમુદ્રા શાન્ત અને ગભીર હતી. આ બહારના દેખાવથીજ કેટલાક લોકોનુ ધ્યાન તેમના તરફ સ્વાભાવિક ખેચાયુ. થોડા ઘણા લોકો કઇક કુતૂહલથી, કઇક જોવાની ઇચ્છાથી, કઇક અવનવુ લાગવાથી તેમની પાસે એકઠા થઇ ગયા તેમની સાથે સામાન્ય વાતચિત કરી પૂજ્યશ્રીએ તેમના મન હરી લીધા. ધીમે ધીમે વિરામ લેવાની જગ્યા વગેરેની જોઇતી સગવડ થઈ ગઈ. અહીં તેમણે લોકરૂચિનુ તરત નિરીક્ષણ કરી લઇ લાગ મેળવી વાણીની ધારા એવી તો ચલાવી કે તમામ વિરૂદ્ધ વિચારોને

સમજાવ્યુ પાછળથી પોતે અપગ અને વૃદ્ધ અવસ્થામા આવી ગએલ હોવાથી સાધુઓને પાળવાની અતિ વિશુદ્ધ આચાર પદ્ધતિનુ પાલન થઈ શકે એમ ન હતુ, એટલે પોતે દીક્ષા ન લેતા બીજાઓને દીક્ષાની વિધિ સમજાવી દીક્ષા આપી આવી રીતે સાધુ થએલા લોકોએ આ પુરૂષનુ નામ અમર રાખવાના હેતુથી પોતાના ગચ્છનુ નામ 'લોંકાગચ્છ' રાખ્યુ કેટલાંક વર્ષો સુધી તો આ ગચ્છમા શુદ્ધ ચારિત્ર પાળનારા સાધુઓ થયા, પણ પાછળથી બીજા ધર્મોમા થાય છે તેમ આ ધર્મમા પણ ગોટાળો થવા લાગ્યો મૂળના આશયો ઉલટી ગયા. દેશના જૂદા જૂદા ભાગોમા ઉપદેશ આપવાના હેતુથી બધાએલા ગચ્છ અને સંઘાડા તે એકબીજાની ખોદણી માટે, એકબીજાથી વિરૂદ્ધ પ્રરૂપણા કરવા માટે કે હુસાતુસીમા પડવા માટે કેમ જાણે હોય તેમ પ્રતિસ્પર્ધી ટોળાના રૂપમા ફેરવાઈ ગયા. સાધુ અને ગોરજી એમ બે પક્ષ બધાઈ ગયા ગોરજીઓના આચારવિચાર મૂળ શુદ્ધ ધર્મથી કાળક્રમે બદલાતા ગયા, અને મારણ, મોહન, ઉચ્ચાટન, દોરાધાગા, વૈદુ એવા ધધા તે વર્ગમા દાખલ થઇ ગયા.

ધોઇ નાખ્યા. લોકોને શ્રદ્ધા બેસવા લાગી અને થોડાજ દહાડામા કેટલાક સ્ત્રી પુરૂષો મ્હોટી પક્ષના અનુરાગી થયા. અહિ આવ્યાને કેટલાક દિવસ વીત્યા એટલામા આજુબાજુના ગામડામાથી કેટલાક ધર્મજિજ્ઞાસુ શ્રાવકો તરફથી પોતાને ત્યા પધારવાના આમત્રણો આવવા લાગ્યા. તેમનો ઉપદેશ હૃદયના ખરા ઉદ્દગાર રૂપે નીકળતો હોઇ શ્રોતાવર્ગને રગેરગ ઠસી જતો, અને એ વર્ગનુ હૃદય જાગ્રત થતું. હરેક વાત સ્પષ્ટ અને સમજી શકાય તેવા રૂપમા રજુ કરવાની કળાથી તેમને બહુ વિજય મળ્યો. તેમા પણ ભાષા અને બોલવાની છટા કરતા હૃદયની શુદ્ધતાથી લોકો પર એટલી બધી અસર થઈ કે ગોધરામા ગુર્જર જ્ઞાતિના તમામ લોકો સ્થાનકવાસી થયા. આ અણધારી ફતેહથી શ્રીમત્ કર્મસિહજી સ્વામીનો ઉત્સાહ બમણો વધ્યો. ગોધરામા તેમને કહેવામા આવ્યુ કે અબડાસા તાલુકાના ગામડાના લોકો નિખાલસ દિલના, સાદા અને સરળ સ્વભાવના છે, તેમને ધર્મબોધની બહુ જરૂર છે, કેમકે અજ્ઞાન અને વહેમમા પડી ગોરજીઓના સ્વાર્થના ભોગ થઇ પડયા છે. આ ઉપરથી ત્યાથી કુનરો, વંડી, માપર, બોજાય, બાંભડાઇ, લઠેડી, કોટડા, દેવપુર, ગઢસીસા, દેઢીઆ, રાંધણજર, હાલાપુર, અરણોદ, કોટડી, રતડીઆ, શેડી. એ ગામોમા ફર્યા. એમાના કેટલાક ગામોમા એ ત્રણ વખત ઉપદેશ આપતા. આ સઘળા ગામોમા રહેવાની સગવડ નહિ, અને નિર્દોષ આહારપાણી મેળવવામા બહુ મુશ્કેલી હતી. એક સ્થાનકવાસી સાધુને સાભળવા લોકો હોસે હોસે દોડતા જાય, તેને આદરમાન આપે, તેના ગુણોની પ્રશસા કરે એ વાત દેરાવાસી જૈનભાઇઓથી ખમી શકાઇ નહતી. એટલે ઇર્ષાના વેગમા કેટલેક સ્થળે તેમના તરફથી શ્રોતાવક્તા બંને પક્ષને અનેક તરેહની પજવણી કરવામા આવી હતી. આ નડતરો અને પજવણીની તેમજ આહાર–વિહાર આદિની જે મુશ્કેલીઓ

નડી હતી તે સર્વની સવિસ્તર હકીકત અત્રે લખતા નિરર્થક વિસ્તાર થાય એ ભયથી અહીં ન આપતા ભોજાય અને ડુમરામા બનેલી હકીકત લખીનેજ સતોષ પકડીશુ.

ભોજાયમા રહેવા માટે કોઈ જગા નહતી. વખતે આવતા જતા સાધુઓ એક બે દહાડા રહી જતા. લોકોને ધર્મ ઉપર બહુ રાગ હતો નહિ. તો પણ એક બે સારા પ્રતિષ્ઠિત ગૃહસ્થોની સહાયથી સ્વામીશ્રીને ત્યા રહેવાની સગવડ મળી ગઈ આ ગામમા એક માસ રહીને ચાલુ વ્યાખ્યાન આપ્યા બુલદ અવાજ, દાખલા દલીલોથી ધર્મનુ સત્ય સ્વરૂપ સમજાવવાની યુક્તિ પ્રયુક્તિ, જાહેર હિમત અને વાક્ચાતુરીથી ઘણા લોકોના મન પર સારી અસર પાડી. અહિ અંચલગચ્છના ગોરજીઓએ બહુ હરકત કરી. એ લોકોને ભય બેસી ગયો કે આ સાધુના ઉપદેશથી લોકોના મન ફરી જશે, અમને પૂજતા બધ પડી જશે, અને એથી અમને મળતા લાભો અટકી પડશે. આવા ભયથી એ ગોરજીઓએ બની શકે તેટલો પ્રયાસ કરી લોકોને ફેરવવા તથા કર્મસિહજીનુ અપમાન કરવા મથવા માડયુ. પરતુ શ્રીમત્ કર્મસિહજી સ્વામીના ઉપદેશની છાપ લોકોના મન પર એવી સચોટ બેઠી કે તેમનુ કઈ પણ ચાલી શકયુ નહિ. તો જો કે ધારી સફળતા મેળવવામા એ આડા આવ્યા ખરા એમ કહી શકાય. આચાર્યશ્રીએ ઉપદેશેલ તત્ત્વનો જેટલા લોકોએ સ્વીકાર કર્યો તેઓ તેમા એવી તો અડગ શ્રદ્ધાથી ચુસ્ત રહ્યા કે પાછળથી સ. ૧૯૫૨ ની સાલમા ૪૧ ગામવાળાઓએ મળી તેમને એ શ્રદ્ધાનો ત્યાગ કરવાની ફરજ પાડી છતા તેઓ ડગ્યા નહિ. અતે જ્ઞાતિથી બહિષ્કાર કરવામા આવ્યો તથાપિ સ્વીકારેલો માર્ગ તેઓએ છોડયો નહિ.

ડુમરા ગામમા કર્મસિહજી સ્વામીની અગાઉ કોઈ પણ સાધુ ગયા ન હતા. દશેક ધર્મપ્રેમી સજ્જનોના આગ્રહથી મુનિશ્રી ત્યાં

ગયા. એ ગામમા રાજા પાલણુની એક ધર્મશાળા છે, ત્યા તેમને વિશ્રામ આપવામા આવ્યો. કહે છે કે એ વખતે એમની કીર્તિ આસપાસના ગામડાઓમા ફેલાવાથી બીજા ગામોમાથી પણુ શતાવધિ સ્ત્રી પુરૂષો વ્યાખ્યાન શ્રવણુ માટે આવતા. શ્રોતાઓની એકંદર સખ્યા કોઈ કોઈ વાર ૬૦૦–૭૦૦ ની થતી ગામડાના ભાવિક, નિષ્કપટી, અને સરલ લોકો તેમના ઉપદેશથી શુદ્ધ જૈનધર્મના રાગી બન્યા. ગોરજીઓના પ્રદેશમા ઘૂમી આવી રીતે જે વિજયડકો એમણે વગાડયો તેથી એ વર્ગમા ભારે ચિતા, ભય અને ક્રોધ વ્યાપી ગયા. પરોત્કર્ષને સહન કરી લેવા જેટલુ જ્ઞાનબલ કે ચારિત્રબલ આવા વર્ગમા ક્યાંથીજ હોય ? તેઓ તો કોઇ પણુ ઉપાયે કર્મસિહજીને આ પ્રદેશમાથી કહાડવા, હલકા પાડવા અને ખોટા ઠરાવવા પ્રયાસ કરતાજ રહેતા. ચૈત્ર માસમા આયબીલની ઓળીઓ હોતા ડુમરામા એ વખતે એક સામટા નવ ગોરજીઓ એકઠા થઇ ગયા તે બધા જણે મળી લોકોને ફેરવવાની તજવીજો ચલાવી પણુ તેમા કઇ વળ્યુ નહિ, એટલે કર્મસિહજી સાથે શાસ્ત્રાર્થ કરવા તૈયાર થયા તેમને ઉતારે જઇ થોડી ઘણી વાતો કરી પરતુ જેની ગધ માત્ર પણુ નહિ મળેલી એવા શાસ્ત્રો સબધી તેઓ બોલીજ શુ શકે ? આવી રીતે ફાવી શકાય એવુ નથી એમ સમજાતા તેમણે છેવટે હલકો બાલિશ માર્ગ લીધો. પૂજ્યશ્રી ગામમા ગોચરીએ જતા ત્યારે તેમની પછવાડે કૂતરા ભસાંવવા, ધૂળ અને પત્થરો ફેકવા, ગાળો દેવી, ઠામ ઠામ નિદા કરવી, રાત્રી વખતે પણુ અનેક ઉપદ્રવ કરવા, એમ અનેક રીતે પજવવાનું શરૂ કર્યું. એથી આચાર્યશ્રીની સમતાનો ભગ ન થયો તેમણે તેમને સદુપદેશ આપ્યો. પરતુ **'उपदेशोहि मूर्खाणां प्रकोपाय न शान्तये'** એ નિયમ પ્રમાણે તેમનો ક્રોધાગ્નિ ઉલટો વિશેષ પ્રજ્વલિત થયો. અને અગત પજવણી વધવા માડી. બિચારા ભોળા અજ્ઞાની અને વહેમી

વર્ગને હવે તેઓ ભય આપવા લાગ્યા કે–' અમારા કહેવા પ્રમાણે નહિ વર્તો તો અમે તમને મૂઠ મારીશુ, ગાડાઘેલા કરી મૂકીશુ, ભૂતાવળ વળગાડીશું ' ' એ વર્ગ એથી હેબતાઇ ગયો. કર્મસિંહજીમા માનબુદ્ધિ ધરાવનારો દૃઢ શ્રદ્ધાવાન વર્ગ ભદ્રીક જનસમૂહને ખાત્રી આપવા લાગ્યો કે એ ડર અયોગ્ય છે; પરતુ એ સર્વ વ્યર્થ ગયુ. ઉપદ્રવ વધ્યો, અને ક્લેશ વધતો જોઇ બીજી વેળાએ આવવાનો નિશ્ચય કરી આચાર્યશ્રીએ વિચાર્યું કે અહિથી નીકળી જવુ એ બહેતર છે નીતિવાક્ય છે કેઃ—

खलानां कण्टकानाञ्च द्विधैव प्रतिक्रिया ।
उपानन्मुख भंगो वा दूरतो वा विसर्पणम् ॥*

પહેલા કરતા બીજો ઉપાય કષાયના સભવને અટકાવવાના ધર્મવાળા સાધુ મહાત્માને વિશેષ રૂચે એ સ્વાભાવિક છે એટલે પોતેજ ખરેબપોરે ત્યાથી વિહાર કરી ગયા પાછળથી અકસ્માત્ કાકતાલીય ન્યાયે એવુ બન્યુ કે તેમને પીડનારા નવે ગોરજીઓ કોઇ ફોજદારી મુકદમામા સપડાતા બિટાની જેલમા ગયા. ગામડાના લોકોએ માની લીધુ કે મહાત્માને પીડવાના ફળ એ લોકોને ચાખવા પડ્યા. આ બનાવથી આચાર્યશ્રીમા એ લોકોની ઓર વિશેષ શ્રદ્ધા બેઠી.

અબડાસા તાલુકામા આચાર્યશ્રી એકદર બે વર્ષ સુધી ફરી શક્યા હતા. જો કે તેમની ઇચ્છા તો એ કરતા વિશેષ વખત સુધી ફરી એ તાલુકામા ધર્મનો વિશેષ ઉદ્યોત કરવાની હતી, તથાપિ સાપ્રદાયિક બંધનો અને નિયમો આગળ તેઓ નિરૂપાય હતા. તોપણ જે થોડી મુદ્દત સુધી જૂદે જૂદે સ્થળે તેઓ ફર્યા હતા તેટલી મુદ્દતમાં

---

* ખળ લોકો અને કાટા એ બનેને દૂર કરવાના ઈલાજ માત્ર બે છે. કાતો ખાસડાથી તેમના મ્હો ભાગી નાખવા અને કાતો તેમનાથી દૂર જતા રહેવું

પણુ તેઓ સારૂ કામ બજાવી શક્યા હતા એમા તો શક નથી. એ તરફના રજપુતો દારૂ, માસ, અફીણ, જુગાર આદિ દુર્વ્યસનોમાં ફસેલા હતા. આ દુર્વ્યસનો, તજ્જન્ય દરિદ્રાવસ્થા તથા અન્ય દુઃખોથી તેઓ મુક્ત થાય તે માટે એ વર્ગને પણ ઉપદેશ આપવાનો પ્રયાસ તેમણે લીધો હતો શ્રોતાની શક્તિ અને અનુકૂળતા વિચારીનેજ અપાતો બોધ વધારે ફળદાયક નીવડે છે એમ જાણીને શ્રીમત્ કર્મસિહજી સ્વામીએ આ લોકોને ઉપદેશવામા જૈનેતરોમા માન્ય ગણાતા ગ્રથોનો બોધ આપવા માડયો. કેટલાક હિદુ ધર્મશાસ્ત્રો તેમણે અવલોકેલાં હતા એટલે એ શાસ્ત્રોમાથી માસાહાર, હિસા, દ્યુત, મદ્યપાન આદિનો સ્પષ્ટ નિષેધ કરનારા વચનો કહી સભળાવી તથા દૃષ્ટાન્તો આપી રજપુત વર્ગપર એટલી તો સચોટ અસર કરી કે તેઓમાના કેટલાકોએ શિકાર, મદ્યપાન અને માસાહારને ત્યાગવાના પ્રત્યાખ્યાન લીધાં, અને કેટલાકોએ અફીણુ અને જુગાર મૂકી દેવાના સપથ લીધા. ભરવાડો કે જેઓ તરતના જન્મેલા ઘેટા બકરાઓને જગલમાં ફેકી દેતા તેઓ પૈકીના કેટલાકોએ ભવિષ્યમા એ નિર્દય કામ નહિ કરવાનો નિયમ લીધો, અને તેને લીધે તેઓની આબાદી પણ વધવા માડી આવી રીતે તેમના ઉપદેશનુ ફળ એ આવ્યુ કે અન્ય ધર્મવાળાઓ સત્પ્રવૃત્તિપરાયણ બન્યા અને તેઓ પૈકીના ઘણાએક સ્ત્રીપુરૂષોને જૈન મતમા રાગ ઉત્પન્ન થયો. ભોજાયમાના ધર્મપ્રેમી રણુસિહશાહે ખાસ પોતાની જગા સ્થાનક માટે અર્પણ કરી દીધી તેમ બીજે કેટલેક સ્થળે જગાઓની અનુકૂળતા થઇ ગઈ. આવી રીતે ધર્મપ્રચારનુ કામ આગળ વધ્યુ અપરિચિત ગામડાઓમા વિધર્મી અને વિદ્વેષી દુર્જનોની વચ્ચમા રહી આહારાદિકની અનેક અગવડો અને ટાઢ, તડકો, ભૂખ, તરસ તથા વિરોધીઓની હૃદયભેદક નિદાઓ સાથે પત્થરના વરસાદો સહન કરી પોતાને સમજાયલુ સત્ય કેવળ નિઃસ્વાર્થ બુદ્ધિએ

એક માત્ર લોકોનો ઉદ્ધાર કરવાનીજ ઇચ્છાથી ઉપદેશવુ એ કાર્ય કાઈ અસાધારણ ધૈર્ય, સહનશીલતા, જ્ઞાનસામગ્રી અને વિચાર સપત્તિ વિના બની શકે તેમ છેજ નહિ. પોતાનો ધાર્યો સકલ્પ પાર પાડવામા તેમને વિપત્તિઓ વેઠવી પડી તો પણ આદરેલુ કામ અવશ્ય પડતું મૂકવુ નહિ એ તેમનો સ્વભાવજ હતો આઠ કોટી મ્હોટી પક્ષ સ્થાનકવાસી જૈન ધર્મનો § પ્રદેશ વિસ્તૃત કરવા તેમણે જે પ્રયાસ લીધો છે તે માટે આ સપ્રદાયના લોકો તેમનો જેટલો ઉપકાર માને તેટલો ઓછો છે. આપણે આજના સાધુઓએ આ ચરિત્રનાયકને પગલે ચાલી પૂર્ણ ઉત્સાહથી, કેવળ નિઃસ્વાર્થ બુદ્ધિથી, કેવળ નિર્જરા અર્થે જૈનસમાજનો મહિમા વધારવાને, તેની શોભા મહત્તા અને શ્રેષ્ઠતાને વધારવાને, તેનો પ્રદેશ વિસ્તારવાને દેશકાળ અનુસાર ઉદ્યમ સેવવો જોઇએ છે. આ જમાનામા તો અનુકૂળતા વિશેષ છે આજે સગવડો ઘણી છે અને ધર્મ સુધારાને અવકાશ પણ ઘણો છે. અવિભક્ત જૈન ધર્મનુ પુનઃ સસ્થાન—સમુદ્ધરણુ કરવાની જરૂર છે.

શ્રીમત્ કર્મસિહજી સ્વામીના ગુણો કચ્છથી ગુજરાત સુધી પ્રસરી ગયા હતા તેમની તે પ્રદેશમા પ્રશસા થવા લાગી એટલે સવત્ ૧૯૪૫ની સાલમા પાટણથી ખાસ માણસ મોકલી ત્યાના

---

§ "ધર્મ" શબ્દની પૂર્વે આવડી મોટી ઉપાધિ જોઇએ નહિ, કિંતુ વિધિનિર્માણ એવુ છે કે છકોટી આદિ સપ્રદાય તેમ અન્ય વહિક સપ્રદાયોમા આની પેઠેજ ધર્મ શબ્દને વિવિધ શબ્દના પૂછડા આગળ અને પાછળ લગાડાય છે દુનિયા જ્યારે સત્ય સમજવા શક્તિમાન થશે ત્યારે "ધર્મ" શબ્દને ઉપાધિના બોજાની જરૂર પડશે નાહ અને બુદ્ધિ સાથે પવિત્રતા અને સેવા તથા કલ્યાણના સિદ્ધાતપર ચણાયલો ધર્મ સર્વ હૃદયોમા વાસ કરશે

શ્રાવકોએ તેમને આમંત્ર્યા. તેમને તો જૂદે જૂદે સ્થળે ફરી ધર્મનો ઉદ્યોત કરવાની ભારે ઉત્કંઠા હતીજ એટલે બે સાધુઓને સાથે લઇ એ તરફ જવા નીકળ્યા. જૈન સંપ્રદાયના નિયમ પ્રમાણે મુસાફરી કરવા માટે વાહનોનો ઉપયોગ સાધુવર્ગ કરી શકતો નથી. બહુ દૂર જવાનુ હોય, ઉતાવળનુ કામ હોય, શરીરે ઠીક ન હોય તો પણ આ નિયમનુ ઉલ્લંઘન થઈ શકતું નથી. કચ્છમાથી પગ રસ્તે પરદેશ જતા રસ્તામા સાત તથા બાર ગાઉનુ રણ ઉતરવુ પડે છે. આ રણ ચોમાસામા તો પાણીથી ભરેલુ હોય છે તેથી ફાલ્ગુન માસમા તે ઉતરવાનો યોગ મળે છે જો કે સાધુવર્ગ પાસે સરસામાન હોતો નથી તો પણ પાના પુસ્તક અને આહારપાણીના પાત્રા તથા બે ત્રણ વસ્ત્રો હોય છે. જે સઘળા તેમને પોતાનેજ ઉપાડવાનાં હોય છે. આવી સ્થિતિમા આવડું રણ ઉતરી જવુ એ કઈ સહેલી વાત નથી. રણ પસાર કર્યા પહેલા વાગડના કેટલાક ગામોમા ફરી કર્મસિંહજી સ્વામીએ ધર્મપ્રસાર માટે પ્રયાસ કીધો. રાપર અને ચિતોડના સંઘમા કેટલાંક કારણોથી તડ પડયા હતા તે બંને પક્ષમા તેમના પ્રયાસથી ઐક્ય થયુ ત્યાર પછી રણ ઉતરી તેઓ ગુજરાતમા આવ્યા. ત્યા એકંદર બે વર્ષ સુધી ફર્યા. પ્રથમ પાટણ અને ત્યાર પછી બોટાદમા ચોમાસા કર્યા હતા. ત્યાથી વડોદરા, અમદાવાદ, ખંભાત, ભાવનગર વગેરે ગામોમા થોડી થોડી મુદત રહી વ્યાખ્યાનો આપી તે તે શહેરના શ્રાવકોને પરમ આનન્દ અને સંતોષ આપ્યો હતો. ગુજરાત, કાઠીઆવાડમા કચ્છ કરતા ધર્મભાવ, ધર્મજ્ઞાન, ધર્મ પુસ્તકોના ભંડાર, ધર્મની ચર્ચા તેમજ કેળવણીનો પ્રચાર વિશેષ છે. શ્રીમત્ કર્મસિંહજી સ્વામી પોતાના ગુરૂ સાથે આ તરફ પહેલવહેલા આવ્યા હતા ત્યારે તેમને એટલુ બધું જ્ઞાન નહતું. હવે તો તેમને આ તરફનાં પુસ્તકાલયો અને અન્ય સાધુ મહાત્માઓ વિષે ઘણી

માહિતી મળી ગઇ હતી. એટલે કચ્છમાંથી નીકળતી વખતેજ આ તરફ કરવાના કામોની એક યોજના ઘડી કહાડી હતી. આ યોજના પ્રમાણે તેઓ અત્રે વ્યાખ્યાન, ચર્ચા, ઉપદેશ વગેરે આવશ્યક ક્રિયાઓ બાદ અવકાશ મેળવી ત્યાના જૈન ભડારોમાના પુસ્તકો (કે જે કચ્છમા મળવાનો સભવ પણ નહિ હતો) કઢાવી વાચતા તથા ભાગ્યવશાત્ મળી જતાં કોઈ સાધુ મહાત્માઓ સાથે વિચારતા, કેટલાંક સારા હસ્તલિખિત પુસ્તકોની નકલ પોતાને હાથે ઉતારતા, ખાસ કરીને **પાટણ**ના જ્ઞાનભડારમાના પુરાતન ગ્રથોનુ અવલોકન તથા લેખન વિશેષ થયુ આ સમયે એમણે ૪૦ પુસ્તકો સ્વહસ્તે લખીને યોગ્ય સાધુ સાધ્વીને પોતાની યાદગીરી તરીકે અર્પણ કર્યા હતા. આ ઉપરાત કેટલાક **માર**વાડી, **પ**ંજાબી અને ગુજરાત, **કાઠી**આવાડ તરફના વિદ્વાન્ સાધુ સાધ્વી તથા શ્રાવકોના સમાગમનો લાભ પણ તેમને મળ્યો. એ શાન્ત વિદ્વાન્ સત્ત્વગુણી પુરૂષોના સગથી તેમના અનુભવમા ઓર વધારો થયો '**सतांसद्भिः संग कथमपिहि पुण्येन भवति**' મુનિશ્રી કર્મસિહજીનાં પુણ્યનો પ્રભાવ આપણે તેમના જન્મકાળથીજ જોતા આવ્યા છીએ બુદ્ધિની ઘટના કરતા કે પ્રયત્નપૂર્વક થએલી પ્રવૃત્તિ કરતા અદષ્ટ સકેતવડેજ તેમના જીવનની સાકળ ગોઠવાઇ હતી એમ માનવુ અયોગ્ય ગણાશે નહિ આ અદષ્ટ પુણ્ય પ્રભાવથી તેમને વારવાર સત્ત્વગુણપોષક પ્રસગો, પુસ્તકો અને સત્સમાગમની અનુકૂળ સામગ્રી મળી રહેતી. આવી રીતે જોવા યોગ્ય પુસ્તકો વિચારી, અનેક સત્પુરૂષોના સહવાસમા આવી માનભર્યો સત્કાર પામી તેઓ સવત્ ૧૯૪૭ની સાલમા કચ્છ તરફ પાછા ફર્યા. આ વખતના ગુજરાતના પ્રવાસનુ એક ખાસ નોધવા યોગ્ય પરિણામ એ આવ્યુ કે તે તરફ કચ્છના સાધુઓના ધર્મ અને જ્ઞાન આદિને માટે તે વખત પછી સારો અભિપ્રાય બધાયો. પાછા વળતા **વાગ**-

ડમાં બેલા અને ફતેગઢમા તેરાપથી* સાધુઓ સાથે તેમને વાતચિત થઈ. ત્યા એ પથના રાગી શ્રાવકોને પણ સત્યમાર્ગ બતાવ્યો.

આટલા વર્ષો સુધી પુસ્તક વાચન, સત્સમાગમ અને દેશ પરદેશ વિહાર' એ સર્વથી તેમના જોવા સાભળવામા જે જે આવ્યુ હતું તેથી તેમની મનનશીલ પ્રકૃતિએ પોતાના કચ્છ ખાતેના સપ્રદાયમા કેટલાક સુધારાઓની અગત્ય સ્વીકારી તેમણે કરેલા સુધારાઓનુ સ્વરૂપ જોતા તેમના એ વખતના સુધારા માટેના સકલ્પો નીચે પ્રમાણે હોવાનુ સભવી શકે છે—

૧. સાધુ અને સાધ્વી વર્ગને યોગ્યતર બનાવવો, તેમ કરવા માટે એ વર્ગમા જ્ઞાન, સપ અને આચારની પવિત્રતાનો પ્રસાર કરવો.

૨. એ હેતુ સિદ્ધ કરવાને સાધુ સમેલન ભરવા, પુસ્તકશાળાઓ અને અભ્યાસ શાળાઓ ખોલાવવી

૩. શ્રાવકવર્ગમા ધર્મની ભાવનાને સતેજ કરવી, તેમના આચાર વિચાર તથા આહારવિહાર આદિમા યોગ્ય સુધારા દાખલ કરાવવા.

આ સકલ્પોને સિદ્ધ કરવાને તેઓ પોતે નિમિત્તરૂપે–પ્રેરક અથવા પ્રોત્સાહકરૂપે રહ્યા હતા તેમના એ સબધી જે વિચારો હતા તે

---

* **સ્થાનકવાસી** જૈનધર્મમા આ નામનો એક ફાટો છે તેના સિદ્ધાન્ત વિચિત્ર છે નમૂના ખાતર એક સિદ્ધાત અત્ર બતાવ્યો છે —તેઓ માને છે કે પોતે કલ્પેલા અમુક અમુક વ્રતનુ પાલન જેમણે કીધુ ન હોય તેમને દાન આપવામા પાપ છે હમણા થોડુક થયા તેમાથીએ એક વધારાનો ફાટો નીકળ્યો છે કે જે માને છે કે 'ભારતવર્ષમા સાધુજ કોઇ નથી ' પોતે વેષ સાધુનો રાખી અને નામ શ્રાવકનુ ધરાવી ફરે છે આવા માટે વનવાસી અવસ્થા શ્રેષ્ઠ છે એથી કર્મબધન, માયા વગેરે ઓછા થાય અને આત્મહિત સુખેથી સાધી શકવા સાથે વાડાના પ્રણેતા, રક્ષક, ચાલકનો આરોપ તેઓના ઉપર કોઇ પણ ન મૂકે !

બહુ ઉત્તમ હતા, અને તેમના ધાર્યા મુજબ બધા સંયોગો અનુકૂળ થયા હોત ને એમની જીવનદોરી લંબાઇ હોત તો ઘણા સારા પરિણામો જોઇ શકાત એ નિસંશય છે તેમનાથી એ વખતે બની શકે એવુ કાર્ય શ્રાવકોને પુસ્તકશાળા અને જ્ઞાનશાળાની અગત્ય સમજાવી તેની સ્થાપના કરાવવાનુ હતું. ધર્મજ્ઞાન પામવા માટે આ જમાનામા પુસ્તકો મુખ્ય સાધન છે, હાલ ખરા મહાત્માઓનો સમાગમ બહુ દુર્લભ થઇ પડયો છે. પુસ્તકોનો સહવાસ ચતુર્વિધ સંઘને બહુ લાભકર થઇ પડે છે, તેમા પણ મ્હોટા શહેરો કરતા ન્હાના ગામડાઓમા એવા પુસ્તકભંડારોની અગત્ય સવિશેષ રહે છે, કેમકે એ સ્થળોમા શહેર કરતા જ્ઞાન પામવાની અનુકૂળ સામગ્રીઓ ન્યૂન હોય છે, વળી પુસ્તકોના પ્રસંગથી કંઇક અપૂર્વ આનંદ અને જ્ઞાન પમાય છે, અજ્ઞ લોકોની સ્થિતિ સુધારી શકાય છે ને ન્હાના ગામડાઓ ઝટ સુધરી શકે છે. તેમના તથા આ સમુદાયના બીજા મુનિરાજોના આવા આવા ઉપદેશથી પ્રથમ માંડવી અને ત્યાર પછી છસરા, મુંદ્રા, અંજાર, પત્રી, રાયણ, લુંણી, ભુજપુર, બેરાજા, દેશલપુર, નવીનાળ અને વાંકીમા ધીમે ધીમે પુસ્તક ભંડારો ખોલાતા ગયા. આ સર્વ ભંડારોમા કેવળ સાંપ્રદાયિક ગ્રંથો રાખવામા આવે છે, એમ નથી, તેમજ પોતાના સંપ્રદાયના લોક સિવાય અન્યને એનો લાભ દેવાનો નિષેધ છે એવુ પણ નથી. સ્વામી શ્રી કર્મસિંહજી અને બીજા મુનિ મહારાજોના ઉપદેશથી કશા પણ ભેદભાવ કે સંકોચ વગર અન્ય સંપ્રદાયના, વિવિધ વિદ્યાકળાના પુસ્તકો એમા રાખવામા આવ્યા છે અને તેનો લાભ લેવાને સર્વ સંપ્રદાયવાળાને એક સરખી છૂટ છે. આમાથી કેટલાક પુસ્તક ભંડારો ખાતે માસિક તેમજ વર્તમાનપત્રો આવવાની પણ ગોઠવણ છે. આઠ દશ ગજની ઓરડીમા બેસી પાંચ પચાસ ઘર કે સો બસો માણસોના મર્યાદિત પ્રદેશમા વિચરી સંતોષ માન-

વાને પરિણામે જે દષ્ટિવિકાર થઈ આવે છે, જે "જ્ઞાનલવદુર્વિદગ્ધત્વ"* આવે છે તેને સ્થાને આવી રીતે અનેક દેશ વિદેશની વિદ્વચ્ચર્ચા તથા સાહિત્ય, ગૃહ, રાજ્ય, સમાજ અને ધર્મની વિવિધ પ્રવૃત્તિઓનુ અનેકદેશી દર્શન કરવાનો પ્રદેશ ખુલ્લો મૂકાયાથી તે વર્ગની દષ્ટિ વિશાળ બને છે, વૃત્તિ ઉદાર થાય છે, પ્રવૃત્તિમા સુધારા દાખલ થાય છે, જ્ઞાનપ્રદેશ વિસ્તૃત થાય છે, વસ્તુસ્થિતિ સમજાય છે, એ વગેરે એથી થતા લાભો સ્પષ્ટજ છે.

સવત્ ૧૯૫૩ ની સાલમા સ્વામીશ્રી કર્મસિહજીના સંબંધમા એક જાણવા જેવો બનાવ બન્યો. મુંદ્રા તાલુકામા ભુજપુર નામે એક સારૂ સમૃદ્ધિવાળુ ગામ છે. તેમા હાલ છે તેટલા તે વખતે સ્થાનકવાસી જૈન ધર્મના અનુરાગી ન હતા. આથી કેટલાક વર્ષો પૂર્વે તો ત્યા દેરાવાસી ભાઇઓનુ પ્રાબલ્ય અધિક હતું. માંડવીના શા. મુરારજી શિવજીએ ત્યા એક સ્થાનક બધાવી આપેલ છે તે સ્થાનકમા ધાર્મિક ક્રિયા થાય છે અને આવ્યા ગયા સાધુ સાધ્વીઓ ઉતરે છે. એ વર્ગ અહિ ચાતુર્માસ રહી ઉપદેશ આપે તો પોતાના વાડામાના લોકો બહાર નીકળી જાય કે પોતાના પથને હીણપત લાગે એવા ભયથી આપણા દેરાવાસી ભાઇઓ પરમાર્થ બુદ્ધિને ભૂલી જઈ, મહારાઓ શ્રી દેશલજીને સમજાવી એવો લેખ લખાવી આવ્યા કે સ્થાનકવાસી સાધુઓએ ભુજપુરમા ચોમાસું કરવુ નહિ. અમારા એ ભાઇઓનાં દિલ કચવાય એવા ભયથી આ સબધી વિશેષ ટીકામા નહિ ઉતરતા ટૂકમા હકીકત કહીનેજ આગળ ચાલીશુ. સ્વામી શ્રી કર્મસિહજી સવત્ ૧૯૫૩ ની સાલમા હરસના દરદથી પીડાતા હતા. તેની દવા ભુજપુરના વૈદ્ય જગજીવન કરતા, એટલે તેમને ત્યા રહ્યા સિવાય છૂટકો ન હતો. વળી ચોમાસુ ભરાઇ

---

* ઓછા જ્ઞાને પૂર્ણતાનુ અભિમાન

આવતા ધર્મના નિયમ મુજબ તેમનાથી ત્યાંથી ઉઠી શકાય એમ પણ ન હતું. એટલે નિરૂપાયે ત્યાંજ રહ્યા. પરંતુ તેમનુ આ રહેવુ દેરાવાસી ભાઇઓથી ખમી શકાયુ નહિ. તેમણે આગળ થએલો લેખ રજુ કરી ખટપટ જગાવી સ્વામીશ્રીને ત્યાથી કાઢી મૂકવા મ્હોટો બખેડો મચાવી મૂકયો. કેસ કોર્ટે ચઢયો બંને પક્ષ વચ્ચે ઘણી તકરારો ચાલી અંતે દૃઢ પ્રતિજ્ઞા* અને કાર્ય કરવાની બાહોશીથી મુદ્રાના નગરશેઠ રામજીભાઇ લાલચંદ અને મુદ્રા ભુજના શ્રી સંઘોના પ્રયાસથી નામદાર શ્રી ખેંગારજી સવાઇ બહાદુરે લખી આપ્યુ કે **હાલને માટે બેઠેલા સાધુ ઉઠી શકશે નહિ.** આ ખટપટના પ્રસંગમા સ્વામી શ્રી કર્મસિંહજી ઉપર એકવાર હુમલો થવાનો ચોક્કસ ભય હતો. તો પણ તેમણે શાન્તિ અને ધીરજનો ત્યાગ કીધો ન હતો.

શ્રીમત્ કર્મસિંહજી સ્વામી આહાર વિહારાદિમા બહુ નિયમિત રહેતા અને યોગ ક્રિયાનુ સેવન રાખતા, તે છતા ભાગ્યયોગે સંવત્ ૧૯૪૬ ની સાલમા મુંદ્રામા તેમને પાઠાનુ (Carbuncle) દરદ લાગુ પડયુ પ્રથમ કેટલાક સામાન્ય ઉપચારો કરવાથી શાન્તિ જણાઈ પણ પાછળથી ધીમે ધીમે આ દરદની વેદના ગંભીર થઇ પડી. તેની સાથે અશક્તિ પણ બહુ વધી, તો પણ તેને પત કર્યા વિના પોતાને અવશ્ય કરવાનાં નિત્યકર્મો તેઓ દૃઢતાથી કર્યા જતા, પરંતુ અંતે તબીયત એવી લથડી કે પોતાના માનીતા કામોને કોરાણે મૂકયા વિના છૂટકો ન થયો સારા અનુભવી હોશીઆર દેશી વૈદ્યોની અને ડોકટરની સારવાર ચાલુ કરવામા આવી છતા કંઇ ફેર ન જણાયો, દરદ વધતુંજ ગયુ મુદ્રાના વૈદ્ય ડાકટરોએ એ રોગને અસાધ્ય ઠરાવવાથી મુંદ્રાનો સંઘ ભારે ચિંતામા પડયો. અહિંના શ્રાવકોના શ્રી કર્મસિં-

* ધારેલો હુકમ ન મળે ત્યા સુધી આહાર પાણીનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી

હજી સ્વામી પ્રત્યે એટલી તો પૂજ્ય બુદ્ધિ હતી અને સઘના અગ્રગણ્ય પુરૂષો* પોતાની જવાબદારી એવી સારી રીતે સમજતા હતા કે ગમે તે ભોગે પણ પૂજ્યશ્રીનુ શારીરિક આરોગ્ય પાછુ મેળવી અપાવવા તેઓ બહુ આતુર હતા. બહારથી કાઇ સારા અનુભવી ડોકટરને બોલાવી લાવવા માટે તેઓએ તેમની આજ્ઞા માગી, પરન્તુ તે નહિ મળવાથી તેઓએ છેવટે ભૂજના **નાગર** ગૃહસ્થ દુર્લભદાસ ઉર્ફે ભૂલાભાઇ કુંવરજી જે ગુમડાના અચ્છા વૈદ્ય ગણાય છે તેમને બોલાવ્યા. આ દેશી વૈદ્યે અસાધ્ય મનાયલુ દરદ મટાડયુ આ મદવાડને લગતી એક બીના આપણું ધ્યાન ખેચ્યા સિવાય રહી શકે તેમ નથી, તે એ કે જ્યારે ઓપરેશન અથવા શસ્ત્રક્રિયા કરવામા આવી ત્યારે પૂજ્યશ્રીએ કાઇ પણ અવાજ કર્યો ન હતો કે મુખાકૃતિ બદલી ન હતી પૂજ્યશ્રીની આ સહનશક્તિ અને મુંદ્રા સઘની અનુકરણીય સેવા ભક્તિથી સૌને મહદાશ્ચર્ય થયુ

વ્યાધિમુક્ત થયા પછી સ્વામીશ્રીએ પાછો ધર્મોપદેશ આપવાનો ક્રમ જારી કર્યો, એ વખતના ઉપદેશકોમા એ સમર્થ અને અદ્વિતીય મનાતા હતા, દૃષ્ટિ અને જ્ઞાનની સીમા વિસ્તૃત બની હતી, શુદ્ધ આચરણ, ખરેખરી જીજ્ઞાસા અને દીર્ઘ ઉદ્યોગથી ગુરૂ, શાસ્ત્ર અને મહાત્માઓદ્વારા સચેલા જૈન ધર્મમા તત્ત્વોનુ તેમના હૃદયમા સારૂ પ્રતિબિબ પડેલુ હતું તેમના વિચાર બહુ ઉદાર અને દીર્ઘદર્શી હતા. આ સર્વ ગુણોથી આકર્ષાઇ કચ્છના સઘ સમસ્તે તેમને **આઠ કોટી મોટી પક્ષના આચાર્ય** પદથી વિભૂષિત કર્યા. શ્રાવક, શ્રાવિકા, સાધુ અને સાધ્વી એ સર્વને સન્માર્ગે ચલાવવા, તેમનામા સપ સમા-

---

*** ૧ દોશી જીવરાજ દેવકરણ, ૨ મેતા નાગજી ડુગરસી, ૩ દોશી માણેકચદ નાનજી, ૪ શાહ સામજી લધા, ૫ શાહ ખેરાજ ચાંપશી, ૬ નાથા અચલજી, ૭ સુરારજી ભગવાન, ૮ કપાણી માવજી કૃષ્ણજી વગેરે**

ધાની જાળવવા, ધર્મબોધ આપવો, નિયમ, ધારા–ધોરણ ઘડવા તેમજ ચતુર્વિધ સંઘને લગતા બીજા કામો ઉપર દેખરેખ રાખવી એ સર્વ કામ માટે શુભ ગુણયુક્ત વિવેકવિરાગમપન્ન પ્રભાવશાળી મહાત્માનેજ આવુ આચાર્યપદ આપવામા આવે છે એ પદ વશ પરંપરા શિષ્ય પ્રશિષ્યને મળે એવો નિયમ નથી શાસ્ત્રદષ્ટિએ યોગ્ય જણાતા કુશળ સાધુ પુરૂષને સર્વાનુમતે આ મહત્પદ આપવાનો રિવાજ છે કારણ કે—

पंच विहं आयारं आयरमाणा तहा पयासंता।
आयारं दंसंता आयारा तेण बुच्चन्ति ॥

"જે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય એમ પાચ પ્રકારના આચારને આચરે છે તથા પ્રકાશે છે અને જે આચારનો ઉપદેશ આપનારા છે તે આચાર્ય કહેવાય છે"

આટલા વખત સુધી શ્રીમદ્ મોણશી સ્વામી એ પદવી પર હતા તેઓ સં ૧૯૫૯ની સાલમા કાળ ધર્મ પામતા સર્વ કોઇની નજર આપણા ચરિત્રનાયક પર ઠરી આ ઉપરથી સર્વાનુમતે તેજ સાલના માગશર મહીનામા માડવી શહેરમા એક સારો મેળાવડો કરી તેમને 'પૂજ્યપાદ આચાર્ય'નુ માનભર્યુ પદ આપવામા આવ્યુ સમયોચિત વિવેક અને નમ્રતા બતાવી તેમણે એ પદનો સ્વીકાર કર્યો

આ મહાન્ પદને અગે રહેલી મહાન જોખમદારીને બરાબર જાણનાર આ મહાત્મા કહેતા કે, અધિકારે ચડયા એટલે કાંઈ ન કરતા બેસી રહેવુ કે અમુક માણસો ઉપર ગમે તેમ સત્તા ચલાવવી કે રૂઆબમા બેસી સેવક વર્ગ પાસેથી પૂજા આદિ મેળવવા એમ જેઓ માને છે તેઓ બેવડા દોષમા પડે છે. પ્રમાદ અને આલસ્યને વશ ન થતા, પૂજા, અર્ચા આદિની ખટપટમા ન પડતા, હાથ નીચેના માણસોના ઉદ્ધારની જોખમદારી પોતાને શિર લેવી એવુ કઠિન

એ વ્રત છે. જો કે પૂજ્યશ્રીમા હમણા જુવાનીનો જુસ્મો રહ્યો ન હતો, વય પરિપક્વ થઈ હતી, બહુ લાબા વિહાર કરીને કોઈ મહત્ત્વનુ કાર્ય પોતાની જાતે થઇ શકે એવુ રહ્યુ ન હતું, તે છતા બલીયસી ઇચ્છાશક્તિની મદદથી તેઓશ્રી પોતાની જવાબદારીઓ અદા કરવા લાગ્યા

સવત્ ૧૯૬૪ મા ભૂજપુરમા સઘસુધારા માટે કચ્છના મુખ્ય શ્રાવકો એકઠા થયા ત્યારે આચાર્યશ્રી ત્યા પધાર્યા હતા એ વખતે પુજ્યશ્રીની શારીરિક સ્થિતિ જોઇને તેમને કેટલાક શ્રાવકોએ **માંડવી** શહેરમા સ્થિર વાસ સેવવા માટે આગ્રહ કર્યો ત્યારે તેમણે કહ્યુ કે– "થોડી પણ શક્તિ હોય ત્યા સુધી સ્થિર વાસ સેવવો એ યતિ ધર્મથી વિરૂદ્ધ છે, એટલે મારાથી હાલ તેમ થઇ શકશે નહિ " આ વખતે તેઓશ્રીની ઉમ્મર વર્ષ ૭૮ની હતી !! આટલી વયે પણ સ્થિરવાસ નહિ સ્વીકારવાનુ કારણ મુખ્ય એ હતુ કે ગામેગામ ફરી ધાર્મિક તેમ સામાજિક સુધારણાઓ કરવાની તેમને તીવ્ર ઉત્કઠા હતી. અને એ તો સિદ્ધ વાત છે કે કર્તવ્ય પાલન કે સેવા બુદ્ધિ જો નિશ્ચયાત્મક અને દઢતર હોય છે તો વૃદ્ધાવસ્થા કે સામાન્ય દરદો સત્પ્રવૃત્તિને રોકી શકતા નથી.

હવે આપણે આચાર્યશ્રીના ઉદાર વિચારો (liberal thoughts) તરફ ફરીશુ, અને એવા વિચારોએ એમને હાથે કેવા ઉપકારી કાર્યો કરાવ્યા તે પણ અવલોકીશુ સાધુ–સાધ્વી વર્ગ માટે તેઓશ્રી ઉચ્ચ અભિપ્રાય ધરાવતા એ વર્ગની ઉપયોગિતા અને જરૂર તેમને બહુ જણાતી. તથાપિ જેવા તેવા નાલાયક મનુષ્યો એ વર્ગમા ઉભરાઇ જાય તો બહુ અનિષ્ટ પરિણામો આવે છે એમ તેઓ ખુલ્લે ખુલ્લુ કહેતા સાધ્વી વર્ગની દશા તથા હાલની સખ્યા જોતા એ વર્ગમા થતી ભરતી અટકાવી હયાત સાધ્વીઓને વિશેષ લાયક

બનાવવા તેમને ઇચ્છા થઇ તેથી અમુક વર્ષ સુધી કોઈ સ્ત્રીને દીક્ષા આપવી નહિ એવો ઠરાવ પણ કરાવી દીધો. તેમનો મત એવો હતો કે **યોગ્યતા સંપાદન કર્યા પછીજ સાધુ થવું જોઇએ,** અથવા તો સાધુ થયા પછી તરતજ યોગ્યતા સપાદન કરવા અપ્રમત્ત પ્રયાસ થવો જોઇએ **પ્રથમ પક્ષ મુખ્ય છે, ઉત્તમ છે;** તેના અભાવે બીજો પક્ષ ગૌણ છે એ વર્ગને જ્ઞાન પ્રાપ્તિ થાય તે માટે પુસ્તકશાળા પણ ખોલાઇ હતી. હવે **સંસ્કૃત** અને **માગધી**નુ જ્ઞાન મળે એવી ગોઠવણ થવાની જરૂર હતી, પોતાને એ માટે જે અડચણો વેઠવી પડી હતી, તેથી એકાદ પાઠશાળા ખોલાવવા ઉપર તેમનુ મન બહુ દોડતુ સાધુ–સાધ્વી વર્ગને આવશ્યક જે ધર્મજ્ઞાન તે માટે **સંસ્કૃત** અને **માગધી** ભાષાનુ પરિપકવ જ્ઞાન મેળવવુ જરૂરનુ છે એવા | વ - રવાળા સાધુઓ વધવાથી તે ભાષા શીખવાનો શોખ આ સપ્રદાયના મુનિ વર્ગમા વધતો જાય છે. તેમનો આ શોખ પૂરો પાડવાને શ્રાવક વર્ગ તરફથી વારવાર શાસ્ત્રીઓ રોકવામા આવતા, પરતુ આવી રીતે ચોમાસાના ચાર મહિના માટે શાસ્ત્રીઓ રાખવાથી એટલી ટુકી મુદ્દતમા ઉત્તમ પ્રકારનુ ભાષાજ્ઞાન કે સાહિત્યજ્ઞાન પ્રાપ્ત થઇ શકતુ નથી. પૂજ્યશ્રી આવા વિચારો દર્શાવતા અને શ્રીમાન્ શ્રાવકોને એકાદ **સંસ્કૃત પાઠશાળા** ખોલવાનો બોધ આપતા. તેમના સહયોગી અન્ય વૃદ્ધ મુનિ મહાત્માઓ પણ આ વિષયમા અનુમતિ આપી બનતો પ્રયાસ લેતા. આ સર્વ મહાત્માઓના શુદ્ધ વિચારો, પ્રોત્સાહક વ્યાખ્યાનો અને સદ્બોધને પરિણામે કચ્છ **માડવી**મા શેઠ **મેઘજી થોભણ**-ભાઈએ પોતાના નામની બધા સઘાડાના અભ્યાસીઓ માટે **જૈન પાઠશાળા** ખોલી આ શાળાના અધ્યાપક તરીકે કાશીના એક વિદ્વાન્ શાસ્ત્રીને રાખ્યા છે. આ શાળાના ધારા ધોરણ ઉદાર રખાયા છે, એટલે તેનો લાભ દેરાવાસી, **સ્થાન**કવાસી સાધુ તેમજ શ્રાવકો અને જૈનેતર

વર્ગ પણ લઇ શકે છે. પૂજ્યશ્રીએ આ શાળા સ્થપાયા પછી તરત સઘની સમતિપૂર્વક કેટલાક ઠરાવો બહાર પાડયા. તેમાનો એક એવો હતો કે, ચાતુર્માસ જતી વખતે આ સમુદાયના મુનિઓ પૈકી કેટલાક તરફથી પોતાના શિષ્યોને સસ્કૃત અભ્યાસ કરાવવા માટે શાસ્ત્રીઓ રોકવાની શ્રાવકો ઉપર ફરજ નખાતી જાણવામા આવી છે તેથી તેવા મુનિઓએ પોતાના શિષ્યોને સાધુશાળામા રાખીને અભ્યાસ કરાવવો પણ શ્રાવક વર્ગપર ખર્ચનો બોજો નાખવો નહિ સાધ્વીવર્ગ માટે પણ શિક્ષણશાળા ખોલાવવાની તેમની ઇચ્છા હતી, પરતુ દૈવેચ્છાએ તે પાર ન પડી આ સ્થળે કહેવાની જરૂર છે કે કચ્છમા સાધ્વીશાળાની પૂરેપૂરી જરૂર છે જો કોઇ સાધુ મહાત્માના સદ્બોધથી પ્રેરાઇને કોઇ શ્રીમાન્ શ્રાવક એ સ્થાપે તો આ સમુદાય ક્રમે ક્રમે નમૂનારૂપ થઇ પડે એવો દરેક સભવ છે.

ધર્મ સાહિત્ય અને તત્ત્વજ્ઞાનમા આગળ વધવાનો માર્ગ પુસ્તકશાળા અને સાધુશાળા સ્થપાયાથી ખુલ્લો થયો હવે પૂજ્યશ્રીનુ લક્ષ સાધુ સાધ્વીના આચાર–વિચાર સુધારવા અને પરસ્પર સપવૃદ્ધિ કરવા પ્રતિ દોડયુ એ પોતે જુના જમાનાના અને જુના વિચારના હતા છતા નવા જમાનાને અનુકૂળ પડતા સાધનોથી સાધ્ય વસ્તુ સિદ્ધ કરવામા સકોચ રાખતા નહિ વિદ્યમાન પૂજ્ય શ્રી વ્રજપાલજી સ્વામી તથા સદ્ગત મુનિશ્રી રત્નચદ્રજી સ્વામી* પોતા તરફથી વારવાર પૂજ્યશ્રીને સલાહ અને સહાય આપતા રહેતા, એટલુજ નહિ, કિતુ કામ પણ ઉપાડી લેતા. આ ત્રણે મહાપુરૂષોએ મળી પોતાના સપ્રદાયની એક ન્હાની **પરિષદ** ભરી પૂર્વોક્ત હેતુ સિદ્ધ કરવાનો પ્રયાસ લેવા માડયો

* આ સ્વામીશ્રી બહુ વિદ્વાન્ અને વકતૃત્વ શક્તિવાળા હતા તેમણે સ ૧૯૬૯ ના ચૈત્ર માસમા સ્વર્ગવાસ કર્યા તેથી આ સમુદાયને મ્હોટી ખામી પડી છે

જુના જમાનાના આ વયોવૃદ્ધ મહાત્માઓનુ આ કાર્ય ઘણી રીતે પ્રશંસાપાત્ર નીવડયુ એમ કહેવામા જરા પણ અતિશયોક્તિ નથી. તેમની આગેવાની નીચે કાંડાગરામા એ સભા મળી હતી, તેમા આ સંપ્રદાયના સત્તર મુનિ મહારાજો હાજર હતા આ સભામા આચાર્યશ્રીએ સર્વાનુમતે કેટલાક ઉત્તમ બધારણો સાધુ–સાધ્વીવર્ગ માટે નક્કી કર્યા અને તેનુ ઉલ્લઘન કરનાર માટે ચોક્કસ પ્રાયશ્ચિત્ત પણ ઠરાવ્યા એ સભાનો તમામ કાર્યક્રમ નવી સુધરેલી ઢબે રાખેલો હતો તેનો ઉદ્દેશ અહિ ટુકમા ઉલ્લેખેલો છે.

" હમણા અવસર્પિણી–પચમ કાલમા વીર પ્રભુએ દરેક બાબતોમા ક્રમે ક્રમે હાનિ બતાવી છે તે અનુસાર ધર્મ કરણીમા, મુનિઓના જ્ઞાન–ધ્યાનમા, મલાહ–મપમા, વ્યવહાર શુદ્ધિમા, દિનપર દિન હાનિ થતી ચાલે છે તો પણ પચમકાલના અત લગી મહાવીર પ્રભુનુ શાસન અવિચ્છિન્નપણે ચાલશે એ વાત પણ નિસશય છે અને ત્યા સુધી ઘણા આત્માર્થી સ્ત્રી પુરૂષો, મુનિઓ, શ્રમણીઓ, શ્રાવક, શ્રાવિકાઓ આરાધક હોઇ સ્વર્ગમા જનાર થશે, એવુ એ મહા પ્રભુની વાણીથી સિદ્ધ છે હાલ કેટલાક કારણોથી જૈન ધર્મની પડતી થઇ છે, પરતુ જૈનોની કોન્ફરન્સ જેવી સસ્થાઓ થવાથી એ માર્ગની ઉન્નતિ થવાના ચિહ્નો નજરે પડે છે જમાનો એટલે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ ઓળખી પરમેશ્વરની આજ્ઞાનુસાર ગૃહસ્થ કે ત્યાગી જો વર્તન કરે તો જૈન સઘ પાછળ રહી ન જતા ઉદયના કિરણમા સાથે સાથે રહેતો આવે સાપ્રતકાળે મોટા રાજ્યો પણ સમુદાયના એક મતથી ચાલે છે અને તે દીપી નીકળે છે. તેમ મ્હોટી મ્હોટી સમાજો પણ કમિટિના જેવી ઢબથી ચાલે છે અને આગળ પડતી જણાય છે એ પ્રમાણે સ્પષ્ટ દેખાય છે કે ધર્મ, સમાજ કે મુનિ સમુદાયને પણ એવીજ ઢબે વર્તન સ્વીકારવાની જરૂર છે એવા

નિખાલસ અભિપ્રાય ઉપર આવતાં કચ્છ પ્રાન્તમા પૂજ્યશ્રી દેવજી સ્વામીની પરપરા એટલે **આઠ કોટી મ્હોટી પક્ષ** સપ્રદાયના મુનિઓ અને મહા સતીઓના સમૂહના હિતાર્થે સવત્ ૧૯૬૫ ના જેઠ વદિ ૫ મગળવારના રોજ સાધુ પરિષદ સમક્ષ સર્વાનુમતે ઠરાવવામા આવે છે કે—

૧ આ સમુદાયની પ્રત્યેક વ્યક્તિનો હેતુ ' સ્વ–પર પ્રત્યે ઉચ્ચ ભાવના અને અતકરણની ખરી લાગણી રાખવી અને માહોમાહે **સંપવૃદ્ધિ** કરવી ' એ હોવો જોઇએ

૨ આ સમૂહની દરેક વ્યક્તિમા **જ્ઞાનની વૃદ્ધિ** કરવી. જ્ઞાન એટલે **સંસ્કૃત** તથા **માગધીનો** શાસ્ત્રીય તેમ સાહિત્યનો અભ્યાસ અને ક્ષયોપશમ પ્રમાણે અનુભવ જ્ઞાન આ જ્ઞાનપ્રાપ્તિ માટે અભ્યાસ ક્રમ ગોઠવવો.

૩ આ સમુદાયના દરેક ઉપાસકની **ચારિત્ર શુદ્ધિ** પણ છે તે કરત ઉચ્ચ પ્રકારની થવી જોઇએ

આ ત્રણે હેતુઓને સિદ્ધ કરવા સારૂ કેટલીક કાર્ય પદ્ધતિ તૈયાર કરવામા આવી હતી પરતુ પાછળથી તેમણે ઉપાડેલા કાર્યમા અન્ય પુરૂષોના પ્રમાદથી કઇ સગીન પરિણામ લાવી શકાયુ નથી. તેઓનુ આયુષ્ય કઇક વિશેષ લબાયુ હોત તો અવશ્ય હાલ છે તે કરતા વિશેષ સુધારાઓ આપણે જોઇ શકત. એ અનુમાન તેમની પ્રતિજ્ઞા પાલનમા દૃઢતા, કાર્ય કુશળતા અને કાર્ય પદ્ધતિ જોતા અસત્ય નહિ જણાય

સપ્રદાયની સાકડી દૃષ્ટિ અને અનુદાર વિચારનો સ્પર્શ આચાર્યશ્રીને લાગ્યો નહતો. એ તો આપણને અત્યાર પહેલા સ્પષ્ટ થયુ છે. આ દૃષ્ટિ અને વિચારને પરિણામે ઉદ્ભવતી અનેક શુભ ઇચ્છાઓમાની એક શુભેચ્છા એ હતી કે જૈન ધર્મમા **એકતા** કરવી. એ

ધમ હાલમા અનેક ફાટાઓમાં વ્હેંચાઇ ગયો છે. ફાટાઓમા પણ પાછા ફાટા પડતા જાય છે. ધર્મના ઐક્યવડેજ સર્વ પ્રકારની ઉન્નતિ સાધી શકાય છે. ધર્મની સઘશક્તિ, મહત્તા અને પ્રતિષ્ઠામા તોજ વધારો થઇ શકે કે જો એક **અવિભકત જૈન ધર્મનો** ઝુડો ફરકી રહે જૂદે જૂદે માર્ગે વહી જતા પ્રવાહને એકજ દિશા તરફ વાળી લઇએ તો તેનું બળ વધે છે અને એ વધેલા બળવડેજ કોઈ પણ મહત્કાર્ય થઇ શકે છે આવા વિચારોથી પ્રથમ **સ્થાન**કવાસી પથની ભિન્ન ભિન્ન શાખાઓ એકત્ર થાય તે માટે તેઓ બહુ આતુરતા બતાવતા અને પોતાથી બની શકે તેવા ઇલાજો લેવાને તત્પર રહેતા **સ્થાન**કવાસી પક્ષના **છ**કોટી અને **આ**ઠકોટી ન્હાની પક્ષ તથા મ્હોટી પક્ષના સાધુઓનુ સમેલન જ્યારે તક મળે ત્યારે અમુક મુદ્દતને અતરે ભરાય તો ભિન્ન ભિન્ન શાખાના સાધુઓ એક બીજા સાથે છૂટથી હળે મળે, જૂદા જૂદા વિષયો સબધી સ્વતત્ર રીતે ચર્ચા કરે અને સર્વને બહુ લાભ થાય એમ તેઓશ્રી જણાવતા આવુ પ્રથમ સમેલન મેળવવાના કાર્ય માટે તેમણે પોતાના અભ્યાસી મુનિમડલને સ્વતત્રતા આપી પૂજ્યપાદ આચાર્ય શિરોમણિ તરફથી પ્રેરણા, સમતિ, સલાહ, સ્વતત્રતા અને ઉત્તેજન મળતા આ વિચારશીલ યુવકમડળને બહુ ઉત્સાહ થયો. તેમણે ભારે પરિશ્રમ વેઠી, પ્રતિપક્ષીઓની નિદાના પ્રહારો ખમી **મુંદ્રા** તાલુકાના **રામાણી** ગામમા સ. ૧૯૬૬ ના જ્યેષ્ઠ માસમા આઠકોટી મ્હોટી પક્ષ અને **છ**કોટી સપ્રદાયના સાધુઓની એક પરિષદ્ ભરી. પ્રમુખ સ્થાને છકોટી સપ્રદાયના વિદ્વાન્ પડિત શ્રી રત્નચદ્રજી મહારાજ હતા વૃદ્ધાવસ્થા તેમજ બીજી અગવડોને લીધે આચાર્ય શ્રી આ સભામા ભાગ લઇ શકયા નહતા તેમજ પ્રેમપૂર્વક વિનતિઓ કર્યા છતા ન્હાની પક્ષના મુનિ મહારાજોએ આ સમેલનમા ભાગ લેવો ઉચિત ધાર્યો નહતો. આ મુનિમહારાજોને

આવા કોકિલ કૂજનમા કાકશબ્દનો વિપરીત ભ્રમ થઇ આવ્યો હતો તેમના આવા વર્તનથી કોઈ કોઇ વાર તો'—

अस्यां सखे बधिरलोकनिवासभूमौ ।
किं कूजितेन किल कोकिल कोमलेन ॥
एते हि दैवहतकास्तदभिन्नवर्णम् ।
त्वां काकमेव कलयन्ति कलानभिज्ञाः ॥*

એ અન્યોક્તિનુ સ્મરણ કરી સુજ્ઞ પુરૂષો મૌનજ સેવે છે વિદ્વન્મુનિમડળના મિષ્ટ શબ્દના શ્રવણથી એ સિવાયના અન્ય વર્ગને બહુ આનન્દ થયો હતો એમા તો જરા પણ અતિશયોક્તિ જેવુ નથી આ પરિષદ જે સયોગોમા ભરાઇ હતી, તે તેના કાર્યવાહકોની ઇચ્છાને સર્વથા અનુરૂપ નહતા એવા કાર્ય માટે જે લાબી મુદ્દત, બહુ પુરૂષોના મત, લાબા વિચાર ને દીર્ઘ દૃષ્ટિપૂર્વક ઘડેલી યોજનાઓની જરૂર છે તે સર્વનો સુઘટિત યોગ સર્વથા બની શકયો નહતો તથાપિ કાર્ય ધાર્યા કરતા બહુ વધારે દીપી નીકળ્યુ, અને પ્રશસ્ય ઠર્યુ આ સભાનો સવિસ્તર હેવાલ અલાયદો પુસ્તક રૂપમા છપાઇ બહાર પડયો હતો

---

* આ અન્યોક્તિનો ભાવાર્થ આ પ્રમાણે છે—"હે મિત્ર કોકિલ ! અહિ તો બહેરા લોકો વસે છે આ સ્થળે તારા કોમલ કૂજનથી શુ વળશે ? અર્થાત્ કઇ નહિ વળે કારણ કે એ બહેરા છે તેમ દૈવથી હણાયલા છે અને કલાભિજ્ઞ (કલ એટલે શબ્દ તેમજ કલા એ બેને જાણવાવાળા) છે નહિ એટલે એ તો તને કાગડોજ ધારે છે " જ્ઞાન પામવાના દ્વાર ચક્ષુ અને કર્ણ એ બે ઇન્દ્રિયો છે રૂપ અને શબ્દનુ જ્ઞાન એ બે ઇન્દ્રિય દ્વારા જીવ પામે છે અ ત કરણ એ વિચારનો પ્રદેશ છે હવે જેમણે ચક્ષુ અને કર્ણ બ ધ કરેલ છે અને જેમનુ અ ત કરણ સ્વત ત્ર વિચાર કરવાને અસમર્થ છે તેવા લોકો કોયલને કાગડો સમજે કે સીદરીને સાપ માની ભયથી ક પી દૂર નાસે અને કોઈ પણ કાર્ય સાધી શકે નહિ તેમા આશ્ચર્ય જેવુ થોડુ જ છે

આ અરસામા આચાર્યશ્રીની ઉમર એસીની થવા આવી હતી એટલે તબીયત લથડતી ચાલી, ઇન્દ્રિય વર્ગ પોતપોતાનું કાર્ય બજાવી શકે એવો સબલ રહ્યો નહતો. એટલે વિહાર પણ ટૂંકો ટૂંકો કરતા. વાચવા વિચારવાનુ કામ પણ હવે વિશેષ બની શકતું નહિ તોપણ શ્વેતામ્બર દિગબર પથના નિષ્પક્ષપાતી પુસ્તકો, સારા માસિકો તેમજ પત્રો, બીજા તાત્ત્વિક પુસ્તકો, એ પોતાના શિષ્ય વર્ગ પાસે વચાવી સાભળતા. વ્યાખ્યાન પણ બધ કરેલ હતું. હવે તેમના નિત્ય કૃત્ય તરીકે ગ્રથ શ્રવણ, ધર્મ ક્રિયા, આવ્યા ગયાને જોઇતો ટૂક ઉપદેશ, અભ્યસ્ત વિષયનુ ચિત્વન એ હતા, પત્રી, માંડવી અને મુંદ્રાના સઘ તરફથી પોતાને ત્યા પધારી સ્થિરવાસ સેવવાના વિનતિ પત્રો વારવાર આવતા હવે તેમની ક્ષીણ ઇન્દ્રિય શક્તિઓ વધારે શ્રમ વેઠી શકે એમ નહતુ પ્રકૃતિ અસ્વસ્થ રહેતી અને પ્રમગે વૃદ્ધાવસ્થાને અગે થતા ન્હાના ન્હાના વ્યાધિઓ પણ દેખાવ દઇ જતા એટલે સ્થિરવાસ સ્વીકારવામા અધર્મ જેવુ હવે નથી એમ ધારી સ્થિરવાસ સ્વીકારવા કબૂલ થયા ખરા, પરતુ કયે સ્થળે રહેવુ તે માટે ચોક્કસ વાત જણાવતા નહિ. સવત્ ૧૯૬૮ ની સાલનુ ચોમાસું લુણી મુકામે કર્યું હતું ત્યા પત્રીના સઘના મુખ્ય શ્રાવકો પોતાને ગામે સ્થિરવાસ માટે પધારવાનુ કહેવાને આવ્યા, પરતુ તેમને કઇ ચોક્કસ જવાબ મળ્યો નહિ. ઘણા આગ્રહને અતે એટલુ સ્વીકાર્યું કે ચોમાસુ ઉતર્યા બાદ ત્યા આવી જઇશ ત્યાર પછી મુંદ્રા સઘના મુખ્ય મુખ્ય આગેવાનો લુણી આવ્યા તેમણે મુંદ્રામા રહેવાનો આગ્રહ કીધો. શેઠ રામજીભાઇ લાલચદના તથા પોતાના શિષ્યોના આગ્રહથી તેમણે મુદ્રા સઘની માગણી સ્વીકારી પરતુ ક્યારે સ્થિરવાસ સેવવો એ પોતાની ઇચ્છાપર રાખ્યુ.

ચોમાસુ ઉતર્યા બાદ લુણીથી પત્રીવાળા સઘને આપેલા વચન

પ્રમાણે છસરા કુંદ્રોડી થઈ પત્રી પધાર્યા. ત્યા એક શિષ્યને દીક્ષા આપવાની હોતા રોકાયા. એટલામા મુદ્રા સઘની ઇચ્છા પાર પાડવામા કેમ જાણે પરસ્પરને ઋણાનુબધનો સબધ કારણરૂપ હોય તેમ તેમને અચાનક મુંદ્રે જવાની ફરજ પડી. પ્રસગ એવો બન્યો કે મુંદ્રામા સ્વધર્મનિષ્ઠ દોશી માણેકચદ નાનજી સખ્ત બિમાર હતા. તેમણે એવુ દૃઢ વ્રત લીધુ કે ખુદ પૂજ્યપાદ આચાર્યશ્રી અહિ આવી મને સાક્ષાત્ દર્શન આપે તોજ મારે આહાર પાણી લેવા. આ વ્રત લીધાની ખબર મુંદ્રા સઘના અગ્રેસર શેઠ રામજી લાલચદને ખાસ પત્રી મોકલી પૂજ્યશ્રીને આપવામા આવી. આ ખબરથી આ મહા પુરૂષનુ હૃદય પીગળી ગયુ અને વિહાર કરવાના સજોગ ન છતા દોશી મજકુરના ભાવને લક્ષમા લઈ પત્રીથી લાખાપુર ભોરારાના શ્રાવકોને માત્ર દર્શનનો લાભ આપી તે સાલના ફાલ્ગુન સુદિ ૫ શુક્રવારના રોજ મુંદ્રે પધાર્યા. નિયમ લેનાર શ્રાવકના મનનુ સમાધાન કરી બીજો જ્ઞાનોપદેશ આપતા વધારામા કહ્યુ કે “ આવા ઉગ્રવ્રત બીજીવાર લેશો નહિ, મદવાડના વખતમા એ પાળવાનુ બની શકતું નથી.” બન્યુ એવુ કે કેમ જાણે એ દોશીનો જીવ એમના દર્શન માટેજ અટકી રહ્યો હોય, તેમ તેમના દર્શન અને બોધથી પરિતૃપ્ત થઇ પરલોક તરફ પ્રયાણ કરી ગયો. મુંદ્રામા પૂજ્યશ્રીના પધારવાથી સઘને બહુ આનન્દ અને સતોષ થયો તેમના દર્શન અને સદ્બોધનો લાભ લેવાની ઇચ્છાથી લાખાપુર, ભોરારા ભૂજપુર, લુણી અને છસરાના શ્રાવકો વારવાર પોતાને ત્યા પધારવાના આમત્રણ મોકલતા પરતુ સ્થિરવાસ માટે મુંદ્રા નક્કી થઇ ગયુ હતુ. તે માટે વચન અપાઇ ગયુ હતું. તો પણ પૂજ્ય સાહેબની મરજી એવી હતી કે ચોમાસુ વીત્યાબાદ ક્ષેત્ર વિહાર ને પ્રકૃતિ અનુકૂળ હશે તો ઉપરોક્ત ગામના ભાવિક શ્રાવકોને ઇચ્છિત લાભ આપવો. આમ આ ચોમાસુ મુંદ્રામા

કર્યું. આંખે ઝાખાશ આવેલી હોવાથી વાચીને વ્યાખ્યાન આપવાનુ બની શકતું નહિ. પરંતુ શ્રાવકોના આગ્રહથી કોઇ કોઇવાર મ્હોએજ ઉપદેશ કરતા. ફુરસદના વખતમા શિષ્યો પાસે નૂતન નૂતન ગ્રથો વચાવતા, તેમને નિદ્રા પ્રથમથીજ ઓછી હતી. એટલે રાત્રિનો ઘણો ભાગ પ્રભુસ્મરણ કે યોગ ક્રિયાઓમા વ્યતીત થતો, જો કે તેમના શરીરમા કોઇ વ્યાધિ જણાતો નહતો તોપણ અશક્તિ બહુ રહેતી.

અષાડ સુદિ ૧૫ ને દિવસે પૌષધાદિ* ક્રિયા કરવા માટે ઘણા શ્રાવકો સ્થાનકમા એકઠા થયા હતા, તેમના ભાવ અત્યુત્કટ જણાતા હતા. આવેલા સ્ત્રી પુરૂષોમાથી કોઈ કોઈ પ્રશ્નાદિ પૂછતા અને પોતપોતાની યોગ્યતા પ્રમાણે જ્ઞાન વ્યવહાર આદિની ધારણા કરતા હતા. કોઈ કોઇ પરસ્પર વાતો કરતા હતા કે આ ચોમાસામા સત્સગ, ધર્મબોધ, ધર્મકરણી બહુ થશે તથા પૂજ્યશ્રીના દર્શન અને સદ્બોધનો લાભ હમેશ મળશે. આ સર્વને યથોચિત ઉત્તરો આચાર્ય શ્રી અડગ આસને બેસીને આપતા હતા. એ દિવસની રાત્રિના ઉત્તર ભાગમા વ્યાધિએ સહેજ રૂપ બતાવ્યુ પ્રભાતે ઉપચાર કરતા કઇક શાન્તિ જણાઇ વદી બીજના દિવસે પોતાના શિષ્ય તથા શેઠ રામજીભાઇને પાસે બોલાવી કહ્યુ કે "હવે તમારે અહિથી વેગળા જવુ નહિ આ શરીરની સ્થિતિ હવે ટકી શકે એમ નથી. તે દિવસે દરદે ઉથલો કીધો સ્થિતિ ઘણી ગભીર છે એમ જાણી તેમની સારવાર માટે ડોકટરને બોલાવવામા આવ્યા. અશક્તિ બહુ વધી ગઈ હતી. પોતાની મેળે ઉઠી બેસી શકાતું નહિ તો પણ અજાયબ જેવી શાન્તિથી અને વિરક્તિથી રહેતા હતા. ડોકટરે ચિકિત્સા કરી જણાવ્યુ

---

* આ દિવસથી ચાતુર્માસ શરૂ થાય છે તે દિવસે શ્રાવકો તેમ શ્રાવિકાઓ પોતાને લેવાના નિયમો લેવાને તથા બીજી ક્રિયાઓ કરવાને એકઠા મળે છે આ દિવસથી ધર્મ મોસમની શરૂઆત મનાય છે

કે "વ્યાધિ ગુરદાનો છે. મહારાજશ્રી પૂર્ણ તપસ્વી છે એટલે પીડા ખમવી પડે એવા ઉગ્ર સ્વરૂપમા દરદ નહિ આવી શકે "

વદી ૩ ના રોજ તેમની સ્વેચ્છાથી એ દિવસનો સથારો લીધો તે દિવસ રાત્રિએ પોતાના જે શિષ્યો હાજર હતા તેમને પાસે બોલાવી કેટલીક શિખામણો અને સપ્રદાયને લગતી ગોપ્યસૂચનાઓ આપી સથારો લીધો ત્યાર પછી તેમની ઇચ્છાનુસાર અને જૈન ધર્મની એક શુભ રૂઢિ અનુસાર શિષ્ય વર્ગ તેમની પાસે આચારાગજી, ઉત્તરાધ્યયનના કેટલાક અધ્યયનો, સમાધિશતક, છેદસૂત્રો, પોતે રચેલી આલોચના, રત્નાકર પચ્ચીસી, મુનિએ ભાવવાની પાચ ભાવના અને પ્રકીર્ણ જૈન સ્તોત્રોની પવિત્ર ગાથાઓનો ઉદ્‌ઘોષ કરવા લાગ્યો. અને આચાર્ય શ્રી સપૂર્ણ શાન્ત ભાવે એક ચિત્ત થઇ એના અર્થમા મન પરોવતા હતા અહિ એક વાત નોધવા જેવી એ છે ક છેવટની ઘડી સુધી આચાર્યશ્રીને સપૂર્ણ ભાન રહ્યુ હતું અને મરણ કાળે તેમનુ બિછાનુ પણ સ્વચ્છજ રહેલુ હતુ.

આચાર્યશ્રીએ પોતાનુ સમગ્ર જીવન એવી રીતે ગાળ્યુ હતું કે તેમની સાથે કોઇ પણ માણસ અંગત વૈરભાવ રાખતુ નહિ પોતે ઉદાર વિચાર ધરાવતા હતા. અને સકોચ કે ભેદભાવ વગર સૌ સાથે સપ સમાધાનીથી હળીમળી રહેતા હતા, તેથી જ્યારે તેમની શારીરિક સ્થિતિ ઘણી ગભીર થતી જાય છે એવા સમાચાર ચોતરફ ફેલાયા ત્યારે વદી ૪ ને દિવસે દેરાવાસી (તપગચ્છના) વયોવૃદ્ધ સાધુ મહાત્મા શ્રીમદ્ જીતવિજયજી મહારાજ તેમને જોવા સ્થાનકમા પધાર્યા* વળી છ કોટી પક્ષના તેમજ અંચલ ગચ્છના સાધ્વીજીઓ

---

* આવી રીતે અરસ્પરસ ભેદભાવ વગર આવા પ્રસગો ન હોય ત્યારે પણ એક બીજાને મળાતુ હોય, વિચાર વિનિમય થતો હોય તો કેવા અપૂર્વ લાભ થાય !

પણ વારંવાર આવી સુખપૃચ્છા પૂછી તેમની ખબર અંતર પૂછી જતાં. મળવા આવનાર આ મહાપુરૂષો સાથે આચાર્યશ્રી પૂર્ણ વિવેકભાવથી થોડી થોડી વાતચિત કરતા અથવા તો ઇસારાથી ઉત્તર આપતા.

વદી ૪ ની સાંજે સ્થિતિ કઇક વધારે બગડી. તે રાત્રિએ સઘ તેમજ શિષ્ય વર્ગને ચિંતા અને બેચેની બહુ રહ્યા. એમનુ પોતાનુ મન તો ઉદ્વેગ રહિતજ હતું. તેઓ સ્વસ્થતાથી કેવળ પ્રભુસ્મરણ કરતા હતા. તેમનુ બોલવુ હવે ઘણુ ધીમુ અને અસ્પષ્ટ થતું હતું. થોડી થોડીવારે 'અરિહત, અરિહત' એવા અસ્પષ્ટ શબ્દો અને કેટલાક શ્લોકોનો ઉચ્ચાર કરતા સભળાતા. તેઓશ્રી તે વખતે નીચેના શ્લોકોનુ રટણ કરતા હતા એમ સમજાતું હતું

अन्यथा शरणं नास्ति, त्वमेव शरणं मम।
तस्मात्कारुण्यभावेन, रक्ष रक्ष जिनेश्वर ॥
न हि त्राता नहि त्राता, न हि त्राता जगत्त्रये ।
वीतरागात्परो देवो, न भूतो न भविष्यति ॥×

એક ઘડી પણ કોઇની આખ મળી નહિ. શિષ્યવર્ગ પોતાને કઠસ્થ એવી પવિત્ર ગાથાઓ, આરાધનાઓ, ગુજરાતી જ્ઞાન ભક્તિ વૈરાગ્યના પદોનો ઉચ્ચાર કરતો જાગતોજ બેસી રહ્યો. સઘના માણસોથી સ્થાનક ચીકાર ભરાઈ ગયુ હતુ. સઘના મુખ્ય આગેવાન ગૃહસ્થો* ઉપરાત સમસ્ત સઘ પૂર્ણ ભક્તિભાવથી એમની જે સેવા

× મારે તારા વિણ અન્ય કોઇ શરણ નથી, તુજ મારૂ શરણ છો, હે જિનેશ્વર ! દયાભાવ લાવીને મારૂ રક્ષણ કર, રક્ષણ કર

ત્રિભુવનમા વીતરાગ દેવથી શ્રેષ્ઠ અને રક્ષણ કરનાર બીજો કોઈ દેવ થયો નથી અને થશે પણ નહિ

*** શેઠ રામજી લાલચદ, દોસી લધા હરખચદ, સંઘવી હીરાચદ હંસરાજ, મહેતા નાગજી ડુંગરસી, શેઠ તેજા પુનસી, શેઠ ખે-**

બજાવતો રહ્યો હતો તે ખરેખર સ્તુતિપાત્ર છે પવિત્ર ગાથાઓનાં શ્રવણુ અને મૃત્યુ શય્યાપર સૂતેલા વૃદ્ધ આચાર્યશ્રીનું સાક્ષાત્ દર્શન એથી એમના મનપર જે સ્થાયી અસર થઇ તેથીજ પોતાની સેવાનો બદલો ભરી પામ્યાનુ એ વર્ગને જણાતું હતુ. એમના દર્શનનો લાભ લેવા આવવાને વદી ૪ ના દિવસે ૮૧ ગામના સંઘને વિનતિપત્રો મુદ્રા સંઘે લખેલા પરંતુ આ રાત્રિની ગંભીર સ્થિતિ જોતા તેમને જણાયુ કે આ લાભ કોઇથી લઇ શકાય એવુ હવે રહ્યુ નથી.

વદી ૪ ની રાત્રિ આવી રીતે પસાર થઈ. વદી ૫ નુ પ્રભાત થયુ. સૂર્ય ચડવા સાથે આચાર્યશ્રીનુ ચેતન ક્ષીણુ થવા લાગ્યુ. નાડી ધીમી પડતી ગઈ. બધાના મુખ ઉપર સંદેહ, ચિંતા અને નિરાશા છવાઇ રહ્યા હતા. ભક્તિભાવ અને ચિંતાથી આચ્છાદિત થએલાં વદનવાળા સર્વે શ્રાવકો સ્વર્ગે વિદાય થતા આ મહાત્માની આસપાસ વીંટળાઈ ગુપચુપ બેસી તેઓશ્રીની પરમ શાંતિ ઇચ્છતા હતા. આચાર્યશ્રીની મુખમુદ્રા પ્રશાન્ત, ગંભીર, સ્મિતભરી અને વધારે પ્રભાવાળી જણાતી હતી. તેમને કોઈ વાસના રહી ન હતી, મન તત્ત્વભાવનામાં ગળી ગયુ હતું, હૃદય કામના આદિથી રહિત શાન્ત સરોવર જેવું બની રહ્યુ હતું હોઠો ધીમા ધીમા હાલતા હતા. હવે શબ્દોચ્ચાર સંભળાય એવુ પણ રહ્યુ ન હતુ બીજુ કોઇ પણ અંગ ચાલતું ન હતુ જેમ જેમ વખત જતો હતો તેમ તેમ મુખ ઉપર દિવ્યકાન્તિ પ્રસરતી જતી હતી શ્વાસોચ્છ્વાસ બહુ મન્દ પડતો હતો નાડીઓનુ ખેંચાવુ, ભારે શ્વાસ થવો, અંતર વ્યથાના ક્ષોભથી આકુળ વ્યાકુળ થઈ હાય વોય કરી અંગ પછાડવા, કે જેવા તેવા બકારા કરવા, ભયથી ત્રાસી બેઠા થઇ જવુ એવા એવા ચિહ્નોમાથી કોઇ

રાજ ચાંપસી, શેઠ શામજી લધા, શેઠ કેશવજી સુંદરજી, શાહ હીરા મેઘજી, શાહ હીરા પુનશી.

પણ ચિહ્ન જણાતું ન હતું. શાન્ત ભાવે સ્થિરતાથી કેમ જાણે કોઇ ધ્યેય સ્વરૂપમાજ લીન થઇ ગયા હોય તેમ આ મહાત્મા બિછાના પર પડયા હતા. તેઓ શાન્ત હતા. આસપાસનુ મ ડળ પણ અ તરમાં વેદના પામતું પણ બહારથી શાન્ત ગ ભીર અને સ્વસ્થ થઇ બેઠુ હતું, કુદરત પણ શાન્ત હતી, સૂર્યનારાયણ ન્હડતા હતા. સવારનો વખત અને સ્થાનક જેવુ એકાન્ત સ્થળ એવી એકાન્ત શાન્ત પ્રસન્ન સ્થિતિમા આચાર્યશ્રીની વૃત્તિ ધ્યેયાકાર થતી હતી. તેમના પુણ્ય પ્રભાવે આસપાસની સ્થિતિ પણ અનુકૂળ હતી

જેણે બાલ્યકાળથીજ પવિત્ર આચાર, પવિત્ર વિચાર, પવિત્ર ઉચ્ચારાદિ સેવ્યા હતા, જેના વાક્ કાયા અને મને પુણ્ય અને પુણ્યજ વ્હોર્યું હતું, જીવનપર્યંત બ્રહ્મચર્ય તપ અને ધર્મક્રિયાઓનુ સેવન કર્યું હતું તેને અ તકાળે શી પીડા થાય ? કઈ વાસના પીડે ? કયો વિષય આકર્ષે ? બાહ્ય વિષય માત્રથી જેનુ મન ઉપરામ પામ્યુ હતું. જ્ઞાન વિજ્ઞાનથી જે આત્મા પવિત્ર અને ઉન્નત બન્યો હતો, જન્મથી તે મરણપર્યંત તપ સ યમ અને ચારિત્ર સેવીને જેનુ શરીર પવિત્ર પર-માણુના સ ઘાતમય-પણ અવસ્થાને લીધે ક્ષીણ થઈ ગયુ હતું, તેવા આ મહાત્મા ઉદય ઉદીરણ કર્મના ભોગ ભોગવી અનેક કલ્યાણકારી પ્રવૃત્તિના સાધનરૂપ પણ હવે વૃદ્ધાવસ્થાથી જર્જર થઇ ગયેલા અને તેથી વિશેષ ઉન્નત કર્મ બજાવવાને અસમર્થ એવા અનિત્ય દેહને ત્યાગી પ્રભાતના સવાસાતને સુમારે કોઇ અદૃષ્ટ પુણ્યકારી લોક તરફ વિહાર કરી ગયો. સર્વે સ્તબ્ધ થઈ ગયા, અ તરથી રડી પડયા, જ્ઞાન અને ભક્તિના ઉત્તમ પદોના ઉદ્‌ઘોષથી વાતાવરણ છવાઈ રહ્યું. જરા જરા ધીમી ધીમી વાતો ચાલવા લાગી, પર તુ એક પળમા સઘળું ચુપચાપ થઇ ગયુ. ધાર્મિક વિધિઓ ચાલવા લાગી. આચાર્યશ્રીને પદ્માસને બેસાડી રેશમી વસ્ત્ર ઓઢાડી તે પર કેશરના છાટા નાખ્યા.

અવસાન કાળે વ્યવહારોક્ત વિધિ પ્રમાણે બજાવવાનાં કામોમા સૌ વળગી ગયા.

શહેરમા ખબર ફેલાઇ આચાર્યશ્રીના માનમા હિન્દુ મુસલમાન બધા લોકોએ તે દિવસે વ્યાપાર ધધો બધ રાખ્યો સાજ વખતે રિવાજ પ્રમાણે એક ભવ્ય માડવી શહેરમા ફેરવવામા આવી. આ પ્રસગે આચાર્યશ્રીના દર્શન કરવાને તેમ તેમની અતિમક્રિયામા ભાગ લેવા જૂદા જૂદા સપ્રદાયના મુખ્ય માણસોએ હાજરી આપી હતી. માંડવીમાથી દેખાતી મુખાકૃતિની પ્રભા જોઇને એક વ્યક્તિ બોલી ઉઠી–"આ જીવતાને આમ શામાટે લઈ જાય છે ? !" એ વખતના દેખાવનુ ચિત્ર આ અસમર્થ લેખિની શુ આળખી શકે ? પ્રત્યક્ષ જોનારનેજ એનો ખરો ભાસ થઇ શકે એમ છે.

સધ્યાકાળનો વખત હતો. આકાશમા ગભીરતા છવાઇ રહી હતી સ્મશાનમા હજારો લોકો એકઠા મળ્યા હતા પરતુ બિલકુલ ગરબડ હતી નહિ શોકનિમગ્ન હોયની શુ ? તેમ વૃક્ષો પણ હાલતા બધ પડયા હતા પક્ષી એક પણ દેખાતુ નહતું સૂર્યનારાયણ પણ આ દેખાવ જોવાને નારાજ હોય તેમ પોતાના કિરણોને સમેટી લેવાનુ કરતો હતો. કુદરતી દેખાવ ગભીરતા અને શોકમા વધારો કરતો હોય એમ જણાતુ હતુ. આવા શાન્ત અને ઉદાસી વખતમા એક તરફ ભડભડ કરતી મ્હોટી ચિત્તા સળગી રહી હતી, એક વખત ચેતન જેવો દેખાતો, પૂજ્ય મનાતો પણ હવે કેવળ જડ થઇ પડેલો દેહ એ ચિતામા ભસ્મીભૂત થતો હતો. અને પોતાની પૌદ્ગલિક સ્થિતિ, અનિત્યતા, ચેતન જીવાત્માથી વિભિન્નતા, જડતાનુ ભાન વિચારશીલ પ્રેક્ષકને કરાવતો હતો શોક અને ભયની નિવાસભૂમિરૂપ જે સ્મશાન તેનો દેખાવ, તથા ચિતાની મ્હોટી જ્વાળા વચ્ચે તડતડ કરીને બળતો, આજ સુધી એક મહાન સસ્કારી જીવના ખોળીઆં

રૂપે જળવાયલો દેહ એ સર્વનું દર્શન નાસ્તિકમા નાસ્તિક મનુષ્યનાં હૃદયપર પણ ગંભીર અસર કરે એવું હતુ.

જૈનતત્ત્વજ્ઞાનની વાડીમાથી આ દિવ્ય પક્ષી ઉડી ગયુ. સંપ્રદાયમાં ઝાખાશ આવી ગઈ. કાર્યમા મોળાશ આવી ગઇ. સર્વાનુમતે મનાએલાં ચાર *રત્નોમાથી આ ત્રીજુ રત્ન પણ અદૃષ્ટે ખૂચવી લીધું. હજી એ મહાત્માના સદ્બોધનુ તથા એમના સમગ્ર જીવનનુ મનન ચતુર્વિધ સઘ કરે તો અનેક ઉચ્ચ લાભો પામી શકાય, આવા આવા વિચારોની સરિતાના પ્રવાહમા તણાતો આજુબાજુના બનાવો ઉપર લક્ષ ન આપતા આ મહાત્માના જીવનચરિત્રનુ હૃદયમા રટણ કરતો અમુક ઉપાધિ વિશિષ્ટ આત્મા આત્મામા લાગી જતા—અંતરમા ઉડો ઉતરી જતા એક દિવ્યનાદનુ શ્રવણ કરે છે, ધ્યાનપૂર્વક સાભળે છે. તોએ નાદધ્વનિ આમ કહેતો હોયની શુ એમ જણાય છે—

यद् यद् विभूतिमत् सत्वं श्रीमदूर्जितमेववा ।
तत्तदेवा वगच्छत्वं ममतेजोंश संभवम् ॥×

'વિભૂતિમત્—શ્રીમત્—ઉર્જિત' એનો વાચક ગમે તેવો અર્થ કરે પરન્તુ આ લખનારને તો એ પ્રભાવશાળી સત્ત્વમા ઘણે ભાગે દિવ્ય અંશોનુજ ભાન થયુ.

શાન્તિ   શાન્તિ   શાન્તિ

---

* ૧ ગતાયુ નાનચંદજી સ્વામી, ૨ રત્નચંદજી સ્વામી, ૩ આચાર્યશ્રી કર્મસિંહજી સ્વામી, ૪ વિદ્યમાન આચાર્યશ્રી વિજયપાલજી સ્વામી

+ "જે કોઇ સત્વ વિભૂતિમત્ શ્રીમત્ કે ઊર્જિત હોય તેને મારા તેજના અંશરૂપે જાણજે" (ગીતા)

મુનિજીવન.

We buy experience cheapest in studying the lives of others.

—*Max Muller*

The Science of Languages.

" અન્યજનોના જીવનચરિત્રોના અભ્યાસથી સોઘામા સોઘી રીતે આપણે અનુભવ મેળવી શકીએ."

ધર્મ—સપ્રદાયની શક્તિનો આધાર જડ મહાલયો, દ્રવ્ય, લાયબ્રેરીઓ, આભૂષણો, સુદર વસ્ત્રો કે એવીજ બીજી બહારની ટાપટીપ ઉપર નથી, કિંતુ ચેતનવાન યોગ્ય પુરૂષોપર હોય છે. એમનાથીજ એ દીપે છે; પ્રસરે છે. સ્વમહિમા દર્શાવી શકે છે. ગૌરવમા વધે છે, એવા પ્રતાપી અને પ્રભાવશાળી પુરૂષોજ પોતાના પરાક્રમથી ધર્મના રચનારા તેમજ રક્ષનારા નીવડે છે.

न रम्यं नारम्यं प्रकृतिगुणतो वस्तु किमपि
प्रियत्वं यत्रस्यादितरदपि तद् ग्राहकवशात् ।
रथाङ्गाह्वानानां भवति विधु रंगार शकटी
पटीरांभःकुंभ स भवति चकोरी नयनयोः ॥

ભાવાર્થ —કોઈ પણ વસ્તુ પ્રકૃતિના ગુણથી સારી કે નરસી નથી હોતી તેમા જે પ્રિયતા કે અપ્રિયતા થાય છે તે તેના ગ્રાહકને લઇને થાય છે ચદ્ર ચક્રવાક પક્ષીને બળતા અગારાની સગડી જેવો લાગે છે અને તેજ ચદ્ર ચકોરી પક્ષીને અમૃત ભરેલા ઘડા જેવો લાગે છે

પ્રકરણ ૫ મું.

મુનિ જીવન-આમુખ.

પૂજ્ય આચાર્ય શ્રીમત્ કર્મસિંહજી સ્વામીનાં જીવનની કથા આ પ્રમાણે ઉપલબ્ધ સામગ્રી, શક્તિ, સ્થિતિ અને સયોગોના પ્રમાણમા પૂર્ણ કરી છે. તેમના ૮૩ વર્ષના સ્થૂલ જીવનમા કયા કયા જાણવા જોગ બનાવો તેમના સબંધમા બન્યા, કેવી કેવી પ્રવૃત્તિનુ તેમણે સેવન કર્યું, તેઓ એક ગામડીઆ ખેડુતમાથી એક તત્ત્વજ્ઞ ઉપદેશક તથા જગત્‌નુ સ્વરૂપ સમજતા ફીલસુફ તેમજ આચાર્ય કેવી રીતે બનવા પામ્યા ઇત્યાદિ બાબતોનુ ટૂકું દિગ્દર્શન આપણે કર્યુ. હવે આપણને આચાર્યશ્રીના સૂક્ષ્મશરીર કે જે સ્થૂલ વ્યવહાર માત્રનુ નિયામક છે તેનુ વધારે સમીપતાથી અવલોકન કરવાનુ છે જીવનકથાનુ ખરૂ ફ્લ પ્રાપ્ત કરવાને કથાનાયકનુ આતરજીવન બનતા પ્રયાસે સમજવુ તથા અભ્યસવુ જોઇએ કેમકે બાહ્યજીવનને નિયમનાર તે છે. અતરની જે કરણ સામગ્રીવડે તેમનુ જીવન દીપી નીકળ્યુ અને ઉન્નત બન્યુ તેમનુ સ્વરૂપ સર્વથા તો ન સમજી શકાય તોપણ વિશેષ સૂક્ષ્મતાથી તેમની વૃત્તિ, પ્રકૃતિ, પ્રવૃત્તિ અને રીતભાત આદિનુ પૃથક્કરણપૂર્વક અવલોકન કરી તપાસીશુ તો તેમના ગુણદોષની કઇક અશે પણ ઝાખી થઇ શકશે ખરી, તેમજ વળી કઇક માર્ગ-સૂચન પણ થશે. એમના સમગ્ર જીવનની વિશાળ દૃષ્ટિબિંદુથી સમીક્ષા કરતા હાલની પરિસ્થિતિ અને જરૂરીઆ-તોમા જે પ્રકારના મુનિ જીવનની જરૂર છે તે પ્રકારનુ તેમનુ જીવન કેટલે અશે કેટલી સીમામા હતું તે હાથ આવી શકે છે તેમનો કાર્ય પ્રદેશ, તેમા સમાતા જનસમૂહની સ્થિતિ, શક્તિ સમજણ, સપ્રદાયની રૂઢિઓ, સહચારી સહકારી અને સહયોગી મડળની સ્થિતિ, એમના સ્વરૂપનો વિવેકદૃષ્ટિપૂર્વક ખ્યાલ રાખીને વાચક આગળ વધશે તોજ અમારા કથ-નનુ રહસ્ય તેને હાથ આવી શકશે એ આરભમા જણાવી દેવું જોઇએ.

મુનિ જીવન.

॥ नाणेण मुणी होइ ॥

॥ न मुणी रण्ण वासेण ॥

'આત્મજ્ઞાને મુનિ થાય છે, નહિ કે અરણ્યવાસે.' અર્થાત્ અરણ્યવાસ વેષ આદિ બાહ્ય લિંગોથી મુનિ થવાતું નથી, પરંતુ આંતરિક વિકાસ આત્મજ્ઞાન વડેજ મુનિ થવાય છે. ઉત્તરાધ્યયન.

सव्वं गिद्धिं परिणाय । एसपणते महा मुणी ॥

સર્વ પ્રકારની આસક્તિઓને વિનાશક પરિણામી જાણી દૂર કરવા નિર્લેપ રહેવા પ્રવૃત્ત રહે છે તે મહામુનિ છે. આચારાંગજી.

આ વાત તો સુસ્પષ્ટ છે કે બધું દેહગત કાર્ય બહુધા બુદ્ધિવીજ થાય છે ઇન્દ્રિયોની પ્રવૃત્તિ અને મનની વૃત્તિઓની નેતા–પ્રેરક–પાલક, શાસક પ્રધાનપણે બુદ્ધિજ છે (જો કે એ બુદ્ધિનો પ્રકાશક સ્વતંત્ર અને પ્રાણ ઇન્દ્રિય મન અને બુદ્ધિના ધર્મોથી અલિપ્ત એવો કોઇ ચેતન પદાર્થ છે પણ અહિં એ વિષય નથી તેથી એ વાત પડતી મૂકી સામાન્ય રૂપક લીધું છે) અને એટલાજ માટે મનુષ્ય શરીરમાં બુદ્ધિ શ્રેષ્ઠ સ્થાન ભોગવે છે. મનુષ્ય ઇતર પ્રાણીઓથી શ્રેષ્ઠ અને એ શ્રેષ્ઠતાના પ્રમાણમાં વિશેષ જવાબદાર મનાય છે તે પણ બુદ્ધિની પ્રાપ્તિથીજ. બુદ્ધિની જેવી જેવી સ્થિતિ તેવા તેવા નિશ્ચયો બંધાઇ આંતર તેમ બાહ્ય પ્રવૃત્તિઓના તેવા તેવા સ્વરૂપ ઘડાય છે અને તદનુરૂપ ફળ મળતા રહે છે. આ

સાદું રૂપક સમાજને લગાડી એમ કહીએ કે સમાજરૂપ શરીરમાં તે તે સમાજ ગત વિદ્વાન્ ઉપદેશક વર્ગ બુદ્ધિનું શ્રેષ્ઠ (અને તેટલાજ માટે વિશેષ જવાબદારીવાળુ) સ્થાન ભોગવે છે તો તેમા અડચણ જેવુ નથી. કોઈ પણ સમાજમા ચાલતી **વિચાર સંગતિ** અને **આચાર પદ્ધતિનું** મૂળ સ્વરૂપ તેના વિદ્વાન્ ઉપદેશક વર્ગ તરફથી ઘડાએલુ હોય છે. જો કે તેમા સમાજગત વ્યક્તિઓની નિર્બળતા અને સદોષતાની અંશ દુષ્ટ ગંધ **પાછળથી** મળી જાય છે. બુદ્ધિશાળી વિદ્વાન્ **ઉપદેશક** વર્ગની જેટલી યોગ્યતા શ્રેષ્ઠતા અને મહત્તા તેટલી તે **સમાજની** અન્ય સમાજો કરતા શ્રેષ્ઠતા અને મહત્તા હોય છે. ઇતિહાસ જોતા જણાયુ છે કે સમાજની ચાલક તેમજ શાસક સત્તા જેટલે અંશે અને જેવાં રૂપમા યોગ્ય વિદ્વાન્ ઉપદેશક વર્ગના હાથમા હોય છે તેટલે અંશે અને તેવા રૂપમા તેની ઉચ્ચ સ્થિતિ હોય છે, એકની અસર બીજા ઉપર થાય એવા સંબંધથી જેમ દેહાદિ અને બુદ્ધિ તેમ સમાજ અને વિદ્વાન્ વર્ગ તેવા સંબંધથી સંકળાએલો છે. રોગી અને દુર્બળ શરીર તથા નિર્બલ ભ્રમિત અને સાશંક મનની અસરથી બુદ્ધિ પણ વિકારી, દુર્બલ, સંશયશીળ, અસ્થિર અને મેલી બને છે અને તેથી તેના કરેલા નિશ્ચયો પણ વિપરીત અદૃઢ અને અસ્પષ્ટ હોય છે. આવીજ રીતે અશિક્ષિત, અજ્ઞાન, વહેમી, જડ અને દુર્બલ વ્યક્તિઓથી બનેલા સમાજમા ઉપદેશક વર્ગ પણ જોઇએ તેવી યોગ્ય સ્થિતિમા હોતો નથી, એથી ઉલટુ ઉપદેશક વર્ગની અયોગ્ય સ્થિતિ અને કર્તવ્ય વિમુખતાને પરિણામે સમાજ પણ અધોગતિએ પહોચે છે. આમ છે એટલે આ તો સ્પષ્ટ રીતે કહી શકાય કે ઉપદેશક વર્ગની અમુક વિશિષ્ઠ પ્રકારની સ્થિતિ હોવામા જેમ સમાજની સ્થિતિ પણ એક કારણરૂપ છે તેમ સમાજની સ્થિતિ માટે ઉપદેશક વર્ગ જવાબદાર અને જોખમદાર છે. કોણ

કેટલે અંશે કેવા પ્રકારે પરસ્પર ઉપકારક વા અપકારક છે એ સંબંધી નિષ્ફળ તકરારમા નહિ ઉતરતાં સામાન્ય રીતે વ્યવસ્થા ખાતર એટલું તો નિર્વિવાદ રીતે કહી શકાય કે યોગ્ય વિદ્વાન્ વર્ગની જરૂર સમાજની ઉચ્ચ સ્થિતિ થવા માટે ખાસ કરીને છે, અને એ વર્ગની જેવી જોઈએ તેવી યોગ્ય સ્થિતિ હોય, તેઓ ધર્મ પરાયણ હોય એટલે કે પોતાના નિયત કર્તવ્યો સપૂર્ણ રીતે સમજી અપ્રમત્તપણે તે બજાવવા ધર્મ બુદ્ધિએ તત્પર રહેતા હોય, પોતાના અધિકારને અગે રહેલી જવાબદારી અને જોખમદારી સમજવાની ઇચ્છા અને શક્તિ ધરાવતા હોય, તેના પાલનમા દૃઢ રહી નિષ્કામભાવે પરોપકાર પરાયણ રહેતા હોય તો ધર્મ અને સમાજની ઉન્નતિ બહુ વહેલી થાય ખરી. ફલિત એ થાય છે કે સત્ય શુ અને અસત્ય શુ એનો વિવેક કરવાને સમર્થ એવો બુદ્ધિરૂપ સારથી જેમ મન અને ઇન્દ્રિયના વેગને યોગ્ય રસ્તે વાળી દેહધારી જીવાત્માને પરમપદની પ્રાપ્તિ કરાવે છે, તેમ પ્રવૃત્તિ અને નિવૃત્તિ વિષયક ધર્મની બાબતમા દેશ, કાળ અને પરિસ્થિતિને અનુકૂળ પડતી યોજના ઘડી લઇ કુશળ, સમર્થ અને વિવેકી ઉપદેશક સમાજને યોગ્ય રસ્તે વાળી જાય છે, અને પરમ ઉન્નત સ્થાને પહોચાડે છે

કોઇ પણ કાર્યનો આરભ કરતા પહેલા **સંકલ્પ** અને **દેશકાલાદિના વિચારની** અપેક્ષા રહે છે. સકલ્પ **સત્ય** જોઇએ અને વિચાર **શુદ્ધ** જોઇએ. સત્ય અને શુદ્ધિ સચવાય એટલા માટે **નિશ્ચિંતતા** અને **નિઃસ્પૃહતાની** આવશ્યકતા છે આવા કોઈ વિચારથી સતોષ, સયમ અને નિયમ આદિથી સંસારી વિભાવજન્ય વૈભવોને તુચ્છ તથા નિરૂપયોગી કરી નાખનાર વિદ્વાન્ મનુષ્યોનો એક વર્ગ ઉભો કરવાની પ્રત્યેક સમાજને ઘણી જરૂર રહે છે. આ વર્ગ નિશ્ચિત રહી સસારની અનેક ઉપાધિઓથી બચી **અવ્યગ્રપણે** પ્રજાનાં હિત-

શોધનમાં તત્પર રહે તે માટે તેમના ઉદરપોષણનું કર્તવ્ય અન્ય વર્ગને સોંપવામાં આવે છે. આવા નિશ્ચિત નિઃસ્પૃહ અને સાદુ જીવન ગાળનાર વિદ્વાનવર્ગના સત્યસંકલ્પ અને શુદ્ધ વિચારથી ઘડાએલી શુદ્ધ વિચાર સંગતિ અને આચાર પદ્ધતિનુ અનુસરણ પ્રજાવર્ગ કરે છે અને કલ્યાણને પામે છે. દેશકાલાદિના વારવાર પરિવર્તન પામતા સ્વરૂપો અને તેને પરિણામે થતી સમાજની અવસ્થાન્તર પ્રાપ્તિ એનુ જ્ઞાન, શાસ્ત્રજ્ઞાન અને નિઃસંગતા એ સર્વ એ વર્ગને વિશેષ ઉચ્ચ વિશેષ યોગ્ય અને વિશેષ ઉપયોગી બનાવે છે. આને લીધે તેઓ સમાજ–જીવનને વિશેષ ઉચ્ચ બનાવી શકે છે તેમજ લોકો પાસે ધાર્યું કામ કરાવી શકે છે. એમા જેટલી ન્યૂનતા તેટલી કર્તવ્યપાલનમા શિથિલતા, અને તેટલે અંશે અવિહિત પ્રવૃત્તિનું સેવન વધે છે, અને પરિણામે ઉચ્ચ સ્થિતિ દૂરની દૂર રહે છે જૈનસંપ્રદાયમા આવાજ વિચારથી ચતુર્વિધ સંઘનુ બંધારણ થયુ છે. સાધુ સાધ્વી વર્ગ પૂજ્ય અને વન્દનીય મનાય છે તે, એ વર્ગે અમુક સાંપ્રદાયિક વેષ ધારણ કર્યો છે અને સંસારસુખોને તિલાંજલી આપી છે **એટલા માટે નહિ** પણ સમાજહિત અને જૈનશાસનની ચઢતી કરવાને તથા **એમ કરીનેજ**–બીજીરીતે નહિ–આત્મિકશાન્તિ મેળવવાને તેઓએ વિષયોપભોગની લાલસાઓ કામનાઓ તથા સુત, ધન, યુવતિ અને વૈભવનો ત્યાગ કર્યો છે, મમતા અને કષાયને પરિત્યજી **પરજીવનમાં આત્મજીવન અનુભવવાની 'દીક્ષા' લીધી** છે તે માટેજ. તેમના શ્વેત વસ્ત્ર એજ સૂચવે છે કે મન વચન અને કાયાની **વિશુદ્ધ પ્રવૃત્તિવડે** હૃદયને કષાયાદિ દોષોથી રહિત કરવાનુ તેઓએ વ્રત લીધુ છે. જૈન ધર્મ આવાજ મુનિજીવનને વખાણે છે અને અનુમોદે છે. અધ્યયન અધ્યાપન અને પ્રજાહિતના સત્ય સંકલ્પ અને શુદ્ધ વિચારમા અવ્યગ્રપણે નિમગ્ન રહી **ઓછામાં ઓછી ઉપાધિવાળું સાદું સરળ**

નિશ્ચિંત જીવન ગાળવાનું એ વર્ગ માટે શાસ્ત્રે વિધાન કર્યું છે. અને એવાંજ મુનિત્વનાં પરિરક્ષણથી જૈનધર્મે વિશ્વવિખ્યાત યશ મેળવ્યો છે. **મુનિત્વનું** રક્ષણ થાય તોજ જૈનધર્મ અને જૈનસમાજ સુરક્ષિત રહે અન્યથા તો નહિજ.

એક સાધુ કે જેણે સસારની ક્ષુદ્ર વાસનાઓનો ત્યાગ કર્યો છે, જે શાન્ત પવિત્ર અને અનાસક્ત રહી **કેવળ** ધર્મમય જીવન ગાળે છે તેના તરફ અતિ પ્રાચીન કાળથી માનવૃત્તિથી જોવાનું **સહજ** (સ્વાભાવિક) છે અને તે એટલે સુધી કે એવા જીવનનો જેમાં આભાસ સરખો પણ ન હોય તેવી વ્યક્તિઓ પણ સન્માન પામે છે !!! અહકારજન્ય બેદરકારી અને કર્મરહિતતા એ સાધુસપ્રદાયના ખાસ લક્ષણ છે એમ આજ કેટલાક લોકોની માન્યતા છે; પોતાનાં મનમાં મસ્ત રહેવુ, જગતની પરવા કરવી નહિ, કઈ પણ કામકાજ કરવુ નહિ, આળસમા દિન વ્યતીત કરવા કે ધર્મને નામે મિથ્યાચાર સેવવા એને સાધુપણુ કેટલેક સ્થળે સમજવામા આવે છે. કેવો ભૂલભરેલો ખ્યાલ !! મુનિઓના **કર્મયોગ** વિષે આગળ લખવામા આવશે, અહિ માત્ર એટલુજ જણાવીશુ કે સાધુસપ્રદાય એ એક ઉંચામા ઉચુ અધ્યાત્મ જીવન છે, તે સપ્રદાયને પાળનારાઓ મ્હોટી મ્હોટી **ભાવનાઓને આચારમાં** મૂકી જનસમુદાયનું કલ્યાણ કરે છે. સાધારણ રીતે એમ માનવામા આવે છે કે સાધુઓ જનસમાજને ભારરૂપ થઈ પડે છે પણ સાધુ (**તેના ખરા અર્થમાં**) કોઈ પણ રીતે ભારરૂપ થઇ પડે એ શકય નથી ઇતિહાસ તરફ નજર કરીશુ તો અને સાધુઓએ જનસમાજ માટે **શું શું** કર્યું છે તે જોઇશુ તો એ વાતનો ખુલાસો મળી રહેશે. **ધર્મદૃષ્ટિએ જોઇએ** તો આ સાધુ–નામ માત્ર ધારણ કરનાર નહિ પણ ખરા અર્થમા સાધુના સપ્રદાયે મનુષ્યોના નયન

સમીપ પવિત્રતા, આત્મનિગ્રહ અને **વહેવારૂ** વૈરાગ્યની ઉચ્ચતમ ભાવનાઓ મૂકી છે, સશક્ત લોકોએ અશક્ત લોકોને મદદ કરવી જોઇએ એવી વૃત્તિ ઉત્પન્ન કરી છે, સત્ય કલ્યાણનો માર્ગ બતાવી અનેકને એ તરફ વાળ્યા છે એ સર્વ તો ઉપર ઉપરથી જોનારને પણ ધ્યાનમા આવી શકે એવુ છે. **સામાજિક દૃષ્ટિએ જોતાં** સમાજમા રહેલા અનિષ્ટતત્ત્વોને દૂર કરવામા તથા સમાજને સુધારવામા એ વર્ગે ઘણુ કર્યું છે. જ્યારે એક પક્ષે સાધુઓ મનુષ્યાવસ્થાનુ અંતિમ લક્ષ્ય નિવૃત્તિ છે એવી ઉચ્ચ ભાવના મનુષ્યોની સમુખ નિરતર મૂક્યા કરે છે ત્યારે અન્યપક્ષે એ અતિ ઉચ્ચ ધર્મ પ્રાપ્ત કરવાના **સાધન** તરીકે ગૃહધર્મોનુ અને સમાજધર્મોનુ પાલન કરવાને તેઓ કઈ ઓછુ પ્રબોધતા નથી જૈનસપ્રદાય સાધુજીવનનુ— મુનિજીવનનુ બહુ સૂક્ષ્મ રીતે અવલોકન કરે છે અને તેના આચારાદિના સુઘટિત નિયમો યોજે છે. એ જીવનનુ બધારણ એવું છે કે જેથી એ વર્ગ સમાજ ઉન્નતિમા બહુ સહાય્યક નીવડે એને સંસારની ઉપાધિ નથી, ઘરહાટ ચણાવવા નથી, ભરણપોષણની ચિતા નથી, દીકરા દીકરી પરણાવવા નથી, ટૂકામા મનને અન્યત્ર રોકવું પડે એવુ એક પણ કાર્ય તેમને કરવાનુ નથી, તેમ વળી માનસન્માન, ગાદી, ભેટ, દક્ષિણા, કે એવી બીજી ધર્માચાર્યોને અગે રહેતી ઉપાધિઓ પણ તેમને નથી **એ જીવન એકાન્ત પરોપકાર પરાયણ** છે. આલસ્યરૂપ નિવૃત્તિ નથી, પરતુ **વિશુદ્ધ પ્રવૃત્તિ ગર્ભિત નિવૃત્તિ** છે. સકોચ, સ્વાર્થ, કૃપણતા, પ્રતારણાનો એ માર્ગ નથી. સર્વ પુરૂષાર્થોને પૂરતો માર્ગ આપી પરોપકારની વૃત્તિનો પૂરતો રસ્તો આપે એવો એ પરમવિશુદ્ધ માર્ગ છે. દેશકાળ, સ્થિતિ, સબધ આદિનો વિચાર કરતા રહી સુખાવહ કર્તવ્યયોજના ઘડવી, તેવા કર્તવ્ય પાલનમા પોતે દૃઢ રહી તે તે સમયને ઉચિત એવા કર્તવ્યોનાં સ્વરૂપનું

લોકોને જ્ઞાન આપી તેમાં પ્રવર્તાવવા, સત્યસંકલ્પ અને વિશુદ્ધ વિચારોમાં પ્રજામાં હિતશોધનમાં નિરંતર તત્પર રહી આદર્શ દૃષ્ટાન્ત ખડું કરવું, એવા એવા કર્તવ્ય બજાવવાની અનુકૂળતા આ ઓછી ઉપાધિવાળા અવ્યગ્ર અને નચિંત જીવનને વિશેષ છે. ખરી વાત છે કે, કાળ બળે કે ગ્રહ અવળાયોગે કે ગમે તે બીજા કારણોથી હાલ આ જીવનમાં પ્રમાદ, આળસ, અવ્યવસ્થા, સંકુચિતપણું, વ્યગ્રતા અને ચિંતાએ ધામા નાખ્યા છે, કર્તવ્યનિષ્ઠા, શ્રદ્ધા, ઉદારતા, પ્રેમ અને સત્યનિષ્ઠાને સ્થાને તેમાં કર્તવ્યવિમુખતા, વહેમ, સ્વાર્થ, સંકોચ, મોહ, પ્રપંચ અને પ્રતારણાએ પ્રવેશ કર્યો છે, કેટલેક સ્થળે તો બહારના આડંબર, દંભ અને ડોળનાજ નાટક ભજવવામાં આવે છે. બહારથી ટાપટીપ, ધર્મને નામે વિવિધ વ્યવહાર તથા ચર્ચા અને અંદરથી સ્વાર્થ સાધક યુક્તિઓ, ઇન્દ્રિય જન્યસુખોને પોષનાર ક્ષુદ્ર આચારો, એ સાધુસૃષ્ટિનો વ્યવહાર થઇ પડેલ છે, તોપણ **શ્રદ્ધાનું** તત્ત્વ આપણા લોકને પરંપરાએ માતાના ધાવણની સાથેજ મળતું હોવાથી એ જીવન પ્રત્યેની સન્માનવૃત્તિ, પૂજ્યભાવ અને શ્રદ્ધા ટકી રહ્યા છે, અને એ પૂજ્યભાવ અને માનવૃત્તિને લીધેજ હજી એ જીવન સુધારી લેવામાં આવે તો બહુ સારૂ કામ કરી શકે એમ છે આ સખ્ત પણ ખરી ટીકા **જે વાતને ગર્ભમાં** રાખીને કરવામાં આવી છે તે એ છે કે, આ જીવન પ્રત્યે ગૃહસ્થવર્ગની સામાન્ય રીતે પૂજ્યબુદ્ધિ રહે છે, સ્વાભાવિક શ્રદ્ધા હોય છે, એક વિદ્વાન્ ગૃહસ્થના ઉપદેશ કરતા એક સાધારણ પ્રકારના ત્યાગી મુનિનો ઉપદેશ કોઇ કોઇ વાર વધારે અસરકારક નીવડે છે, તો તેનો લાભ લઇ એ જીવન ગાળનારાઓ પોતાને વિહિત ન હોય એવી પ્રવૃત્તિમાં ન પડે તેમજ શ્રાવક વર્ગ ખરી વસ્તુસ્થિતિ ધ્યાનમાં લઇ વર્તે. આથી વિરૂદ્ધ થવામાં પૂર્વોક્ત ટીકામાં બીજ રહેલા છે. કેવળ સ્વાર્થપરાયણ બની કંઇજ ન કરતા વગર

યોગ્યતાએ જ્ઞાનરહિત ત્યાગ લઇ **નિવૃત્તિને નામે આળસ-પ્રમાદ-અસત્પ્રવૃત્તિ કે મનોરથ સૃષ્ટિમાં નિમગ્નતાનુ** સેવન કરવુ એ માટે મુનિવ્રત હોયજ નહિ–છે પણુ નહિ. આ જીવનની મહત્તા એટલાજ માટે છે કે એથી સ્વપરહિત સાધવાની વિશેષ અનુકૂળતા છે. સર્વ સગ પરિત્યાગ એ અનુકૂળતાના આધારરૂપ છે. આપણે ધ્યાનપૂવક જોઇશું તો જણાશે કે વૈરાગ્યભાવની જેમ જેમ ન્યૂનતા થતી જાય છે, તેમ તેમ ધર્મના ક્ષેત્રમા પ્રપચો વધારે ને વધારે પ્રમાણુમા પ્રવેશ કરતા જાય છે અને તેટલા પ્રમાણુમા આત્મિક વિકાસની ન્યૂનતા અને ખરા કર્તવ્યથી વિમુખતા આવે છે. વૈરાગ્યની ઉગ્ર ભાવનાવાળા સમર્થ સાધુ–ઉપદેશકો પોતાના જીવનકાળમા પોતાના ઉપદેશ પ્રમાણે વર્તન રાખે છે અને એવી રીતથીજ તેમનો ઉપદેશ હિતસાધક નીવડે છે.

પ્રત્યેક સુવિચારક જાણે છે કે, કોઇ પણુ સમાજની કે ધર્મની ઉન્નતિ, પ્રસાર કે અવનતિનો આધાર તેના ઉપદેશક વર્ગ ઉપર રહે છે, અને ધાર્મિક ન્નતિ **વિના** સામાજિક સુધારણાની આશા વ્યર્થ છે. સાસારિક અભ્યુદય અને પારમાર્થિક નિઃશ્રયસના ઉપદેશો યોગ્ય આચાર્યોદ્વારા નીકળતા અને શાસન ઉન્નત અવસ્થાએ પહોચતું એ વાત પણુ આપણા સપ્રદાયના ઇતિહાસથી સુસિદ્ધ છે જંબુસ્વામી, ભદ્રબાહુસ્વામી, હેમચન્દ્રાચાર્ય, હરિભદ્રસૂરિ, સુંદરમુનિ, જેષ્ટમલજી સ્વામી વગેરે આચાર્યોના પ્રયાસ પ્રત્યેક જૈનધર્માભિમાનીને સુવિદિતજ હશે. કાળેકરી ઉપદેશકવર્ગમા શિથિલતા આવી, ગચ્છભેદના કલહ વધ્યા, પરસ્પર વિદ્વેષનાં બીજ રોપાયા, ઉપદેશકવર્ગ તરફથી તેમાં જળસિચન થતું ગયુ, એક જૈનધર્મ અનેક શાખા પ્રશાખામા વ્હેચાઇ ગયો, સંઘશક્તિ–સંયુક્તબળ છિન્નભિન્ન થઇ ગયુ અને વ્યવહાર તેમ પરમાર્થના તેમજ જૈનતત્વજ્ઞાનમા વાસ્તવ સ્વરૂપનું જેમને ભાન કે જ્ઞાન નહિ એવા નામના વેષધારી પુરૂષો ઉપદેશક વર્ગમા ઉભરાવા

લાગ્યા. આથી પરિણામે ક્રિયા જડતા, શુષ્કજ્ઞાન, બાહ્યક્રિયામાત્રમાંજ રાગ, સ્થૂલતા, આતરદોષોની સવૃદ્ધિ, વિવેકશક્તિને અભાવે પરીક્ષક શક્તિનો અભાવ, અયોગ્યનો આદર, કર્તવ્ય–અકર્તવ્ય–યોગ્ય–અયોગ્ય ઔચિત્ય–અનૌચિત્યનુ અજ્ઞાન અને એવા બીજાં અનેક હાનિકર અનિષ્ટ તત્ત્વો પ્રજામા પ્રસરી ગયાં. આ નામના ઉપદેશકોએ જો કાઇ પણ કર્યું હોય તો તે એટલુજ કે જૈનપ્રજામાથી ધર્મનુ સંજ્ઞા-માત્ર નામ જતું અટકાવી રાખ્યુ છે. ધર્મને સ્થાને ધર્માભાસ, જ્ઞાનને સ્થાને ક્રિયાજડતા આવ્યા ખરા પણ કોઇને કોઇ રૂપે ધર્મ રહ્યો તો ખરો (ઉપકાર !) નામના ઉપદેશકોએ ટકાવી રાખેલ એ નામના ધર્મથી કઇ ખાસ વિશેષ લાભ નથી, એવા ધર્માભાસથી સતોષ માની બેસી રહેવુ એ શ્રેયસ્કર નથી.

જૈનદર્શન જે તત્ત્વજ્ઞાનથી ભરપૂર છે, અને ‘ તર્ક ’ પર બધા-એલ છે તેનુ રહસ્યપૂર્ણ જ્ઞાન પામવાની યોગ્યતા સસારવાસનામા સુખ માનનારા, બહારના આડબર–ટાપટીપ અને વિચારશૂન્ય ક્રિયામા લાગી રહેલા જ્ઞાનવિહીન પુરૂષોમા હોવીજ **ઘટતી** નથી, તો એ દર્શનના ઉત્તમ વિચારોને **અન્યમાં** સક્રાન્ત કરવાની યોગ્યતા તો ક્યાથીજ હોય ? જૈનધર્મ મલિન–અસ્વચ્છ–નાસ્તિક–સારરહિત અને અગ્રાહ્ય છે એવુ કેટલેક સ્થળે મનાઇ જાય છે તે પણ **એવા નામના ઉપદેશકોને પ્રતાપેજ.** લોકમત હંમેશા હાર્દ સમજીનેજ બધાય છે એમ કઈ નથી લોકને કઇ તત્ત્વ સમજવાની ખરી ઇચ્છા હોતી નથી. એમને અવકાશ નથી તેમ જરૂર પણ લાગતી નથી. એતો ઉપર ઉપરની ક્રિયા, બાહ્યવ્યાપાર, અનુયાયી વર્ગના આચાર વિચાર અને ધર્મની કહેવાતી પુરાણ કથાઓ ઉપરથી કઇક સાધાર અને કઇક નિરાધાર **કલ્પનાઓને** પ્રમાણરૂપે માની લઈ મત બાધે છે. આવા સ્વભાવવાળો પ્રજાવર્ગ, નામના ઉપદેશકોના ઉપદેશ, શિથિલ

આચાર, જડ ક્રિયાપરાયણુતા અને અનુયાયી વર્ગની અજ્ઞાનયુક્ત અવિચારી પ્રવૃત્તિઓ જોઈ વિરૂદ્ધ અનુમાન બાંધે તો તેમાં અપરાધ એમનો નહિ પણ જૈનદર્શનના જ્ઞાન તથા કર્મ આદિના રહસ્ય અને ગૌરવથી છેક અજ્ઞાન એવા અયોગ્ય **ઉપદેશકોનો** છે, એમ કહેવામા ધૃષ્ટતા નહિજ ગણાય. આમ આપણે જોયુ કે કોઇ પણ સમાજ અને ધર્મની ઉન્નત અવસ્થા થવામા વિદ્વાન્ ઉપદેશક વર્ગ બહુ અગત્યનો ભાગ બજાવે છે, અને વિશેષે કરીને એ વર્ગ જેમ ત્યાગી નિસ્પૃહી, સર્વસંગપરિત્યાગી, જ્ઞાનવિજ્ઞાનયુક્ત, દેશકાલાદિનો સૂક્ષ્મ વિવેક કરી કર્તવ્ય યોજના ઘડનાર, તેને અમલમા મૂકવાની તેમ મૂકાવવાની શક્તિ ધરાવનાર અને **તેથીજ** પૂજ્ય અને વંદનીય હોય તેમ તે વધારે સારૂ કામ બજાવી શકે છે. અહિ આ વાત લખતા લેખકને અભિમાન થાય છે કે જૈનમા જે ચતુર્વિધ સંઘનુ બંધારણ તથા કર્તવ્યવિભાગ આદિની વ્યવસ્થા છે તે બહુ સુંદર, ઉપકારક, યોગ્ય અને સર્વ પ્રકારના દેશકાળ પરિસ્થિતિમા કામ લાગી શકે તેવી ઉત્તમ છે. આ ધર્મે સ્ત્રીઓને વિસારી નથી, મોક્ષનો અધિકાર તેના હાથમાથી છીનવી લીધો નથી, તેને પણ પરમગતિ પામવાનો અધિકાર સ્વીકાર્યો છે, અને વિવેક વિરાગસંપન્ન મોક્ષેચ્છુ તેમજ શાસ્ત્રોક્ત લક્ષણયુક્ત સ્ત્રી ઇચ્છાનુસાર પુરૂષની પેઠેજ દીક્ષા લઇ શકે છે. આવા સાધ્વીના વર્ગ માટે કેટલાક ઉત્તમ પ્રકારના બંધારણો બાંધવામા આવ્યા છે. સાધુવર્ગના ઉપદેશનો લાભ સ્ત્રીવર્ગ ચોક્કસજ મર્યાદામા પામી શકે છે, તેનો સહવાસ અમુક નિયમોને આધિન રહી સેવી શકે છે અર્થાત્ એથી સાધુવર્ગનો કંઇ વધારે લાભ લઈ શકાય એમ નથી. આ શ્રાવિકાવર્ગની ઉન્નતિ માટે સાધ્વીનો વર્ગ બંધાયો છે. સંસારની કટુતામા સ્ત્રીવર્ગ તરફથી વધારો નહિ પણ ઘટાડો કરવા, તેને સ્વર્ગમય બનાવવા, સ્ત્રીના કર્તવ્યો તેમને યથાવત્ સમજાવવા,

કર્તવ્યમાં ઉત્સાહ લેતી કરવા, ધર્મ અને નીતિના સંસ્કાર ભરવા, તે સાધ્વીવર્ગને કેળવવાની કેટલી અગત્ય છે એ વગેરે બાબતોનું વિવેચન કરવાનો અહિ પ્રસંગ નથી, તોપણ સુવિચારક વિવેકી વાચક જોઇ શકશે કે આ ધર્મ અને નીતિના, વૈરાગ્ય અને જ્ઞાનના સત્સંસ્કારોથી સંસ્કૃત થએલા સાધ્વીવર્ગના સંસર્ગથી સ્ત્રીવર્ગ ધાર્મિક નીતિમય અને કર્તવ્યપરાયણ જીવન શીખી સંસાર સુધારી શકે છે, પોતાને અને પોતાના કુટુમ્બીઓને ઉચ્ચ ગતિએ લઇ જઈ શકે છે. પુરૂષ અને સ્ત્રી વર્ગ જે રાત્રિદિવસ સંસારના કાર્યોના ભારથી દબાયલો, ધર્મ અને પરમાર્થ જ્ઞાન પામી શકવાને અનુકૂળ નહિ તેવી સ્થિતિમા રહેલો છે, તેમને સાધુ અને સાધ્વી વર્ગ કે જે ઉપાધિથી મુક્ત છે, નચિંત છે, ધર્મ અને પરમાર્થના તથા નીતિ અને વ્યવહારના સ્વરૂપને યથાવત્ સમજી તથા સમજાવી શકે છે, ઉત્તમ પ્રકારના ચારિત્રશીળ છે, તે, ધર્મના સુવ્યવસ્થિત બંધારણોને લઈ પોતાનો લાભ આપે—અભ્યુદય અને નિશ્રેયસ સાધક ઉપદેશ કરે એ બંધારણ કેટલુ બધુ સુન્દર છે, ઉત્તમ છે, સુઘટિત છે. ધર્મ, નીતિ, ચારિત્ર્ય, સંયમ, તપ આદિ સાત્ત્વિક વૃત્તિ અને પ્રવૃત્તિઓના વાતાવરણયુક્ત સ્થાનકો, ઉત્તમ સંસ્કારવાળા, સંયમી, ચારિત્રશીલ, શાસ્ત્રનિર્દિષ્ટ લક્ષણોથી યુક્ત સાધુ—સાધ્વી વર્ગ અને શ્રદ્ધા, તત્પરતા જેવા શુભ ગુણોએ સંપન્ન, ભોળો ભલો, ધર્મ ઉપર રૂચિ રાખનારો શ્રાવક શ્રાવિકાનો વર્ગ આ સર્વનો સુઘટિત સંયોગ, અહો ! આ દર્શન કેટલુ બધુ રમ્ય, આકર્ષક, પ્રરોચક અને મોહક છે ! આ કેટલુ બધુ ઉન્નતિકર બંધારણ છે ! ધન્ય છે તે શાસનના રચનારાઓને ! ધન્ય છે તે તત્ત્વભાવના—ક્રિયાકાંડાદિના રહસ્ય જ્ઞાનવાળા સમર્થ ઉપદેશકોને કે જેમના પ્રયત્નથી, શુદ્ધ સંકલ્પોથી અને સત્ય વિચારથી જૈન ધર્મ એક વખત સર્વોપરિપદને પામી ચૂક્યો હતો;

અકબર અને જહાગીર જેવા બાદશાહો પાસે પોતાનાં તીર્થસ્થળોમાં હિંસા બંધ કરવાના પરવાના લેઇ શકયો હતો ! એક વખત મ્હોટા મ્હોટા રાજા રાણાઓ આ શાસનની સત્તામા મસ્તક નમાવતા હતા, નિઃસ્પૃહી ત્યાગી સાધુ મહાત્માઓના પગ પાસે પોતાનાં રાજ્યની સર્વ વિભૂતિ–ઐશ્વર્ય અર્પણ કરતા હતા, તેમના સામે હાથ જોડી ઉભા રહેતા હતા, અને આ મહાત્માઓ પણ તત્ત્વ ભાવનાઓમાં, તત્ત્વ ચિંતનમા અને સ્વકર્તવ્યમા એટલા મસ્ત રહેતા હતા કે એ સર્વથી લેશ પણ ડગતા નહિ, પોતાના લક્ષ્યથી ભ્રષ્ટ થતા નહિ કે ઘમંડ કરતા નહિ. પરંતુ કયા છે તે રમ્ય મનોહર ચિત્ર ? કયાં છે તે ઉત્તમ વાતાવરણથી યુક્ત સ્થાનકો ? કયા છે એ જ્ઞાની ચારિત્રશીલ તત્ત્વનિષ્ટ સાધુ મહાત્માઓ ? કયા છે તે ધર્મ ઉપર રૂચિ રાખનારો શ્રદ્ધાળુ શ્રોતા વર્ગ ? કયા છે એ વખતના શ્લાઘ્ય પરિણામો ? શી કાળની વિચિત્રતા, ગ્રહના અવળા યોગ, શી અગમ્ય કારણોની પરંપરા ! ! ! એમાનુ આજ કશુએ નથી " કશુ નથી " એટલે કેવલ શૂન્ય છે એમ નથી આ ઉદ્ગાર સમગ્ર રીતે છે નહિ, હોઇ પણ શકે નહિ, ગમે તેમ તો એ માનવદષ્ટિ પરિચ્છિન્ન છે, અમુક મર્યાદાથી બહાર તેની ગતિ છે નહિ અને અજ્ઞાનાવૃત છે એટલે આ દૃષ્ટિની પરિચ્છિન્નતા તથા જ્ઞાનની અલ્પતાના અંશ એ ઉદ્ગાર કહાડવાના કારણોમા ભળી જાયજ

વસ્ત્રપાત્રાદિ ઉપકરણોની તાલમેલ, શિષ્ય, ક્ષેત્ર અને પુસ્તકેષણા, આહાર પાણીની તજવીજ અને ગોચરીનાજ નિયમોનુ પઠન પાઠન વ્યાખ્યાન તથા જ્ઞાન તેમજ ગામ ગપાટા અને સાધુત્વને અસાધન રૂપ હોય તેવી બીજી ત્રીજી પ્રવૃત્તિઃ એમા સાધુનુ જીવન વ્યતીત થાય તો તેથી વધારે શોકની વાત કઇ છે વારૂ ? કેટલેક સ્થળે તો સમજ્યા વગરના સૂત્ર–સિદ્ધાન્તોના અશુદ્ધ મુખપાઠ બોલ્યા

વાંચ્યા ઉપરાત અન્ય શાસ્ત્રના વાંચનનો, કાવ્ય, વ્યાકરણ, સાહિત્ય, ફિલસુફી આદિના અભ્યાસનો, વિદ્વચ્ચર્ચાનો, અન્ય ધર્મના વિચારોના સસર્ગનો વગેરે અનેક બાબતોનો સ્પષ્ટ નિષેધ હોઇ જ્ઞાન અને સુધારાનાં દ્વાર બંધ થયા છે. ધર્મને નામે સકુચિત દૃષ્ટિ, અપવિત્રતા, વહેમ અને જડતા ઉપદેશાય છે, તેનાજ સસ્કારોને દૃઢાવાય છે. અને કંઇ પણુ સત્ક્રિયા થાય તો ધર્મનો ભગ થાય, સમકિત નાશ થાય, કર્મ બંધ થાય એવી માન્યતાથી કેવળ અહત્વપૂર્વક આત્મ–પરાયણુ રહેવામાં ધર્મ અને મુનિત્વ રહેલા સમજાય છે. મુનિત્વ શામા છે એનો શાસ્ત્ર તેમ વ્યવહારની દૃષ્ટિએ વિચાર કરતા એમ તો નહિજ સિદ્ધ થાય કે પ્ર્વોક્ત વ્યવહારના સેવનમા, નિયમબદ્ધ ખાનપાનના પાલનમાં, ડોળડમાકવાળા ટાપટીપીઆ ભાષણોમા, નાટકીઆ ગાયનો રચવામા અને જેવા તેવા પુસ્તકો બહાર પાડવામા મુનિત્વ સમાયલુ છે, તો પછી પરસ્પર વિદ્વેષ અને કલહ કરવામા, અન્યના છિદ્રો તપાસવામાં, સામાના જરા જેટલા દોષને મ્હોટો કરી બતાવવામા, ઝીણી ઝીણી વાતોને મનમા રાખી કુસપ વધારવામા, પોતાના વાડામાના ઘેટાઓ બીજાના વાડામા ઘુસી ન જાય તે માટે એક નાદાન ભરવાડ જેટ-લાજ જુસ્સાથી મ્હોટા ડગોરા લઇ શબ્દ વિષથી ભર્યા પ્રહારો કર-વામા, શિષ્ય કરવા માટે એક અમુક ગૃહસ્થ જેટલીજ ચિતા સેવી ગમે તેવા પ્રપચોમા પાડવામા અને બિચારા ભોળા અજ્ઞાન વર્ગને ફસાવવામા મુનિત્વ કયાથીજ હોય ? પરતુ જનોઇના દોરામા બ્રાહ્મ-ણત્વ અને ભગવી ચિદરડીમા સન્યાસીત્વ મનાય છે તેમ એવા નિષિદ્ધ વ્યવહારોમા મુનિત્વ મનાઈ ગયુ છે વિરાગ, અભ્યાસ, વિચા-રણા, ધર્મધ્યાન, યોગાનુષ્ઠાન, પ્રજાહિતના નિષ્કામસકલ્પો, અભ્યુદય નિઃશ્રેયસસાધક ઉપદેશ, શિક્ષણ, એના તો સ્વપ્નાજ રહ્યા છે. કોઈ કોઇ ઉપદેશકના વ્યાખ્યાનોમા એના નામ આવે છે ખરા ! '**મનના-**

ન્મુનિરુચ્યતે ' **મનન કરે છે માટે** 'મુનિ' કહેવાય છે, પરંતુ મનન શાનુ ? શુ આહાર, નિદ્રા, ભય, મૈથુનાદિ **પશુ ધર્મોનુ**'? શુ કેવળ **આપ સ્વાર્થનું** ? પરચ્છિદ્ર દર્શન, અને પરનિન્દા કથનનું ? શાસ્ત્રનિષિદ્ધ ત્યાજ્ય વ્યવહારોનુ ? ના, ના, એમ તો નજ હોય ! પણ મુનિઓનુ એ મનન તે નિદ્રા લોકવાર્તા શરીર આદિના વિસ્મરણ પૂર્વક આત્મભાવનુ, શાસ્ત્રનુ, લોકસ્થિતિનુ, દેશકાલાદિનુ, વારવાર બદલાતી જતી જવાબદારીઓનુ મનન છે. આવા મનનમા નિમગ્ન એજ મુનિ. આવાં મનનને પરિણામે નીપજતી- સશય અને વિપર્યય રહિત નિશ્ચિત કર્તવ્ય પદ્ધતિને ઘડવામા અને જવાબદારી બજાવવામા તત્પર એજ મુનિ. આત્મહિત સાધી ચૂકેલો, ભવસાગર તરી પાર ગએલો, અહેતુક દયાથી લોકહિત અર્થે યતમાન એજ 'યતિ' આનન્દ–ઘનોર્મિમા કહ્યુ છે કે "આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા– તો દ્રવ્યલિ ગીરે."

અખો ભક્ત પણ કહે છે કે—

આતમ જાણે તે નયજાતિ,
શુ થયુ ધોળા ભગવાવતી,
તોડે જોડે ઓડે વાળ,
એ સઉ ઉપરનો જજાળ.

શાન્ત, દાન્ત, ધીર, રાગદ્વેષરહિત, જ્ઞાન, દર્શન, ચારિત્ર અને સયમમાજ ક્રીડા કરનાર–પ્રીતિ રાખનાર, તૃપ્તિ લેનાર, તત્ત્વદર્શી, તત્ત્વનિષ્ઠ તેજ પૂજ્ય વન્દનીય જૈનમુનિ છે શાસ્ત્રપ્રદીપના પ્રકાશવડે આવુ આદર્શ મુનિત્વ સ્પષ્ટ સમજાય છે ચિત્તગત દોષોના સામર્થ્યવશાત્ આ વાત ન સમજીએ, એ પ્રકાશથી જ્ઞાન પામી તદનુસાર ન વર્તીએ તો આપણો દોષ છે, અને તેની શિક્ષા પણ આપણને ભોગવવી પડે છે—

જમાનો પલટાયો છે. હજી પલટાય છે. મુદ્રણકલા, પત્રવ્યવહારની થએલી સવડ, કેળવણીની સુલભતા, પાશ્ચાત્ય વિચારોનો સહવાસ, નવશિક્ષિત યુવકવર્ગ, બદલાયલા દેશકાળાદિનો યોગ થયો છે. અધશ્રદ્ધા, ધર્મઘેલછા, ગચ્છભેદના કલહ, મતભેદની અસહિષ્ણુતા, હૃદયસકોચ, સ્વાર્થ, આડબર, બાહ્ય વિચાર–શૂન્ય ક્રિયા પરાયણતા; એ સર્વને સ્થાને કોઈ કોઇ સ્થળે કઇક કઇક વિચારયુક્ત શ્રદ્ધા, ખરૂ ધર્માભિમાન, સહનશીલતા, હૃદયવિસ્તાર, પરાર્થબુદ્ધિ, તત્ત્વભાવના અને જ્ઞાનપર રૂચિ, આતર દોષો ટાળવાની પ્રવૃત્તિ, તથા હરેકનુ કહ્યુ સાભળવાની વૃત્તિ જોવામા આવે છે. જમાનો **વિચાર સ્વાતંત્ર્યનો** છે ન્યાયસિદ્ધ પ્રમાણોની કસોટીએ ચડાવેલા સિદ્ધાન્તોજ સ્વીકારાય છે. દરેક સિદ્ધાન્તનુ રહસ્ય જોવાય છે. દરેક ક્રિયાનુ પ્રયોજન–ફલ–વિધિ પૂછાય છે જેવુ તેવું ચલાવી લેવામા આવતું નથી. આની અસર મુનિવર્ગ ઉપર થવા માડી છે અને એ વર્ગ પણ પોતાની ખરી મહત્તા શામા છે તે સમજવા લાગ્યો છે.

મુનિઓએ કેવા થવુ અને શુ કરવુ એ પ્રશ્નો નિરતર વિચારવા જોઇએ તેમના કેટલાક ધર્મો દેશકાલાદિની દૃષ્ટિએ ફેરવાય છે, કેટલાક નથી ફેરવાતા. જમાનાનો વિચાર કરી પ્રજાહિત માટે નિષ્કામભાવે તત્પર રહેવુ એજ તેમને માટે ધર્મ્ય પ્રવૃત્તિ છે. **ભગવાન સુ-** ધર્મ, **શંકર**, બુદ્ધ, **પત**જલી વગેરે પૌર્વાત્ય અને કેન્ટ, **મીલ**, **હર્બર્ટ સ્પેન્સર** વગેરે પાશ્ચાત્ય તત્ત્વજ્ઞ, અર્થ શાસ્ત્રી, ન્યાય શાસ્ત્રીઓના વિચારોનો પ્રવાહ, સંબધ, સહવાસ, અને આજુબાજુની હવાને લીધે બેસતા કેટલાક સસ્કારો એ **સર્વપર લક્ષ રાખી** હાલની કર્તવ્ય યોજના ઘડવાનો દીર્ઘદૃષ્ટિથી અભ્યાસ કરનાર, ઘડેલી યોજનાને અમલમા મૂકનાર, તેમજ મૂકાવવાની શક્તિ ધરાવનાર **મુનિ વર્ગની અત્યારે સમાજને જરૂર છે.** પાશ્ચાત્ય તત્ત્વજ્ઞોના ઉલ્લેખો, અને

સ્વતંત્ર લેખોથી વાકેફ થઇ નવશિક્ષિત યુવકોને નવીન પદ્ધતિએ જૈનધર્મના રહસ્યભૂત તત્ત્વો સમજાવવાની અગત્ય છે. નવીન ફિલસુફી સાથે જૈન તત્ત્વજ્ઞાનને સરખાવી સર્વે હકીકત બરાબર રીતે સમજાવવા–ઉપદેશવા પૂરતી જ્ઞાનસામગ્રી મેળવવી જોઇએ, પ્રજાની જરૂરીઆતો અને પરિસ્થિતિ સમજી તેના ઉદ્ધાર માટે વિચાર પુરઃસર ઉપદેશ પદ્ધતિ ઘડવી જોઇએ.

મુનિજીવન શું છે, કેવુ છે અને કેવુ હોવું જોઇએ ઇત્યાદિ બાબતોનુ દિગ્દર્શન આવી રીતે સમાપ્ત થાય છે હવે શ્રીમત્ કર્મસિહજી સ્વામીનુ મુનિજીવન જોવાનુ પ્રાપ્ત થાય છે. એમણે ગૃહસ્થાશ્રમ સેવ્યો નથી, અખડ બ્રહ્મચર્ય પાળ્યુ છે એટલે તેમના ગૃહજીવન, કુટુમ્બજીવન ઇત્યાદિ વિષયો જોવા રહેતા નથી. એમણે ગૃહસ્થાશ્રમ ન સ્વીકારવામા ભૂલ કરી હતી કે નહિ એ બાબત અહિ વિવેચ્ય નથી. એમના ઉત્તમ પ્રકારના મુનિજીવનને ઘડનાર જે જે કારણો આપણે જાણી શકીએ છીએ તે સર્વે સબધી ટૂક હકીકત જોઇ જવા જેવી છે, એથી એમના આતર જીવનનુ સ્વલ્પાશે પણ દર્શન થઇ શકશે.

પ્રકરણ ૬ ઠું.

બાહ્ય દેખાવઃ—શરીર, બુદ્ધિ, હૃદય.

(૧) શરીર.

शरीर माहु नावींति ।
जीवो वुचइ नाविओ
संसारो अणवो उत्तो ।
जं तरन्ति महेसिणो ॥

ભાવાર્થ:—સંસાર એ સમુદ્ર, શરીર એ નાવ અને જીવ એ નાવને ખેડનાર છે. એ સંસાર સમુદ્રને મોક્ષના ગવેષી મહાત્માઓ તરી જાય છે.

उत्तराध्ययन अ० २३. गा० ७३.

સ્વામી શ્રી કર્મસિંહજી ગામડાની સ્વચ્છ અને નીરોગી હવામાં ઉછર્યા હતા, શહેરી વાતાવરણની દુષ્ટ ગંધથી હિત સ્થિતિમાં રહ્યા હતા, સાદા આહાર વિહાર, કસરત અને કામકાજમાં ટેવાયલા હતા, બીડી, સોપારી, તમાકુ, બજર* જેવા દુર્વ્યસનોનો પાસ તેમને લાગેલ ન હતો. તેમજ મનને વિકારી બનાવી ઉન્માર્ગે ચડાવી દે તેવી સંગતિથી બચવા પામ્યા હતા. એટલે મૂળથીજ તેમના શરીરનો બાંધો મજબુત હતો. પાછળથી

* પાછલી અવસ્થામાં રોગના કારણને લીધે બજર સુંઘવાની ફરજ ચડી હતી.

અખંડ બ્રહ્મચર્ય, નિયમિત વિશુદ્ધ આહાર વિહાર, અભ્યાસ, સત્સમાગમ, કષ્ટસાધ્ય તપ, અખડ વિહાર, ધર્મચિતન, તત્ત્વનિષ્ઠા આદિનુ સેવન થતા શરીર સુદૃઢ, નીરોગ, સુરૂપ, કાન્તિમાન અને તેજસ્વી બન્યુ હતું. એમની મુખપ્રભા જોવા આવનારના મનપર સારી અસર પાડે તથા માનબુદ્ધિ પ્રેરે એવી હતી. તો પણ પ્રથમ દર્શને એમના જ્ઞાન અનુભવ અને બુદ્ધિનો ખ્યાલ આપે એવા સ્પષ્ટ ચિહ્ન તેમાં જણાતાં ન હતાં. સાદી રીતભાત, ઓછી ધાધલવાળુ વર્તન, દભ, ડોળ અને દેખાવથી રહિત ઉચ્ચાર આચાર, શાન્તિ અને મૌન જેવા ગુણોને લીધે ઓછા પરિચયવાળાને તેમની મહત્તાની માહીતી ભાગ્યે જ મળી શકે. ‘आकृतिर्गुणान् कथयति’ એ કથની અનુસાર એમના મુનિગુણો સુન્દર મહાનુભાવ આકૃતિથી સુવિચારક વર્ગને સ્પષ્ટ દીસી આવતા.

એમનુ શરીર ઉચાઇમા મધ્યમ કદથી સહેજ વધારે હતું શરીર ગૌર પ્રચડ અને ભરેલું હતું. એમનો સમગ્ર દેખાવ યુવાવસ્થામા તેમ વૃદ્ધાવસ્થામા આકર્ષક અને વિશ્વાસજનક હતો. એમની નેત્રશક્તિ એવી તો સારી હતી કે ચદ્રના અજવાળામા વાચતા અને લખતા તેમજ શુક્રના તારાના અજવાળામા પણ તેઓ વાચી શકતા. લખાણ, વાચન, તપ અને બીજા અનુષ્ઠાનોથી પાછલી અવસ્થામા આખનુ તેજ સહેજ ઓછુ થયું હતું.

એમનુ ભવ્ય અને તેજસ્વી કપાલ, ઠરેલ આખો અને શાન્ત મુખમુદ્રાઃ એ સર્વ અન્યધર્મીમા પણ શ્રદ્ધા અને માન પ્રેરતા. શરીરસ્થૂલઇન્દ્રિયોપર તેમનો વશીકાર અદ્ભુત હતો સ્થિર આસને દૃષ્ટિને સ્થિર સ્થાપીને તેઓ ઘણો વખત સુધી બેસી શકતા. અવસાન કાળની તેમની મુખમુદ્રા જોતા બારીક અવલોકન કરનારને સ્પષ્ટ જણાય છે કે અન્દરની જ્ઞાનપૂર્ણ નિર્વાસન મૌનયુક્ત શાન્તિને લીધે તેમનો બાહ્ય

દેખાવ શિથિલતા વ્યગ્રતા અને અશાન્તિથી રહિત હતો.

એમનુ આરોગ્ય બહુ સારૂ રહેતું, ગુમડાની વ્યાધિ સિવાય તેમને કોઇ રોગજ થયો નહતો, એમ કહી શકાય. જૈન સાધુએ પાળવાના આહાર વિહારાદિના નિયમો બરાબર જળવાતા હોય તો આરોગ્ય માટે ખાસ સભાળ રાખવાની અગત્ય રહેતી નથી. આ સ્થૂલ શરીરની કાળજી રાખવા સબધમા તેમના વિચાર એવા હતા કે સ્થૂલતો એક ઘર જેવુ છે. તેમા રહીને જીવાત્મા પોતાની સવૃદ્ધિ અને ઉન્નતિ ઉત્તરોત્તર સાધનો જાય છે. આથી શરીરનુ આરોગ્ય જાળવવા પ્રયત્ન સેવવો એમા કઇ અધર્મ નથી. ઘરને વાળી ઝાડીને સ્વચ્છ રાખવામા ન આવે તો તેમા કરોળીઆઓ જાળા બાધે છે, માકડ, ચાચડ, મચ્છરનો ઉપદ્રવ વધે છે, વીંછી, સર્પ, ઉદરનો વધારો થાય છે, હવા બગડે છે અને ઘરધણીને બીજી ઘણી હાનિઓમા ઉતરવુ પડે છે. સ્થૂલ શરીરને સ્વચ્છ, સ્વસ્થ અને નીરોગી રાખવાના પ્રયત્ન લેવામા ન આવે તો તેમા અનેક રોગો ઉત્પન્ન થાય છે અને તેથી મન ઉપર પણ નઠારી અસર થાય છે. આમ થતા તેમા રહેનાર જીવાત્માની પ્રગતિમા સબલ અવરોધ થાય છે. એટલે શરીરનુ સરક્ષણ એ પ્રથમ કર્તવ્ય—પણ ઇતિકર્તવ્ય નહિ. કેવળ સ્થૂલ શરીરનેજ કસવુ પોષવું, શણગારવુ, વધારવુ એજ કઈ જીવનનો એકજ હેતુ હોઇ શકે નહિ. અમુક હદમા અમુક દૃષ્ટિએ એ સર્વની અગત્ય ખરી પણ એટલામાજ અટકી રહેવાથી હાનિ છે. ઘરધણીની પ્રવૃત્તિ કેવળ ઘરનેજ શણગારવા કે બીજી કોઇ રીતની સભાળ રાખવામાજ અટકી રહેતી નથી. જોકે તે વખતોવખત જરૂર પ્રમાણે તેનાપર લક્ષ રાખે છે. પણ એટલુજ કામ છે એમ તે સમજતો નથી. અર્થાત્ ઘર માટેના તેના પ્રયત્ન અન્ય પ્રયત્નોની અપેક્ષાએ ગૌણ હોય છે. શરીર માટે પ્રયત્ન સેવવા તે પણ ધર્મ્ય હેતુથીજ. આવા આવા વિચારોને લીધે તેઓ

પોતાનાં વસ્ત્રાદિને તેમજ શરીરને સ્વચ્છ અને યોગ્ય ઉપાધ રાખવાની કાળજી રાખતા અને અપવિત્રતા ગંદાઈ અને મલિનતાથી હમેશ બચતા. શરીર અને વસ્ત્રાદિની વિશુદ્ધિ ઉપર એમને બહુ પ્રેમ હતો. જૈનધર્મ અશુચિનો માર્ગ છે એવી ભ્રમણા કેટલાકને રહે છે. તે ટાળવા માટે તેઓ પોતાના દૃષ્ટાન્તથી અને શાસ્ત્રોના પ્રમાણથી પ્રયત્ન કરતા. જૈનધર્મ અશુચિનો માર્ગ નથી એ જણાવવાને થોડાક શાસ્ત્ર પ્રમાણોનો અહિ ઉલ્લેખ કરવામાં આવ્યો છે *

શ્રી નિશીથજી અને શ્રી સ્થાનાંગસૂત્રમા સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યુ છે કે સાધુ નિરતિચાર ક્રિયા પાળે અને મલાદિ અશુચિને દૂર કરે. જો મુનિ મલોત્સર્ગ પછી પાણીથી શૌચ ન કરે તો એને એક માસનું પ્રાયશ્ચિત લાગે. શૌચ પાચ પ્રકારે થઈ શકે છે.—પૃથ્વી, પાણી, અગ્નિ, બ્રહ્મચર્ય અને મંત્ર. શ્રી સ્થાનાંગજી સૂત્ર કહે છેઃ—

दशविहे उरालिए असज्झाइए पनन्ते तं जहा अट्ठि, मंसे, सोणिए, असुइ, सामन्तं, मसाणसमंतं, चंदोवराए, सुरोवराए, पडणे, रायउग्गहे, उवसयस, अन्तो ओरालिए शरीरे ॥

હાડ, માસ, લોહી, મલમૂત્ર, સ્મશાન સમીપ, ચંદ્રગ્રહણ, સૂર્ય ગ્રહણ, રાજા અમાત્ય સેનાપત્યાદિ મરણ, રાજ્યયુદ્ધ, ઉપાશ્રયમાં જીવરહિતનુ મનુષ્યાદિનું ઔદારિક શરીર હોય એ દશ કારણે સાધુ પ્રમુખને સૂત્રાદિકનુ પઠન પાઠન કરવુ નહિ.

શ્રી આવશ્યકમા લખ્યુ છે કેઃ—

---

* એક જીવનકથામા આવા કેટલાક ઉલ્લેખો કેટલાકને અસ્થાને જણાશે પરંતુ જૈનધર્મના અંતર્ગત રહસ્યો, ક્રિયાકાંડ, આચાર પદ્ધતિઓ, વિચાર પ્રણાલિકાઓ ઇત્યાદિનુ પરિસ્ફોટન કરવા, આચાર્યશ્રીના તે તે સંબંધમા વિચાર જણાવવા, તેમજ તેમનુ સૂક્ષ્મજીવન પ્રકાશમા લાવવા માટે એમ કરવાની મ્હોટી જરૂર છે.

पांचमी उच्चारं पासवण, खेल, जल, संघाण, पारिठा-वणिया समइए,

અર્થ.—મલ, મૂત્ર, બલખો, શરીરનો મેલ, શ્લેષ્મ એ સર્વને જતનાપૂર્વક ફેકી આપવા-(પરઠવા) તે પાંચમી સુમતિ જાણવી.

શ્રી ઉત્તરાધ્યયનમા જણાવે છે કે:—

उच्चारं पासवणं खेलं संघाण जल्लियं,
आहारं उवहियं देहं अन्नंवावि तथाविहं

મૂત્ર, પુરીષ, કફ, શ્લેષ્મ, શારીરનો મેલ, કુત્સિત અનાદિ જીર્ણ વસ્ત્રાદિક તેમજ બીજુ પરઠવા યોગ્ય હોય તે નિર્દોષ સ્થળે પરઠે."

આ પછીની ત્રણ ગાથાઓમા પરઠવાના દશ સ્થળ વર્ણવ્યાં છે. આટલા સક્ષેપ વિવેકથી સુવિચારક વર્ગને સ્પષ્ટ થશે કે જૈનધર્મ મલિન છે—મલિનતા અને ગદાઇને ઉપદેશે છે એ ધારણા નિતાન્ત ભ્રાન્ત છે, અપ્રામાણિક છે. પોતાને જૈન કહેવડાવતા એવા કેટલાક લોકો છે કે જેઓ ધર્મને નામે ગદા રહે છે વસ્ત્ર આહાર વિહારાદિમા સ્વચ્છતા પવિત્રતા અને સુઘડતા રાખતા નથી. પરતુ કોઇની ભ્રાન્ત કલ્પનાજન્ય પ્રવૃત્તિઓથી સત્યને બાધ આવતો નથી. સત્યના પર્યેષક સજ્જનો યથાવત્ પ્રયાસ લે તો અમારી પૂર્વોક્ત ઉક્તિનુ પ્રામાણ્ય અને સત્ય સમજાય એ નિ:સદેહ છે

શરીરે મેલ ચડવા દેવાથી, વસ્ત્રાદિની વિશુદ્ધિ નહિ જાળવવાથી મલીન અને ગદા રહેવાથી શારીરિક અવ્યવસ્થા થાય છે એટલુજ નહિ પણ મન ઉપર પણ એની અસર થાય છે અને તેથી જેને ધર્મકરણી કહે છે તેમા અતરાયો ઉભા થાય છે. ઉચા પ્રકારની ભાવનાઓ ભાવવાની કે ઉત્કૃષ્ટ વિચારો વિકસાવવાની શક્તિ ખીલતી નથી મન ઉચ્ચગામી બની શકતું નથી અને અમુક અશે સમાજના પણ ગુન્હેગાર થવાય છે.

આચાર્યશ્રીના વિચારો અમુક સાંકડા ઘેરાવામાંજ અટવાઈ રહ્યા ન હતા. તેમણે શાસ્ત્રો જોયા હતાં, બહુ જનોનો સમાગમ સેવ્યો હતો, વિસ્તૃત વિહાર કર્યો હતો એટલે તેમની દૃષ્ટિ વિશાળ બની હતી અને વિચારો પણ છૂટ–ઉદાર–નહિ કે નિર્બંધ ઉચ્છૃંખલ બન્યા હતા. (છૂટ–વિચારને નામે કેટલેક સ્થળે સ્વચ્છંદી વર્તન ચલાવાય છે. શાસ્ત્રનુ, અને લોકનુ બંધન છેક ત્રોડી નંખાય છે. એવા છૂટ વિચાર નિંદ્ય છે ત્યાજ્ય છે) બાહ્યાન્તર પવિત્રતા અને વિશુદ્ધિની મહત્તા કેટલી છે એ તેઓ બહુ સારી રીતે સમજતા હતા એટલે વસ્ત્ર, પાત્ર શરીર અને બીજાં પરિવેષ્ટન ને સ્વચ્છ પવિત્ર અને યોગ્ય વ્યવસ્થામા રાખવા માટે તેમને સારો આગ્રહ હતો. તેમના આહાર વિહાર નિર્દોષ સાત્ત્વિક હતા, વર્તન નિયમિત હતું, કોઈ જાતની કુટેવ હતી નહિ, તેમજ પોતે અખડ વિહારી અને તપસ્વી હતા. એટલે શરીરની તમામ શક્તિઓ વૃદ્ધાવસ્થામા પણ ટકી રહી હતી.

અંત કરણને વશ રાખવાનું બલ, ઇન્દ્રિયોને વશ રાખવાનુ બલ તેમજ રાજસ તામસ બલને દૂર કરવાનો પ્રયત્ન એ સર્વને માટે આહારાદિકને વશ રાખવાની જરૂર છે. ઉપવાસાદિ ક્રિયાઓથી દેહને કષ્ટ આપવામા એજ લક્ષ્ય છે. “દેહને દુઃખ આપવામા મહા ફલ છે” એવા વાક્યનો ખરો લક્ષ્યાર્થ ન સમજતા કેટલાક જણ દેહને કષ્ટ આપવામાજ કૃતાર્થતા માને છે. જે ઉદ્દેશને માટે ઉપવાસાદિથી દેહને કષ્ટ અપાય છે. તે ઉદ્દેશ સિદ્ધ કરવા તરફ કોઇનુજ લક્ષ જાય છે. આચાર્યશ્રીએ આ બાબતમા એક પ્રકરણ પોતાની નોધ પોથીમા લખ્યુ છે ત નીચે પ્રમાણે—

खुहं पिवासं दुस्सिजं
सीउण्हं अरइं भयं ।
अहि आसे अवहीओ
देह दुक्खं महाफलम् ॥

દશ વૈકાલિક સૂત્ર અધ્યયન ૮

એ ગાથાપર ટીકા લખતાં હરિભદ્રસુરિ કહે છે કે ભૂખ તરસ વિષમભૂમિ આદિરૂપ દુઃશય્યા, ઠંડી ગરમી, મોહની કર્મથી ઉદ્ભવેલી અરતિ, વ્યાઘ્રાદિથી ઉત્પન્ન થએલો ભય એ સર્વને અવ્યથિત મને- અદીનમને સહી લેવાં એવુ ચિ તવીને કે દેહ દુ ખ છે તે મહાફળ વાળુ છે–એ સર્વથી વ્યથિત નહિ થઈ જતા જે લક્ષ્યસ્થાને પહોચવુ છે તેને પહોચવા મ ડયા રહેવુ. અહિ દેહને દુ.ખ દેવામાજ શુષ્ક પ્રજ્ઞાએ પીલવામા મહાફલ છે એમ કહેવાનો ભાવ નથી. પર તુ અમુક લક્ષ્યને સિદ્ધ કરવામા કેટલાક દેહકષ્ટ વેઠવા પડે છે–આ દેહ કષ્ટ વખતે ઉપ- ઉપજાવી કહાડેલા પણ હોય–આવશ્યક બલ અને વીર્ય મેળવવા માટે આમ સાત્ત્વિક બલ મેળવવાને ઉપજાવી કહાડેલા કે અચિ તિત અક- સ્માત આવી પડેલા કષ્ટો સહી લેવા અને લક્ષ્યથી ભ્રષ્ટ ન થવુ. આમ થાય તોજ મહાફલરૂપ મોક્ષ મળે. પૂજ્ય શ્રી પરિષહો દઢતાથી સહન કરતા. તેમની તિતિક્ષાશક્તિ અદ્ભુત હતી, પર તુ શુષ્ક કષ્ટ સહનમાજ* પરમ અને ચરમ પુરૂપાર્થ રહેલો છે એમ માનતા નહિ. પ્રવાહ પતિત અચિ તિત અસ કલ્પિત દુ ખો અપ્રતિકારપૂર્વક–ચિ તા વિલાપ કર્યા વગર દઢ રહીને સહેવા પણ લક્ષ્યાર્થે સિદ્ધ કરવામા હઠી ન જવુ એમા ખરી વીરતા છે, ઓજસ અને વીર્ય એથીજ રક્ષાય છે. અન્યથા એ ક્ષીણુ થાય છે

---

* जडातपोभिः समर्यन्ति देह, बुद्धामनश्चापि विकारहेतु' ભાવાર્થ'– જડ વિચારકો નાના પ્રકારના તપ કરી ક્ષુધા વેદની પર જય કરવા બદલે ભૂખે રહેવામાજ દેહનો ઉપયોગ કરે છે. જ્યારે સમયજ્ઞ પુરૂષો વિકારના હેતુઓને અભિભૂત કરવા મનનુ સામર્થ્ય પ્રગટાવે છે. અને જરૂર યોગ દેહાદિનો ફાળો તેમાં આપે છે.

(૨) બુદ્ધિ.

હિંદુઓમાં ઉપનિષદ્ નામક એક પુરાણું પુસ્તકમા મનુષ્યદેહને રથનુ રૂપક આપી મોક્ષધામે પહોંચવાનાં સાધનરૂપ રથ તે દેહ, જીવ તે રથી, બુદ્ધિ એ સારથી, મન લગામ અને ઇન્દ્રિયો ઘોડા તથા વિષયો તે રસ્તા એમ સમજાવેલ છે. કાર્ય શુ અને અકાર્ય શુ એનો વિવેક કરી શકવાને સમર્થ બુદ્ધિ હોય તો તે મનને કાબુમા રાખી ઇંદ્રિયોને આડે માર્ગે જવા ન દેતા સીધે રસ્તે ચડાવી જીવને પરમ પદની પ્રાપ્તિ કરાવે છે. અર્થાત્ સારી કે નઠારી ગતિ બુદ્ધિવડેજ પમાય છે એવો અહિ ફલિતાર્થ છે. શાસ્ત્ર અને ગુરૂઓ તો દીપવત્ પ્રકાશ પાડી બતાવી આપે છે કે ભયસ્થાન કયા છે. આ ભયસ્થાનને બુદ્ધિરૂપ સારથી સમજે નહિ–ઓળખે નહિ તો આડે રસ્તે ચડી જઈ જીવને ખાડામા નાખે છે. બુદ્ધિમા મારવાને બદલે તારવાની શક્તિ ખીલે તે માટે પ્રથમ ઇન્દ્રિયો ઉપર કાબુ મેળવવો જોઈએ ને મનને તેમજ આહાર વિહાર વગેરેને પવિત્ર રાખવા જોઈએ. '**यादशं भक्षयेदन्नं बुद्धिर्भवति तादृशी**' તેમજ '**बुद्धिः कर्मानुसारिणी**' એ વાક્યો ઘણા જન બોલે છે પણ તેનો મર્મ યથાવત્ સમજનારા બહુ થોડા હોય છે. અન્ન આહાર તે કેવળ ખોરાક નહિ પણ જે જે પદાર્થનો આપણે આપણા અતરમા સગ્રહ કરીએ છીએ તે સર્વ આહારજ છે. આપણે આપણા આત્માના ઉપભોગ માટે શબ્દાદિ ઇન્દ્રિય જ્ઞાનનો જે સગ્રહ કરીએ છીએ તે આહારજ છે. મન ઇન્દ્રિય અને શરીરને પોષે તે તેનુ તેનુ અન્ન છે. એવા અન્નની વિશુદ્ધિ ઉપર બુદ્ધિની વિશુદ્ધિનો આધાર છે. જે પવિત્ર છે, જેના આચારવિચાર, આહારવિહાર સત્ત્વગુણપોષક છે; તેની બુદ્ધિ તેજસ્વી છે, વિવેકી અને વિજ્ઞાનવતી છે.

સ્વામી શ્રી કર્મસિહજીની બુદ્ધિનુ સ્વરૂપ પૂર્વ કર્મોએ ઘડેલુ હતુ

અને તેમના યોગ્ય પ્રયત્નોએ એ સ્વરૂપ વધારે સુન્દર બનાવ્યું હતું. એમની બુદ્ધિના નિશ્ચયો વિશુદ્ધ અને દૃઢ હોઈ મન ઇન્દ્રિયોનો વેગ યોગ્ય માર્ગે વળ્યો હતો. એમણે દીક્ષા લેવાનો નિશ્ચય કીધો તે પહેલા તેમણે કંઈ પણ તુલના–પરીક્ષા વિચાર કર્યા હોય એમ જણાયુ નથી. એ નિશ્ચય પાર પાડવામાં વ્યવહાર દૃષ્ટિએ તેઓ અવિચારી અને જક્કી ગણાયા. એ પાર પાડવામા એટલી મહત્તા નથી કે જેટલી પાછળથી તેમના ચારિત્રવડે–બુદ્ધિના પ્રભાવવડે તેમણે એ નિશ્ચયની વિશુદ્ધિ બતાવી આપી તેમાં છે. દીક્ષાકાળે કોઈ તેમની બુદ્ધિને ભ્રાન્ત માની પણ લે એમ હતુ, પણ અંતિમ ફ્લ જોતા એ બુદ્ધિ પૂર્વ સંસ્કાર પ્રેરિત હતી અને યોગ્યતાના બીજ નિગૂઢભાવે તેમા હતાં એમ સ્પષ્ટ થાય છે. દીક્ષાકાળ પછી એમણે જે જે નિશ્ચયો કર્યા હતા તે યથાર્થ હતા અને તેમને વિશેષ અનુકૂળતા મળી હોત તો એમનુ જીવન વિશેષ દીપી નીકળત. એમના સમગ્ર કાર્યોનુ એકંદર નિરીક્ષણ કરતા જણાય છે કે એમનુ પ્રત્યેક કાર્યજ કોઈ અદૃષ્ટ સંકેત, અને નિગૂઢભાવે રહેલા વિશુદ્ધ સંસ્કારના ફળરૂપ વિશેષે કરીને હતું.

એમની બુદ્ધિ જેવી દૃઢ હતી તેવીજ પવિત્ર અને નિર્મોહી હતી. સામાન્ય પ્રકારની યુક્તિ પ્રયુક્તિઓમા પ્રવીણ હતી. તેમનો બુદ્ધિવિભવ સાંપ્રદાયિક જ્ઞાનયુક્ત હતો. ઘણીવાર સમુદાયમા એવા પ્રસંગો ઉપસ્થિત થએલા કે જેથી એ બુદ્ધિની પૂરેપૂરી કસોટી થઈ હતી. એમની બુદ્ધિના પ્રતાપથી સંપ્રદાયની લાજ આબરૂ તેમજ મોભામા વધારો થઇ શકયો હતો. આવા બે ત્રણ દાખલા મોજૂદ છે પરંતુ એ પ્રસંગોનુ વર્ણન અત્ર ઇષ્ટ નથી.

પંડિત મૈત્રી અને તેમા સમાતું પુસ્તક વાચન તથા દેશાટન જે બુદ્ધિ વિસ્તારનાં સાધન મનાય છે તેનુ સેવન આચાર્યશ્રીએ જીવનપર્યંત થોડે ઘણે અંશે કર્યા કર્યું હતું. અને તેટલા અંશમા તેમની

બુદ્ધિ વિસ્તૃત અને તેજસ્વી બની હતી. ધમ ચિતન, ધર્મક્રિયા, વિરાગ અને સ્વાધ્યાયથી પવિત્ર નિર્મોહી અને શાન્ત બની હતી. સત્ય ખાતર એટલી વાત સ્પષ્ટ રીતે વિના સકોચે લખવી પડે છે કે વર્તમાન જમાનાને સર્વથા અનુકૂળ થઈ પડે તેવા તત્ત્વો એ બુદ્ધિમા નહતા. તેમ તે એટલી બધી ઉડાણુવાળી પણુ નહતી. અમર્યાદ સૂક્ષ્મ નહતી. હાલના જમાનાના નવશિક્ષિત યુવકોને સર્વાશે સતોષ આપી શકે એવી નહતી. પરમાર્થ દૃષ્ટિએ જેવી નિર્મોહી વિશુદ્ધ બુદ્ધિની અપેક્ષા છે તેવી નિર્મોહી વિશુદ્ધ અને અનાસક્ત બુદ્ધિ તેમનામા જણાઈ છે. વ્યવહાર પક્ષે જોતા જે પ્રદેશ તેમની કર્તવ્ય ભૂમિ તરીકે અંકાયો હતો, જે કાળમા તેઓ વર્તતા હતા તે પ્રદેશ અને તે કાળની મર્યાદામા પદવીને શોભાવે એવા પ્રકારના તત્ત્વો પણુ વિકસિત થયા હતાં એમ ચોક્કસ માલમ પડે છે.

એક જૈન સાધુને કેવા પ્રકારની બુદ્ધિની જરૂર છે એ પ્રશ્નનો ઉત્તર એક કરતા અનેક રીતે અપાય એ બનવા જોગ છે. સામાન્યતઃ એટલુ તો સર્વમાન્ય થશે કે એ વર્ગ માટે જે પ્રવૃત્તિઓ શાસ્ત્રે વિધાન કરેલી છે, દેશકાળ સબધ-પરિચયને લીધે જે ફરજો મનુષ્ય તરીકે, ધર્મગુરૂ તરીકે કે તત્ત્વવેત્તા તરીકે તેમના પર ઉભી થાય છે, જે ઉદ્દેશ માટે એ વર્ગે આ જીવન શ્રેણી પસદ કરી છે, તે ઉદ્દેશની સિદ્ધિ થવા માટે જે કાઇ જ્ઞાન વિરાગ આદિ સાધનોની અપેક્ષા છે તે શાસ્ત્ર વિહિત, પ્રવૃત્તિ, તે ફરજો અને તે સાધનોને સમજવા તેમજ આચરવા-બજાવવા-મેળવવાની શક્તિવાળી બુદ્ધિની તેમને મુખ્યત્વે કરીને જરૂર છે. આમા જેટલી ન્યૂનતા તેટલી સાધુત્વમા ખામી માની શકાય. બુદ્ધિને કેટલીક કેવળ સામાન્ય વિગતોથી ભરી પાચ પચાસ અજ્ઞાન લોકોના મડળમા વાહ વાહ પામવા સારૂ સામાન્ય કવિતાઓ અને સામાન્ય પ્રકારની ચોપડીઓ બહાર પાડ-

વાની તેમજ વૃત્તિહીન પોકળ ડોળઘાલુ ભાષણો આપવાની કડાકૂટ સેવવાથી કઇ ખરો બુદ્ધિ વિભવ જાહેર થતો નથી. એ ક્ષુદ્ર લાલસાઓથી પ્રેરાઇ ઘણે સ્થળે અવિહિત પ્રવૃત્તિનુ સેવન થાય છે, અને ખરા કર્તવ્ય સમજવા–બજાવવા તરફ પ્રમાદ, આલસ અને બેદરકારી થાય છે, તેમજ જ્ઞાન વિરાગાદિ સપત્તિ મેળવવા, મનને સત્સંસ્કારથી સમૃદ્ધ કરવા આત્માને કર્મબધથી નિર્મુક્ત કરવા અધ્યયન જપ તપ સયમ આદિ સાધનના પાલનમા મ્હોટુ મીંડુ રહે છે સ્વામીશ્રીમા આવા વ્યવહાર જોવાયા નથી તેમની બુદ્ધિએ અવિહિત પ્રવૃત્તિને અનુમોદન આપ્યુ નથી, પોતાની ફરજો સમજવા–બજાવવા પોતાથી બનતુ કરી દેખાડયુ છે અને સાધનોના અનુષ્ઠાનમા ન્યૂનતા રાખી નથી એ સર્વ જોતા એમની બુદ્ધિની ખરી મહત્તા હાથ આવી શકે છે વિવાદ, પ્રપચ, પ્રતારણા, દભ, માયા, કુટીલતા, શબ્દ પાડિત્ય, પોકળ વ્યાખ્યાન, એ સર્વમા અટવાવી ખરા પુરૂષાર્થથી ભ્રષ્ટ કરનાર અશોધો એમની બુદ્ધિ બચવા પામી હતી.

એમની સ્મરણશક્તિ નિર્બલ ન હતી. છેક બાળપણમા તૈયાર કરેલા અને સાભળેલા પદો, ભજનો, લોક કથાઓ, કહેવતોનો ભડાર તેઓ વ્યાખ્યાન વખતે ખોળતા ત્યારે શ્રોતાવર્ગ આશ્ચર્યચકિત થતો. તેમને સૂત્ર ગ્રથોની એટલી તો સ્મૃતિ હતી કે પ્રસગે પ્રસગે સૂત્રોની ખાસ ઉપયોગી ટિપ્પણી લખતા. આવી ટિપ્પણીનો એક ગ્રથ બન્યો છે. જે અનુકૂળતાએ બહાર પાડવાનો ઇરાદો છે. ભૂલવા જોગ બાબતો એમની બુદ્ધિ સઘરતી નહિ. એ બાબતમા એમની સ્મૃતિ કાચી હતી. ન્હાની ન્હાની વાતોને સઘરી રાખી ક્લેશ વધારવા કરતા એમને વિસ્મૃતિના ખાડામા નાખી દેવી એજ વધારે યોગ્ય છે, અને એક મુનિમા તો એ ગુણ અવશ્ય હોવો જોઇએ. તેમનો મુનિ વર્ગનો વ્યવહાર માત્ર જાગૃતમા સુષુપ્તિ જેવો હોય તોજ વાસના ક્ષય મનો-

નાશ અને વિજ્ઞાનને સિદ્ધ કરી શકે છે. નિઃસાર, નિર્માલ્ય, ક્લેશકર વાતો, વ્યવહારો અને આચારો સ્વામીશ્રીના ચિત્તની વ્યાયામભૂમિ બન્યાં ન હતા.

---

(૩) હૃદય.

સમગ્ર જીવન એ હૃદયમા ચાલતા અદૃશ્ય ભાવોનુ દૃશ્ય, સ્પષ્ટ અને સ્ફુટ ચિત્ર છે. બુદ્ધિ નિશ્ચય કરે છે, હૃદય તેને નિયમમાં રાખે છે. વિવેકી બુદ્ધિ એટલેજ સત્સસ્કારી હૃદયયુક્ત બુદ્ધિ. હૃદય બળ વિનાનુ કેવળ બુદ્ધિબળ કે શરીરબળ સર્વથા ઉત્તમ પરિણામો લાવી શકતું નથી. બુદ્ધિવિભવ વખતે માણસને વિવાદે ચઢાવી સશય અને અશ્રદ્ધામા ખેચી જાય છે, વખતે અસત્પ્રવૃત્તિના સાધનરૂપ થઇ પડે છે, અશાન્તિ, ક્ષોભ અને અજંપો ઉપજાવે છે પણ બુદ્ધિની પાછળ બુદ્ધિને પવિત્ર અને સમર્થ અને સાર્થક બનાવનાર જે હૃદય રહ્યું છે તે સત્સસ્કારોથી સમૃદ્ધ હોઇ અતિ ઉજ્જવલ હોય, દૈવી સપતિયુક્ત હોય, નિષ્કલક હોય તો બુદ્ધિના વ્યાપાર માત્ર સુવ્યવસ્થિત, સુનિયમિત અને ઉચ્ચાનુગામી બની રહે છે બુદ્ધિ આણી આવે છે, હૃદય આણ્યુ આવતું નથી. તનશક્તિ ખીલવવી સહેલ છે, સતત વાચન, વિચારણ, અભ્યાસ, વિદ્વત્સમાગમ ઇત્યાદિ વડે બુદ્ધિ વિભવ પણ આણી શકાય, પરતુ હૃદયનો વિકાસ તો પૂર્વ સચિત ઉપર આધાર રાખે છે. સ્વામીશ્રી કર્મસિહજીનુ હૃદય સારા સંસ્કારોથી ભરેલું હતું એટલે તેમની બુદ્ધિ પણ પવિત્ર સમર્થ અને નિર્મોહી બની હતી, અને તેથી તેમનું ખાનગી તેમ જાહેર જીવન વિશુદ્ધ, નિષ્કલંક, નીતિમય અને સાધુ પદવીને શોભાવે તેવું હતુ. આ કારણને લીધેજ તેમને માન, પૂજા, સત્કાર, દભ, મ્હોટાઇ કે આડંબરની ઝંખના થવાને બદલે કર્તવ્યનિષ્ઠા, શાન્તિ, સ્થિરતાને ઉદારતા બહુ પ્રિય થઇ પડયાં

હતાં. આટલુ છતા પણ તેઓ એક મનુષ્ય હતા એ ભૂલવું ન જોઇએ. એક અંગ્રેજ સાક્ષર કહે છે કે—

"Far perfection is not like light centered in any body, but like the dispersed selimelemities of vegetables at the creation, scattered through the whole mass of the earth, no man prcducing all and almost all some"

ભાવાર્થઃ—પૂર્ણતા કોઇ એક વ્યક્તિમા રહેલા તેજ જેવી નથી પણ સૃષ્ટિની ઉત્પત્તિને વખતે જેમ વનસ્પતિ પેદા કરનાર તત્ત્વો પથરાએલા રહે છે તે રીતની છે, એટલે કે પૂર્ણતા પૃથ્વીના કણ કણમા વ્હેચાયલી છે, જેથી કોઇ એક માણસ પૂરેપૂરી પૃર્ણતા પ્રગટ કરી શકતો નથી અને દરેક થોડી થોડી પ્રગટ કરી શકે છે.

તાત્પર્ય કે કોઇ મનુષ્ય તદ્દન સાન વિનાનો હશે તો તેમા પણ પૂર્ણતાનો અશ તો છેજ અને ગમે તેવો હુશીઆર હશે તે પણ પરિપૂર્ણ તો નહિજ હોય.

મનુષ્યને સુલભ એવા દોષો નિર્બલતા અને અપૂર્ણતા આચાર્યશ્રીમા હતાજ નહિ એમ ન હતુ એક જૈન સાધુનુ જીવન હોવુ ઘટે તેવુ જીવન તપોમય, શાન્ત, પવિત્ર, તત્ત્વવિચાર પરાયણ, પરોપકાર પરાયણ જીવન એમનુ હતુ, તો પણ જમાનાની જરૂરીઆતોને પહોચી શકે તેટલી શક્તિ ન હતી. એના કારણ ગમે તે હો અહિં તો એજ કહેવાનુ કે મુનિજીવનનુ એ પણ એક આવશ્યક અગ છે. જમાનાને અગે જે નવી ફરજો પ્રાપ્ત થાય છે તે સમજવાની અને બજાવવાની શક્તિ એક સાધુમા વ્યવહાર દૃષ્ટિએ હોવી જોઇએ.

તેમના શાસ્ત્રના અધ્યયનમા સુધારાનો અવકાશ હતો, ઉપદેશ ગુણો અને વક્તૃત્વ શક્તિનો વિકાસ સીમાબદ્ધ હતો, તેમજ હૃદય સપત્તિ સપૂર્ણ રૂપમા ન હતી.

એમના સંબંધમાં આવનાર પુરૂષો આજ પણ કહે છે કે એ વચનસિદ્ધ—સત્ય સંકલ્પ મહાત્મા હતા. જે કહેતા તે પ્રમાણેજ થતુ. તેમના પ્રસંગમા આવનાર તેમજ પોતાના કે પારકા સંપ્રદાયના સાધુ સાધ્વી શ્રાવક વર્ગ પર તેમને પક્ષપાતરહિત સ્નેહ રહેતો. પોતાના સહચારી સાધુ વર્ગને હરેક રીતે મદદગાર થઈ પડવાને તેમ ભારરૂપ ન થવાને હમેશા તેઓ કાળજી રાખતા. પોતાના કર્તવ્યક્ષેત્રમા ન સમાતા એવા કોઇ પણ વર્ગની નિંદા પોતાને મ્હોએ કદી કરતા નહિ તેમ સાભળતા પણ નહિ. તેમના નિર્મળ હૃદયમા ઇર્ષા, અસૂયા, મ્હોટપ, અભિમાનનો પદ સંચાર થઇ શકે એમ ન હતુ. સાધુ થયા કેડે પણ કેટલીક વ્યક્તિઓમા સંસારી કરતા પણ વિશેષ ઉગ્ર રૂપમા જે વિકારો અને તેના આનુષંગી દોષો જોવામાં આવે છે તે પૂજ્ય-શ્રીમા કોઈ પણ સ્થિતિમા જોવામા આવ્યા નથી.

કર્તવ્ય જાણવાની ઇચ્છા, તે સમજવા જેટલું જ્ઞાનબળ, સમ-જાયલાં કર્તવ્યના પાલનમા દઢતા એ સર્વનો સુયોગ વિરલ સ્થાનેજ જોવામા આવે છે જૈન સાધુની મહત્તા ખરી રીતે તેના હૃદયપર અવલંબે છે. સંકુચિત કૃપણ હૃદય અને તેથી ઉપજતી દોષ પરંપ-રાને લીધે કર્તવ્ય જાણવાની ઇચ્છા ઉદય પામતી નથી. તો પછી તે સમજવા જેટલુ જ્ઞાન કેમજ મળે ? આચાર્યશ્રીમા આ ઇચ્છા જ્ઞાન-બળ અને કર્તવ્યનિષ્ઠાનો યોગ જોવામા આવતો હતો. તેઓ વખતો વખત કહેતા કે "જે કોઇ સાધુ પોતા પર શું જવાબદારી રહી છે તે સમજવાની ઇચ્છા ધરાવતો નથી, તે સમજવામા પ્રમાદી આળસુ અને બેદરકાર રહે છે તેમજ કર્તવ્યનિષ્ઠ હોતો નથી તે નામ માત્રે સાધુ છે"

પૂજ્યશ્રીને એકાન્ત જીવન પસંદ હતુ. ક્રોધ તેમને ચડયો હોય એવુ કદી જોવામા આવ્યુ નથી. તેઓ પાઠ આપવામા સખત રહેતા

અને વિરૂદ્ધ આચાર જોઇ ખિન્ન થતા. પ્રતિકૂળ વિચાર ધરાવનાર કે વર્તન ચલાવનાર પ્રત્યે ક્રોધ કે તિરસ્કાર દર્શાવતા નહિ, તે તરફ ઉપેક્ષાવૃતિ રાખતા.

પોતાના વસ્ત્ર, પાના અને પાત્રા આદિ ઉપર મોહ મમતા પૂજ્યશ્રીમા જોવામાં આવ્યા નથી. તેમને પોતાના શિષ્ય વર્ગ ઉપર પ્રેમ હતો પણ તે આસક્તિ કે મોહના રૂપમા નહિ. સંઘ પ્રત્યે પોતાને અમુક કર્તવ્યો બજાવવાનાં છે અને તે બજાવવાથીજ તેમના ઋણમાથી મુક્ત થઇ શકાશે એમ તેમના હૃદયમા રહેતુ. આથી જ્યા જતા ત્યાના પોતાને ઋણી માની સદુપદેશ, વ્યાખ્યાન આદિથી તે ઋણને ફેડતા ત્યારે તેમને સતોષ થતો. ખાઇ પીને સઘને ભારરૂપ થઇ પડવુ, કઇ શુભ પ્રવૃત્તિ ન સેવતા નિષ્ફિકર થઈ હરવુ ફરવું એ ખોટું છે, અને આખા સઘની આધ્યાત્મિક તેમજ સાસારિક ઉન્નતિ માટે જોખમદારી અને જવાબદારીવાળુ સાધુપદ સ્વીકારી પછી કઇ ન કરતા ખાલી પૂજાવાની લાલસા રાખવી એમા દોષ છે એમ તેઓ સ્પષ્ટ રીતે જણાવતા. આવા વિચાર અને તદનુરૂપ આચાર જ્યા હોય ત્યા તેનુ નિયામક હૃદય કેવુ સસ્કૃત હશે તેની કલ્પના સહજ આવી શકે તેમ છે જ્યાં આવુ હૃદય હોય ત્યા મન બુદ્ધિના વ્યાપાર વિશુદ્ધ અને કલ્યાણકર હોય, ચારિત્ર સયમ અને ધર્મપાલન યથાવત્ હોય એમા પૂછવુ શુ ? બધા સાધુઓના હૃદય આવાં હોય તો કેવુ સારૂ ! ! વીર શાસન ! અમને એવા હૃદયવાળા મહાત્મા આપ !

પ્રકરણ ૭ મું.

દીક્ષા.

न धनेन भवेन्मोक्षः कर्मणा प्रजया न वा ।
त्याग मात्रेण किं त्वेके यतयो यान्ति चामृतम् ॥

ધનથી, કર્મથી વા પ્રજાથી મોક્ષ મળતો નથી પણ એક ત્યાગ માત્રથી કોઇ વિરક્ત યતિઓ અમૃતત્વને પ્રાપ્ત કરે છે.

શ્રી યોગવાસિષ્ઠ.

પૂજ્યશ્રીની દીક્ષા ઉપર વિવેચન કર્યા પહેલા દીક્ષા જેવી એક અગત્યની બાબત સબધી શાસ્ત્રનો શો નિર્ણય છે, દીક્ષા કોને આપી શકાય ઈત્યાદિ બાબતોનુ યથાવકાશ નિરૂપણ કરવાનુ યોગ્ય ધાર્યું છે.

શાસ્ત્ર દૃષ્ટિએ યતિધર્મ જેટલો દુષ્કર છે તેટલો અન્ય કોઇનો નથી એમ સ્પષ્ટ વિવેક છે. છતા સ્વાર્થ દૃષ્ટિએ તેને સરળ બનાવી દીધો છે. ઘરમા ક્લેશ, કલહ, કુસપ કે ભૂખમરો ચાલતા હોય, સંકડામણ હોય તો ઝટ લઈને દીક્ષા તરફ મન થઈ જાય છે. વિશુદ્ધ જ્ઞાનગર્ભિત વૈરાગ્યથી પ્રેરાઇને દીક્ષા લેવા નીકળનાર બહુ વિરલ હોય છે. દીક્ષા આપનાર વર્ગે પણ ખોટી રીતે દીક્ષા લીધી હોય છે એટલે એવા અવિચારી વિવેક શૂન્ય સામર્થ્યહીન નિર્દોષ મેઢાને ખરૂ સમજાવી યોગ્યક્રમમા નાખવાને બદલે અનેકવિધ લાલચો બતાવી ફોસલાવી પટાવી શિષ્ય કરી લેવાના હેતુથી રેસી નાખે છે–વ્યવહાર તેમ

પરમાર્થ ઉભયથી ભ્રષ્ટ કરે છે. પોતે ખાડામાં પડયા હોય છે અને બીજાઓને નાંખે છે. દીક્ષા એ ખાડારૂપ નથી છતા તેઓની સ્થિતિ અનર્થના ખાડામા પડયા જેવીજ હોય છે. સયતિ નામ ધારી કોઇ નાત હોય અને સઘાડા તે જૂદા જૂદા કુટુમ્બ હોય તેમ પોતપોતાના જૂદા જૂદા સઘાડા બંધાય છે, એ સંઘાડાની પરપરા અવિચ્છિન્ન રહે—પોતાનો વંશ ચાલુ રહે તે માટે આ ખરા કુટુમ્બીઓને ત્યાગી આવેલા ત્યાગી મહાત્માઓને ચિતા થયા કરે છે''

સ્ત્રી વર્ગને દીક્ષા આપવામા વિશેષ ખટપટ અને શાસ્ત્ર વિરૂદ્ધ વર્તન ચલાવવામા આવે છે. ધર્મની શોભા આર્યાઓ અને સાધુઓની સખ્યા વધે તેમા નથી પણ તે વર્ગ યોગ્યતામા વધે તેમા છે. પૂજ્યશ્રીના વિચાર આ બાબતમા ઘણા ઉંચા પ્રકારના હતા. તેઓ કહેતા કે વિધવા સ્ત્રીઓના રક્ષણ ભરણપોષણ માટે વ્યવસ્થા કરવી, ધર્મ શિક્ષણ આપવુ તથા લોકોપયોગી નીતિમય જીવન ગાળવાની સરળતા તેમને કરી આપવી એ શ્રાવકોનો ધર્મ છે અને નહિ કે ગમે તેવી અજ્ઞાન સ્ત્રીને વેશ પહેરાવી દેવો. સ ૧૯૫૭ ની સાલે તેમણે આચાર્યપદેથી ઠરાવ પાડી આર્યાઓની સખ્યા મુકરર કરી હતી અને તેથી વધારે સખ્યા નહિ થવા દેવાની અમુક મુદ્દત સુધી બધી રાખી હતી.

આવા કાયદાઓ ઘડાઈ તેનો અમલ બરાબર થતો હોય તો ધર્મના ક્ષેત્રમાથી પ્રપચ, ઠગાઈ, જૂઠ, કલહ, કુસપ, દ્વેષ વગેરે નીકળી જાય અને ઉત્તમ પરિણામો આવે એ નિસશય છે.

હવે દીક્ષાનો અધિકારી કોણ છે, અને કોણ દીક્ષા આપી શકે તે સબધી શાસ્ત્ર તેમ યુક્તિથી સક્ષેપમા વિચાર કરીએ.

પરિવર્તન એ આ વિશ્વનો અબાધિત નિયમ છે. એ નિયમને લઇને આપણા દેશ, કાલ, સ્થિતિ, સબધમા હાલ બહુ ફેર પડી ગયો છે, અને પડતો જાય છે. શાસ્ત્રવિહિત પ્રવૃત્તિઓમા માનવપ્રકૃતિના

દુષ્ટ અંશો કાળબળે હાલ એવા મળી ગયા જણાય છે કે અમુક લોકપ્રચલિત રીતિ શાસ્ત્રવિહિત છે કે કેમ તેનો સ્પષ્ટ નિર્ણય સામાન્ય મતિના અને તેથી બીજાઓ દોરે તેમ દોરાતા મનુષ્યવર્ગથી થવો મુસ્કેલ છે. વળી **બહુ કાર્યના ભારથી** દબાઇ ગએલા પ્રવૃત્તિપરાયણ લોકોને શાસ્ત્રનો દીર્ઘ પરિચય પણ હોતો નથી. **બહુ** લોકો આવા છે, જે **જૂજ** લોકો ધર્મનો ઝુંડો લઇ બેઠા છે તેમાના ઘણા જણને કઇક કઇક **વિકારદોષો** થયા હોય છે, અને તેથી ક્ષુદ્ર પ્રવૃત્તિઓને–શાસ્ત્ર નિષિદ્ધ પ્રવૃત્તિઓને પોતાની સ્થાપિત પૂજ્યતાને બળે લોકો પાસે ઠીક મનાવે છે, અને કેટલીકવાર તો તેમની આવી પ્રવૃત્તિઓ અને રીતિઓ જાણે શાસ્ત્રનિર્દિષ્ટ હોય એમ પણ માની મનાવી લેવાય છે. **વખત એવો આવ્યો છે કે લોકો જૈનધર્મ અને તેનાં રહસ્ય તથા ગૌરવને છેકજ ભૂલી જવા બેઠા છે. લોકપ્રચલિત રીતિઓને શાસ્ત્રવિહિત માની બેઠા છે.** અતત્મા તત્ બુદ્ધિ થઈ આવી છે. આવી સ્થિતિમા જો ધર્મ જિજ્ઞાસુ વર્ગ હોય નહિ, અને આવી ચર્ચાઓ થાય નહિ તો પરિણામ કેવા અનિષ્ટ આવે એ સહજ અટકળી શકાય એવુ છે. આવી ચર્ચાઓ થવી જોઇએ, એટલુજ નહિ પણ ખરા વિચારોનો પ્રચાર સામાન્ય જનવર્ગમા કરી લોકમત કેળવવો જોઇએ, અને બને તે ઉપાયો લઇ સર્વથા ત્યાજ્ય એવા શાસ્ત્રનિષિદ્ધ વ્યવહારના સેવનનો બહિષ્કાર કરવો જોઇએ

સસ્કારી અને વિચારશીળ વિવેકી સજ્જનોને સહજ રીતે સમજાય એવુ છે કે દીક્ષાનુ મુખ્ય પ્રયોજન તો સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિદ્વારા નિશેષ અનર્થની નિવૃત્તિ અને આત્યતિક પરમાનન્દની પ્રાપ્તિ કરવી એ છે. ધર્મપ્રસાર, સમાજહિત, લોકકલ્યાણ એવા એવા બીજાં કે જેમા દેશકાળ અનુસાર ઘટતો ફેરફાર કરવો પડે છે તેવા

કાર્યો બજાવવા એ ગૌણ પ્રયોજન છે. તો આ મુખ્ય પ્રયોજનને સિદ્ધ કરવાની ઇતર ઇચ્છા માત્રના ત્યાગપૂર્વક એક દઢ તીવ્ર ઇચ્છા જેને હોય, જે શાસ્ત્રકથિત ગુણોથી યુક્ત હોય તે પુરૂષ દીક્ષાનો અધિકારી હોય એ સ્પષ્ટ છે. શબ્દ પ્રમાણ અને અનુમાન પ્રમાણથી સત્ય શોધનારને એ વિવેક સ્પષ્ટતર થાય છે.

વનસ્પતિ વર્ગથી લઇ મનુષ્ય પર્યંત સમગ્ર ચેતન સૃષ્ટિ અનેકવિધ આંતર બાહ્ય પ્રવૃત્તિ કરતી જણાય છે. આ પ્રવૃત્તિનુ કારણ અતરની કરણ સામગ્રી છે. જે પ્રવૃત્તિનો કરણરૂપ હેતુ હોતો નથી તે પ્રવૃત્તિ બનતી નથી. બાહ્ય પ્રવૃત્તિનો આધાર આતર કરણસમૂહ ઉપર હોય છે. જ્યા અમુક કામ કરવાની શક્તિવાળુ કરણ હોતુ નથી ત્યા તે કાર્ય પ્રતીત થતું નથી. કોઇ આકસ્મિક હેતુથી સ્વલ્પ કાળ પ્રતીત થાય તોપણ તે સિદ્ધિદાયક નીવડતુ નથી. મનુષ્ય પ્રાણીમા ચેતનાશક્તિ વિશેષ અશે અભિવ્યક્ત થએલી છે એટલે અન્ય સચેતન સૃષ્ટિ કરતા તે તેની ઇચ્છા જ્ઞાન અને ક્રિયા શક્તિને અધિક અશે ખીલવી શકે છે, તો પણ એ ત્રણે શક્તિના વિકાસક્રમમા તારતમ્ય તો રહેજ છે કોઇની ઇચ્છા શક્તિનો વધારે વિકાસ થયો હોય તો કોઇમા ક્રિયાશક્તિ અધિક અશમા ખીલી નીકળી હોય છે. આવાજ કારણથી ઉત્તમ પ્રકારની વિચાર શ્રેણીનુ દર્શન કરાવનાર વિદ્વાન્ વર્ગ તદનુરૂપ ક્રિયામા પ્રવર્તી શકતો નથી. જ્યારે અજ્ઞાન પણ ક્રિયાત્મક જીવન ગાળનારો વર્ગ તેને સહેજ રીતે વ્યવહારમા ઉતારી શકે છે. ત્રણે શક્તિનો સપૂર્ણ વિકાસ મનુષ્ય શરીર છતે સભવી શકતો નથી, જેઓ અશરીરી અવસ્થા ભોગવે છે તેઓમા-તેવી દેવકોટિમા એ સભવી શકે. આ માનસશાસ્ત્રમા પ્રવર્તતા કેટલાક નિયમોનો નિર્દેશ અહિ કરવાનુ પ્રયોજન એ છે કે અમુક કાર્ય કે જેનુ સાધક આતર કરણ નથી તે બની

શકતુંજ નથી, અને કાકતાલીય ન્યાયથી કદાચ એવુ કોઇ કાર્ય દષ્ટિગોચર થાય તો પણ તેનો થવો જોઈએ તેવો યોગ્ય નિર્વાહ કે ઉપયોગ થઇ શકતો નથી. જે બીજમા વૃક્ષરૂપે પરિણામ પામવાની શક્તિનો નાશ થઇ ગયો છે તેમાથી કદાચ ફણગો ફૂટે પણ તે વૃક્ષરૂપે પરિણામ પામી શીતળ છાયા, મધુર સુગધ અને મિષ્ટફલનો લાભ તો નજ આપી શકે એ ખુલ્લુ છે દીક્ષારૂપ કાર્યનો હેતુ જે સત્સસ્કારજન્ય વિવેક વિરાગથી સમૃદ્ધ અતકરણ તેનો જો અભાવ હોય તો ગમે તે બીજા બાહ્ય હેતુથી દીક્ષા ગ્રહણ થાય પણ તે ફલપર્યવસાયી નીવડતી નથીજ. એ સર્વથા સિદ્ધ છે. દીક્ષાના ઉમેદવારની પાત્રતા જોવાનુ કાર્ય તો કોઈ સર્વજ્ઞકલ્પ મહાત્માજ ખરી રીતે કરી શકે, કારણ કે ઉપર કહ્યુ તેમ પાત્રતાનો આધાર કાર્ય ઉપરથી જેનુ સ્વરૂપ સમજી શકાય છે તેવા ઉદ્બુદ્ધ કે અનુદ્બુદ્ધ સસ્કાર સમૂહના સારા નરસા સ્વરૂપ ઉપર રહેલો છે, અને સામાની આતર સ્થિતિ સમજી જવી, તેના સમગ્ર સસ્કારોનુ જ્ઞાન પામવુ એ કઇ જેવુ તેવુ કામ નથી. સમર્થ પુરૂષોજ એ કરી શકે છે, અર્થાત્ દીક્ષાના કાર્યમા પ્રથમ તો ગુરૂ પૂર્ણ યોગ્યતાવાળા હોવા જોઇએ. ગુરૂ શિષ્યનો સુઘટિત યોગ હોય એજ ભાગ્યની વાત છે બધો આધાર મુખ્યત્વે કરીને સદ્ગુરૂ ઉપર રહેલો છે. એવા ગુરૂ બાલક તેમ વ્યવહાર દષ્ટિએ નાલાયક જણાતા પુરૂષને દીક્ષા આપે તો તેમા કઇ વાધા જેવુ હોઇ શકે નહિ. હવે આપણી દષ્ટિ મર્યાદામા આવા સમર્થ સર્વજ્ઞ અને શક્તિમાન્ સદ્ગુરૂ કેટલા આવ્યા છે એવો પ્રશ્ન આપણે પોતાનેજ પૂછીશુ તો જવાબ નકારમા આવવાનો. હાલના કહેવડાવનારા ગુરૂઓની ટીકા કરવાની ધૃષ્ટતા અમે નથી કરતા, પણ ન્યાય ખાતર એટલુ તો જણાવીશુ કે સામાના નિગૂઢ સસ્કારોને સમજવાની, સમજીને તેમાં આવશ્યક સુધારા કરવાની, અને નિઃસ્વાર્થભાવે

કેવળ કૃપાદષ્ટિથી યોગ્ય ‘અધિકારી’નેજ દીક્ષા આપવા અપાવવા-ની શક્તિ એ સર્વ તો એક બાજુ રહ્યા; પણ દેશ, કાલ, સ્થિતિ, સબંધ જાણી શાસ્ત્રદષ્ટિથી તેને મેળવી એ ઉભયનુ દોહન કરી કર્તવ્ય યોજના ઘડવા જેટલો સામાન્ય વિવેક પણ જોવામા આવતો નથી. જ્યા આવી સ્થિતિ હોય ત્યા વિવેકીને શ્રદ્ધા કેમ રહે ?

માણસને અનેક પ્રકારની ઇચ્છા થયા કરે છે, તેમનુ લક્ષ જૂદી જૂદી વાસનાઓમા લાગવાથી અને આસપાસની પરિસ્થિતિથી તેમની ઇચ્છાઓ અનેક પ્રકારના વિભિન્નરૂપો ધરે છે. આ ઇચ્છાના જનક હેતુઓની શુદ્ધિ–અશુદ્ધિ, સબળતા–નિર્બળતા, ઔચિત્ય–અનૌચિત્ય ઉપર તેના સારા નરસાપણાનો આધાર રહે છે. પોતાની શક્તિની પરીક્ષા કરતા ભૂલ ખાઇને જે શક્તિ ઉપરાત ઈચ્છા રાખે છે તેની ઇચ્છા પરિપૂર્ણ થતી નથી. કદાચ કોઇ ઇચ્છામા ફાવી જાય તો તેના પરિણામ સર્વથા સારા તો નથીજ આવતાં એ ઇતિહાસ ઉપરથી સિદ્ધ કરી શકાય તેવુ છે. દીક્ષાની ઇચ્છાના જનક હેતુઓ જો સાસારિક ફળની ઈચ્છા રહિત, સ્વાર્થ–સત્કાર, માન, પૂજા, ક્ષણિક મોહાવેશ, અધશ્રદ્ધા, ધર્મઘેલછા, વિરાગાભાસ, એવા માનવ પ્રકૃતિને સુલભ દોષોથી અસ્પૃષ્ટ હોય, દઢ અને શુદ્ધ વૈરાગ્ય તેમજ સાચી શ્રદ્ધા અને બીજા સારા સસ્કારોથી યુક્ત હોય તો એ ઇચ્છા ખરી છે, અને એવી ઇચ્છા જે ભાગ્યશાળી પુરૂષમા જાગે છે તેને દેવો પણ વિઘ્ન કરી શકતા નથી તો માણસની તો વાતજ શુ ?

જેને શાસ્ત્રનુ ઉપર છલ્લુ પણ જ્ઞાન હશે તે તો સહેજ સમજી શકશે કે દીક્ષા એ કંઈ જે તે લઇ શકે કે દઇ શકે એવી કોઈ સામાન્ય વાત નથી. દીક્ષાનો અધિકાર કાંઇ વાટમા પડયો નથી, એ કઇ થોડી મુદ્દતની તેમ સહેજમા પાળી શકાય

એવી પ્રતિજ્ઞા નથી. અમુક વયે કે અમુક જાતિ–સ્ત્રી વા પુરૂષ વા અન્યને એ અધિકાર મળી શકે એવો ચોક્કસ નિર્ણય નથી, બાલભાવ (વયે તેમ જ્ઞાને) વાળાથી તેમા પ્રવેશ થઇ શકે તેમ નથી. એકંદર આત્મજાગૃતિ થયા વિના લીધેલી દીક્ષા કોઇ પણ રીતે કોઇને ઉપયોગી નીવડે એમ નથી. અનધિકારીને દીક્ષા આપવી એ શાસ્ત્ર, સમાજ, ધર્મ અને રાજ્યના વિવિધ દૃષ્ટિ બિંદુએ જોતા અનાદરણીય છે.

કેટલાક વર્ગનુ માનવુ છે કે ' ઇંદ્રિય સ્વાદમા પડી ગયા પછી આ પ્રાણીને તેમાથી નીકળવુ બહુ મુશ્કેલ પડે છે. માટે કોઇ પ્રાણી ન્હાની વયમા ચારિત્ર લેવાની ઇચ્છા કરે તો તેમા અંતરાય પાડવો નહિ–વિલંબ કરવો નહિ એને સંસાર સુખમા પડવા દેવો નહિ ' સિદ્ધસેન દીવાકર, અભયદેવ સૂરિ, હેમચન્દ્રાચાર્ય, સોમસુંદર સૂરિ, યશોવિજયજી જેવાના નામ આગળ કરી જણાવવામા આવે છે કે " ગમે તેટલી ન્હાની વયમા ચારિત્ર લેવામા કંઇ વાધો નથી, એવી દીક્ષા શાસ્ત્ર સંમત છે. ન્હાનપણમા દીક્ષા લેવાય તો અભ્યાસ બરાબર થાય છે અને દુનિયા પર ઉપકાર કરવાના સંયોગો મળે છે. સાધુઓના બંધારણ ઉપર અને તે સંસ્થાની જરૂરીઆતોના વિષય ઉપર ધાર્મિક અને ઐતિહાસિક દૃષ્ટિએ ધ્યાન આપવુ જોઇએ, જેઓ અદ્‌ભુત ગ્રંથકર્તા, તર્કવેત્તા કે વ્યાખ્યાનકાર થઇ ગયા છે તેઓ ન્હાની વયમા દીક્ષિત થએલા હતા. મ્હોટી વયે દીક્ષા લેનારાથી આવુ કાઇ લોકોપકારક કૃત્ય બની શકતુ નથી. માટે દીક્ષા ન્હાની વયવાળા માટે પણ વાધા ભરી નથી. " આવા ભ્રમજનક અપૂર્ણ વિવેકવાળા વિચારો લોકોમા બહુ ફેલાઈ ગયા છે, પણ આવી બાબતમા એક બાજુના નિર્ણય પર આવતા પહેલા બહુ દીર્ઘ દૃષ્ટિથી વિવિધ રીતે વિચાર, શોધ, શાસ્ત્રાધારથી વિવેક થવાની બહુ જરૂર છે. પૂર્વનો કાળ હાલ છે નહિ, પૂર્વના સંયોગ–મહા-

ત્મા સદ્‌ગુરૂઓ, સત્સસ્કારી શિષ્ય—ધાર્મિક વાતાવરણ એમાંનું કાંઇ પણ હાલ છે? એ સર્વં પુસ્તકોમા છે. પૂર્વ રમ્યચિત્ર હવે તો કલ્પનાશેષ રહ્યુ છે. હાલનુ વાતાવરણ, લોકોની સ્થિતિ, રૂચિ, વૃત્તિ, જ્ઞાન શક્તિ આદિ સર્વ પૂર્વકાળથી ઘણુ વિપરીત છે. એમ કોણ નહિ કહે? પૂર્વ પક્ષીઓના ઉપરના કથનનો નિવેડો એમ લાવી શકાય કે, એ ન્હાની વયે દીક્ષા લેનાર વર્ગ દીક્ષાના સસ્કારો લઇને અવતર્યો હતો, પૂર્વના અધુરા રહેલા પ્રયત્ન પૂરા કરવાને પૂર્વનોજ ‘બુદ્ધિયોગ’ તેમને પ્રાપ્ત થયો હતો, અને વળી તેમને દીક્ષા આપનાર ગુરૂઓ પણ સર્વજ્ઞકલ્પ સમર્થ અને આંતરસ્થિતિને ઓળખનાર હતા. આવા સુદર ગુરૂના યોગ હાલ કેટલાને થાય છે? હાલના જમાનાની અસરથી ભાષણોનો પટપટારો, બાહ્ય આડબર, અહિ તહિથી ચોરીને લેખો બહાર પાડવાની વૃત્તિ તેમ પ્રવૃત્તિ, પાડિત્ય પ્રદર્શન એ વધ્યાં છે ખરા. વ્યાખ્યાનકાર, લેખક, કવિ, ગ્રથકાર, હાલ ઘણા મળી આવે છે ખરા પરતુ સામાના સસ્કારનુ જ્ઞાન પામવાની શક્તિ, ધર્મના ઊંડા રહસ્યો, ધર્મ કર્તવ્યના પાલનમા દઢતા, વિશાલ સર્વદેશીય પરિપક્વ જ્ઞાન, અપૂર્વ પ્રતિભા, વિચક્ષણ તર્કશક્તિ ક્યાં અને કેટલા જોવામા આવે છે વારૂ? ધર્મના બાહ્ય સ્વરૂપનેજ વગર સમજે વળગી રહેનાર ધર્મના અતસ્તમ રહસ્યોમા નહિ ઉતરી શકનાર અને અનેકવિધ પ્રવૃત્તિઓમા મચી રહેનાર આજનો સમાજ પૂર્વકાલીન સ્થિતિ સાથે કઇ રીતે સરખાવી શકાશે? પૂર્વાચાર્યો સમર્થ સદ્‌ગુરૂ થઇ ગયા છે. પૂર્વના ચારિત્ર ઇચ્છુઓ યોગભ્રષ્ટ અને સસ્કારશીળ હતા. શ્રાવક વર્ગ પણ ધર્મ પરાયણ હતો. પૂર્વનો દેશકાળ સુરમ્ય હતો. આજની કર્તવ્ય યોજના કેવળ એજ દૃષ્ટિથી કરી શકાય નહિ.

દીક્ષા સબધમા શાસ્ત્ર શુ કહે છે તે હવે જોઇએ. શાસ્ત્રની પવિત્ર ભૂમિની વિશાળ મર્યાદામા ચારે ખૂણે ફરી વળવાની શક્તિ

હજી લેખકમા નથી; તોપણ તેનાથી તેમા જેટલું વિચરાયુ છે, જે રીતે સમજાયુ છે તેમાથી યત્કિંચિત્ અહિ આલેખવાનો પ્રયાસ થયો છે.

१. धर्मरत्न प्रकरणः–

एयरसउ लिंगाइ–सयलामग्गाणं सारिणिकिरिया,
सद्धायवराधम्मे पन्नवणिज्जत्त मुज्जुभावा ॥ १ ॥
किरियासु अप्पमाओ, आरम्भोसक्क णिज्जणुंट्ठाणे,
गुरुओ गुणाणुराओ, गुरु आणा राहणं परमम् ॥ २ ॥

ભાવાર્થઃ—ભાવસાધુના ચિહ્ન આ છે.–સમસ્ત માર્ગાનુસારિણી ક્રિયા મોક્ષ માર્ગને અનુસરતી એવી સમસ્ત પ્રત્યુપેક્ષણાદિ ક્રિયા, સંયમ ધર્મ આદરવામા અતિ ઉત્કટ શ્રદ્ધા, અસત અભિનિવેશનો ત્યાગ, અકુટિલપણું, શાસ્ત્રવિહિત અનુષ્ઠાનમા અશિથિલપણુ, શક્તિ મુજબ તપશ્ચરણાદિનું આચરણ, મ્હોટા ગુણોમા અનુરાગ–ગુણ પક્ષપાત, ગુરૂની આજ્ઞા મુજબ વર્તન (આમ એકંદર સાત લક્ષણો ' ભાવ સાધુ 'મા હોવા જોઈએ)

२. वेदकल्पसूत्र ઉદ્દેશો ચોથો.

तओनोकप्पइ पव्वापन्नन्ते तं जहा पंडए कीव्वे वातिए एवं मुंडावित्तए सिखावित्तए संभुजित्तए संवसितए ॥

નપુસક, કાયર અને વ્યાધિગ્રસ્ત એ ત્રણને દીક્ષા ન આપવી, લોચ ન કરવો, દીક્ષા નિમિત્તે સામાચારી શીખવવી નહિ, છેદોપસ્થાનીય ચારિત્ર આપવુ નહિ, તેના સાથે આહાર ન કરવો, તથા સાથે ન રહેવુ.

३. प्रवचनसारो[illegible]रः–

बालेवुड्ढ नपुसेय, कीव्वे जडेयवाहिए तेणे ।
रायावगारीय, उमंतेय अदंसणे ॥ १ ॥

दासे दुट्ठेय मुड्ढेय, अमत्ते जंगिए इय।

उवद्ध एय भयए, सेह निप्फे डिया इय ॥ २ ॥

ભાવાર્થઃ—આટલા દોષવાળા પુરૂષો દીક્ષાના અધિકારી નથીઃ- વયે-બુદ્ધિએ-અનુભવે-જ્ઞાને-**બાળક**, મન-બુદ્ધિ-ઇન્દ્રિય અને શરીરની શક્તિઓ ક્ષીણ થઇ જવાથી **વૃદ્ધ**, નપુંસક, કાયર-ભીરૂ, ભાષાજડ, ક્રિયાજડ અને શરીરજડ, શારીરિક તેમ માનસિક વ્યાધિથી ઘેરાયલો, ચોર, રાજદ્રોહી, મોહવિકલ, અંધ, દાસ, કષાય દુષ્ટ, અને વિષય દુષ્ટ, જ્ઞાનશૂન્ય, ઋણી, નિન્દિત, અમુક કાળ સુધી વિદ્યાનેજ કારણે પરાધિનતા સ્વીકારનાર સેવક અને માતાપિતાએ જેને દીક્ષાની અનુજ્ઞા આપી નથી તેવો.

जेअट्ठारसभेया, पुरिसस्स तहित्थिया इतेचेव।

गुव्विणी सबालवच्छा, दुन्निमेहुंति अन्नेवि ॥ २ ॥

જે અઢાર ભેદ ઉપર અયોગ્ય પુરૂષમા કહ્યા છે તેના તે બધા સ્ત્રી વર્ગને લાગુ પડે છે, ઉપરાત એ વર્ગને માટે આ બે દોષ વધારાના છે'-૧ ગર્ભિણી, ૨ જેના છોકરા બાળક હોય તેવી

४. आत्मप्रबोधः—

अमन्द वैराग्य निमग्नबुद्धय,—
स्तनूकृताशेष कषायवैरिणः।
ऋजुस्वभावाः सुविनीतमानसा,—
भजन्ति भव्या मुनिधर्म मुत्तमम् ॥

તીવ્ર વિરાગયુક્ત બુદ્ધિવાળા, કષાયરૂપ તમામ દુસ્મનોનો નાશ કરનાર, સરળ સ્વભાવવાળા, સુવિનીત મનવાળા, ભવ્ય પુરૂષો ઉત્તમ મુનિ ધર્મનુ પાલન કરે છે. અર્થાત્ જેની પ્રકૃતિ, બુદ્ધિ-મન સર્વ રીતે સંસ્કારી નિર્મોહી અને વિનીત હોય તે મુનિ દીક્ષાને યોગ્ય છે.

५. व्यवहारसूत्रः–

कप्पइ, निग्गंथाणं वा, निग्गंथिणं, खुडयं वा, खुडियं वा, असाइरेगं अट्ठवास उवठावित एवा संभूजित एवा ॥

સાધુ અને સાધ્વીને આઠ વર્ષથી અધિક ઉમરવાળાની સાથે ઉપસ્થાપના કરવી કે એકત્ર આહાર કરવો કલ્પે.

६. भगवतीसूत्र, शतक १. उद्देशो १ः–

असंबुझेणं भंते अणगारे सिझइ बुझइ मुच्चइ परिनिव्वायइ सव्वदु खाण मन्तेकरेइ ?

गोयमानो इणट्ठे समट्ठे सेकेणठेण भन्तेजाव अन्तं न करेइ? गोयमा असंबुझे अणगारे आउयवज्जाओ सत्तकम्म पयडीओ सिठिलबन्ध न बन्धाओ घणीयबन्धणबन्धाओपकरेइ, रहस्सकाल ठिइआओ दीहकालठीइआओ पकरेइ, मन्दाणु भावाओ तिवाणुभावाओ पकरेइ अप्पपएसगाओ बहुपएसगाओ पकरेइ ॥

સંક્ષેપ સાર—ઘરબારનો ત્યાગ કર્યો પણ **અંદરનાં આશ્રવદ્વાર** જેણે રોકયા નથી એવા **દંભસેવી** સાધુ ભવબીજરૂપ કર્મ પ્રકૃતિ-સ્થિતિ-રસ ઘટાડવાને **બદલે ઉલટા વધારે છે. ચીકણાં કર્મો બાંધે છે.** એટલા માટે **આન્તર રિપુ ઉપર જય મેળવવો એજ બાહ્ય ત્યાગનું લક્ષ્ય હોવું જોઇએ.**

७. ठाणायंगसूत्र. ठाणुं १० मुं.

दसमुंडा पन्नंता तंजहा सोइन्दि अमुण्डे जाव फांसिंदियमुंडे कोहमुंडे जावलोहमुंडे शिरमुंडे ॥

પાંચ ઇન્દ્રિય અને ચાર કષાય અને નવને જીત્યા પછી
દશમુ મસ્તક લુચન ઉપયોગી ગણાય છે.

૮. पंचाशक २

दिक्खाए चेवरागो, लोगविरुद्धाण चेवचाउत्ति ।
सुंदरगुरुजोगो, वियजस्सतओएत्थ उचिओत्ति ॥ ४ ॥
पयतीए सोऊणदट्ठु, णवकेदिखिए जीवे ।
मग समायरते, धम्मियजण बहुमए निच्चं ॥ ५ ॥
एईए चेव सद्धा, जायइ पावेज्ज कहमहं एयं ।
भवजलहिमहाणावं, णिखेका साणु बन्धाय ॥ ६ ॥
विग्धाणं चा भावो, भावे विय चित्तथेज्ज ।
मज्झथं एयं दिक्खा, रागो निदिट्ठं समयकेऊहि ॥ ७ ॥

ભાવાર્થ—જેને જિનદીક્ષા ઉપર રાગ હોય, લોક વિરૂદ્ધ સર્વ કાર્યોનો અનાદર હોય, તથા સમ્યગ્ જ્ઞાન અને સદનુષ્ઠાનસપન્ન સદ્ગુરૂનો સબધ થયો હોય તેવો **વિશિષ્ઠ** જીવ આ જિન દીક્ષાને યોગ્ય જાણવો. જિન દીક્ષાને પામેલા, નિત્ય ધાર્મિક જનોને સમત એવા સમ્યગ્ દર્શનાદિરૂપ માર્ગે ચાલતા કોઈ દીક્ષિત જીવોને જોઇને કે સાભળીને આ દીક્ષામા "ભવસાગર તરવાના નાવરૂપ દીક્ષાને હુ કેમ પામુ ?" એવા પ્રકારની (અન્ય સાસારિક ફલોની નિસ્પૃહાયુક્ત) અવિચ્છિન્ન શ્રદ્ધા પ્રકૃતિથી ઉત્પન્ન થાય છે આવી પ્રકૃતિથીજ ઉત્પન્ન થએલી ઉત્તમ પ્રકારની શ્રદ્ધા જયા હોય છે ત્યા વિઘ્નોનો અભાવજ હોય છે. કર્મ પ્રાબલ્યવશાત્ કદાચ કોઇ વિઘ્નો અડચણ કરે તો મનની સ્થિરતા. એમ પ્રકૃતિથીજ ઉત્પન્ન થએલી શ્રદ્ધા, વિઘ્નોનો અભાવ, અને મનની દૃઢતા એ ત્રણેનો નિર્દેશ દીક્ષારાગથી સમયજ્ઞો કરે છે.

९. ठाणायंगसूत्र–ठाणुं १० मुं.

दसवीहेधम्मे पन्नते तं जहा, गामधम्मे, नयरधम्मे, रठधम्मे, पासंडधम्मे, कुलधम्मे, गणधम्मे, संघधम्मे, सूयधम्मे, चरितधम्मे, अत्थिकायधम्मे ॥

ગ્રામાચાર, નગરાચાર, રાષ્ટ્રાચાર (દેશાચાર), પાખડાચાર, કુલાચાર, ગચ્છાચાર, સઘાચાર, સૂત્રાચાર, ચારિત્રાચાર, અસ્તિકાયાચાર, એમ દશ પ્રકારના ધર્મ છે અર્થાત્ વસ્તુનો ભાવ એ ધર્મ સ્વદેશ કાળ સ્થિતિ સબધ અનુસાર વર્તન નિયમાય છે.

આમ સ્વલ્પમા વિવેક છે. ઉપર જે કાઈ કહેવામા આવ્યુ છે તેમા બાહ્ય લક્ષણોનો ઉલ્લેખ છે. આન્તર સ્થિતિ જાણવાને જો કે બાહ્ય આચાર સાધનરૂપ છે ખરા પણ તે સર્વાંશે તો નહિજ. આતર સ્થિતિ ઓળખવાનુ કામ સમર્થ સદ્ગુરૂનુ છે. શ્રીમદ્ હરિભદ્ર સૂરિના ધર્મબિંદુ નામક ગ્રથમા દીક્ષા ઉપર વિસ્તારથી વિચાર ચલાવવામા આવ્યો છે. જિજ્ઞાસુએ એ ગ્રથ જોવો.

બાળક અવસ્થામા દીક્ષા લેવા કદી કોઇને આગ્રહ હોય તો હાલના જમાનાને અનુકૂળ પડતી યોજના ઘડવી જોઇએ. એટલે કે પ્રથમ તો ‘ ગુરૂકુળ ’ જેવી કોઇ સસ્થા સ્થાપી તેમા શિક્ષણ આપવુ. યોગ્ય રીતે સપૂર્ણ થયા પછી દીક્ષા આપવી. આમ દીક્ષા સબધી કામ વિવેકથી, વિચારથી અને ડહાપણથી લેવામા આવતુ હોય તો ધર્મને અને શાસ્ત્રને વગોવાવુ પડે નહિ અને અનેકના ભવ સુધરે. પરિણામ, વિત્તાદિનો ક્ષય, પ્રાણીહિસા, સામર્થ્ય, દેશકાલાદિ એ સર્વનો વિચાર કર્યા વિના અવિવેકથી, ભૂલથી કે બીજા કોઇ પણ હેતુથી આવા કામ આદરાય તો પરિણામ અનિષ્ટ આવેજ. યોગ્ય થયા વિના ફળ મળે એવી કુદરતની રીતિજ નથી.

સાધુપણા તરફ સુશિક્ષિત ગ્રેજ્યુએટ વર્ગ કે સામાન્ય પ્રકારનાં હાલના શિક્ષણને પામેલાઓનો પ્રેમ ઓછો જોવામા આવે છે. તેઓ એ સંસ્થામા દાખલ થતા નથી. જ્યારે સંન્યાસીઓમાં ગ્રેજ્યુએટ થએલા પુરૂષો જોવામા આવે છે તેના કારણોની સવિસ્તર મીમાંસા કરવી અત્ર અપ્રાસંગિક ગણાશે એ ભયથી ટૂંક કારણોજ માત્ર આપવામા આવે છે.

૧ દીક્ષા ધર્મની દુષ્કરતા. ૨ ઘણા બંધન, પરતંત્ર સ્થિતિ. ૩ હાલના જમાનાને અનુકૂળ પડતી આવસ્યક છૂટનો અભાવ ૪ સાધુઓમા અજ્ઞાન મિથ્યા પ્રવૃત્તિ અને પ્રમાદ.

આચાર્યશ્રીએ ૧૮ વર્ષની વયે દીક્ષા લીધી હતી. દીક્ષાકાલે તેમના બાહ્ય લક્ષણો, તેમજ તેમના ગુરૂની યોગ્યતા સર્વથા ઉત્તમ પ્રકારના હતા એમ તો નહિજ કહી શકાય. એવી સ્થિતિ દીક્ષા લેવા માટે યોગ્ય ગણાય પણ નહિ એ દીક્ષાકાળે સુવિચારક વર્ગ એમ ધારે કે એ એક અવિચારી સાહસ છે તો તેમા ખોટું નથી. એમની દીક્ષાનુ સુંદર પરિણામ પણ અપવાદરૂપજ માની શકાય કોઈ પુણ્ય પુજના પરિપાકને લીધે એમના જીવનની સાંકળ એવી ગોઠવાતી આવી છે કે જેથી તેઓ પોતે પોતાની ઉન્નતિ કરી શક્યા બધાના ભાગ્ય એવા હોતા નથી એટલીજ સૂચના આ સંબંધમા છેવટે જણાવીશુ કેઃ—

बलं थामं च पेहाए सद्धामारोगमप्पणो ।
खेतं कालं च विन्नाय तहप्पाण निजुजए ॥

પ્રકરણ ૮ મું.

અભ્યાસ પદ્ધતિ.

There are some who desire knowledge that they may know, and it is a lease curiosity; that they may be known, and this is vanity, that they may sell their knowledge, and shameful is the game, that they may build up others, and it is charity, that they may build up themselves, and it is prudence.

ભાવાર્થ—કેટલીક બ્યક્તિઓ એવી છે કે જે ‘ આપણે આ જાણીએ તો ઠીક ’ એવી ઇચ્છાથી જ્ઞાન માટે ચાહના રાખે છે. આ નીચ જાતની જિજ્ઞાસા છે, બીજા કેટલાક એટલા માટે જ્ઞાનને ચહે છે કે ‘ એથી આપણે પ્રખ્યાત થઈ શુ ’ આ મિથ્યાભિમાન થયુ, વળી બીજાઓનો ઈરાદો એવો હોય છે કે ‘જ્ઞાનને વેચીશુ ’ આને નફ્ટ–લજ્જાસ્પદ નફો કહી શકાય, કેટલાક એવા વિચારથી દોરાય છે કે “ એ વડે બીજાઓને ઉન્નત બનાવીશુ ” આ સખાવત સમજવી, છેલ્લે એવા આશયથી જ્ઞાનને ચાહનારા આવે છે કે જેઓ ‘ એની સહાયતાથી આપણુને પોતાને ઉચી કોટી પર લઇ જઇશુ. ’ આવી સમજથી કામ કરે છે. આવી ભાવનાને શાણુપણુ કે ડહાપણ કહેવાય.

દીક્ષાકાળપૂર્વે સ્વામી શ્રી કર્મસિહજીનો અભ્યાસ કંઇજ નહતો; પછીથી દીક્ષા લેવાની ઉમેદવારી કરતા થયા ત્યારથી તે મરણ પર્યંત તેઓ અભ્યાસીજ રહ્યા હતા. પોતામા જણાતી ઉણપ પૂરવાને અને પોતાને ઉચ્ચકોટિએ લઇ જવાને તેમણે અભ્યાસ આદર્યો હતો અને શક્તિ સ્થિતિ અને સજોગના પ્રમાણમા અન્ય જનોને સુધારવાનો પ્રયત્ન સેવ્યો હતો. જ્ઞાન માટેની તેમની ચાહના તે કાઇ કેવળ કુતૂહળી ઇચ્છા, મિથ્યાભિમાન, લોકેષણા, કે વાણીઆશાહી વૃત્તિથી ઉદ્ભવી નહતી એ એમનાં જીવનકાર્યોથી જાણવામા આવ્યુ છે. ઉપરચોટીઆ અચોકસ જ્ઞાનથી કે અણસમજુ વર્ગ જ્ઞાની તરીકે ઓળખે વાહવાહ બોલે તેથીજ પોતે પોતાને સપૂર્ણ માની અભ્યાસમા આગળ વધતા અટકી જવાના ભયસ્થાનો મુનિજીવનમા રહે છે તે સર્વથી તેઓ ચેતી ચાલતા હતા. પોતામા ન હોય તેવી યોગ્યતા માનવા મનાવી લેવાથી અને આરોપિત યોગ્યતાની કસોટી થવાના પ્રસગો નહિ આવતા હોવાથી જો કે મિથ્યાભિમાન એકદમ ખુલ્લુ પડી નથી જતુ તોપણ એ વ્યવહારથી ખરો અને સ્થાયી લાભ લેશ પણ નથી એમ તેઓ સમજતા. આ સર્વ ભયસ્થાનોનુ જ્ઞાન હોવાથી તેમનો અભ્યાસ છેવટ સુધી ચાલુ રહ્યો હતો. અને પરિણામે જેટલુ જ્ઞાન મેળવ્યુ તેટલુ પરિપક્વ અને ચોક્કસ મેળવ્યુ હતું

અર્થજ્ઞાનરહિત શબ્દોની કેવળ ગોખણપટ્ટી એ કંઇ જ્ઞાન નથી કે અભ્યાસે નથી. ખરૂં અધ્યયન અર્થજ્ઞાન વગર નકામુ છે. ‘અક્ષર રાશિગ્રહણ’ એજ અધ્યયનક્રમમા હોય તો સ્વતત્ર વિચારશક્તિ, તુલના શક્તિ આદિ મનની શક્તિઓનો વિકાસ થતોજ નથી. નિરૂક્તકાર યાસ્ક કહે છે કેઃ—

स्थाणुरयं भारहारः किलाभूदधीत्यवेदं योनविजानात्यर्थं
योऽर्थज्ञइत् सकलं भद्रमश्नुते नाकमेति ज्ञानविधूतपाप्मा ॥

જે વેદનું અધ્યયન કરે છે છતા વેદનો અર્થ જાણતો નથી તે ભાર ઉપાડી રાખનાર થાભલો છે. જે અર્થ જાણે છે તે સઘળું કલ્યાણ પામે છે, અને જ્ઞાનથી એના પાપ ધોવાઇ એ સ્વર્ગમા જાય છે."

આમ અર્થજ્ઞાન સહિત અભ્યાસ હોય તોજ ખરૂં જ્ઞાન અને તેના ઉત્તમ ફળ સભવે છે. અર્થજ્ઞાન પામવાને વ્યાકરણનો અભ્યાસ જરૂરનો છે. આચાર્યશ્રીએ ભૂજમા દામોદર શાસ્ત્રી પાસે વ્યાકરણનો અભ્યાસ કર્યો હતો. ભૂજમા એ વખતે ન્હાની પક્ષના હંસરાજજી સ્વામી પણ સાથે હતા તેમને અને પૂજ્યશ્રીને વ્યાકરણ, કાવ્યકોશ વગેરેના અભ્યાસ માટે મતભેદ પડયો. સ્વામીશ્રી હંસરાજજી એ અધ્ય-યનથી વિરૂદ્ધ હતા. એટલે એમણે પૂજ્યશ્રીને એ અધ્યયન બધ કર-વાને સમજાવ્યા હતા પણ તેમને એમ કરવુ રૂચ્યુ નહિ. વ્યાકરણનો અભ્યાસ શાસ્ત્રથી અવિરૂદ્ધ છે એમ તેમણે ઘણીવાર કહેલુ છે. થોડાક પ્રમાણ અહિ આપ્યા છે.

व्याकरणात्पदसिद्धि· पदसिद्धे रर्थ निश्चयो भवति ।
अर्थात्तत्त्वज्ञानं तत्त्वज्ञानात्परं श्रेयः ॥

વ્યાકરણથી પદ સિદ્ધ થાય છે, પદસિદ્ધિથી અર્થબોધ થાય છે, અર્થ નિશ્ચયથી તત્ત્વજ્ઞાન થાય છે અને તત્ત્વજ્ઞાનથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

હેમ વ્યાકરણવૃત્તિ.

आचारांगजी જણાવે છે કે,—
अणुवीइ णिट्ठाभासी समीयाए
संजएभासं भासेज्जा तं अहा

एगवयणं दुवयणं बहुवयणं

इत्थिवयणं पुरिसवयणं

नपुंसगवयणं अज्झथवयणं

उवणीतवयणं अवणीतवयणं

उवणीतावणीतवयणं अवणीय उवणीयवयणं तीयवयणं

पडुप्पन्नवयणं अणागतवयणं

पच्चक्खवयणं परोक्खवयणं

કામ પડતા વિચાર કરીનેજ પછી નક્કીપણે બોલતા સાવધ રહીને ભાષાસમિતિ સાચવીને ભાષા બોલવી તે ભાષામા બોલાતા વાકયોના સોળ ભાગ રહેલા છે તે આ પ્રમાણે છેઃ—૧ એક વચન, ૨ દ્વિ વચન. ૩ બહુ વચન ૪ સ્ત્રીજાતિ વચન, ૫ પુરૂષજાતિ વચન, ૬ નપુસકજાતિ વચન. ૭ અધ્યાત્મ વાકય ૮ ઉત્કર્ષ વાકય. ૯ અપકર્ષ વાકય ૧૦ ઉત્કર્ષાપકર્ષ વાકય ૧૧ અપકર્ષોત્કર્ષ વાકય. ૧૨ ભૂતકાળ વચન ૧૩ વર્તમાનકાળ વચન ૧૪ અનાગત કાળ વચન ૧૫ પ્રત્યક્ષ વચન. ૧૬ પરોક્ષ વચન.

તેમ શ્રી **પન્નવણાજીના** વચન ઉપરથી પણ સમજાય છે કે એ ૧૬ ઉપર 'ઉપયોગ' દઇને બોલવુ તે ભાષા જ્ઞાન–સસ્કૃત આદિના અભ્યાસ--વિના બની શકતુ નથી તેમજ એ સર્વ ઉપર લક્ષ આપ્યા વિના બોલનાર મૃષાવાદીજ ગણાય

सएगवयण वदिस्सामीति,

एगवयणं वदेज्जा, जाव परोक्खवयणं बदिस्सामीति,

परोक्खवयणं वदेज्जा ॥

इत्थीवेस पुरिसेवेस, णपुंसगवेस,

एवं वापेयं, अण्णहावावेयं अणुवीइ णिट्ठा
भासी समियाए संजय भासं भासेज्जा
इच्चेयाइ आयतणाइ उवातिकम्म ॥ ७७० ॥

મુનિએ જ્યા એકવચન કહેવાનું હોય ત્યા એકવચન વાપરવું, એમ પરોક્ષવચન ઠેકાણે પરોક્ષવચન વાપરવુ, વળી આ સ્ત્રીજ છે કે પુરૂષજ છે કે નપુસકજ છે, અથવા આ બાબત આમજ છે કે તેમજ છે એ સઘળુ તપાસી નક્કી કર્યા બાદ ભાષા સમિતિ સાચવી નક્કીપણે બોલવુ અને સઘળી જાતના વચન દોષ પરિહરવા.

सेकिंतं भावंप्पमाणे २ चतुविहे पणंते तंजहा,
समासिए, तद्धितए, धाउए, निरुत्तिए, सेकितं समासिए २
सत्तसमासा भवन्ति तं जहा, ददेअ, बहुव्वीही
कम्मधारेए, दिगूए, तप्पुरिसे, अवई भाए एकससेअ ॥

સામાસિક, તદ્ધિતજ, ધાતુજ, અને નિર્યુક્તિક એ ચાર પ્રકારે ભાવ પ્રમાણુ છે. તેમા સમાસ સાત પ્રકારના છે–દ્વદ્વ, બહુવ્રીહિ, કર્મધારય, દ્વિગુ, તત્પુરૂષ, અવ્યયીભાવ અને એક શેષ

અનુયોગદ્વાર–સૂત્ર.

વ્યાકરણ અને કાવ્યાદિના અભ્યાસથી કેટલીક બુદ્ધિ શક્તિઓ ખીલે છે તે ઉપરાત અર્થબોધ સુગમ થાય છે, અને સૂત્ર ગ્રંથોનુ રહસ્ય પણ વિચારશીલ અભ્યાસીને હાથ આવી શકે છે. એ પુસ્તકોનો બોજો ઉપાડવો પડતો નથી. આચાર્યશ્રીના સૂત્રજ્ઞાન માટે એમ નિર્વિવાદ રીતે કહી શકાય કે હાલ કચ્છમા તેવુ જ્ઞાન ધરાવનાર ભાગ્યેજ મળશે. અર્થજ્ઞાન અને રહસ્ય બોધ પામવાનુ મુખ્ય ફલ એ છે કે સત્ય તત્વનો સાક્ષાત્કાર થાય અને આત્મ સુધારણા તેમજ પરોત્કર્ષ અર્થે તેનો ઉપયોગ થાય. જિજ્ઞાસાનો પાયો ક્ષુલ્લક વિચારો

પર નહિ પણ ડહાપણ ભર્યા ઉદાર વિચાર ઉપર રચાયો હોય તોજ આવાં ફળ આવી શકે છે, નહિતર વિપરીત પરિણામ આવે છે. આચાર્યશ્રીનો અભ્યાસ પાછળથી પદ્ધતિસર વ્યવસ્થિત અને નિયમિત ચાલતો તેમજ તેમા તેમનો ઉદ્દેશ ઉચ્ચ હતો તેને પરિણામે તેઓ પોતે આત્મ-સુધારણા કરી શકયા.

એક જૈન મુનિને અભ્યાસની કેવી અને કેટલી જરૂર છે. તેણે ખાસ કરીને કેવા પ્રકારના જ્ઞાન પામવાને પ્રધાનતાએ પ્રયાસ કરવો જોઇએ એ પણ બહુ વિચારણીય છે. હાલ ન્યાયશાસ્ત્ર ભણવાની પ્રથા કેટલેક સ્થળે ચાલે છે. કોઇ કાલિદાસ, ભવભૂતિ, ભારવિ, માઘ આદિ કવિઓની કાવ્ય પ્રસાદી ચાખવાનુ કરે છે, તો કોઇ કેવળ શુકવત્ મુખપાઠ કર્યા જાય છે, કોઇક સ્થળે તો એ વ્યાકરણ, ન્યાય, કાવ્ય આદિના અભ્યાસમા સમકિતનો ભગ થવાનો ભય રાખવામા આવે છે. એક જૈન મુનિએ વ્યાકરણ, કોષ, કાવ્ય, ન્યાય, ધર્મશાસ્ત્ર, નીતિ, વગેરેનો અભ્યાસ કરવો જોઇએ જે વેપ સ્વીકાર્યો છે તે બરાબર ભજવી શકાય તે માટે જે કાઇ યોગ્યતા અપેક્ષિત હોય તે જેથી મળે એવા પ્રકારના જ્ઞાનની પ્રાપ્તિ માટે તેણે નિરતર મડ્યા રહેવુ જોઇએ. શૃગાર રસભર્યા કાવ્યોનો અભ્યાસ કરવા કરતા અધ્યાત્મ-કલ્પદ્રુમ, સિંદૂર પ્રકરણ, વૈરાગ્ય શતક, નીતિશતક જેવા સત્ત્વ-ગુણપોષક, વૈરાગ્યવર્દ્ધક અને તત્વજ્ઞાનના પ્રાપક ગ્રંથોનુ અનુશીલન કરવુ જોઇએ. એ અભ્યાસ પરિપકવ થયા પછીજ દેશકાળાદિની નજરે જરૂર હોય તેવા વિષયો શીખવાના છે. ન્યાય શાસ્ત્રના શિક્ષણનુ સાફલ્ય કેવળ નીલકઠી જેવા ગ્રથોના સમજ્યા વગરના મુખપાઠમા કે મોટો પગારદાર શાસ્ત્રી રોકવામા કે અમુક વર્ષો તે શિક્ષણમા ગાળ્યા છે એમ કહેવા મનાવવામા સમાવુ ન જોઇએ. પરંતુ સ્યાદ્વાદ, સપ્તભગીનય જેવી જૈનીય ન્યાય પદ્ધતિને ગોતમ પ્રણીત

ન્યાય સાથે સરખાવી કયા કેટલો અને કેવો મતભેદ છે, જૈન શલી કેવી રીતે ઉત્તમ છે તેનો સારો પ્રકાશ પાડવો જોઇએ. પરધર્મીને આપણે આપણા સ્યાદ્વાદનુ રહસ્ય સંપૂર્ણપણે ન સમજાવી શકીએ તો આપણો ન્યાયનો અભ્યાસ અપૂર્ણજ મનાય. આ વર્તમાન અ-ભ્યાસ પદ્ધતિમાં ખામી છે. શિક્ષક શાસ્ત્રી પોતે જૈન શૈલિથી અજ્ઞાત હોય, જૈન કાવ્યાદિનો તેને પરિચય ન હોય, તેના ઉપર શ્રદ્ધાજ ન હોય, કેવળ પૈસા મેળવવા માટેજ ધધો સ્વીકાર્યો હોય તો જૈન સાધુને કેવા અભ્યાસની જરૂર છે, એ વગેરે બાબતો તેનાથી ન સમજી શકાય એ ઉઘાડુ છે. આવા વ્યવહાર ચાલતા હોય તો પરિણામે મુનિઓએ જેવા થવુ જોઇએ તેવા તે થતા નથી અને કાઈ બીજુજ સ્વરૂપ ઘડાય છે. આવી સ્થિતિમા વળી મુનિઓના જ્ઞાનની પરીક્ષા થતી નથી, કસોટીના પ્રસગ આવતા નથી. એટલે સાપ્રદાયિક જ્ઞાનના અજાણપણા સાથે મિથ્યાભિમાન, દભ અને અસત્ય જોડાય છે અને સમુદાય ઠગાય છે.

વખતનો નિયમિત ઉપયોગ કરી પોતાને આવશ્યક હોય તેવા પ્રકારના જ્ઞાનનો અભ્યાસ, પદ્ધતિ વ્યવસ્થા અને નિયમપૂર્વક ચલાવ-નાર મુનિ–વિદ્યાર્થીઓની સખ્યા વધવાને બદલે કેવળ નિરક્ષર મન્દ-મતિ દભી અને પ્રતારક વર્ગની સખ્યા વધે તો સમાજનુ ગાડુ અનર્થના મ્હોટા ખાડામા પડે એ ચોક્કસ છે મુનિ જીવન જેવી ન્યૂન ઉપાધિવાળી નિશ્ચિત સ્થિતિને પામી અનુકૂળતા હોવા છતાં જેઓ અભ્યાસ પાછળ મડતા નથી અને વદના સત્કાર તથા જૂઠી મોટાઇ માટે વલખા મારે છે તેઓ પોતાનો ભવ હારે છે એમ સુન્દર મુનિ ખરેખર યોગ્યજ કહે છે.

અભ્યાસ કરીને જ્ઞાન પ્રાપ્ત કર્યું એટલે કૃતાર્થ થવાયુ એમ પણ નથી. જ્ઞાનને વર્તનમા ઉતારાય ત્યારેજ કૃતાર્થતા છે. મહાત્માશ્રી ધર્મ-દાસજી પોતાની ઉપદેશમાળામા કહે છે:—

जहा खरो चन्दन भारवाही, भारस्स भागी न हु चन्दनस्स
एवं खु नाणी चरणेण हीणो नाणस्स भागी न हु सुग्गइए ॥

'જેવી રીતે સુખડનો ભાર વહન કરનાર ગધેડો ભારનો ભાગી છે ચન્દનનો નહિ, તેવીજ રીતે વર્તન વગરના જ્ઞાનને જાણનારો જ્ઞાનનો ભાગી છે સુગતિનો નહિ.

અભ્યાસ કરીને કરવુ શુ એ પ્રશ્નનો ખુલાસો આમ આપી શકાય કે—જ્ઞાન બે પ્રકારનુ છે, એકથી માત્ર મનજ કેળવાય છે અને બીજાથી હૃદય કેળવાય છે જેઓ વાદવિવાદમાજ માત્ર કુશળ હોય, જેઓ ભાષણો કરવા માત્રમાજ કુશળ હોય, જેઓ લેખ લખવામાજ કુશલ હોય તેઓએ એટલા માત્રથીજ આનન્દ પામવાનુ નથી. અલબત્ત તત્ત્વનિર્ણાયક વાદવિવાદ, ઉપયોગી ભાષણો અને લેખો એ અભ્યાસના ફળરૂપ હોવા જોઇએ પણ એટલામાજ અટકી રહેવાનું નથી. હૃદયની કેળવણીની જરૂર છે. તે મેળવવી. "જનમનરજન ધર્મનુ મૂલ ન એક બદામ" અમુક અપેક્ષાએ આ વચન સત્ય છે. એ અપેક્ષા ધ્યાનમા રહેવી જોઇએ. જ્યા હૃદયની કેળવણી હોય છે ત્યાજ દાન, શીળ, તપ અને ભાવ અથવા વિશુદ્ધ વર્તન વિવેક અનુકંપા અને બીજા દૈવીગુણો પ્રકાશે છે પોતાને ઉચ્ચ કોટિએ લઇ જવો, ગુણસ્થાન પર આરોહણ કરવુ, મોક્ષ મન્મુખ ચાલ્યા જવુ એમાજ ડહાપણ છે, એજ અભ્યાસનો ઉદાર હેતુ છે ફળ છે અને પરાકાષ્ટા છે.

પૂજ્યશ્રીએ સાપ્રદાયિક જ્ઞાનનો અભ્યાસ ઠીક કર્યો હતો. તેમ તેમનું બહારનુ જ્ઞાન પણ ઠીક હતું. તોપણ એટલુ કહેવુ જોઇએ કે એ જ્ઞાન અમર્યાદ મપૂર્ણ અશે જોઇએ તેટલુ નહતુ, વળી એમનો અભ્યાસ તુલનાત્મક પદ્ધતિએ નહિ થતા મર્યાદિત અને એકદેશી હતો. હૃદયની કેળવણી પૂર્ણ અશે થઇ હતી એમ કહેવામા વાધો નથી સાથે કહેવુ જોઇએ કે સંસારવાસનાથી મસ્ત બનેલા પડ્યાઓના હૃદયનો પડછાયો એમના અતઃકરણ ઉપર પડ્યો નહતો.

પ્રકરણ ૯ મું.

વાચન.

Make your books your friends.
And study them unto nobles and ends,
Searching for knowledge and to keep your mind,
The same it was inspired, rich, and rejined.

ભાવાર્થઃ—તમારા જે મિત્રો હોય તે ઉપરાત પુસ્તકોને તમારા મિત્ર બનાવો, અને ઉચ્ચતમ હેતુ પાર પાડવા માટે, જ્ઞાનનુ સશોધન કરવા માટે અને તમારૂ મન ઈશ્વિર પ્રબોધિત વિચારોથી સમૃદ્ધ સસ્કારી મૂળથી હતું તેવુજ રાખવા માટે તેનો અભ્યાસ કરો.

સમાજહિત માટે—અને તેમ કરીનેજ આત્મહિત સાધવા માટે—સત્ય સકલ્પ અને વિશુદ્ધ વિચાર પરાયણ થઇ એકાન્ત પરોપકારમય જીવન ગાળવાની દીક્ષા લેનાર મુનિવર્ગને ખતપૂર્વક બારીકાઇથી અનેક દૃષ્ટિ બિદુથી અભ્યાસમા તત્પર રહેવુ એ ઘણુજ જરૂરનુ છે. જૈન મુનિઓના વિહારના જે નિયમો છે તેથી તેમને અમુક ચોક્કસ મર્યાદામા અને ચોક્કસ બધનો વચ્ચે રહેવુ પડે છે. તેમનો વિહાર પ્રદેશ બહુ વિસ્તૃત હોતો નથી, વિવિધજ્ઞાન ધરાવતા અનેક મનુષ્યોના સંબધમા છૂટથી આવી શકાતું નથી, એટલે પ્રત્યક્ષ અનુભવ અને અવલોકનદ્વારા બુદ્ધિની જે શક્તિઓનો વિકાસ થાય છે તે અચેત પડી રહે છે. કેટલાંક બન્ધનો

વચ્ચે રહેવુ પડતું હોવાથી બુદ્ધિની કેળવણી અપૂર્ણ રહે છે, અને જ્ઞાન વૃદ્ધિ થતી નથી. આવી સ્થિતિમા મુનિ જીવનને અગે રહેલી જવાબદારી અને જોખમદારીનું ભાન કે જ્ઞાન ક્યાથીજ સંભવી શકે?

એ સ્થિતિમા પુસ્તકોનો સહવાસ ઘણુ કામ કરી શકે. ગ્રંથવાચન એ મુનિજીવનને આશીર્વાદ રૂપ થઇ પડે છે. બધનો છતા નિર્બંધ રીતે તેઓ જ્ઞાનના સર્વ પ્રદેશમા ફરી શકે છે, અનુભવ મેળવી બુદ્ધિની શક્તિઓને વિકસાવી શકે છે અને ખરી યોગ્યતા પામી કર્તવ્ય સમજી તેમજ બજાવી શકે છે. એ મુનિ વર્ગને ગ્રંથવાચનથી બીજા પણ અપૂર્વ લાભોનો સભવ છે.

કેવળ વિચારાત્મક જીવન ગાળનાર કરતા ક્રિયાત્મક જીવન ગાળનાર પુરૂષો વખતે ઘણું કરી શકે એ ખરૂ છે તોપણ તેવો વર્ગ તે સાથે વાચન અન વિચારણાનો અભ્યાસ રાખતો હોય તો સવિશેષ સારૂ કાર્ય બજાવી શકે સકુચિત દૃષ્ટિ, અનુદાર વિચાર, મિથ્યાભિમાન, કર્તવ્ય વિમુખતા, આલસ્ય, પ્રમાદ આદિ દોષો સત્પુસ્તકોના વાચનમનનને અભાવેજ ઉદ્ભવે છે એમ કહેવામા ખોટુ નહિ ગણાય. પુસ્તક વાચનથી શા શા લાભ છે એ બતાવવાનો અહિ પ્રસગ નથી. કહેવાનું એ કે મુનિવર્ગે સાપ્રદાયિક પુસ્તકોના પરિશીલન કરવા ઉપરાત સમાજશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, ધર્મશાસ્ત્રો, નીતિશાસ્ત્રો આદિ સબધી દેશીવિદેશી મહાપુરૂષોના લેખો વાચવાની જરૂર છે. ખરૂ છે કે માણસથી બધા વિષયોનો એક સરખો અભ્યાસ બની શકતો નથી તેમ બધીએ બાબતોમા તે એક સરખી કુશળતા મેળવી શકતો નથી તો પણ પોતે જે સ્થિતિમા મૂકાયો હોય તે સ્થિતિને લગતા કર્તવ્યો બજાવવા માટે યોગ્યતા મેળવવાને જે સાધનો હોય તે અવશ્ય મેળવવાજ ઘટે છે. વિસ્તૃત વાચન, અભ્યાસ અને અવલોકનરૂપી તેલ હમેશાં પૂર્યા કરાય તોજ કર્તવ્યનિષ્ઠાનો દીવો એક સરખા તેજે બળ્યાં કરે.

વાંચન સંબંધમાં હાલ આપણા સંપ્રદાયમા કેટલાક વિચિત્ર પ્રકારના હાસ્યાસ્પદ વિચારો ચાલે છેઃ અમુક પુસ્તક વાંચવું, કોઇ પણ ઉપયોગી બાબત ઉપર ભાષણ આપવું, જ્ઞાનવિષયક પત્રો કે લેખો લખવા, અન્યધર્મીની સોબત કરવી એ મિથ્યાત્વનુ કામ છે, એમાં દોષ છે, એમ એક વર્ગ માને છે. તેઓને મતે મુનિઓનો કર્તવ્ય-પ્રદેશ બહુજ સાકડો છે. અને 'મુનિત્વ'નું લક્ષણ પણ ન્યાય સિદ્ધ પ્રમાણોથી વિલક્ષણ છે. અમુક બાધ્યા નિયમે વર્તવુ, ખાવા પીવા, તન્નિમિત્તે વહોરવા અને એવા બીજા શારીર વ્યાપાર સેવવા, વ્યા-ખ્યાન–સ્વકલ્પિત સ્વનિર્મિત પ્રણાલિકાએ વ્યાખ્યાન આપવાં અને ધર્મને નામે ચાલતી ક્રિયામા મશગૂલ રહેવુ–એ ઉપરાત એ યંત્રવત્ ચેષ્ટાઓ કરવા ઉપરાત જૈન મુનિને કશુ પણ કર્તવ્ય છે નહિ એમ મનાય–મનાવાય છે. સૂત્રગત ઊંડા તત્વ વિચારો સમજવા તેમજ સ-મજાવવા સારૂ પ્રાથમિક શિક્ષણની, ઉત્તમ પ્રકારની જ્ઞાન સામગ્રીની કેટલી જરૂર છે એ વિવેકી વર્ગને કહેવુ પડે તેમ નથી.

ખરી વાત તો એ છે અને જૈન જેવી વિશાળ દૃષ્ટિ એજ કહે છે કે બુદ્ધિને વિકસાવવી, જ્ઞાન માટે પ્રયાસ લેવો, વાચન, લેખન અને વ્યાખ્યાનથી બની શકે તેટલુ લોકહિત કરવુ, શાસનની ચઢતી કરવી એમા અધર્મ દોષ કે મિથ્યાત્વ છે એમ કહેવુ એ મિથ્યા બકવાદ છે. હરકોઇ ધર્મનું અને હરકોઇ સદ્વિચારનુ પુસ્તક વાચવુ, સાભળવુ એમા દોષ નથી, અસત્ય અને અધર્મ વિચારને ગ્રહણ કરવામા તેમ અસ-ત્યે અને અધર્મે વર્તવામા દોષ છે. શાસ્ત્ર કઇ એમ ફરજીઆત નથી ઠરાવતું કે અમુકનેજ માનવુ–અમુકજ વિચાર સાભળવો, પણ युक्ति-मद्वचनं यस्य तस्यकार्यं परिग्रहः જેનું વચન યુક્તિવાળું હોય તેજ કરવું. માનનીય મહાપુરૂષો એમ કહે છે કે કુવામાનાં દેડકા થતા બચીને દુનીઆનું જ્ઞાન પામવું, સાંકડા અને વિઘાતક વિચારોને છોડી નીતિ તત્વનો ઉપદેશ અને ચર્ચા કરનારા હરકોઇ લેખકનાં પુસ્તકો વાચવાં,

વિચારવાં, બુદ્ધિને ખીલવવી અને હૃદયને કેળવવું. **'ધર્મજ ઉત્તમ મંગળ છે'** એમ કહેનાર પક્ષપાતરહિત **વીર** પ્રભુના સધમા સકોચ, કૃપણતા અને અનુદાર વિચારને સ્થાન છેજ નહિ—હોઈ શકે પણ નહિ. "વળી શ્રીકમદાસજી મુનિ પોતાના જૈન તત્ત્વશોધક ગ્રથમા કહે છે કે "कुंत्तियावण भूया" સાધુ સ્વસમય પરસમયના જાણ હોય. વળી શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ઓગણીસમા અધ્યયનમા પણ બંને શાસ્ત્ર ભણવા કહ્યા છે. તથા શ્રીનન્દી સૂત્રમા વ્યાકરણ, ભાગવત પુરાણાદિ પરધર્મીના શાસ્ત્રો કહ્યા છે તે સમ્યક દૃષ્ટિએ ભણે તો ધર્મશાસ્ત્ર છે એમ જણાવ્યુ છે. વળી શ્રી સ્થાણાગજી સૂત્રના નવમા ઠાણામા જ્યોતિષવિદ્યા સાધુ પુષ્ટકારણે ભણે તો ધર્મશાસ્ત્ર છે, એમ કહેવામા આવ્યુ છે." વિશાળ દૃષ્ટિબિંદુથી જોવામા આવે તો જ્ઞાન સપાદન કરવાના, આત્મવિકાસ કરવાના અને અનુભવવૃદ્ધિ કરવાના જે કાંઇ સાધનો છે તેનો ઉપયોગ ન કરવો કે તે મેળવવા નહિ એમ કોઇ પણ કાળમા અને કોઇ પણ ધર્મશાસ્ત્રમા કહેવામા આવેલ નથી એમ જણાશે.

ચરિત્રનિરૂપ્યને વાચનનો શોખ ઠીક હતો એ સબધી એમની જીવનકથામા કહેવાઇ ગયુ છે. સ્વસમય—આત્મભાવ જાણ્યા વગર સ્વધર્મના વિશેષ ચરિત્રાત્મક ગ્રન્થો વગેરે વાચવા અથવા ઉચ્ચ કોટિના પુસ્તકો અવલોકવાથી લાભાસાદ નથી પરન્તુ ચલનાત્મક ધર્મવૃત્તિ સ્વિકારે છે, એમ તેઓ કહેતા હતા. જેથી તેઓ અન્ય પથના ધર્મગ્રથો વાચતા ખરા તો પણ પોતાના સપ્રદાયનુ જ્ઞાન પ્રથમ ચોક્કસ અને પરિપક્વ કરવા ઉપર તેમને વિશેષ પ્રીતિ રહેતી. તેઓ આ મતને સપૂર્ણ રીતે મળતા આવતા હતા કે કેટલાક ગ્રંથો ફક્ત જોઇ જવા જેવા હોય છે, કેટલાક વાચવા જેવા હોય છે, કેટલાક વિચારવા જેવા હોય છે, અને કેટલાક વારવાર આવર્તન કર્યા કરવા જેવા હોય છે. આ વિચારને લીધે, તેમણે પોતે બાધેલાં ધોરણે કામ લેતા હોવાથી તેમજ દેશભાષા, રાજભાષા અને ધર્મભાષાન

સંયુક્ત જ્ઞાનના અભાવને લીધે તેમનો વાચન પ્રદેશ અમર્યાદ બન્યો ન હતો. પોતે જૂની ઢબના હતા, નવીન પદ્ધતિથી અણુવાકેફ હતા, તુલનાત્મક અભ્યાસપૂર્વક ભિન્ન ભિન્ન દૃષ્ટિથી અનેક વિષયોનુ અવલોકન કરવા જેટલી શક્તિસ્થિતિ નહોતી, એ સર્વ કારણોને લીધે બારીકાઇથી વિવિધ દૃષ્ટિબિંદુએ વાચન થવુ જોઇએ તે થયુ ન હતું જે વાચનથી સંપૂર્ણતા આવે છે તે કાઇ જેવુ તેવુ, સાકડું, એક પક્ષી ન હોવુ જોઇએ. બેકન દીકજ કહે છે કે:—

Not to contradict and confute, nor to believe or take for granted, nor to find talk and discourse, but *to weigh and consider*

ભાવાર્થ:—વાચવુ તે ખંડન કરવાને કે પ્રતિપક્ષ સાધવાને નહિ અને જે કહ્યુ હોય તે શ્રદ્ધાથી સત્ય માની લેવા માટે નહિ, તેમજ વાર્તા અને સંભાષણનો વિષય શોધી કહાડવા માટે નહિ, પણ **તુલના કરવાને અને મનન** કરવાને.

આમ જૂદી જૂદી દૃષ્ટિએ જોતા કંઇક અંશે પૂજ્યશ્રીનુ વાચન અપૂર્ણ કહેવાય એ દેખીતુંજ છે. એના પોતાના ટૂંકા કર્મજીવનમા સહાયક થાય તેવી સામગ્રી મળી રહે તેટલુ અને તેવુ વાચન એમનુ હતુ. તેમજ જે જ્ઞાન તેમનામા હતુ તે નિશ્ચિત અને પરિપક્વ હતું, હૃદય વિસ્તૃત અને ઉદાર હતું એ ખરૂ પણ હાલની દૃષ્ટિએ એક મુનિ પાસેથી આપણે જે આશાઓ રાખીએ તે સઘળી સંપૂર્ણ રીતે પૂરી પાડી શકવાનુ સામર્થ્ય તેમનામા ન હતું એમ વિના સંકોચે કહી દેવુ જોઇએ.

વાચન અને મનનદ્વારા નિશ્ચિત થતા અસંદિગ્ધ અર્થનું વારંવાર અનુસંધાન અને કર્તવ્યનિષ્ઠા એ વાચનના મુખ્ય ફલ છે. જ્યા તે નથી ત્યા વાચન ગમે તેટલું હોય, બહારની બીજી ટાપટીપ ગમે તેટલી હોય ત્યા એ વાચન અને એ ટાપટીપ નિરર્થકજ ઠરે છે. આ વાત લક્ષમાં લેતા એકંદર રીતે આચાર્યશ્રીનુ વાચન—જે અમુક ઉત્કૃષ્ટ દૃષ્ટિએ અપૂર્ણ અને ખામીવાળું હતુ તે ઘણું સંતોષ જનક માની શકાય.

પ્રકરણ ૧૦ મું.

લેખન.

Writing maketh an exact man—લેખનથી મનુષ્ય સંપૂર્ણ બને છે.

વાંચનથી ભૂતકાળ તથા વર્તમાનકાળના મહાત્માના સમાગમનો લાભ પામી શકાય છે તેમ લેખનથી વર્તમાન કાળ તથા ભવિષ્યકાળની પ્રજાને પોતાનાં જ્ઞાનનો લાભ આપી શકાય છે. લોકોપકારનુ એ પણ એક સબળ સાધન છે. વ્યાખ્યાન અને ઉપદેશથી જે લાભો અપાય છે તે દેશ અને કાળની સીમાથી બધાઇ રહે છે જ્યારે લેખનના લાભો તેની અપેક્ષાએ સીમાહીન છે. હરકોઇ દેશ અને હરકોઇ કાળમા સમર્થ લેખકો પોતાના વિચારોનો લાભ આપી શકે છે. આજનુ જીવન પ્રવૃત્તિપરાયણ છે, હરિફાઇ વધી છે, અનેક વ્યવસાયો થયા છે, નવીન વિચારોનો વેગ ધસ્યો આવે છે, સ્થિતિ, સબધ અને સહવાસ બદલાયો છે અને તેની સાથે મનુષ્ય જીવનના લક્ષ્ય બિદુઓ પણ ભિન્ન ભિન્ન થયા છે. ધર્મનુ જ્ઞાન અને ધર્મની ક્રિયાઓ એજ એકમાત્ર લક્ષ્યબિદુ રહ્યુ નથી. ગૃહસ્થ વર્ગનુ કર્મજીવન એવુ રચાયુ છે કે તેમને ધર્મની બાબતો સમજવાની વૃત્તિ પણ ભાગ્યેજ થાય છે. એટલે શક્તિ કે નિષ્ઠા ક્યાથીજ હોય ? એ ગૃહસ્થ વર્ગની અપેક્ષાએ મુનિ જીવનને પુષ્કળ અવકાશ છે, અનુકૂળતા છે અને ધારે તો પોતાની સર્વ પ્રકારની માનસિક શક્તિને વિકસાવી શકે એમ પણ છે.

ઉંડો અભ્યાસ, સર્વદેશીય વાંચન, બારીક અવલોકન અને જાત અનુભવ વડે મુનિ, ગૃહસ્થ વર્ગને ઉત્તમ પ્રકારના માર્ગદર્શક સિદ્ધાંત ઘડી ઉપદેશી શકે એમ છે. સંસાર સમુદ્રમા જોખમકારક સ્થાનો કયાં છે, ખરો માર્ગ કયો છે એ બતાવવામા તેઓ **દીવાદાંડીનું કામ કરી શકે.**

વ્યાખ્યાન આપીને પ્રત્યક્ષ રીતે કે લેખો લખીને પરોક્ષ રીતે પોતાનાં જ્ઞાનની પ્રકાશિત જ્યોતિ જે કેટલાક વ્યક્તિગત તેમજ સમાજગત દોષોને લીધે ચોક્કસ મર્યાદામાજ ફેલાઇ રહે છે. તેને વિસ્તૃત પ્રદેશમા ફેકી શકે. આવા કાળમા અને આવી સ્થિતિમા શાસ્ત્રની પવિત્ર ભૂમિમા વિચરી ત્યાના અમૃત ફ્લો લાવી આપવામાં આવે–શાસ્ત્ર રહસ્યો બહાર પાડવામા આવે, ધાર્મિક ક્રિયાઓ, વિધિઓ અને ઉપદેશોના સકારણ રહસ્યો સ્પષ્ટ કરી બતાવવામાં આવે તો સમાજનુ ધર્મજીવન જાગૃત થાય, ધર્મવિરૂદ્ધ વધતું વાતાવરણ અટકે અને સમાજનુ કલ્યાણ થાય. સ્થૂલ શરીરથી વિહાર કરનારા મુનિવર્ગને લેખદ્વારા સૂક્ષ્મ શરીરથી વિહાર કરવાનો પ્રદેશ બહુ મ્હોટો થઈ પડે છે. આ સૂક્ષ્મ વિહારમા નિયમ નથી, બંધન નથી, પરતંત્રતા નથી, દેશકાળની સાકડી મર્યાદા નથી. માત્ર એવી શક્તિ મેળવવી જોઇએ.

લખનથી બીજાને લાભ આપી શકાય છે એટલુજ નહિ પણ એથી પોતાને પણ ઘણા લાભો છે. એક વિચારક અગ્રેજ સાક્ષર કહે છે કે:—

"The magic of the pen lies in the concentration of your thoughts upon one subject.

ભાવાર્થ:—એકજ વિષય ઉપર આપણા વિચારોને એકાગ્ર કરવા એ લેખનની જાદુઇ અસર છે.

આત્મસુધારણામા—સ્વશિક્ષણમા લખવાનો મહાવરો એ પ્રથમ જરૂરનું અંગ છે. જેને યથાર્થ રીતે વિચાર કરવાના છે તેણે અવશ્ય પોતાના વિચારોને બહાર દર્શાવવાનો પ્રયત્ન સેવવોજ જોઇએ. લેખન પણ એક કળા છે અને તે શિક્ષણ અને સુધારાનુ એક ચિહ્ન છે. મનની એકજ વિષય ઉપર એકાગ્રપણે વિચાર કરવાની શક્તિ કેળવવાનુ એ એક સાધન છે. વાચવાની સાથે લખવાનો તેમ સભાપણનો મહાવરો રાખ્યો હોય તો જ્ઞાન ચોક્કસ અને પરિપક્વ થાય છે, કેટલીક માનસિક શક્તિ કેળવાય છે તેમ અન્યને પણ લાભ આપી શકાય છે.

વચલા કાળમા સગવડ સાધન અને કેળવણીનો અભાવ હતો એટલે કેવળ ઉતારા અને ટબા કરવામાં અને નાની નાની કથાઓ અને રાસો જોડવામાં મુનિઓનુ લેખન કાર્ય સમાપ્ત થતું. હાલનો જમાનો સર્વ સામગ્રી પૂરે છે. માત્ર આત્મ પ્રયત્નની જરૂર છે. વિવિધ ભાષાનુ જ્ઞાન હોય, શાસ્ત્રાદિ ગ્રંથોનો સારો પરિચય હોય તો મુનિઓના સૂક્ષ્મ વિહારનો પ્રદેશ અમર્યાદ થઇ પડે અને અનન્તને સ્થાયી લાભ મળી શકે.

લેખનકાર્ય મુનિવર્ગને માટે અવિહિત છે. એમા મિથ્યાત્વ અને દોષ છે એમ માનવુ એ ભૂલ છે. આમ જ્યા ત્યા દોષ અને મિથ્યાત્વની કલ્પના કરનારાઓની દર્શનશક્તિ જો પૂર્વકાલીન મહાત્માઓને હોત તો સુન્દર ગ્રથો, તત્ત્વવિચારો, સૂત્રગ્રથો, ટીકાઓ અને બીજા પ્રકીર્ણ વિષયના સદ્‌ગ્રથો લખાતજ નહિ. કલ્યાણના સાધક, ધર્મ પ્રસારક, તત્ત્વબોધક, નીતિ અને વ્યવહારના જ્ઞાનમા વધારો કરનાર ઉત્તમ ગ્રંથો ગુથવાની મના હોઇ શકેજ નહિ. જૈન જેવી વિશાલ દૃષ્ટિ એ સ્વીકારેજ નહિ. દીક્ષા એ કઇ મનુષ્યત્વને છીનવી લેનાર ધર્મક્રિયા ન હોય, એ ભૂલવું ન જોઇએ.

જમાનાની અસરથી કેટલાક મુનિઓ લેખન વ્યવસાયમા પડે છે અને પોતાના જ્ઞાનનો લાભ વિસ્તૃત પ્રદેશમાં આપે છે. એક ઉત્તમ લેખ લખવા માટે પ્રથમ કેટલી યોગ્યતા જોઇએ છે તેનો વિવેક રાખી તેવી યોગ્યતા સપાદન કર્યા પછીજ લેખન કાર્યમા પડવું જોઇએ એ બહુ સામાન્ય નિયમ છે, અને મુનિવર્ગ તરફથી બહાર પડતા ગ્રથો કોઈ એક સામાન્ય ગૃહસ્થ પણ લખી શકે તેવા, બહુજ સામાન્ય વિષયના, અલ્પજીવી, નિર્માલ્ય, કે તાણીતોસીને તૈયાર કરેલા હોવા નજ જોઇએ એ પણ સર્વમાન્ય વાત છે. આવા ગ્રથો પ્રકાશવાથી તેમના વખત અને મહેનતનો મિથ્યા વ્યય થાય છે અને શ્રાવકોના પૈસા પણ નકામા જાય છે, તેમજ જે ઉચ્ચ અને પૂજ્યપદ તેમને મળ્યુ છે તેની શોભામા સમજુઓની દૃષ્ટિએ હાનિ આવે છે. દેશ, કાલ અને પરિસ્થિતિ આદિનું બારીક પર્યાલોચન કરી તે દૃષ્ટિએ આવશ્યક હોય તેવા વિચાર તેમણે બહાર પાડવા જોઇએ. શાસ્ત્ર અને વ્યવહારની દૃષ્ટિએ જરૂરી સુધારા સૂચવવા, શાસ્ત્રીય રહસ્યનુ પરિસ્ફોટન કરવુ, સિદ્ધાન્ત સ્વરૂપ સમજાવવા, તત્ત્વભાવના, ચિ તન અને વિહાર આદિની ચર્ચા ઉપરાત પોતાના સબધમા બનેલા અગત્યના પ્રસગો, અનુભવ, સમાજની વર્તમાન જરૂરીઆતો, સમાજમા પેઠેલા અનિષ્ટ તત્ત્વો, તેને નિવારણ કરવાના ઉપાય, લોક પ્રચલિત રીતિ અને શાસ્ત્રવિધિનુ પૃથક્કરણ; આવા આવા અનેક વિષયો ઉપર ઉત્તમ પ્રકારની શૈલીથી લેખ લખાવા જોઇએ. સમય શક્તિ અને દ્રવ્યનો વ્યય એવા વ્યવસાયમા થવો જોઇએ. કવિ, લેખક, પડિત ગ્રથકાર કહેવડાવવાની ઉતાવળી લાલસાને અટકાવી માગધી સંસ્કૃત અને ગુજરાતી ભાષામા નિષ્ણાત થવુ, ધર્મશાસ્ત્રોના ગભીર રહસ્યોના ચિંતનમા મગ્ન રહેવુ અને એમ કરીને કોઇ અપૂર્વ તત્ત્વ બહાર લાવી નવીન પ્રકાશ પાડવાની જરૂર છે. ઊંડા ઉતરવાથીજ

ખરાં મોતી બહાર લાવી શકાય છે, સપાટી ઉપર તરવાથી કે કાઠે કાંઠે રખડવાથી તો નમાલાં શંખલાં અને કોડીઓ મળે છે; આવાં શંખલાં અને કોડીથી રમતા રહી આનન્દ પામવાની અને મોટાઇ માનવાની બાલવૃત્તિ મુનિઓને શોભે નહિ. સ્મરણમાં રાખવુ જોઇએ કે ગ્રંથ ન લખવાથી કાંઈ મુનિત્વમાં હાનિ આવી જતી નથી પણ યોગ્યતા વિનાના અનાવશ્યક એવા ગ્રથો બહાર પાડયા કરવાની ખટપટમા ઉતરવાથી હાનિ આવી જાય છે.

લેખ્ય વિષયનો પ્રથમ યથાશક્તિ સારો અભ્યાસ કર્યા વગર લખનારની પંક્તિમા બેસવાની લાલસા રાખનાર અજાણે એક જાતનુ પાપ કરે છે. સમય દ્રવ્યથી પણ અમૂલ્ય છે, ધનાદિ ગયું આવે છે પણ ગયો સમય પાછો આવતો નથી. વાચકનો આવો અમૂલ્ય સમય પોતાની યોગ્યતા વિના લખનારા પુરૂષો વ્યર્થ હરે છે. મુનિઓને શિર તો બેવડી જવાબદારી છે. પારકા સમયનુ અપહરણ, અને શ્રાવકના પૈસાનો વ્યર્થ વ્યય. પરિપૂર્ણ અને ચોક્કસ સાપ્રદાયિક જ્ઞાન, વિશાળ અનુભવ, સામાજિક અને ધાર્મિક બધારણોનો બારીક અભ્યાસ, બુદ્ધિ, વાચન, અવલોકન, પ્રતિભાઃ એ સર્વનો યોગ હોય તોજ–અન્યથા નહિ–ખરા લેખક થઇ શકાય.

શ્રીમત્કર્મસિહજી સ્વામીએ કોઈ સ્વતત્ર લેખ કે પુસ્તક બહાર પાડેલ નથી તે ગમે તેટલા વિચારક, તત્ત્વચિતક અને સુધારક હતા તોપણ તે વિચાર તત્ત્વચિતન અને સુધારાનો લાભ તેમના જીવનકાળમા પણ બહુ વિસ્તૃત પ્રદેશમા મળ્યો નહતો તો હવે એ ટૂંકા પ્રદેશમા કે દૂર પ્રદેશમા ભવિષ્યની પ્રજાને તો કયાંથીજ મળે ! આ ખોટ ઓછી ન ગણાય. આના માટે કોઈ તેમનામાં દોષનો આરોપ કરે તો તેને નિરૂત્તર કરવાનુ કઇ સબલ સાધન નથી. પોતાની **આલોચના અને સૂત્રો પર ટિપ્પણી** પોતે લખેલ છે બાકી તો

અનેક ન્હાના મ્હોટા ગ્રંથોના તેમણે ઉતારા કરેલ છે. એમના હસ્ત લખાણુના અક્ષર, લખવાની ઢબ, સુઘડતા વગેરે જોઇ આપણે આશ્ચર્યચકિત થઇએ ખરા.

એ પોતે પ્રાથમિક કેળવણી પામ્યા ન હતા, ગુજરાતીભાષા બરાબર શુદ્ધ લખી શકવા માટે તેમને પોતાનેજ શકા રહેતી, નવીન ઢબની લેખન શૈલીનો અભ્યાસ છેક નહિ તો થોડે ઘણે અશે પણ ન્યૂન હતો. તેમને કોઇ એકાદ લેખ કે ગ્રંથ ગુથવાનું કહેતું તો ઉત્તર આપતા કે " આપણો પ્રાચીન ભંડાર કેટલો બધો છે ! પૂર્વના મહાત્માઓના લેખો વાચી સમજીએ તો એ ઘણું છે " આ સાદા ઉત્તરમા સમજવા જેવુ ઘણું છે. એક અગ્રેજ લેખકે કહ્યું છે કે ઉત્તમમાં ઉત્તમ કાવ્યો આપણે વાચીએ તોએ આપણી પાસે પૂરતો સમય આ અલ્પ જીવનમા નથી, તો તેવી સ્થિતિમા નવા નવા માણસોએ નવા નવા કાવ્યો લખી સમાજ પર વાચનનો અનહદ બોજો મૂકવો એ તદ્દન અયોગ્ય છે:

પોતાના શિષ્યવર્ગમા સ્વતત્ર લેખ લખવાની શક્તિ ખીલે અને લેખનકાર્ય ઉપર પ્રેમ વધે તે માટે પૂજ્યશ્રી કાળજી રાખતા. તેમને ભાષાજ્ઞાન થાય, તેમના વિચાર કેળવાય અને તેઓ સ્વતત્ર રીતે હરકોઇ બાબત ઉપર વિચાર કરી તે લેખ કે ભાષણદ્વારા બહાર સારી ઇબારતમા દર્શાવી શકે તેવી ઇચ્છા રાખતા અને તે માટે ગોઠવણ પણ કરતા. કોઇ શાસ્ત્રીય ચર્ચાવાળા કાગળ આવતા તો તેના પ્રત્યુત્તર પોતાના શિષ્ય પાસેજ લખાવતા. પોતે લખતા નહિ. તેમની આવી કાળજીથી તેમના બે ત્રણ શિષ્યમા સ્વતત્ર લેખ લખવાની શક્તિ વિકાસ પામી છે.

પ્રકરણ ૧૧ મું.

વ્યાખ્યાન.

ददस्व धर्मार्थितयैवधर्म्यान् सदोपदेशान्स्वपरादि साम्यान् ।
जगद्धितैषी नवाभिश्चकल्पैर्ग्रामे कुले वा विहराप्रमत्तः ॥

હે મુનિ, તું ધર્મ પ્રાપ્ત કરવાના હેતુથી એવા પ્રકારના ધર્માનુસાર ઉપદેશો આપ કે જે સ્વપરની બાબતમા સમાનપણું પ્રતિપાદન કરનારા હોય, તું **જગતનું સારૂં ઇચ્છીને** (નહિ કે કેવળ પોતાનુંજ) પ્રમાદ વગરનો થઇને ગામ અથવા કુળમા નવ કલ્પી* વિહાર કર.

અધ્યાત્મકલ્પદ્રુમ.

મુનિવર્ગ તટસ્થ દૃષ્ટારૂપ છે, શ્રાવકવર્ગ સંસાર પ્રવાહના અનેક આડા અવળા તરંગોમા આમ તેમ ખેંચાતો જાય છે. આવી સ્થિતિમા તેમને પોતાનું ભાન રહે નહિ એ સ્વાભાવિક છે અધ્યાત્મ ભાગને પોષે તેવા તત્ત્વવિચાર કરવાની કે પુસ્તકોદ્વારા તેને નિરાતે સમજવાની અનુકૂળતા તેમને વારંવાર મળતી નથી. ધર્મના કર્મ તથા જ્ઞાનના ગૌરવ તથા રહસ્ય સમજવા, ધર્મક્રિયાના અનુષ્ઠાન કરવા તેને પૂરતો અવકાશ મળતો નથી. બહુ કાર્યોના ભારથી દબાયલો, જીવન કલહમા ઘૂમતો તે વર્ગ નીતિ વ્યાવહારિક ધર્મોનો બારીક અભ્યાસ કેમજ કરી શકે? મુનિજીવન ઓછી ઉપાધિવાળુ છે એટલે પ્રવાહ પતિત પ્રજાના હિતશો-

* કાર્તિક પૂર્ણિમાથી અશાડ શુદ પૂર્ણિમા સુધીના આઠ માસના આઠ અને ચોમાસાનો એક એમ નવ વિહાર

ધન માટે તેમને પુષ્કળ અવકાશ, અનુકૂળતા અને સગવડ મળી શકે છે. તે વર્ગ અભ્યાસ, વાચન, લેખન, અનુભવ, અવલોકન અને જ્ઞાનદ્વારા માનસિક સમૃદ્ધિ મેળવી વ્યાખ્યાન, ઉપદેશ, અને વિહાર વડે તટસ્થ રીતે જનસમૂહને અનેક પ્રકારે કલ્યાણ માર્ગે દોરી શકે, અધ્યાત્મબલપોષક વિચારો પ્રવર્તાવી શકે, તેમની વાસ્તવિક સ્થિતિનું ભાન કરાવી શકે અને સંસાર સમુદ્ર કેમ તરવો એ બતાવી શકે એમ છે. લેખન વડે તે પોતાને દેશકાલાદિની મર્યાદાથી સ્વતંત્ર કરી શકે છે અને બહુ વિસ્તૃત પ્રદેશમા પરોપકારનો માંડવો બાંધી શકે છે. જે ભૂમિમા લેખદ્વારા વિહરવાનુ પ્રાપ્ત થયુ હોય તે ભૂમિનું સ્વરૂપ, લોકોની શક્તિ, જ્ઞાન પ્રત્યે અભિરૂચિ, ધર્મજિજ્ઞાસા, સ્થિતિ એ સર્વ પર લેખન વિજયનો આધાર રહે છે. આવાજ કોઇ વિચારથી ભવભૂતિ જેવા સમર્થ કવિને પણ કહેવુ પડયું છે કેઃ—

उत्पत्स्यतेऽस्ति मम कोऽपिसमानधर्मा ।
कालोह्ययं निरवधि र्विपुला च पृथ्वी ॥ ‡

મારો સમાન ધર્મી કોઇ પણ મનુષ્ય ઉત્પન્ન થશે, કેમકે કાળ અનન્ત છે અને પૃથ્વી વિશાળ છે.

જે પ્રદેશમા અને જે લોકોમા વાચવાની ઇચ્છા શક્તિ કે અવકાશ નથી, સમજણશક્તિ નથી, તીક્ષ્ણબુદ્ધિ અને જિજ્ઞાસા નથી, વિદ્યાવિલાસ નથી તે પ્રદેશમા અને તે લોકોમા અનેક લેખોના પ્રસાર કરવાથી જે લાભ થાય તે કરતા ઉત્તમ પ્રકારના વ્યાખ્યાનથી વિશેષ લાભ થાય એ દેખીતું છે. કચ્છમા જૈન વર્ગ કેળવણીમા બહુ

---

‡ છે કો સમાન મમ કે પછી કોઈ થાશે,
પૃથ્વી વિશાળ વળી કાળ નિરત ભાસે
ઇતિ માલતિ માધવે.

પછાત* છે, વાંચન, જ્ઞાનવિચાર, વિદ્વચ્ચર્ચા, સુધારા ઇત્યાદિ બાબતો પર તેનું લક્ષ હોય તે કરતા ખેતી, વ્યાપાર, ધધા તેમજ બીજી સામાન્ય પ્રકારની પ્રવૃત્તિપર વિશેષ છે. આવી સ્થિતિમાં પ્રથમ તો મુખેથી ઉપદેશ આપી આપીને તેમના વલણ ફેરવવા જોઇએ, જ્ઞાન સપાદન કરવાનાં મુખ્ય સાધનરૂપ પુસ્તક વાંચન, અને સત્સમાગમ માટે રૂચિ જાગૃત કરવી જોઇએ, જિજ્ઞાસા વૃત્તિને કેળવવી જોઇએ. એ વર્ગમા ધર્મપર જેવી શ્રદ્ધા છે તેવી બીજા લોકોમાં ભાગ્યેજ હશે. આ ધર્મશ્રદ્ધાનો લાભ લઈ મુનિ વર્ગ તેમને યોગ્ય ઉપદેશ આપતો રહે તો કલ્પનામા ન આવી શકે તેવા લાભો અવશ્ય થાય. આચાર્ય શ્રીએ સઘ સેવાના મુખ્ય સાધનરૂપે વ્યાખ્યાનને ગણ્યુ હતું અને તે તેમણે યથાશક્તિ સાધ્યુ પણ હતું. લોકોના હૃદય જાગૃત કરવા, જ્ઞાનનો પ્રસાર કરવો, સારા સસ્કારો રોપવા, ઉત્તમ પરિણામો લાવવા, એ સર્વ વ્યાખ્યાનથી બની શકે છે તેવુ બીજા કોઈ સાધનથી બની શકતું નથી એ નિર્વિવાદ છે. આગળ વધેલા, મ્હોટી પદવીએ ચડેલા, લોકશ્રદ્ધાને પામેલા કે તેવા થવાને ઇચ્છતા મનુષ્યે એ શક્તિ–વકતૃત્વશક્તિ પ્રાપ્ત કરવી જોઇએ. બુદ્ધિપૂર્વક ખાસ અભ્યાસ કરીને આ કળા સપાદન કરવામા આવતી હોય તો મુનિવર્ગ અનેક રીતની સઘ સેવા બજાવી શકે. તો પણ આ બાબત ઉપર કોઇનુ લક્ષ ગયુ હોય એમ જોવામા આવતું નથી. આચાર્યશ્રીએ પણ

* કાઠીયાવાડમા કેળવાયલો વર્ગ છે તે સાધુઓને વિશાળ કર્તવ્ય, અભ્યાસના ક્ષેત્રમા સહાયક બનતો નથી અને સાધુ મહારાજોને તેની ઉપયોગિતા કાંઈ અશે સમજાઇ હોય એવુ જોવામા આવતુ નથી કચ્છ દેશમા સાધનો દુષ્કર રીતે ભક્તિભાવની મુખ્યતાને લીધે મળે છે કાઠીયાવાડમા સાધનો છે પરન્તુ તેની જરૂર ન હોય એવું જોવાય છે જેથી શ્રાવક–સાધુ વર્ગ આપલે કરી શકતો ન હોઇને એક બીજાને સતોષ આપી શકતો નથી, એમ વિહાર કરતાં અનુભવ કઇક પ્રકારે થયો છે

ખાસ એ કળા સપાદન કરવાને અભ્યાસ કર્યો હોય એવું જણાયુ નથી. જો થયો હોત તો તેમનો જીવન પ્રદીપ કંઇક વિશેષ વિસ્તારમા પ્રકાશી શકત. કોઇ અદૃષ્ટ સકેતવશાત્ તેમના કાર્ય પ્રદેશની જે મર્યાદા રચાઇ હતી તેમાં જોઇતી જરૂરની સામગ્રીઓ તેમને વખતો વખત મળતી રહી હતી. અને તેથી તેઓ પોતાની કાર્યપરિધિમા વ્યાખ્યાનદ્વારા વિજય મેળવી શક્યા હતા.

વક્તૃત્વકળા એ કંઇ એવી વસ્તુ નથી કે એથી સર્વ ગુણસંપન્ન થવાય. આ કળાનો માત્ર નિત્ય આડબરપૂર્ણ અભ્યાસ કરવાથી તે નિઃસાર અને વખતે હાનિકારક બને છે. " बहु भाषणेऽनृतमपि स्यात् બહુ ભાષણમા જૂઠાણાંના અશ ઘણા આવી જાય એ સભવિત છે." આડબરમા સત્યનુ બીજ ઉગી શકતું નથી, અને વ્યાખ્યાનમા જો આડબરજ શેષ રહી જાય તો એનાથી ખરાબ કંઈ નથી. સારરહિત શબ્દો, બનાવટી અવાજ, ડોળઘાલુ ઢબ, આડબર અને દદારો એ કાંઈ વક્તાના ગુણો નથી કેટલાક વ્યાખ્યાનકાર આ વાત ભૂલી જાય છે અને મ્હોટા ઘાટા પાડી બોલવામા, જરા જરામા અવતરણો ઉતારી લાવવામા, સામાન્ય જનવર્ગને હસાવવામા, તેમની વાહવાહ પામવામા, આડબરી ડોળઘાલુ રચનામા મ્હોટાઇ માને છે. વ્યાખ્યાનમા અવતરણો લાવવાનો હેતુ એટલોજ હોવો જોઇએ કે પોતાના અમુક વિચારને તે પુષ્ટિ આપે છે એ સિદ્ધ કરવુ. યોગ્ય પ્રમાણમા વિવેકથી અવતરણો લાવવામા આવે તો તે ભાષણના ભૂષણરૂપ છે પણ જો પોતે ઊંડા વિચાર કરી ખેચી કાઢેલા સિદ્ધાન્તોની પરિપુષ્ટિ કરવાના શુદ્ધ હેતુથી નહિ પણ કેવળ પોતાનુ વાચન, સ્મરણશક્તિ, જ્ઞાન બતાવવાના પોકળ હેતુથી અવતરણો પર અવતરણો આપ્યા કરવામા આવે તો તે દુષણરૂપ છે. આવા વક્તાઓ ઉપર ઉપર તરનારા કહેવાય છે. ભાષણ અને વ્યાખ્યાન ઉંડા અભ્યાસ

પછીજ અપાતાં હોય તોજ અસરકારક નીવડે છે. સપાટી ઉપર તરનારથી ઉંડુ ઉતરી શકાતું નથી, ઉંચે ઉડી શકાતું નથી, અને ખરો લાભ આપી શકાતો નથી.

વ્યાખ્યાનકાર, ઉપદેશક કે ભાષણ કરનારમાં ગુણો કેવા હોવા જોઇએ તે માટે જૈન શાસ્ત્ર આમ કહે છેઃ—

पयवक्क महावक्क, पअइदं, पज्जत्थ, वत्थु चत्तारि ।
सुयभावा वगमम्मी इन्दी पगारा विणि विट्ठा ॥ १ ॥
सं पुन्ने हिं जायइ, भावस्सय अवगमो इह रहाउ ।
होइ विविज्जासो, विहु अणिट्ठफल ओय नियमा ॥ २ ॥

ઉપદેશ રહસ્ય.

ભાવાર્થઃ—પદવાક્ય, મહાવાક્ય, તાત્પર્ય, પર્યાયાર્થ વસ્તુ, આ ચાર, શ્રુતભાવના જાણવાનો પ્રકાર છે આ ચાર પ્રકારોથી યથાર્થ સ્વરૂપ જાણવામા આવે છે, અન્યથા વિપર્યય થતા નિયમથી અનિષ્ટ ફલ છે—આવુ જ્ઞાન હોય તો પણ ગુરૂની આજ્ઞાથી નહિ કે સ્વતંત્ર ઐશ્વર્યાદિક અતિરેકતાથી આ માટે ધન્ય ધર્મ ધનને યોગ્ય હોવાથી મધ્યસ્થ સ્વપક્ષ પરપક્ષમા રાગદ્વેષ રહિત સદ્ભુતવાદી એવા જે હોય તે દેશના-ધર્મકથા કરે.

प्राज्ञः प्राप्त समस्त शास्त्र हृदयः प्रव्यक्त लोक स्थितिः
प्रास्ताशः प्रतिभापरः प्रशमवान् प्रागेव दृष्टोत्तरः ॥
प्रायः प्रश्नसहः प्रभुः परमनोहारी परानिन्दया
ब्रूयाद्धर्मकथां गुणी गुणनिधिः प्रस्पष्ट मिष्टाक्षरः

બુદ્ધિમાન, સમસ્ત શાસ્ત્રના રહસ્યને જાણનાર, લોકસ્થિતિને સમજનાર, આશારહિત, પ્રતિભાવાળો, ઉપશમવાળો, પ્રશ્ન થયા પહેલાજ ઉત્તરને જાણી લેનાર, અનેક પ્રકારના પ્રશ્નોનો ઉત્તરદાતા, સમર્થ, પરની નિન્દા ન કરીને અન્યના મન હરનાર સ્પષ્ટ અને મિષ્ટ

વાણી બોલનાર ગુણવાન પુરૂષ ધર્મકથા—વ્યાખ્યાન—ભાષણ ઉપદેશ આપે. શ્રીમદ્ ભગવદ્ગીતા પણ કહે છે કે " उपदेक्ष्यंतितेज्ञानं,—ज्ञानिनस्तत्त्वदर्शिनः । જ્ઞાની અને તત્ત્વદર્શી પુરૂષો તને ઉપદેશ આપશે. ' અર્થાત્ સિદ્ધ એ થાય છે કે કેવળ બહુશ્રુતપણું અને વાચાલપણું એજ ભાષણકર્તાના ગુણ નથી. એ ઉપરાત તત્ત્વદર્શન, વક્તવ્ય વિષયના હાર્દનુ, શ્રોતાની સ્થિતિ આદિનુ અને જે પરિણામ લાવવાનું હોય તેનુ એમ અનેક રીતના તત્ત્વનું જ્ઞાન તેને જરૂરનુ છે. એ સર્વે હોય ત્યારે—(અને હજી એક બાબત રહી જાય છે શ્રીશકર કહે છે तेवा कुशला ब्रह्मवार्तांया वृत्तिहीना सुरागिण' ॥ વાતો કરવામા કુશલ પણ પોતે વૃત્તિહીન અને સારી પેઠે રાગવાળા—અર્થાત પોતે તે પ્રમાણે નહિ વર્તનારા રાગ—દ્વેષયુક્ત કુશલ વક્તા હોય તોપણ તે નાલાયક છે એમ સમજવુ—એ) યોગ્ય વ્યાખ્યાનકાર કહી શકાય શ્રુત (વિદ્યા) શીલ અને પ્રજ્ઞા અર્થાત્ વિદ્યા, ચારિત્ર અને બુદ્ધિ (Knowledge, character and wisdom) એ ત્રણેની મુનિને જરૂર છે વ્યાખ્યાનકાર એવા હોય તેજ ખરૂ કામ બજાવી શકે છે મુનિત્વમા જે કાઇ આવશ્યક છે તે સર્વનો એ ત્રણમા સમાવેશ છે. તેમા એ શ્રુત (વિદ્યા) ન હોય તો ચાલે પણ પ્રજ્ઞા અને શીલ વિના તો ચાલેજ નહિ. ભાષણ કરનારને આ ત્રણે અગની સરખી જરૂર છે તો પણ એ બહુશ્રુત ન હોય પણ બુદ્ધિમાન અને ચારિત્રવાન હોય તોએ તે પોતાના વિશુદ્ધ વર્તનવડે મૌન વ્યાખ્યાન આપી શકે છે. આચાર્યશ્રીમાં વક્તાના ગુણો કેટલા હતા તેનો તોડ કાઢતા જણાય છે કે તેઓ બુદ્ધિમાન અને સચ્ચારિત્રવાન્ હતા. શાસ્ત્રના બની શકે તેટલા રહસ્યો તેમણે જાણ્યાં હતા. સમસ્ત શાસ્ત્રો તેમણે જાણ્યા ન હતા. જેને તત્ત્વ સમજવાની ઇચ્છાશક્તિ કે અવકાશ નથી એવા અનુભવહીન અજ્ઞાન વર્ગની વાહવાહથી તેમને સતોષ થતો નહિ, કૃતકૃત્ય બુદ્ધિ થતી

નહિ. શ્રદ્ધાળુ, પૂજ્યબુદ્ધિ ધરાવનાર અને સાંગોપાંગ શિક્ષણને નહિ પામેલા ધર્મજ્ઞાનથી પણ અજાણ એવા લોકો પાસે વ્યાખ્યાન વાચી જવામા કે ભાષણ આપવામાં કાઇ જ્ઞાન કે બુદ્ધિની કસોટી થાય એવા પ્રસગો આવતા નથી; તેથી કેટલાક જણ વિશેષ અભ્યાસ વાચન અવલોકન વિચાર કરતા અટકી જાય છે ને આગળથી તૈયારી કરવામા પ્રમાદી રહે છે. તેમ પૂજ્યશ્રી પ્રમાદી રહેતા નહિ. તેમના કર્તવ્ય પ્રદેશમા સમાતા વર્ગની બુદ્ધિની શક્તિ એવી ન હતી કે જેથી તેમના જ્ઞાનની કસોટી થાય અને તે માટે વિશેષ શ્રમ લેવો પડે. ચારે બાજુનો બારીક અભ્યાસ કે વિચાર કરવો પડે, શાસ્ત્રના વાદવિવાદમા ઉતરવુ પડે, પ્રતિપક્ષનુ સબળ રીતે ખડન કરવું પડે, કે પાણીની પરીક્ષા થાય તેવા પ્રસગો ઉપસ્થિત થાય. પાણીની કીમત કેવળ પોકળ–વૃત્તિહીન વાક્ચાતુર્ય, શબ્દ પાડિત્ય, આડબર પૂર્ણ વ્યાખ્યાનથી નહિ પણ ઉત્તમ પરિણામોથી અકાતી હોય તો તો પ્રત્યેક જણને લાગશે કે એમના કાર્ય સ્વરૂપને અનુરૂપ વ્યાખ્યાનકારના ઉત્તમ ગુણો તેમનામા હતા. તેમણે જે કાઇ મહત્ કાર્યો કર્યા છે તે વ્યાખ્યાનદ્વારાજ. વ્યાખ્યાનથી કેવા પ્રકારના ઉત્તમ પરિણામો એ લાવી શક્યા હતા તે આપણે તેમના જીવન વૃત્તાન્તમા વાચી ગયા છીએ. એકદર પરિણામો જોઇ જઇએ તો તેમણે વ્યાખ્યાન વડે ધર્મનો પ્રસાર કર્યો છે, ધર્મશ્રદ્ધા ટકાવી અને વધારી છે, ધર્મ મહિમા વધાર્યો છે, અન્ય સપ્રદાયના લોકોને સમજાવ્યા છે, વિરૂદ્ધ વાતાવરણને દૂર કર્યુ છે, અજ્ઞાન વહેમી અને જડ લોકોને નીતિ વ્યવહાર અને ધર્મના સ્વરૂપ સમજાવી સન્માર્ગે વાળ્યા છેઃ કુસપ કલહ અને વિદ્વેષને શમાવ્યા છે, પૈસો પણ ન ખરચે તેવા લોકો પાસે ધનનો વ્યય પુસ્તકાલયાદિ માટે કરાવ્યો છે; પરિષદ્ અને સાધુશાળા જેવા કાર્યો સાધી શક્યા છે. તો પણ જમાનાની દષ્ટિએ

આચાર્યશ્રી વ્યાખ્યાન માટે સર્વાંશે સંપૂર્ણ હતા એમ કહી શકાય નહિ એ ખુલ્લુ છે.

ઉપદેશ કેવો હોવો જોઇએ તે માટે નીચે એક તાલિકા આપી છે. જે પરથી કંઇક માર્ગસૂચન થશે અને આચાર્યશ્રીના ઉપદેશના સ્વ-રૂપમાં કયા ગુણ દોષ છે તે હાથ આવી શકશે.

૧ નિષ્પાપ–સાવદ્ય કર્મોની આજ્ઞા કે સૂચનાથી રહિત.

૨ ધર્મ પ્રાપ્તિના એકાન્ત હેતુથી આપેલો–કોઇ પણ જાતના સ્વાર્થરહિત ફલની આશા અને અહંબુદ્ધિથી નહિ અપાયલો

૩ પોતાની અને પારકી આત્મિક અને પૌદ્ગલિક વસ્તુઓ ઉપર સમભાવ ઉત્પન્ન કરનાર–ઉદ્ધતાઇ ભરેલો કે આત્મશ્લાઘાથી ગર્ભિત ન હોવો જોઇએ.

૪ વિષય સર્વમાન્ય, હિતકર અને ઉચ્ચ હોવો જોઇએ

૫ અંગત દ્વેષબુદ્ધિએ અમુક વ્યક્તિને ઉદ્દેશીને ન હોવો જોઇએ.

૬ ભાષા પ્રૌઢ, વિષયને અનુસરતી, મીઠી અને વિચારનુ સ્વરૂપ આબેહૂબ ખડુ કરી શકે એવી સમર્થ હોવી જોઇએ. કર્ણકટુ, કર્કશ, દુષિત ન હોવી જોઇએ.

૭ વચન પદ્ધતિસર અને વિચાર નિયમસર જોઇએ.

૮ શાસ્ત્ર તેમજ શિષ્ટ પુરૂષોએ કહેલ દ્રષ્ટાંતો કે વાકયોયુક્ત હોવો જોઇએ. પણ કેવળ એથીજ ભરેલો તો નહિજ.

૯ પ્રિય હિતકર સત્ય વાણીથી સાભળનારના મનપર સારી અસર પાડે, શુભ પરિણામ લાવે એવો ઉપદેશ આપવો જોઇએ.

સામાન્ય રૂઢિ એવી છે કે સવારના ભાગમા સૂત્ર અને બપોરના ભાગમા રાસનુ વાચન થાય. આચાર્યશ્રી તો સ્થળ, સમય, અનુકૂળતા લોકસ્થિતિ અને આસપાસના સંયોગો લક્ષમા રાખી જ્યાં જેની જરૂર ત્યાં તેવું વાંચતા. અમુક તો વાચી ન શકાય કે અમુક પદ્ધતિએ

વખાણુ વાંચી ન શકાય કે સાંભળી ન શકાય એવા સંકુચિત વિચાર તેઓ ધરાવતા ન હતા. જ્યા જ્યા તેઓ જતા ત્યા હરકોઈ પંથના સાધુ-સન્યાસીઓને મળતા અને ધર્મ ચર્ચા સાંભળતા તેમજ પોતે કરતા. જ્યાં જેવો પ્રસગ ત્યા તેવુ વ્યાખ્યાન આપતા. એક વખત કોટડીમા* હતા ત્યારે ત્યાના એક મઠના બાવા કૃષ્ણદાસના ચેલા કે જેની સાથે તેમને સારો પરિચય હતો તેની પાસે ગયા. બાવાજી આ વખતે **શ્રીમદ્‌ભાગવતની** કથા વાચી રહ્યા હતા. મોટા માણસ પાસે હોય ત્યારે વ્યાસસ્થાને બેસી વાચવુ એ તેમને વિવેકથી વિરૂદ્ધ જણાયુ એટલે આચાર્યશ્રીને કથા વાચી સભળાવવાનુ કહ્યું. થોડા વિવેક પછી તે તેમણે સ્વીકાર્યું. એક જૈન સાધુને મ્હોએથી **શ્રીમદ્‌ભાગવતની** કથાનુ શ્રવણ કરતા સૌને આશ્ચર્ય થયુ !!

---

*માંડવી તાલુકામાં એક ગામડું છે

પ્રકરણ ૧૨ મું.

સેવાધર્મ.

परिचरितव्याः सन्तः यद्यपिकथयन्ति नो सदुपदेशम् ।
यास्त्वेषां स्वैरकथास्ता एव भवन्ति शास्त्राणि ॥

સન્તપુરૂષોની પરિચર્યા કરવી યોગ્ય છે-પછી ભલે તેઓ સદ્‌ઉપદેશનુ કથન કરતા નહોય, તેમની સામાન્ય વાતો પણ શાસ્ત્રરૂપજ હોય છે-તેમના સામાન્ય વાર્તાલાપમાથી પણ ઘણું બોધકતત્ત્વ મળી શકે છે.

ભર્તૃહરિ.

આ તો સર્વ સમત સિદ્ધાન્ત છે કે આચાર્ય, ભક્તિ વિદ્યાપ્રાપ્તિનુ મુખ્ય અગ છે, યોગ્ય આચાર્યદ્વારા પ્રાપ્ત કરેલી વિદ્યાજ સર્વાર્થસિદ્ધિકરી નીવડે છે, અને આચાર્ય જેને હોય તેજ પુરૂષ જ્ઞાન પામી શકે છે. આચાર્યની મહત્તા એટલે સુધી છે કે તેના વિના જ્ઞાન પામી શકાતુંજ નથી અને સસારસમુદ્ર તરાતોજ નથી. ઉપનિષદ્ કહે છે કે **त्वं हि नः पिता योऽविद्यायाःपरं पारं तारयसि ॥** "અવિદ્યારૂપ મહાર્ણવને પાર તારી લઇ જાઓછો માટે આપજ અમારા પિતા છો. તે ઉપદેશે છે કે **आचार्य देवोभव**" આચાર્યને દેવજેવો માનો. આપણા જૈનશાસ્ત્રોમા તો આચાર્યની મહત્તા અને આવશ્યક્તા બતાવનારા વાક્યો સહસ્ત્રશ: મળી આવે છે. યોગ્ય આચાર્યની પ્રાપ્તિ **પૂર્વનાં કોઇ મહત્પુણ્યને લીધેજ થાય છે.** જે પૂર્ણજ્ઞાનને પામ્યા હોય છે તેમની દૃષ્ટિ એટલી તો વિશાળ અને વિમળ બને છે, હૃદય એટલું તો ઉદાર બને છે કે તેમને ભેદ-

બુદ્ધિ ટળી જાય છે. દુઃખી જીવોની સ્થિતિ જોઈ તેમના હૃદય દયાથી પીગળી જાય છે. તેઓ પોતેતો કૃતાર્થજ હોય છે, પોતા માટે કોઈ પ્રવૃત્તિ સેવવાનુ તેમને હોતું નથી છતા કેવળ પર કલ્યાણ અર્થેજ તેઓ નિવૃત્તિગર્ભિત પ્રવૃત્તિ ધર્મ સ્વીકારે છે. તેઓની દયાનો બીજો કોઇ હેતુ હોતો નથી. તેમનો સ્વભાવજ એવો ઘડાઇ જાય છે. બહુજ યોગ્ય કહેવાય છે કે:—

"अयं स्वभावः स्वत एव यत्परश्रमापनोदप्रवणं महात्मनाम् ॥
सुधांशुरेष स्वयमर्ककर्कशप्रभाभितप्तामवति क्षितिं किल ॥

જેમ સૂર્યના કઠોર કિરણોથી તપેલી પૃથ્વીને શાત કરવી એ ચંદ્રનો સ્વભાવજ છે તેમ પરાયા (સસાર સબધી) પરિશ્રમને પોતાથી મટાડવો એ મહાત્માઓનો સ્વભાવજ છે."

આવા મહાત્મા આચાર્યની સેવાનો લાભ તો વિરલજ પામી શકે છે આપણે તો તેની વાતોજ કરનારા છીએ, એ મહાત્માઓની અપેક્ષાએ તેથી નીચી કક્ષાના મહાત્મા પુરૂષોની સેવા પણ આપણ જેવાને લાભકરજ છે

વૃદ્ધ પુરૂષોની સેવા પણ ગુરૂતાને પમાડનારી છે सेवा लाघवकारिणी એમ જે કહેવાય છે તે નોકરીને ઉદ્દેશીને છે વૃદ્ધ પુરૂષો તે કેવળ ધોળાવાળવાળાજ એમ કંઈ નથી. યુવાન કે બાલ જો સુશિક્ષિત હોય તો તે વૃદ્ધજ છે. અને અભણ વૃદ્ધ તે બાળકજ છે એવો વિવેક સર્વત્ર છે. न खलु वयस्तेजसो हेतु ॥ વય એ કઇ તેજનો હેતુ નથી. તેમજ માનવધર્મ કહે છે કે:—

न तेनवृद्धो भवति, येनास्य पलितं शिरः ।
यो वै युवाप्यधीयानस्तं देवाः स्थविरं विदुः ॥

"માથે પળીઆ આવ્યા તેથી કાઈ વૃદ્ધ થતો નથી, જે યુવાન હોય પણ ભણેલો હોય તો તેને વિદ્વાનો વૃદ્ધ કહે છે"

જ્ઞાનાર્ણવમાં પણ એથી અધિક સારી મતલબનું વાક્ય છે.

तपः श्रुतधृतिध्यानविवेकयमसंयमैः ।
ये वृद्धास्तेऽत्र शस्यंते न पुनः पलितांकुरैः ॥ १ ॥
सत्तत्त्वनिकषोद्भूतं विवेकालोकवर्धितम् ।
येषां बोधमयं तत्त्वं ते वृद्धा विदुषां मताः ॥ २ ॥

ભાવાર્થઃ—જેઓ, તપ, અધ્યયન, ધૃતિ, ધ્યાન વિવેક, યમ અને સંયમવડે વૃદ્ધો હોય તેઓ વૃદ્ધ તરીકે અહિં વખણાય છે નહિ કે કેવળ માથે પળીઆ આવવાથી વૃદ્ધ થએલાઓથી. સત્ય તત્ત્વરૂપી કસોટીથી પ્રકટેલુ, વિવેકરૂપી પ્રકાશથી વૃદ્ધિ પામેલુ જ્ઞાનમય તત્ત્વ જેમણે મેળવેલું હોય તેમને પંડિતજનો વૃદ્ધ ગણે છે "

વૃદ્ધત્વની આ વ્યાખ્યા પ્રમાણે જેઓ વૃદ્ધ હોય તેમની સેવા કરવાનું ભાગ્ય કોઇ વિરલનેજ મળે છે. જૈન સંપ્રદાયના આવા વૃદ્ધ મહાત્માઓની સેવાની પ્રશંસા બહુ યોગ્ય રીતે કરવામાં આવી છે. કહે છે કે—

दहति दुरितकक्षं कर्मबन्धं लुनीते ।
वितरति यमसिद्धिं, भावशुद्धिं तनोति ।
नयति जननतीरं ज्ञानराज्यं च दत्ते
ध्रुवमिह मनुजानां वृद्धसेवैव साध्वी ॥

ભાવાર્થ—મનુષ્યોને વૃદ્ધોની સેવા કરવી ઉત્તમ છે કેમકે તે પાપરૂપી વનને બાળે છે, કર્મના બંધનો કાપે છે, ચારિત્રની સિદ્ધિને આપે છે, ભાવોની શુદ્ધિને વિસ્તારીને સંસારથી પાર કરી જ્ઞાન રાજ્યને (કેવળજ્ઞાન–શુદ્ધજ્ઞાનની પૂર્ણતાને) આપે છે.

વયોવૃદ્ધ પુરૂષોની સેવા પણ લાભકર છેજ જો કે પ્રમાણમાં ઓછી છે. 'જ્ઞાનાર્ણવમાં કહ્યું છે—'

वुड्ढो परिणयवुद्धि पावायारे पव्वतइ नेव ।
वुड्ढाणं गोविप्पणं संसग्गा किया गुणा जेण ॥

" પાકી બુદ્ધિવાળો હોવાથી વૃદ્ધ પુરૂષ પાપાચારમા નહિજ પ્રવર્તે તેના સહવાસમા રહેનાર હોય તે પણ પાપાચારમા નહિજ પ્રવર્તે કેમકે સોબત પ્રમાણે ગુણ આવે છે."

આમ જોતા પણ વૃદ્ધનો સહવાસ તથા સેવા લાભકારી છે. જેમણે યોગ્ય રીતે વિદ્યાવ્યાસગમા જીવન વીતાડયુ હોય તેઓની બુદ્ધિ એ વિદ્યા, લાબો અનુભવ અને ઘણા અવલોકન વડે તેજસ્વી થઈ હોય એ સ્વાભાવિક છે. આવી બુદ્ધિવાળાનો સહવાસ ઈચ્છવા યોગ્ય છે તેમની પરિચર્યા કરવા જેવી છે સ્વામી શ્રી કર્મસિંહજીએ પોતાના જીવન યાત્રામા ઘણા જ્ઞાન વૃદ્ધ અને વયોવૃદ્ધ સતપુરૂષોનુ તીર્થસેવન કર્યું હતુ એમના જીવનનો સાર ખેચતા એક પક્ષે એમ કહી શકાય કે તેમનામા જે કાઇ હતુ તે તેમણે સેવા ધર્મદ્વારા મેળવ્યુ હતું બીજને વૃક્ષરૂપે પરિણામ પામવાને યોગ્ય ભૂમિ, ખાતર, જળ ગરમી, પ્રકાશ વગેરે સહકારી સાધનોની જરૂર રહે છે. તેમજ બાજભાવે રહેલી મન.શક્તિઓ કાર્યરૂપે પરિણામ પામે તે માટે તેના ઉદ્‌બોધક ઉત્તેજક અને પોષક સાધનોની જરૂર છે. આવા સહકારી સાધના તેમને વારવાર મળતા રહેવાથી અને તેનો યથાવત્ ઉપયોગ લેવાથા સ્વામી શ્રી માનસિક શક્તિઓનો તેમજ આત્મિક શક્તિઓનો વિકાસ કરી શકયા હતા. તેમનો સેવાધર્મ અનુકરણીય છે. તેમણે જે મહાત્મા વૃદ્ધ પુરૂષોના સેવા કરી હતી* તે સર્વ જૂના જમાનાના નિખાલસ હૃદયના ભક્તિપરાયણ, પરમવૈરાગ્યવાન હતા. હાલના જમાનાના જ્ઞાન થોડુ અને બહાર ઘણુ દેખાડવાના મિથ્યા ફાંફા-ડોળ-

---

* वैयावच्चेण भंते जीवे किं जणइ ?

वैयावच्चेण तित्थयरनाम गोयं कम्मं निबंधइ.

વૈયાવચ્ચ કરવે કરી જીવ શુ ફલ ઉપાર્જે ? વૈયાવચ્ચે કરી જીવ તિર્થંકર નામગોત્ર કર્મ બાંધે — ઉત્તરાધ્યયન

ડમાક, આડંબર, છલ, માયા એ સર્વેથી અસ્પૃષ્ટ હતા. વિદ્યામાં પારં- ગત નહિ તોપણ ધર્મધ્યાન, યોગાદિ ક્રિયામા નિપુણ હતા. વ્યવહાર જ્ઞાનમા વિચક્ષણ, સૂત્રજ્ઞાનના જાણનારા અને ધાર્મિક તત્ત્વ સમજ- નારા હતા. આવા પણ જૂદી જૂદી પ્રકૃતિના મહાત્માઓના પ્રસંગમાં આવવાથી આચાર્યશ્રીના જ્ઞાનમા વિવિધતા આવી હતી.

રંગજી સ્વામી, કેશવજી સ્વામી, પાનાચદજી સ્વામી, કર્મચદજી સ્વામી, મોણસી સ્વામી, અને દેવરાજજી સ્વામીની સેવા તેમણે ભક્તિ અને પ્રેમપૂર્ણ હૃદયે કરેલી હતી. તેમની શુભાશિષો, સદુપદેશ અને અ તકાળ વખતની સૂચનાઓ વડે તેમનામા અનેક ગુણો આવ્યા હતા. તેઓ મહાન બની શકયા હતા. એમ પૂજ્યશ્રી ઘણીવાર જણાવતા. પૂજ્યશ્રી મોણસી સ્વામીને ખરજવાનુ દરદ થએલુ તેની સારવાર કરવા તેઓ ત્રણ માસ મુદરામા રોકાયા હતા. તે વખતે પરૂપાચ વગેરે ધોવાનુ કામ પોતેજ કરતા. તેમા અહ તા કે દુર્ગચ્છા કરતા નહિ, બીજા મુનિઓને પણ અર્ધાંગ વગેરે વ્યાધિ થએલા તેમની નોકરી પણ જરા પણ મુઝાયા કે કટાળ્યા વગર પ્રેમથી કરી હતી. અન્ય સપ્રદાયના વૃદ્ધ રોગી બાલ મુનિઓની સેવા કરવામા પણ ઓછુ લગાડતા નહિ. પોતે હોય ત્યારે મોટા વર્ગમાથી કોઇને ગોચરી માટે જવા ન દેતા પગ ચાલે અને નજર બરાબર હોય ત્યાસુધી દોષ રહિત ગોચરી પોતેજ લાવવી એવો તેમનો નિશ્ચય હતો.

आयरियग्गि मिवाहियग्गि, सुस्सूसमाणो पडि जागरेज्जा;
आलोइयंगीय मेवनच्चा, जोछंद माराहय इसपुज्जो.

" જેમ અગ્નિ હોત્રી બ્રાહ્મણ અગ્નિને પૂજે તેમ વિનીત શિષ્ય આચાર્યની ભક્તિ કરતા સાવધાન રહીને સેવા કરે. જે વિનીત શિષ્ય ગુરૂના નેત્ર શરીરની ચેષ્ટાને જાણીને ગુરૂના અભિપ્રાયને આરાધે તે શિષ્ય પુજનીક થાય " દશવૈકાલિક અધ્ય૦ ૯ મુ.

પ્રકરણ ૧૩ મું.

તપ, વિરાગભાવના, યોગ અને તત્ત્વજ્ઞાન.

**वैराग्यबोधौ पुरुषस्य पक्षिवत्पक्षौ विजानीहि विचक्षण त्वम्।
विमुक्तिसौधाग्रलताधिरोहणं ताभ्यां विना नान्यतरेण सिद्धयति ॥**

હે વિચક્ષણ, મુક્તિરૂપી મ્હોટા મહેલની ટોચ ઉપર ચડવામા પુરૂષને વૈરાગ્ય અને બોધ એ બે પાખો છે એમ જાણ જેમ પક્ષી બને પાખો હોય તોજ ઉંચે જઇ શકે છે પણ એક પાખ હોય તો જઇ શકતું નથી તેમ પુરૂષ વૈરાગ્ય અને બોધ એ બને હોયતોજ મુક્તિને પ્રાપ્ત કરી શકે છે પણ એકલા બોધથી પ્રાપ્ત થઈ શકતો નથી.

વિવેકચૂડામણિ.

કુટુમ્બકબીલો, ઘરબાર, સસાર વહેવાર, સસારના લ્હાવા, પ્રિય વસ્તુઓ અને પ્રાપ્ત અપ્રાપ્ત સર્વ વસ્તુઓનો અશેષ ત્યાગ કરી દીક્ષિતજીવન સ્વીકારવાનુ પરમ પ્રયોજન પરમ નિશ્રેયસની પ્રાપ્તિ કરવાનુજ છે કર્મની નિર્જરા કરવી, આત્માને અનાદિકાળથી લાગેલા કર્મઝૂડથી મુક્ત કરવો અને નિ.કર્મ સ્થિતિ પામવી એ જૈનમુનિનુ એક મુખ્ય લક્ષ્યબિંદુ છે. પ્રાપ્ત સ્થિતિના અનેક કર્તવ્યો બજાવતા રહેવા છતા પણ તેની દૃષ્ટિ આ લક્ષ્યબિદુ ઉપરજ રહેવી જોઇએ. એ લક્ષ્યબિદુને સિદ્ધ કરવામા જે કાઈ અસાધનરૂપ હોય તેનુ ચિતન પણ ન કરવુ જોઇએ. એવું શાસ્ત્ર વિધાન છે. એ ત્યાગાશ્રમનુ સાફલ્ય એ લક્ષ્યબિદુ સિદ્ધ કરવામા કે તેવી યોગ્યતા પામવામા છે.

બીજાનુ હિત સાધી શકવા માટે પ્રથમ પોતે યોગ્ય થઈ આત્મહિત કરવું જોઇએ. જેણે પોતાનુંજ કંઇ સાધ્યુ નથી તે બીજાનુ તો શુંજ સાધી આપે? યોગશાસ્ત્ર કહે છે કે स्वयं दरिद्रो न परमीश्वरी कर्तुं समर्थः ॥ પોતેજ દરિદ્ર હોય તો બીજાને સમૃદ્ધ કેમ કરી શકે? બીજાઓને તારવા માટે, બીજાઓને જાગૃત કરવા માટે પ્રથમ પોતેજ તરવુ જોઇએ, પોતે આત્મજાગૃતિ કરવી જોઇએ. જૈનદીક્ષા સ્વીકાર્યા પછી–સઘળી જાતની અનુકૂળતા મેળવ્યા પછી પોતાના ખરા સ્વાર્થમા પ્રમાદ રાખે એવા મૂઢાત્મા કોણ હશે? જૈનમુનિનો ખરો સ્વાર્થ કર્મ ખપાવીને આત્માનુ તેથી સમુદ્ધરણ–આત્માનુ સ્વભાવ પરિણયન એજ છે. એ માટે તેણે પ્રયત્નશીળ રહેવુજ જોઇએ દેશકાળાદિના બદલાતા જતા કર્તવ્યોમા કુશળતાપૂર્વક પ્રવર્તતા છતા પણ આત્મિક ઉન્નતિનુ લક્ષ્યબિંદુ ચૂકવુ ન જોઇએ. ભલે શાસ્ત્રોનો અભ્યાસ થાય, પાંડિત્ય મેળવાય, લેખક કવિ કે વક્તા તરીકે પ્રસિદ્ધિ મેળવાય પણ તપ, યોગ, દાન, શીલ, ભાવના, સમતા આદિ ઉત્તમ ગુણોથી કર્મબંધન ક્ષીણ કર્યા વિના આત્મિક ઉન્નતિ થવી અશક્ય છે એમ શાસ્ત્રો ડિંડિમ વગાડીને કહે છે. કર્મ ખપાવવામા, અધ્યાત્મ ભાગને પોષવામા, આત્મિક ઉન્નતિ સાધવામા તપ એક મુખ્ય અને મ્હોટું સાધન મનાય છે. આ તપ સંબંધી કેટલીક ગેરસમજણ ચાલે છે એટલે એ સંબંધી સ્હેજ અહિ લખવામા આવે છે.

શરીરને કષ્ટ આપવુ, અવિહિત રીતિએ કષ્ટ ઉપજાવી કાઢવુ, ઉપવાસ કરવા, મંથારો લેવો એટલામાજ તપનો સમાવેશ થતો નથી; જે જે ક્રિયાથી મન અને ઇન્દ્રિયોની એકાગ્રતા થાય, શરીર દૃઢ થાય, પ્રાણ, મન અને ઇન્દ્રિયપર પરમ વશીકાર થાય તે ક્રિયાને તપ કહી શકાય. દુનીયામા પ્રત્યેક ધર્મમા તપ એક મુખ્ય અને આવશ્યક અંગ મનાયુ છે અને તેનુ લક્ષણ વિવિધ રીતે બંધાય છે. એ સર્વેનો

નિષ્કર્ષ કાઢીએ તો ધર્માર્થે દુઃખની ઉપેક્ષા અને તિતિક્ષા, પ્રાણ નિયમન, ઇન્દ્રિય નિગ્રહ, ઇચ્છા નિરોધ એને તપ કહી શકાય. વૃત્તિઓને એક કરી વિશુદ્ધ સવેગમા રાખવી–જ્ઞાનાનન્દમા લગાડવી એ પણ તપજ છે. અધ્યયન નિયમ અને સચ્ચારિત્ર એ પણ તપ છે. **પરાર્થે સ્વાર્પણ શીળજીવન એ તપની પરમ ઉત્કટ ભાવના છે.** તત્ત્વાર્થ સૂત્ર તો સક્ષેપમા કહે છે કે —

"इच्छानिरोधस्तप" ઇચ્છાઓનો નિરોધ એ તપ છે. જૈનશાસ્ત્રકારો છેક જાડી બુદ્ધિના ભોટ મનુષ્યથી લઇને સૂક્ષ્મ બુદ્ધિવાળા વિદ્વાન્ પુરૂષો માટે તે તે માર્ગે પોતપોતાની શક્તિ સ્થિતિ અને સમજ પ્રમાણે આચરી શકે તેવા બાહ્ય અને આભ્યતર તપનુ વિધાન કરે છે

अनशनमौनोदर्य, वृत्ते. संक्षेपणं तथा ।
रसस्त्यागस्तनुक्लेशो लीनतेति बहिस्तप. ॥
प्रायश्चितं वैयावृत्यं स्वाध्यायविनयस्तथा ।
व्युत्सर्गोथ शुभध्यानं षोढेत्याभ्यंतरं तप ॥

અનશન, ઉણોદરી, વૃત્તિસક્ષેપ, રસત્યાગ, શરીરકલેશ, અને સલીનતા, એમ છ પ્રકારનુ બાહ્ય તપ છે, પ્રાયશ્ચિત, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, વિનય, કષાય ત્યાગ, અને, શુભધ્યાન, એમ છ પ્રકારનું આન્તર તપ છે. યોગશાસ્ત્ર, ચતુર્થ પ્રકાશ.

તપનો યોગ બધાને માટે એક સરખી રીતિ કૃતિવાળો હોવો ઘટત નથી અને એટલાજ માટે અધિકારીના તારતમ્ય અનુસાર તપના વિભાગ સ્વાભાવિક રીતે પડવાજ જોઇએ તપનુ ફલ વર્ણવતાં તત્ત્વાર્થ સૂત્રકાર કહે છે કે "तपसा निर्जरा" તપથી નિર્જરા થાય છે, કર્મ નિર્જરા કેવળ ક્ષુધાદિ પરિષહો સહેવા માત્રથી થવી સભવતી નથી. એતો શુદ્ધોપયોગમા આત્માકાર વૃત્તિ થાય ત્યારેજ થઇ શકે છે. ક્ષુધાદિ પરિષ-

હોમાં તો ફક્ત ઉપચારથી તપનો આરોપ કર્યો છે. એ પરિષહોનું વિધાન શુદ્ધોપયોગ અર્થે હોય પણ જો તેથી આર્ત અને રૌદ્રપણુ થતું હોય તો તે કહેવામાત્ર તપ છે. શુદ્ધોપયોગના હેતુથી તેને અનુકૂળ તપ આચરાય તોજ પારમાર્થિક ફળ મળી શકે છે. જે તપ શુદ્ધોપયો-ગને વધારતું નથી, જેથી રસાસક્તિ તૂટતી નથી, વૃત્તિનો સક્ષેપ થતો નથી તે તપ કેમ કહેવાય? શ્રી અજીતનાથજી વગેરે વીશ તીર્થંકરોએ દીક્ષા લીધા પછી માત્ર બેજ દિવસ ઉપવાસ કરેલ હતા તેમનામા ઉપવાસ કરવાની શક્તિ ન હતી એમ કઇ ન હતું. તેઓ સાધનથી બંધાતા નહિ, સાધનનેજ સાધ્ય માની તેટલામાજ અટકી રહેતા નહિ, પણ જે વડે શુદ્ધોપયોગની વૃદ્ધિ જણાતી તેમાજ તેઓ પ્રવર્તતા અનશન–ઉપવાસાદિ જે વ્રતો છે તે પ્રથમના પગથીઆ છે તે તદ્દન અનાવશ્યક છે એમ નથી તેથી જે સાધવાનુ તે સિદ્ધ કર્યા પછી એવા તપની વ્યાખ્યાજ ફરી જાય છે કહે છે કે.—

अप्रवृतस्य दोषस्य सम्यग्वासो गुणैः सह ।
उपवास सविज्ञेयो न शरीर विशोषणम् ॥
कषायविषयाहारत्यागो यत्र विधीयते ।
उपवासः स विज्ञेयो शेषं लंघनकं विदुः ॥

રાગદ્વેષાદિ દોષોથી નિવૃત્ત થવા પૂર્વક સદ્‌ગુણો વડે સારી રીતે વાસિત થવુ તે ખરી રીતે ઉપવાસ સમજવો. શરીરને શોષવી નાખવુ તેનેજ માત્ર ઉપવાસ સમજવો નહિ. દોષનુ શોષણ થવું જોઇએ, કષાય અને વિષયરૂપ આહાર (આહારના અર્થ માટે અગાઉ કહેવાઇ ગયુ છે.)નો ત્યાગ એ ઉપવાસ છે, બાકી તો બધી લાંઘણુજ છે."

નોકારસી આદિ તપની પ્રક્રિયામા હેતુ ક્ષુધાવેદનીનો પરાભવ કરવાનો છે. શ્રી મુનિ ચન્દ્રસૂરિ તપના સંબધમા કોતરી રાખવા જોગ ઉપદેશ આપે છે કે;—

कायो न केवलमयं परितापनीयो ।
मिष्टै रसैर्बहुविधैर्नच लालनीयः ॥
चित्तेन्द्रियाणि न चरन्ति यथोत्पथेन ।
वश्यानि येन च तदाचरित जिनानाम् ॥

ભાવાર્થ—આ શરીરને કેવળ તપાવવું યોગ્ય નથી તેમજ બહુ પ્રકારના મિષ્ટ રસોવડે તેનુ લાલન કરવુ પણ યોગ્ય નથી, જેથી ચિત્ત અને ઇન્દ્રિયો અવળે રસ્તે ન ચડી જાય અને જેથી તે આ-ધિન બની રહે તે જિનોનુ આચરેલુ તપ છે.

વિકારો અને તેની ઉત્પાદક વાસનાઓમા અટવાઇ પડતા બચી ચેતનને તેના મૂળ રૂપમાં લાવવાને આભ્યતર તપની જરૂર છે બાહ્ય તપથી ઇન્દ્રિયદમન અને વૃત્તિસક્ષેપ થતા આભ્યતર તપનુ અનુષ્ઠાન ઠીક થાય છે આ બને પ્રકારના તપનો સુયોગ થતા જ્ઞાનીઓ અ-નન્ત કોટિ કર્મની વર્ગણાઓને પળવારમા તોડી પાડે છે અને સમ-જ્યા વિના બાહ્ય ક્રિયા માત્રમા લાગી રહેલ અજ્ઞાની તપસ્વીના ભવના ભવ ચાલ્યા જાય તો પણ તેમનાથી કર્મ બધન શિથિલ થતા નથી.

શ્રીમત્ કર્મસિહજી સ્વામી તપ ક્રિયાઓનુ અનુષ્ઠાન પોતાનો અધિકાર તપાસી કરતા. યુવાવસ્થામા વૃત્તિઓ ઉછાળા મારે છે, ઇન્દ્રિયો અબલ અને વેગવતી બને છે, બુદ્ધિ મેલી બને છે, મન વિશેષ ચચળ અને વિષયલોલુપ બને છે, આવે સમયે બાહ્ય તપના દડ વડે એમને દબાવી શકાય એવા વિચારથી આચાર્યશ્રીએ એ અવસ્થામા કેટલીક ઉગ્ર તપ ક્રિયાઓ કરી હતી. ઉપવાસ કરવા, શિઆળાની કકડતી ઠડીમા ઉઘાડે શરીરે બહાર પડી રહેવુ, ઉના-ળાના સખત તાપમા ધગધગતી રેતી પર આળોટવુ, કાયાને દમવી, રસવૃત્તિને મારવી, એવી એવી ક્રિયાઓ આરભમા કરેલી હતી. એક

સામટા પંદર ઉપવાસ તેમણે કરેલ હતા. મનોનિગ્રહ એજ આ સર્વમા મુખ્ય હેતુ હતા. તેઓ કહી સભળાવતા કે:—

તબ લગ કષ્ટ ક્રિયા સબ નિષ્ફળ, જ્યો ગગને ચિત્રામણુ,
જબ લગ મન આવે નહિ ઠામ.........................

આચાર્યશ્રી આ તપશ્ચરણુની સાથે કાયયોગ પર જય કરવાને પ્રતિલેખન, પ્રમાર્જન અને કાયોત્સર્ગ આદિ ક્રિયામાર્ગ પણુ આદરતા. અધ્યાત્મ કલ્પદ્રુમમા મનોનિગ્રહના ચાર *ઉપાય બતાવ્યા છે—સ્વાધ્યાય, યોગવહન, ચારિત્ર ક્રિયામા વ્યાપાર, બાર ભાવના અને શુભ અશુભ પ્રવૃત્તિના ફલનાં ચિતન—એ સર્વનો અભ્યાસ તેમને હતો.

કેવળ ઉગ્ર તપશ્ચરણુથી મનને વશ રાખવાની પ્રવૃત્તિ એ ઉન્મત્ત હાથીને કમળના દાડા વડે બાધવાની પ્રવૃત્તિ જેવી ગણી શકાય. જેના કષાય દોષ પાકી ગયા ન હોય તેમને હઠયોગની જરૂર, પણુ તે એકજ નહિ, તેની સાથે રાજયોગ જોડાવો જોઇએ. હઠ વિના રાજયોગ અને રાજયોગ વિના હઠયોગ સિદ્ધ થતો નથી એટલે એ બનેનો અભ્યાસ સાથે થવો જોઇએ એમ યોગ તત્ત્વવિદોનુ કહેવુ છે. અધ્યાત્મવિદ્યા, સાધુસગમ, વાસના ત્યાગ, પ્રાણુ નિરોધ એ ચિત્તનો જય કરવામા ઉત્તમ યુક્તિઓ છે. યોગ્યજ કહેવામા આવ્યુ છે કે.—

द्वौ बीजौ चित्तवृक्षस्य प्राणस्पंदनवासने ।
एकस्मिश्च तयोः क्षीणे शीघ्रं द्वे अपि नश्यत ॥
वासनावशतः प्राणस्पंदनं तेन च वासना ।
क्रियते चित्तवृक्षस्य, तेन बीजांकुरक्रमः ॥

---

*स्वाध्याय योगैश्चरणं क्रियासु व्यापारणे द्वादश भावनाभि. ।
सुधीं त्रियोगी सदसत्प्रवृत्ति फलोपभोगैश्च मनोनिरुंध्यात् ॥
अध्यात्म કલ્પદ્રુમ.

असंगव्यवहारत्वाद् भवभावनवर्जनात् ।
शरीर नाशदर्शित्वाद् वासना न प्रवर्तते ॥

ભાવાર્થઃ—ચિત્તરૂપી વૃક્ષના બે બીજ છે. એક તો પ્રાણસ્પંદન અને બીજુ વાસના. આ બેમાથી એકનો પણ ક્ષય થાય તો બંનેનો એકદમ નાશ થઇ જાય. (એટલે ચિત્તવૃક્ષ ઉન્મૂલિત થઇ જાય છે) વાસનાને લીધે પ્રાણસ્પદન અને પ્રાણસ્પદનને લીધે વાસના એમ બીજ અને અંકુરનો ક્રમ ચાલે છેઃ

અસગ વ્યવહાર, ભવની ભાવનાનો પરિત્યાગ અને શરીર આદિ નાશવત છે એમ જોવાથી વાસના પ્રવર્તતી નથી

સસારબધને વિચ્છિન્ન કરવા માટે યતિએ વાસનાક્ષય, મનો નાશ અને વિજ્ઞાન સિદ્ધ કરવા જોઇએ. એ ત્રણેનો સાથે અભ્યાસ થાય ત્યારેજ સસારની દૃઢ ગ્રથીઓ તૂટે છે, કે જે યતિ વર્ગનુ મુખ્ય કામ છે અનાદિ કાળથી જેનો અભ્યાસ પડી ગયો છે તેવી મિથ્યા સસાર વાસનાઓનો નાશ, દીર્ઘકાળ નિરતર આદરપૂર્વક—સેવેલા એક તત્ત્વના દૃઢ અભ્યાસ વિના થતો નથી. આવા અભ્યાસમા મચ્યા રહેનાર મુનિવર્ગ સપૂજ્ય છે

કેવળ નિરક્ષર, રાગદ્વેષાદિ અનેક દોષો વડે ખરડાએલા ચિત્તવાળો, વિવિધ ક્ષુદ્ર ઇચ્છાઓનો ગુલામ એવો કોઇ મન્દમતિ મનુષ્ય લાબા ઉપવાસ ખેચી કાઢે પણ ઉપવાસથી સિદ્ધ કરવાના ફળને પામ્યા વગર તો તેને મહાધર્મી તપસ્વી તરીકે પૂજ્યશ્રી સ્વીકારતા નહિ. ઉપવાસ—એક ટાણુ વગેરેથી જે રસાસક્તિ તૂટે છે, ક્ષુધાવેદની પરાભવ પામે છે, વૃત્તિ સક્ષેપ થાય છે, ઇન્દ્રિય પ્રાણુ મન એ ઉપર કાબુ મેળવાય છે તેમાનુ કશુ પણ સિદ્ધ ન થાય અને કેવળ મિથ્યા અભિમાન, હુંપદ, મોટાઇ, ફુલણશીપણું, પરનિન્દા, અપ્રવૃત્તિજ શેષ રહે તો તેવા ઉપવાસાદિમા ધર્મ થયો એમ માનીજ કેમ શકાય ?

આચાર્યશ્રીએ યુવાવસ્થામાં કેટલાંક ઉગ્ર તપ કરેલ હતા તે ઉપરાંત પાછળથી ધર્માર્થે કષ્ટ—અનેક પરિષહો વેઠેલ હતા અને તેમની તિતિક્ષાશક્તિ અદ્ભુત હતી એ તેમનાં જીવન પરથી સ્પષ્ટ જણાઈ આવે છે.

જપ, તપ, અભ્યાસ આદિ સર્વનો મૂળ પાયો વિરાગ છે. તાપથી સૂકાઇ ગએલા લાકડાને જેમ અગ્નિ તરત બાળી નાખે છે તેમ વિરાગથી શુષ્ક થએલા મનને જ્ઞાનાગ્નિ સ્પર્શ કરે છે. **શુદ્ધ વિરાગ વડેજ વિજ્ઞાનની સિદ્ધિ થાય છે.** તે વિના કેવળ દીક્ષા ગ્રહણ, જ્ઞાનની લુખી વાર્તાઓ કે ક્રિયામાર્ગથી કઇ ખરૂ સાધ્ય સધાતું નથી कुत स्वाद्रलता तस्य यस्याग्नि कोटरे तरो'—જે ઝાડના મધ્ય ભાગમા અગ્નિ હોય તે ઝાડ લીલુ કયાથી રહે? જેના હૃદયમા રાગાદિ દોષોની ભઠ્ઠી બળ્યા કરતી હોય તે ગમે તેટલા વેષધારણ કરે કે દેખાવ કરે તો પણ ત્યા જ્ઞાનશીલ સચ્ચારિત્રની લીલાશ રહેતીજ નથી. **ત્યાગાશ્રમ તો વિરાગ મુલકજ છે.** સરાગી હોય તેણે તો સસાર વ્યવહારમાજ રહેવુ. વિરાગી હોય તે ભલે દીક્ષા ગ્રહણુ કરે. સરાગી હોવા છતા દીક્ષા ગ્રહણુ કરનાર અધપતન પામે છે એ ઉપર પુષ્કળ વિવેચન આગળ થઇ ગયુ છે. નિઃસગતા, નિસ્પૃહતા, ત્યાગવૃત્તિ, સપ્રદાય અને શિષ્ય વર્ગ ઉપર ઘેલછાભર્યા મોહનો અભાવ એ સર્વ એક જૈન મુનિમા આવશ્યક ગુણો છે. એ તેણે પ્રયત્નવડે કેળવવા જોઇએ પૂજ્યશ્રીના વિરાગ આદિ ગુણો માટે કહેવું એ હવે પિષ્ટપેષણ જેવુ જણાશે. એમણે મજલમા યોગ સબધી સામાન્ય જ્ઞાન મેળવ્યુ હતું. એ વિષય એમને પ્રિય હતો. અને કઇ કઇ અભ્યાસ કરતા પણ ખરા તો પણ કોઇ યોગ પુરંદર ગુરૂનો યોગ થયો ન હતો એટલે આ વિષયમાં સપૂર્ણતા મળી ન હતી. તેમણે પોતાના શિષ્યોને એ વિષય તરફ વાળ્યા હતા અને હરકોઇ યોગ જાણુનાર પાસે જવાની છૂટ પણ આપી હતી.

લોકનિન્દાની દરકાર ન રાખી એક શિષ્યને છૂટથી એક સંન્યાસી મહાત્મા પાસે જવાની રજા આપી હતી એ તેમની યોગ વિષય તરફ કેટલી બધી પ્રીતિ હતી એ દેખાડી આપે છે. યોગશાસ્ત્રનો સપૂર્ણ અભ્યાસ કરવા સારૂ સાધુ વર્ગ માટે કયા સાધનો ઉભા કરવાની જરૂર છે, અને સાધુપણાની કઈ ક્રિયાઓ યોગ માર્ગને વિષે પ્રવેશ કરાવનારી છે એ બાબતની ચર્ચા અત્ર અપ્રાસંગિક ગણાવાની સાથે વિસ્તાર ભયથી પડતી મૂકી છે. ટૂકમા કહેવાનુ કે એ વિષય તરફ અણુઘટતી ઉપેક્ષાવૃત્તિ હાલ જોવામા આવે છે એ યોગ્ય નથી. એ વિષય પણ કેળવવા જેવો છે એ ભૂલાવુ ન જોઇએ.

યોગવિદ્યાની પેઠે તત્ત્વવિચાર તરફ પણ જૈન સમાજનું અત્યારે દુર્લક્ષ છે એમ કહેવામા ખોટુ નથી સામાન્ય પ્રકારની વાર્તાઓ. પ્રાકૃત બુદ્ધિને રૂચે એવી પુરાણ કથાઓ, અને કેવળ ક્રિયાબોધક અને સાધુઓના વિહારાદિને નિરૂપનાર સૂત્રના ઉપરછલા વ્યાખ્યાનોમા વખત નીકળે છે, પરતુ જૈન તત્ત્વજ્ઞાન જે ઉડુ છે તે ઉપર પૂરૂ લક્ષ જતું નથી–જિજ્ઞાસા વૃત્તિ જાગતી નથી. ખરૂ છે કે જૈન પ્રજાનુ મગજ વ્યાપારી છે. તેમની પ્રકૃતિ રજોગુણ પ્રધાન છે એટલે આવા તત્ત્વવિચારો તરફ તેમની વૃત્તિ ઓછી વળે આચાર્યશ્રી તત્ત્વચિતક હતા અને તત્ત્વજિજ્ઞાસુ હતા અધ્યાત્મ વિષય ઉપર મૂળથીજ પ્રેમ હતો એટલે અધ્યાત્મમાર્ગી સાધુ સન્યાસીઓ સાથે બને તેટલો પરિચય રાખતા. હિદુ ફિલસુફ મહાત્મા પીતામ્બરદાસજી સાથે વારવાર તત્ત્વજ્ઞાનના વિષયની ચર્ચા કરતા, સુદરવિલાસ નામનો વેદાન્ત ગ્રથ તેમણે પોતાને હાથે ઉતારી લીધો હતો અને લગભગ ઘણો ખરો ભાગ મ્હોએ હતો. તેમણે જૈન તત્ત્વજ્ઞાનના ગ્રંથો ફેદી સમાજને સપૂર્ણ અંશે સમજાવ્યા નથી તેમ આ વિષય તરફ રૂચિ ઉપજે તે માટે પણ વિશેષ કર્યું નથી. માત્ર યોગ્ય જ-

ણુાયા તે શિષ્યોને તત્ત્વોપદેશ કર્યો છે. આ દિશામા તેમણે વિશેષ કર્યું હોય એવુ જાણુવામા નથી.

એ નિત્ય પરોઢીએ ત્રણુ વાગે ઉઠતા. શાસ્ત્રવિધિએ આવશ્યક ક્રિયાઓ આટોપી ધ્યાનમા બેસતા. તેમને પદ્માસને બેસવાનો અભ્યાસ હતો. ત્રણેક કલાક સુધી સ્થિર આસને સુખપૂર્વક બેસી શકતા હતા. તેઓ અર્ધાક કલાક સુધી ધ્યાનસ્થ સ્થિતિમા રહેતા, ત્યાર પછી માળા ફેરવતા, સૂત્રોની કેટલીક સ્મરણીય ગાથાઓનુ ચિંતન કરતા. પ્રતિક્રમણુ, સ્તોત્ર પાઠ, સ્તવનની ધુની આ બધુ પ્રભાતનુ કાર્ય આટોપી લીધા પછીજ આહારાદિની ખટપટમા પડતા. સાજે પાછુ પ્રતિક્રમણુ, જપ, ધ્યાન અને અભ્યસ્ત વિષયનુ રટણુ થતું.

વૈરાગ્ય, બોધ અને ઉપરતિ સાથે સાથેજ પરિપકવ થઇ જાય એ તો મહા પુણ્ય હોય તોજ બને છે. અપરોક્ષ જ્ઞાનની દૃઢતા, વાસનાની અનુત્પત્તિ, અને વ્યવહાર માત્રની વિસ્મૃતિપૂર્વક આત્માન-ન્દમા લીનતા એ અનુક્રમે બોધ, વૈરાગ્ય અને ઉપરતિના ફળ ગણુાય છે આચાર્યશ્રીના સબધમા આ ફળ કેટલે અશે મેળવાયા હતા તે માટે ચોક્કસ કહી શકાય એમ નથી. એટલુ ખરૂ કે એની સર્વાશે સાથેજ પ્રાપ્તિ થએલી હોય એવુ જોવામા આવ્યુ નથી.

પ્રકરણ ૧૪ મું.

ધર્મ.

अबन्धूनामसौ बन्धुरसखीनामसौ सखा ।
अनाथानामसौ नाथो धर्मो विश्वैकवत्सलः ॥१॥
रक्षोयक्षोरगव्याघ्रव्यालानलगरादयः
नापकर्तुमलं तेषां यैर्धर्मः समुपाश्रितः ॥ २ ॥
धर्मो नरकपातालपातादवति देहिनः ।
धर्मो निरुपं यच्छत्यपि सर्वज्ञवैभवम् ॥३॥

ભાવાર્થ—ધર્મ જેને બાધવ ન હોય તેનો બાધવ છે, મિત્ર ન હોય તેનો મિત્ર છે, અનાથનો નાથ છે અને સર્વનુ હિત કરનાર છે. જેઓએ ધર્મનુ શરણું લીધુ છે તેઓને રાક્ષસ, યક્ષ, સર્પ, વ્યાઘ્ર, વ્યાલ, અને વિષાદિ, દુ:ખ આપવાને કે તેમનુ બુરૂ કરવાને સમર્થ થતા નથી. નરક અને પાતાળમા પડતા જીવોનુ રક્ષણ ધર્મ કરે છે. અને ઉપમારહિત સર્વજ્ઞપણાના વૈભવને પણ ધર્મજ આપે છે.

યોગશાસ્ત્ર

મનુષ્યમાત્રનો જીવાત્મા પોતાને ઉપાધિ પરવશ, અલ્પજ્ઞ, અ-શક્તિમાન્ અને અપૂર્ણ માને છે અને એ મન્તવ્યના બળથી પોતાથી વિલક્ષણ સ્વભાવવાળા સ્વતંત્ર, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન્ તથા સંપૂર્ણ એવા કોઇ એક તત્ત્વનો સ્વીકાર કરે છે. પોતા કરતાં ચઢીઆતા તત્ત્વનો સ્વીકાર અને એ તત્ત્વના સંબંધમા આવી પોતાની નિકૃષ્ટતા શમાવવાની ઝંખના—તથા તત્પ્રેરિત વિવિધ આચાર પદ્ધતિઓ અને ક્રિયાકલાપો, એ ધર્મનુ સામાન્ય

અને વ્યાપક સ્વરૂપ છે. જીવાત્મા આ પૂર્ણ તત્ત્વને પોતાનાં હૃદયમાં ઉદ્દ્ભાવિત કરવાને જેવા અંશમાં સમર્થ થાય તેવા અંશમા તેની ધાર્મિક ભાવનાઓ બંધાય છે અને તે ધર્મભાવના તેટલા અંશમાં તેને સંતોષ આપે છે. ભિન્ન ભિન્ન ધર્મો એ જીવાત્માના અધ્યાત્મવિકાસની ન્યૂનાધિકતાને લીધેજ છે. આ ઉપરથી સમજી શકાશે કે સામો માણસ જુદા સંપ્રદાયનો છે એટલાજ માત્ર વિચારથી તેના તરફ દ્વેષ બુદ્ધિ રાખવી કે લડવા તૈયાર થઈ જવું એમા કેવળ મૂર્ખતાજ છે. એકજ પ્રકારનો આહાર સર્વને એક સરખી રીતે રૂચી કે પચી શકતો નથી, એકજ માપનુ વસ્ત્ર સર્વને બરાબર થતું નથી તેમ એકજ પ્રકારની ધર્મભાવના જૂદા જૂદા ગુણ સ્વભાવવાળા મનુષ્યોને માફક પડતી થઈ શકતી નથી. પૂજ્યશ્રી આવા મનોભેદથી થતા ધર્મભેદના ઝઘડામા ઉતર્યા નથી. તેઓ પોતાના ધર્મમા દૃઢશ્રદ્ધા અને નિષ્ઠા રાખતા અને સાથે સાથે કોઇ પણ ધર્મની નિંદા કરતા નહિ. એમની પોતાની ધર્મભાવનાનું સ્વરૂપ ઉચ્ચ હતું તેઓ સમજણા થયા ત્યારથી તે મરણકાળસુધી તેમનુ ધર્મજીવન ક્રમે ક્રમે ઉન્નત બનતું ગયુ હતું. અને તેથીજ ધર્મૈકપરાયણ રહી શક્યા હતા એમનુ લક્ષ ધર્મના બાહ્ય આચારો કરતા અંતર્ગત રહસ્ય ઉપર વિશેષ રહેતું. એમનુ માનવુ એવુ હતું કે કેવળ બાહ્ય આચારોને કે કેવળ અંતર્ગત રહસ્યને મુખ્યતા વા ગૌણતા આપવી એમા ભૂલ છે ધર્મના કલહો ઘણા ખરા એથી થવા પામે છે.

તેમણે વિવિધ પ્રજાના ધર્મ સંબંધી ઇતિહાસ વાચ્યા ન હતા તેમ પોતાના ધર્મ ગ્રંથોનો તુલનાત્મક અભ્યાસ કર્યો ન હતો. તેઓ કહી સંભળાવતા કે:–

आसंबरो य सेयंबरो य, बुद्धोवा अहव अन्नोवा
समाभाव भावी अप्पा, लहइ मोक्खं न संदेहो ॥

" દિગંબર હો કે શ્વેતાંબ્બર હો, બુદ્ધ હો કે વેદાન્તી હો જે સમભાવભાવી છે તે નિઃસંશય મોક્ષ પામે છે " આવાં સહસ્ત્રઃ વાક્યો વિચારપૂર્વક અવધારી રાખનાર કયા પંથવાળા સાથે લડવા ઉભો થાય કે કયા ધર્મનો તુલનાત્મક અભ્યાસ કરે ?

જૈનશાસ્ત્ર યતિધર્મના બે ભાગ પાડે છેઃ—સાપેક્ષ અને નિરપેક્ષ. આ ધર્મનાં સ્વરૂપ બહુ ઝીણવટથી દર્શાવવામા આવ્યા છે. આચાર્ય શ્રીમાં જમાનાની જરૂરીઆતની નજરે વ્યાપક દષ્ટિબિંદુએ આપણને ગમે તેટલી અપૂર્ણતા કે ઉનતા જણાય તોપણ યતિધર્મની દષ્ટિએ જોતા એમ કહેવુજ પડે કે યતિધર્મ તે એનોજ. શાસ્ત્ર દષ્ટિ જોતા તેમનુ યતિજીવન સફળ હતું. હૃદયવિશુદ્ધિ, વૃત્તિસક્ષેપ, રસત્યાગ, વાસનાનાશ, વિજ્ઞાનની પ્રાપ્તિ, વર્તમાન સંજોગ અને સ્થિતિને અંગે બજાવવાની ફરજોનુ અનાસક્ત પણે પાલન, સ્વધર્મમા દઢતા, પરમત્ત સહન દોષવર્જનપૂર્વક ગુણ ગ્રહણ, તપ અને યોગના અનુષ્ઠાન, સંપૂર્ણ વિવેક વિરાગ, અનિંદ્ય પ્રવૃત્તિએ સમગ્રનુ એક સામટુ ચિત્ર દષ્ટિસમીપ ખડુ કરતા કોને એમ નહિ જણાય કે એમનુ મુનિજીવન રમ્ય પ્રશસ્ય અને અનુકરણીય નથી ? મુનિઓ ઉન્નતિના માર્ગમા અપ્રમત્ત પણે પ્રવૃત્ત થાય, ખાવાપીવા અને નિરર્થક ચાળા કરવાને બદલે સુનીતિ સદાચાર ભક્તિ કર્તવ્ય પાલનમા કલ્યાણ છે એમ સ્વીકારે, નિઃશંકરીતે સારાસારની પરીક્ષામા પ્રવૃત્ત થઇ ધર્મનુ શુદ્ધ સ્વરૂપ દષ્ટિસમીપ નિશ્ચય પૂર્વક રાખી તેના અનુસરણમા મહત્ત્વ સમજે એમા એમનુ પોતાનુ તેમજ સમાજનુ કલ્યાણ સમજાયલુ છે.

પ્રકરણ ૧૫ મું.

આચાર્ય—કાયદા, પરિષદ, સાધુશાળા, પુસ્તકશાળા.

स्वे स्वे कर्मण्यभिरत: संसिद्धिं लभते नरः ॥

પોતાના કર્મમાં લાગ્યો રહેનાર પુરૂષ સંસિદ્ધિને પામે છે.

શ્રીમદ્ભગવદ્ગીતા.

વિદ્વાન્ અને ધર્મનિષ્ઠ આચાર્યના હાથમા ધર્મની સત્તા હોય છે તો સંપ્રદાયનુ લૌકિક અને પારલૌકિક કલ્યાણ થાય છે. વિદ્વાન્ આચાર્ય પોતાની વિદ્યાનો લાભ આપીને અને પોતાની ધર્મનિષ્ઠા વડે પોતાનાજ વર્તનનુ ઉદાહરણ આપીને સમાજને બહુ બહુ રીતે ઉપકાર કરી શકે છે. વિદ્યા અને ધર્મ બંને સાથે હોય તોજ આવા પરિણામ આવી શકે છે બાકી કેવળ વિદ્યા—શબ્દરાશિમય જ્ઞાનથી શોભતા પણ દુર્જન પુરૂષો મણિથી શોભતા નાગની પેઠેજ દૂરથી તજવા યોગ્ય છે. એવા ધર્મહીન પડિતોના ઉપદેશથી દોરાનારી પ્રજા અનર્થના ખાડામા પડે છે. એથી ઉલટુ વિદ્યા વિનાના પણ ધર્મનિષ્ઠ—પોતાના પ્રાપ્ત કર્તવ્યોને ધર્મપૂર્વક બજાવનારો પુરૂષ યોગ્ય છે. જો કે તે બહુ બહોળા પ્રમાણમા પરોપકાર કરી શકતો નથી તોપણ પોતાના ઉચ્ચ ચરિત્ર વડે એક ઉત્તમ દૃષ્ટાન્ત સમાજ પાસે ખડુ કરે છે અને એથી વિચારશીલ પુરૂષો બોધ લઇ સારે માર્ગે ચડી શકે છે. વિદ્યાહીન પણ નિસ્વાર્થી ધર્મનિષ્ઠ પુરૂષ પણ આચાર્ય પદને દીપાવી શકે તોપછી શ્રીમત્ કર્મસિ-

હજી સ્વામી કે જેમનામાં વિદ્યા–નિઃસ્વાર્થ અને ધર્મનિષ્ઠાનાં તત્ત્વો હતાં તેઓ આ પદને દીપાવે એમા તો કઇ કહેવા જેવું નથીજ. એમના જીવન પરથી આ વાતની સત્યતા જણાઇ આવે છે. એમનુ આચાર્યજીવન દશ વર્ષનુ હતું. એ ટૂંક જીવનમા–વૃદ્ધાવસ્થા અને તેને અગે રહેલા અશક્તિ ભર્યા જીવનમા એમણે જે કામો કર્યા છે તે પ્રમાણમા થોડા છે તોપણ ઘણા સારા અને લાભકર છે. દીક્ષા, સાધુ-ચર્યા, શ્રાવકોનુ ધર્મજીવન એ બાબતો પર તેમણે સારો વિચાર કર્યો હતો. આચાર્યની સત્તા હાથમા આવ્યા પછી સઘને કેટલાક સુધારાઓ સૂચવ્યા અને સૌને સુખ થાય તેવા બધારણો ડહાપણ અને વિવેક વાપરીને બધાવ્યા. સવત્ ૧૯૫૭ ની સાલમા તેમણે બીજા સાધુઓ સાથે મળી ઠરાવ કર્યો કે અમુક મુદ્દત સુધી કોઇ સ્ત્રીએ દીક્ષા લેવી નહિ તેમ દેવી પણ નહિ. પ્રથમ થોડા વર્ષની મુદ્દત નાખી પાછળથી તેમા વધારો કર્યો હતો. આ ઠરાવનો અમલ આજસુધી ચાલુ છે; ત્યાર પછી જૂજ સ્ત્રીઓએ દીક્ષા લીધી છે. તેમના આ ઠરાવની પ્રશસા જૈનપત્રકારોએ બહુ કરી હતી, તેમ સંઘ પણ પ્રસન્ન થયો હતો. તેજ સાલમા સાધુઓના દર્શન કરવા માટે બહોળો ખર્ચ કરી સઘ કહાડી આવવાનો રીવાજ પણ બધ કરાવ્યો.

સર્વ મહાન્ કાર્યના પ્રથમરૂપ વિચાર અને ચર્ચા છે. પહેલવહેલા તો અનેક ભિન્ન ભિન્ન વ્યક્તિઓના મનમા અમુક વિચારો અવ્યક્ત રૂપે ઘોળાયા કરે છે. તેમાના વિચારોને કેટલાક પુરૂષોને હાથે જેમ જેમ વ્યક્તરૂપ અપાતું જાય છે તેમ તેમ એ વિચારો ચર્ચાની ભૂમિકામા આવતા જાય છે. ચર્ચાદ્વારા તે વિચારોની સારાસારતા, યોગ્યતા અયોગ્યતા, ઔચિત્ય અનૌચિત્ય ઇત્યાદિ કસોટીએ ચડે છે, અને તેવી કસોટીમાથી પાર ઉતરેલા વિચારોને વ્યવહારમાં ઉતારવાની તજવીજ થવા માડે છે. આવા વિચારોમા અને ચર્ચામાં ભાગ લેના-

રાઓને એકત્ર કરવાથી ચર્ચાની ભૂમિકામાંથી જલદી પસાર થવાનું બની શકે છે. તેટલા અંશમાં તત્ત્વનિર્ણાયક ચર્ચા કરનારી સભાની ઉપયોગિતા છે. સાધુપરિષદ્ આવાજ કંઈ ઇરાદાથી મેળવવામાં આવી હતી. એ પૂજ્યશ્રીએ પ્રેરિત ઉત્તેજિત અનુમોદિત પરિષદ્ કંઇ ખાસ સંગીન કાર્ય બજાવી શકી ન હતી તોપણ સાધુની સૃષ્ટિમા આવા વ્યવહાર ચાલુ થવા એ પણ એક સુચિહ્ન છે. એવી પરિષદો વારવાર ભરાતી હોય અને વ્યવસ્થાપૂર્વક નિયમિત રીતે એકસંપથી ચર્ચાઓ થતી હોય તો ઘણા પ્રશસ્ય પરિણામો જોઇ શકાય. આચાર્યશ્રીની તબીઅત લથડતી ચાલી અને અભ્યાસી મુનિમંડળ ઉત્સાહી અને ઉમંગી હોવા છતા યોગ્ય પ્રોત્સાહન ઉત્તેજન અને અનુમોદનને અભાવે સમેલન માટે કંઈ કરી શક્યુ નહિ. એકસંપ કરવા માટે, જ્ઞાનમાં વધારો કરવા માટે, ઉચ્ચવિચારોની આપલે કરવા માટે, ઉચ્ચપરિણામો લાવવા માટે મુનિજીવનનું એક કર્તવ્ય બજાવવા માટે આવાં સાધુ સમેલનો દર વર્ષે મળવાની બહુ અગત્ય છે. આવી પરિષદો ભરવાની જરૂર સમજવી, તે ભરવાના પ્રયાસ કરવા, અને તે મેળવવામાં ફતેહમંદી મેળવવી એ ભાવિ ઉન્નતિને સૂચવે છે. મુનિવર્ગ આ બાબત ઉપર લક્ષ આપશે અને બનતો પ્રયાસ લેશે તો તેમને પોતાને તેમજ સમાજને બહુ લાભ થશે.

છૂટક છૂટક વખતે જૂદે જૂદે સ્થળે અભ્યાસ થાય તો તે પાકો થતો નથી એ વિચારથી તેઓએ સાધુશાળા ખોલાવી. આ શાળા યોગ્ય વ્યવસ્થાસર ચાલે અને મુનિવર્ગ ખંતપૂર્વક તેનો લાભ લે તો પરિણામ ઘણા સારાં આવે એ નિઃસંશય છે. એક સાધ્વીશાળા ખોલાવવા માટે પણ તેમણે પ્રયાસ કરવા માડયો હતો. વ્યાખ્યાન આપી તથા શિષ્યો દ્વારા લેખો લખાવીને કચ્છમા એક સાધ્વીશાળાની જરૂરીઆત અને ઉપયોગિતા બતાવવા તેમણે યત્ન કર્યો હતો.

દરેક માણુસ પ્રથમ સ્ત્રીના ખોળામાંજ કેળવાય છે. કેળવાએલ અને સારા સંસ્કાર પામેલ આર્યાવર્ગદ્વારા ઉત્તમ બોધ અને સંસ્કાર પામેલી માતાઓ બાળ ઉછેરનું પવિત્ર કામ કેવુ બજાવી શકે ! સમાજહિતમાં એવી સ્ત્રીઓ કેટલો ભાગ આપી શકે ! વસ્ત્ર પાત્ર અને પુસ્તક વગેરે સબંધી ખોટી મારામારીને દેશવટો મળે, અજ્ઞાની શ્રાવિકાઓ પાસે ખોટી વાહવાહમાં પૈસાનો ધુમાડો કરાવવાની પ્રથાને તિલાજલિ દઇ શકાય, ખટપટ અને પ્રપંચ આદિ આસુરી તત્ત્વોનો ધર્મ પ્રદેશમાથી બહિષ્કાર થઇ સાત્ત્વિક તત્ત્વો પ્રવેશ પામે તે માટે પ્રથમ આર્યાવર્ગને સારી રીતે કેળવવાની બહુ જરૂર છે, એમ દરેક જણ કબૂલ કરશેજ. કચ્છમાં જૈન વિધવાઓની સખ્યા ઘણી છે. તેઓ ખરા આત્મકલ્યાણને માર્ગે ચડવાનુ જ્ઞાન તથા બળ પામે ને ખોટે રસ્તે ચડી જતા બચે (અયોગ્ય સ્થિતિમા ખોટી રીતે દીક્ષા લેવી એ પણ ખોટો રસ્તો છે. આત્મકલ્યાણ એથી નથી.) તે માટે એ વર્ગ ઉપર વિવેક અને ડહાપણ વાપરીને લક્ષ આપવાની જરૂર છે. પોતાનુ અને પોતાના સમાજનુ હિત ઇચ્છતા પુરૂષોએ આ વિષય તરફ ધ્યાન આપી પોતની ફરજ અદા કરવી ઘટે છે આચાર્યશ્રીએ આવી અનેક બાબતો શ્રાવક શેઠીઆઓને મળીને સમજાવી પરતુ પ્રતિકૂળ સજોગોથી એમા તેઓ ફાવી શકયા નથી, તોપણ તેમણે જે વિચારોને બહાર ગતિ આપી છે તે હજી સજીવ છે અને સજાતીય વિચારોને હજી પણ ગતિ આપ્યા કરે છે કાળબળે એ વિચારો કાર્યરૂપે પરિણામ પામશે.

ગામડે ગામડે પુસ્તકાલયો ખોલાવવાનો પ્રયાસ કેટલેક અશે સફળ થયો હતો. આજના જમાનામા ખરા ગુરૂનો યોગ થવો મુશ્કેલ છે તેવી સ્થિતિમા પુસ્તકભડારો બહુ સારૂ કામ બજાવી શકે. અંગ્રેજ સાક્ષર કાર્લાઇલ લાયબ્રેરીઓના સંબધમા જણાવે છે કેઃ—

But the place where we are to get our

knowledge even theoretic knowledge is the books themselves. It depends on what we read, after all manners of Professors have done for us. The true University of this day is a Collections of Books.

ભાવાર્થઃ—"પરન્તુ જે સ્થાનેથી આપણે જ્ઞાન–સિદ્ધાન્તાત્મક જ્ઞાન પણ–મેળવવાનુ છે તે પુસ્તકો છે। સર્વ પ્રકારના ગુરૂઓ અને શિક્ષકોએ આપણા શિક્ષણને વાસ્તે યથાશક્ય સર્વ કર્યા છતા પણ તેનો (શિક્ષણનો) આધાર આપણા વાચન ઉપર છે. આધુનિક સમયનુ ખરૂ વિશ્વવિદ્યાલય પુસ્તકોનો સગ્રહ છે."

ધર્મગુરૂઓ પોતાના સપ્રદાય માટે આવી રીતે શાળાઓ પુસ્તકાલયો અને વિદ્વાનોના સમેલનો ભરવા માટે ઉપદેશ આપતા હોય અને પોતે તે માટે શ્રમ લેતા હોય તો તે સપ્રદાયનુ હિત ઘણુજ થાય આચાર્યશ્રીની સર્વ મહાન્ અભિલાષાઓ સર્વાંશે સિદ્ધ થઇ હતી એમ સમજવાનુ નથી. તેમણે કેટલીક અભિલાષાઓ વખત બરાબર ન જણાવાથી મનમાજ રાખી હતી અને કેટલીકને પાર પાડવા માટે મથન કર્યું હતું. અભિલાષ સિદ્ધ હો કે ન હો પણ ઉચ્ચ અભિલાષને અર્થે જીવનનો વ્યય કરવો એ પણ મહત્તાનુ અચૂક લક્ષણ છે. આત્માની તેમજ સપ્રદાયના અનુયાયી વર્ગની નિશ્ચિત ઉન્નતિ માટે અભ્યાસાદિ ઉપાયો અને સાધનો વિચારી ખોળી ઉત્કૃષ્ટ ભાવનાઓ તેમના સમક્ષ ખડી કરવી, શાસ્ત્રનિર્દિષ્ટ કર્તવ્ય માર્ગમા એક સરખી રીતે ચાલ્યા જવુ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, અને શીળયુક્ત જીવન ગાળવુ, અને પોતે આચારમા રહી બીજાઓને આચારમા પ્રવર્તાવવા, એ વગેરે આચાર્યના કર્તવ્ય સ્વરૂપને વિચારી પૂજ્યશ્રીનાં આચાર્ય તરીકેનાં કામો જોતા જણાય છે કે તેઓ પોતાના કાળમા અને

દેશમાં એક સર્વોત્તમ આચાર્ય હતા. સમગ્ર રીતે જોતાં—વ્યાપક દૃષ્ટિ બિંદુએ જોતાં એમ કહેવું પડે કે હાલના દેશકાળને જેવા આચાર્યની જરૂર છે તેવા આચાર્ય તેઓ ન હોવા છતા એમના શુદ્ધ, કર્તવ્યપરાયણ, અખંડ વિહારી નૈષ્ઠિક બ્રહ્મચર્યયુક્ત તપોમય જીવન પર દૃષ્ટિ નાખતા એ નિષ્કલંક વિશુદ્ધિથી અંકાયલુ જણાય છે અને એમની અપૂર્ણતાના ખ્યાલને દબાવી નાખે છે. જે હૃદયે બાલ્યકાળથીજ ધર્મશ્રદ્ધા, ધર્મજિજ્ઞાસા અને ધર્માર્થે કષ્ટસહન બતાવ્યા હતા, ઉત્તમ નિશ્ચયબળનો પરિચય કરાવ્યો હતો, આગળ જતા પરિષદ્ સાધુશાળા અને પુસ્તકશાળા જેવી અતિ ઉપયોગી સંસ્થાઓ ખોલવાનુ અનુમોદ્યુ હતું, શ્રાવકોના પૈસાનો વ્યર્થ વ્યય ન થાય તે માટે કાળજી બતાવી હતી, અનેક જનોને ખોટે રસ્તેથી વારી સન્માર્ગમા સ્થાપ્યા હતા. દીક્ષાના સ્વરૂપનો પૂર્ણ વિચાર કરી તે માટે યોગ્ય બંધારણો ઘડયા હતા, સૌ સાથે આત્મભાવે વર્તન ચલાવ્યુ હતું તથા અનેક સાત્ત્વિક ગુણોનુ પ્રસંગોપાત દર્શન કરાવ્યુ હતું તે હૃદય સત્સંસ્કારોથી કેટલુ સમૃદ્ધ હશે અને કેટલુ વિકસિત હશે તેનો ખ્યાલ સહજ આવી શકેશે. આવા હૃદયને કોણ નહિ પ્રશંસે કે નહિ વંદે ? એવા દૈવી સંપત્તિયુક્ત હૃદયને—પછી તે ગમે તે ઉપાધિમા વિલસતુ હોય તોપણ—સહસ્ર વાર નમન હોજો.

પ્રકરણ ૧૬ મું.

એમનો શિષ્યવર્ગ.

विद्वान्स तस्मा उपसत्तिमीयुषे
मुमुक्षवे साधु यथोक्तकारिणे ।
प्रशान्त चित्ताय शमान्विताय
तत्त्वोपदेशं कृपयैव कुर्यात् ॥

ભાવાર્થ—શરણાગત થએલા, મોક્ષની ઇચ્છાવાળા, કહ્યા પ્રમાણે સારી રીતે કરનારા, શાન્ત ચિત્તવાળા અને શમવાળા એ શિષ્યને વિદ્વાન્ ગુરૂએ કૃપાથીજ તત્ત્વનો ઉપદેશ કરવો. વિવેક ચૂડામણિ.

મુનિજીવનમા શિષ્ય પ્રાપ્તિ એ પણ એક અગ છે. યોગ્યશિષ્યો તૈયાર થતા હોય ત્યારેજ ધર્મ કે વિદ્યાની પરપરા ચાલી આવે છે. અન્યથા તૂટે છે વા કોઈ અન્યપ્રકારેજ પરિણામ પામી વિકારી પરપરા ચાલે છે અને પરિણામે સૌ ખાડામા પડે છે. ગુરૂ વિદ્વાન્ અને ધર્મનિષ્ઠ જોઇએ તેમ શિષ્યો પણ શાન્ત પ્રકૃતિના, સાધનસપન્ન અને કહ્યા પ્રમાણે કરનારા જોઈએ. અયોગ્ય શિષ્યોના વધારાથી ધર્મના પ્રદેશમા બખેડા થાય છે અને સમાજ તથા ધર્મને એબ લાગે છે. એટલે શિષ્યો કરવામાં મુનિશ્રીઓએ વિવેક વિચારથી વર્તવાનું છે એ સ્પષ્ટ છે. એ એક મહાન્ જવાબદારીવાળુ કામ છે તેના તરફ જેટલુ દુર્લક્ષ થાય છે તેટલુ સર્વને સોસવુ પડે છે, પૂજ્યશ્રીને શિષ્યો વધારવાની લાલસા ન હતી પોતાનાં જ્ઞાન અને

અનુભવનો પ્રકાશ પોતાપાછળ પણ અખંડ રહે અને પ્રસરે તે માટે સ્વાર્થ કરતાં પરાર્થને મુખ્યતા આપી સંપ્રદાયહિત, ચારિત્રઇચ્છુવર્ગની આત્મ-કલ્યાણને માર્ગે ચડી જવાની ઇચ્છા, અને સમાજ હિતના પોતાના સંકલ્પો એ સર્વપર નજર રાખી તે તે પ્રસગે યોગ્ય કારણોનો યોગ થવાથી તે તે શિષ્યોને દીક્ષા આપી હતી. તેમના વિદ્યમાન શિષ્યવર્ગની નામાવલિ પરિશિષ્ઠ પાને આપેલી છે. દીક્ષાનો ઉમેદવાર આવે તેને ભણાવતા, કેળવતા, પોતાસાથે ફેરવતા, કુળશીલ આદિની તપાસ કરતા અને વધારેમા વધારે દોઢ વર્ષસુધી શ્રમણોપાસકવ્રત પળાવતા. ત્યારપછી યોગ્ય જણાય તોજ દીક્ષા આપતા. વિવિધ રીતે કસ્યા વગર, યોગ્યતા અપાવ્યા વગર કે શાસ્ત્રવિધિથી ઉલટી રીતે ચાલીને તેમણે કોઇને દીક્ષા આપી હોય એવુ જાણવામા નથી. તેમના વિદ્યમાન શિષ્યો સબધમા અહિ લખવાનુ કઈ પ્રયોજન નથી.

પૂજ્યશ્રી દીક્ષતને વિશેષ જ્ઞાન મળે તે માટે કોઇ પણ તકને ગુમાવતા નહિ નિદાને ભોગે પણ કશાપણ ભેદભાવ કે સકોચ વગર હરકોઇ સારા ગ્રથોના વાચન, ઇતર સપ્રદાયના પુરૂષોનો સહવાસ, જરૂરી વિષયના જ્ઞાતા કોઇ અન્ય સાધુ સન્યાસી પાસે અભ્યાસ એ સર્વ માટે તેમણે પોતાના શિષ્યોને છૂટજ આપી હતી. પોતાને જેનુ જ્ઞાન હોય નહિ અને જે વિષય જમાનાની નજરે જાણવો જરૂરનો હોય તે વિષયનું જ્ઞાન શિષ્યોને અપાવવા માટે બીજા કોઇ પાસે અભ્યાસ કરાવવામા તેમણે લાજ કે ભય રાખ્યો ન હતો. જ્ઞાન મેળવવામા તો તેમણે બહુજ ઉદાર વિચાર વિશાળ દૃષ્ટિ અને નિષ્પક્ષપાત બનાવ્યા છે. 'કે જેવા સપ્રદાયના અભિમાનમા પડેલો વર્ગ ભાગ્યેજ બતાવી શકે.'

તેમના બે શિષ્યો સવેગી થઈ ગયા હતા. આમ થવાના બીજા કારણ ગમે તે હોય તો પણ એટલુ તો ખરૂજ કે આચાર્યથી નારાજ થઇને તેમણે તેમ કર્યુ ન હતું. એ સવેગી થઈ ગએલા શિષ્યના

સબંધમા કોઈએ તેમની પાસે ખેદના ઉદ્ગાર કહાડતાં લખી જણાવ્યુ કે બહુ છૂટ આપવાનાં પરિણામ આવા આવે તેના ઉત્તરમાં તેમણે જે લખાવ્યુ તે ખરેખર બહુ મનનીય છે. તેમણે લખાવ્યુ કે " એક મુનિ જવાના વિચારથી તમે જે ખેદ બતાવો છો. તેમાહેલો એક અંશ પણ ખેદ મને થતો નથી; કુટુંબ વધારવાની ઇચ્છાથી કોઇ ગૃહસ્થ પોતાનો સબંધી નાસભાગ કરે તો ખેદિત થાય છે તેમ આપણને કદી થાય નહિ. શિષ્યની વૃદ્ધિ મોહથી, સ્વાર્થથી કે બીજા કોઈ હેતુથી કરેલ નથી પણ તેમનામા સારા સંસ્કારો નાખી તેમના જીવન આત્મતત્ત્વને પામવા માટે લાયક બને એટલાજ માટે કરી છે. આપણે શિષ્યના ગુરૂ બનવાના મોહમા પડયા ત્યારે ખેદ પામવાને વખત પણ મળેલો લાગે છે પણ મે તેવા ભાવ રાખેલ નથી. કોઇના હૃદય બળવાન થવાથી ભાગી નાશીજાય તો તેનાપર ક્રોધ કરવા કરતા તથા તેના માટે ખેદ કરવા કરતા હુ તો તેનાપર દયાજ આણીશ અને મારો પોતાનોજ દોષ સમજીશ કે હુ તેમનામા સંપૂર્ણ યોગ્યતા આપી શકયો હોત તો તેઓની આવી નબળી દશા આવત નહિ. છતા પણ મારા રોપેલા સંસ્કારો તેમનામાથી જશે નહિ, કોઇ પણ રીતે કલ્યાણ સાધક વિશુદ્ધ જીવન ગાળશે તો મને સંતોષ છે. મને લોકના વખાણ કે ઉપરછલ્લી ટીકાઓની દરકાર નથી. વીર પ્રભુને સ્મરો અને વીર બનો "

તેમના સંવેગી થઇ ગએલ એક શિષ્યે તેમને સંવેગી પક્ષમા આવવાનુ લખી જણાવ્યુ હતું તેનો જવાબ પૂજ્યશ્રીએ લખાવ્યો હતો તે પણ જાણવા જેવો હતો પરંતુ એ લખનાર મુનિને જેની પૂર્ણ સ્મૃતિ ન હોતા અહિં અપાયો નથી. પોતા પાસેથી નીકળી ગએલ શિષ્યોની નિંદા કે દ્વેષ તેમણે કર્યા ન હતાં. સર્વે શિષ્યો ઉપર એક સરખો ભાવ તેમને હતો. શિષ્યો અને ગુરૂ વચ્ચે મેળ પણ ઠીક રહેતો.

પ્રકરણ ૧૭ મું.

કેટલીક પરચુરણ બાબતો.

શ્રીમત્ કર્મસિંહજી સ્વામીની પ્રકૃતિ રીતભાત વગેરે માટે એકંદર રીતે ટૂંકમાં એમ કહી શકાય કે તેઓ સરળ સાચા, સાદા, ભલા અને કોમળ પ્રકૃતિના હતા. વખતે ક્રોધ, ઉગ્રતા અને હઠના અંશો જણાઇ આવતા મ્હોએજ તડનેફડ કહી દેતા. પણ તેમાં કર્કશતા, નિષ્ઠુરતા, પરૂષતા કે હૃદયવેધક શબ્દો જણાવતા નહિ. તેમણે પોતાનો કડપ સારો રાખ્યો હતો. એકજ મનુષ્યમાં વિલક્ષણ, અસંગત અને વિરોધી અનેક સ્વભાવ પ્રસંગે પ્રસંગે જોવામાં આવે છે. કોઇ વખતે તે વિચારશીલ અને શાન્ત હોય છે. તો કોઇ વેળા તે વ્યગ્ર અને ઉદાસી થઇ રહે છે કોઇ વખતે મૂઢ કર્તવ્ય શૂન્ય આળસુ અને પ્રમાદી જેવો પણ જણાય છે. આમ અનેક રંગ જોવામાં આવે છે. માનવ પ્રકૃતિ વખતે વખતે જુદા જુદા રંગો દેખાડયા કરે છે. આથી તેનું સ્વરૂપ સર્વથા હાથ આવી શકતું નથી. એકંદર રીતે આચાર્યશ્રીની પ્રકૃતિમાં આસુરી અંશો નિર્બળ સ્વરૂપમાં ન્યૂન અંશમાં અને સાત્વિક અંશો સબળ સ્વરૂપમાં અને અધિક અંશમાં જણાયા હતા. સાધુ-પુરૂષને શોભાવે તેવી નિસ્પૃહતા નિર્મોહ વૈરાગ્ય તેમનામાં હતા. તેઓ બહારના ઠઠારા ઉપર રાચતા નહિ, પોતાના અધિકારનું ગૌરવ કદી પણ બતાવતા નહિ તેમ પોતાનાં કર્તવ્યમાં ભ્રમ કે પ્રમાદને વશ થતા નહિ.

કચ્છના સંઘ સમસ્ત તરફ તેમનું વર્તન પ્રશંસાપાત્ર ઠરી ચૂક્યું હતું. કોઇને પણ એમનાથી અસંતોષ થયો હોય એવું જણાયુ નથી પોતાના સહગામી, સહચારી અને સહકારી સહયોગી સાધુમંડળ તેમજ સાધ્વીમંડળને પણ તેમણે સતોષજ આપ્યો હતો. ઇતર સપ્રદાયોની તેમણે નિંદા કરી નથી—અર્થાત્ જેમના જેમના સબધમા તેઓ આવ્યા હતા તે સર્વને પોતાનાં વર્તનથી નારાજ થવાનું કારણ તેમણે આપ્યુ ન હતું.

તેઓ એક અલ્પશક્ત અને અલ્પજ્ઞ મનુષ્યજ હતા, ઉપાધિ વશ હતા, એટલે તેમની સર્વ ખાસીસતો સારીજ હોય તેઓ સપૂર્ણજ હોય, બધી બાજુએથી તેમની પ્રકૃતિ કૃતિ એક સરખી રીતે ઠીકજ જણાઇ હોય, રીતભાત વર્તન વગેરે ખામી વગરનાજ હોય, કરવાયોગ્ય બધુ કરીજ ગયા હોય, જાણવાજેવુ બધુ જાણીજ ગયા, પામવા યોગ્ય બધુ પામીજ ગયા હોય એમ કોઈની માફક બતાવવાનો આ લેખકનો પ્રયાસજ નથી એટલુ ખરૂ કે ઇરાદાપૂર્વક તેમની કોઇ ખામી છૂપાવવાનો યત્ન કરવો પડે કે કોઇ ખામી ઉપર ઢાકપીછોડો કરવો પડે એવુ એમના જીવનમા લેશ પણ બનવા પામ્યુ નથી એમ તો ખુલ્લી રીતે કહી શકાશે.

પ્રકરણ ૧૮ મું.

એમનો પત્ર વ્યવહાર.

जह भणियं, तहयकम्मुणा होइ.

જેમ સત્ય ભણવું તેમ લખવા વગેરે ક્રિયા પણ સત્ય કરવી.

પ્રશ્ન વ્યાકરણ.

દૂર સ્થળે વસતા ધર્મ જિજ્ઞાસુ, તત્ત્વેચ્છુ અનુરાગી વર્ગને શાસ્ત્રીયચર્ચા, માર્ગસૂચન, તત્ત્વદર્શન ઇત્યાદિ વિષયોથી પૂર્ણ પત્રો વડે સતોષી શકાય. કોઈ કોઈ વખતે તો મુખચર્ચા કરતા કાગળ વધારે અર્થ સારે છે, કારણ કે કેટલાક વ્યવહાર સબધમા સમક્ષ વાર્તા થઈ શકે એમ હોતું નથી તો તેપણ પત્રમા થાય છે. પત્ર એ એક પ્રકારે અધિકાળ પર્યંત ટકી રહેનાર લેખરૂપ છે. કુશળતા સૂચક સામાન્ય પત્રનો કાળાતરે ભાગ્યેજ ઉપયોગ હોય છે પણ જે પત્રો પ્રબોધક વિચારોથી જ્ઞાનની તેમજ ધર્મ કર્મની રસિક ચર્ચાથી પૂર્ણ હોય છે, દેશ, કાળ કે સ્થિતિ આદિનુ વર્ણન કરનાર હોય છે તે પત્રો તો કાળાતરે પણ ઉપયોગના છે. સ્વલ્પમા કહીએ તો વિવિધ દૃષ્ટિ બિદુએ પત્ર લેખન સાધુવર્ગને પ્રસગવશાત્ અનેક રીતે તેમના માર્ગમા ઉપયોગી થઇ પડે છે. વિદ્વાન્ મુનિવર્ગ દૂર વસતા પોતાના અનુયાયી તેમજ ઇતર સપ્રદાયના મનુષ્યોમા અને પોતપોતામાં પત્રદ્વારા ધાર્મિક, સામાજિક અને નૈતિક પ્રશ્નો ચર્ચીને વિચાર વિનિમય કરે, જ્ઞાનનો, અનુભવનો અને શાસ્ત્રાલોચનનો લાભ આપે તો એ માર્ગે તેઓ પોતાને, સમાજને તેમ શાસનને અનેક રીતે લાભ આપી શકે.

જૈન સાધુથી પત્ર વ્યવહાર રહી શકે કે કેમ એ સંબંધમાં પંડિત પ્રવર શ્રીમદ્ જ્યેષ્ઠમલજીએ માડવીના શ્રાવક શા. કુશલચંદ તથા

જશવત શિવજીપર સ. ૧૮૬૪ ના મહા માસમા લખેલા એક પત્રમા જણાવ્યુ છે કે-" વળી તમે કચ્છી જાણતા હશો જે સાધુ શ્રાવકને કાગળ કેમ લખે, એમ છિદ્ર જાણતા હશો, પણ ભાઈ સિદ્ધાતમા પત્ર લખવાની ના કહી હોય કે પ્રાયશ્ચિત્ત કહ્યુ હોય તો તે ઠકાણું (પાઠ) પૂછીને લખજો સૂત્રમા તો સદેશો કહેવડાવવાની ના છે. તે સદેશો સમાચાર તો સર્વે કહેવરાવતા જણાય છે સૂત્ર પ્રમાણે નિર્ણય કરજો" પત્ર લખવામા સાધુને દોષ લાગે છે એમ આચાર્યશ્રી માનતા નહતા. છતા પોતે જુની ઢબના હોવાથી બહુ પત્રવ્યવહારમા પડયા નહતા. તેમનો પત્રવહેવાર મર્યાદિત હતો પોતે ખાસ કારણ વગર પત્ર લખતા નહિ, તેમ તેમને લખી પૂછાવનાર જિજ્ઞાસુવર્ગ પણ બહુ જૂજ હતો.

શ્રાવકવર્ગનો ઘણો ખરો ભાગ વેપારાદિ ધધામા રોકાયલો રહે છે એટલે વિદ્વાન્ સાધુવર્ગનો લાભ કેમ લેવો તે સમજી શકતો નથી. ખરી ધર્મ જિજ્ઞાસા બહુ જૂજવર્ગમા જોવામા આવે છે, બહુ ભાગ તો કેવળ ગુરૂઘેલા બની 'વદના મહારાજ' એમ બોલવા માત્રમા કૃતકૃત્યતા માની લે છે. ધર્મચિતન કરી, પુસ્તકો વાચી વિચારી શંકા કહાડે અને દૂરથી સાધુ મહારાજ પાસેથી પત્રદ્વારા સમાધાન મેળવે એવા શ્રાવક હાલ પણ વિરલ છે આવા કારણોથી પણ મુનિવર્ગની પ્રવૃત્તિ આ માર્ગ તરફ વળેલી જણાતી નથી સકુચિત દૃષ્ટિ, અનુદાર વિચાર, પરસ્પર સપૂર્ણ પ્રીતિનો અભાવ, ગુજરાતી ભાષાપર ઓછો કાબુ, શ્રાવકવર્ગની અજ્ઞાનતા, જ્ઞાનના વિષયો પ્રત્યે અરૂચિ, વિષયાસક્તિ ઇત્યાદિ કારણોને લીધે સાધુ સૃષ્ટિમાથી ઉત્તમ પત્રો રૂપ ટૂક લેખો પણ આપણને મળી શકતા નથી ઉતારા, ઢાળો અને નકામા લખાણો લખવામા, દૂર વસતા શ્રાવકોને તેમ મુનિવર્યોને આશીર્વાદ અને વદના કહેવરાવવામા, એક બીજાની કુશળતા પૂછવા માત્રમા તેમનો લેખન વ્યવસાય બધાઇ ન રહેવો જોઇએ

શ્રીમાન્ સ્વામી કર્મસિંહજી ઉપર જિજ્ઞાસા બુદ્ધિથી પ્રેરાઈને કેટલાક શ્રાવકોએ પત્ર લખેલા હતા અને તે સર્વના પ્રત્યુત્તર તેમણે લખાવેલા પરંતુ નકલો રાખવાની ટેવ ન હોવાથી જૂજ પત્રોજ અવશેષ રહ્યા છે. દોશી સાકરચંદ દામજીએ શ્રી જંગબારથી વખતો વખત પત્રો પાઠવેલા હતા અને તેના સમાધાન રૂપે આચાર્યશ્રીએ બહુ લખાવ્યુ હતું તેમાથી કેટલીક નકલો મળી છે. જેનો ઉતારો વિસ્તાર ભયથી આ પુસ્તકમા આપી શકાયો નથી. અનુકૂળતાએ એ સર્વ પત્રવ્યવહાર જુદા પુસ્તક આકારે બહાર પાડવા ઇરાદો છે.

તેઓ જે લખાવતા તે ટુંકું, સાદુ અને સ્પષ્ટ લખાવતા. તેમના પત્રોમા ભાષા દોષ ક્વચિત્ નજરે પડે છે ખરા પણ વિચાર પ્રદર્શન બહુ સારી રીતે થયુ છે તેઓ પત્રવ્યવહારમા નિયમિત રહેતા. આડંબર વગરનુ અને જરૂર જેટલુજ લખાવતા. તેમની પોથીમાંથી શ્રીમત્ કુર્મચંદજી સ્વામીએ તેમના પર લખેલો એક પત્ર મળી આવ્યો છે. જેમા એ સ્વામીશ્રી સંપ્રદાયની કેટલીક વિગત જણાવ્યા બાદ નીચે મુજબ જણાવે છે.

"પત્રમા લિખ્યા વાક્યો મૂકને પણ અમૃત તૂલ્ય લાગ્યા છે...

પૂજ્ય દેવજી સ્વામીના પરિવારમા તમ જેવી હુશિયારી, પરાક્રમ, વિવેક, ચતુરાઈ અપર શ્રમણમા મારા ધાર્યામા નથી આવતા એમ નિશ્ચે જાણજો."

આ ઉપરાત તેમને બીજા પત્રો પણ આવેલા હતા પરંતુ તે સર્વ એક સ્થાને સંગ્રહ કરી રાખેલ ન હોતા મળી શકેલ નથી. એમનો થોડો ઘણો પણ પત્રવ્યવહાર સચવાયો હોત તો આપણને કંઈ નવીન પ્રકાશ મળત, હવે તો જે કંઈ પત્રોના જવાબો તેમણે લખાવેલા છે તેનો સંગ્રહ ટુંક પુસ્તકરૂપમા બહાર પાડી સંતોષ માનવા જેવુ છે

वदति पठति भक्त्या य. शृणोत्येकचित्तः ।
स्वपर समयतत्त्वावेदि शास्त्रं पवित्रम् ॥
विदितसकलतत्त्वः केवला लोकनेत्र ।
त्रिदशमहितपादो यात्यसौ मोक्ष लक्ष्मीम् ॥

ટુંક ભાવાર્થઃ—

પોતાના અને પારકા સમયને જણાવતું પવિત્ર શાસ્ત્ર જે કોઈ એક ચિત્તે વાચે, ભણે તેને સકળ તત્ત્વ જાણવામા આવે છે અને તે જ્ઞાન પ્રકાશ પામી મોક્ષરૂપી લક્ષ્મીને મેળવે છે.

(अमितगति.)

વાચકવર્ગને સંબોધન.

વાચક, તું જૈનના ગમે તે ફિરકાનો હો, શ્વેતાંબર હો કે દિગંબર હો, છ કોટીનો હો કે આઠ કોટીનો—આઠ કોટી મોટા પક્ષનો હો કે ન્હાના પક્ષનો હો, તેરાપંથી હો કે ગમે તો તપા, અંચળ, ખરતરગચ્છનો હો, સાધુ હો કે ગૃહસ્થ, શૈવ હો કે વૈષ્ણવ, ગમે તે ધર્મ મત સંપ્રદાય કે વાડાની મર્યાદામા બંધાઇ રહ્યો હો, તારી રૂચિ પ્રકૃતિ ગમે તે પ્રકારની હો, તારી પાસે ઉપલબ્ધ સામગ્રી અને પ્રાપ્ત સ્થિતિ શક્તિ અને સંજોગ અનુસાર એક સંતજીવન રજૂ કર્યું છે, અને તેના અનેક હેતુ પૈકી એક આ છે કે—

કંઇ પુણ્યનો સંચય થવા સંસ્મરણ સંત મહંતનું,
કરવું થવું તદ્રૂપ એ વિણ જીવનનું ફળ અન્ય શું ? ।

આ પવિત્ર આત્માની સમીપમા આવતા લેખક વર્ગને દિવ્ય અનુભવ અને સત્સંસ્કારનો અપૂર્વ લાભ મળ્યો છે તેવા લાભ તને આમાથી મળજો એવી આશા રાખી, ઇરાદાપૂર્વક કોઇને માઠું લગાડવાનો પ્રયાસ આમા નથી છતા કંઈ દોષ એ સંબંધમા જણાય તો તે માટે ક્ષમા માગી પુસ્તકને ઉપસંહાર પર્યંત નિર્વિઘ્ને લાવવા જે **વીર** પ્રભુની કૃપા થઇ છે તેનું સ્મરણ કરતે કરતે વૃત્તિ વિરમે છે.

ૐ શાન્તિ શાન્તિ શાન્તિ.

शुभं भूयात् सर्वेषां प्राणिनाम्

સમાપ્ત.

પ્રકરણ ૧૯ મું.

પરિશિષ્ટ.

પૂજ્યશ્રીએ કરેલા ચાતુર્માસનું લીસ્ટ.

ગામનું નામ.		સંવત.
૧ પાલનપુર.	ધાર્મિક અભ્યાસ	૧૯૦૫
૨ ઝાટાવાડો.	સૂત્ર શિક્ષણ	૧૯૦૬
૩ ખેરાળુ.	શિક્ષણ અને વાચન...	૧૯૦૭
૪ પાલનપુર.	ભંડાર અવલોકન–લેખન	૧૯૦૮
૫ વડાળા	... ...	૧૯૦૯
૬ અંજાર	... ...	૧૯૧૦
૭ મુંદરા	... ...	૧૯૧૧
૮ માંડવી	... ...	૧૯૧૨
૯ મંજલ	અહિં વ્યાકરણનો અભ્યાસ કર્યો ...	૧૯૧૩
૧૦ ભૂજ	ગુરૂની માંદગી સબબે સેવા માટે ...	૧૯૧૪
૧૧ ભૂજ	અને સસ્કૃત અભ્યાસ માટે ...	૧૯૧૫
૧૨ ભૂજ	રોકાયા. ...	૧૯૧૬
૧૩ પત્રી...	... ...	૧૯૧૭
૧૪ લુણી	... ...	૧૯૧૮
૧૫ વડાળા	... ...	૧૯૧૯
૧૬ મુંદરા	... ...	૧૯૨૦
૧૭ લુણી	... ...	૧૯૨૧
૧૮ અંજાર	... ...	૧૯૨૨
૧૯ વડાળો	... ...	૧૯૨૩

[illegible]ું નામ.		સંવત.
૨૦ મુંદરા	... ...	૧૯૨૪
૨૧ ભુજ	... ...	૧૯૨૫
૨૨ અંજાર	... ...	૧૯૨૬
૨૩ માંડવી	ગુરૂવર્યશ્રી પાનાચંદજી સ્વામી, રંગજીસ્વામી,	૧૯૨૭
૨૪ માંડવી	કેશવજીસ્વામી અને પૂજ્યશ્રી કર્મચંદજીસ્વામીની	૧૯૨૮
૨૫ માડવી	સેવા માટે ખાસ રોકાયા.	૧૯૨૯
૨૬ અંજાર	... ...	૧૯૩૦
૨૭ મુંદરા	... ...	૧૯૩૧
૨૮ માંડવી	... ...	૧૯૩૨
૨૯ ગોધરો	આ ક્ષેત્ર નવું ખોલ્યું.	૧૯૩૩
૩૦ ભુજ	... ...	૧૯૩૪
૩૧ મુંદરા	... ...	૧૯૩૫
૩૨ અંજાર	... ...	૧૯૩૬
૩૩ માંડવી	... ...	૧૯૩૭
૩૪ ભુજ	... ...	૧૯૩૮
૩૫ ગોધરો	... ...	૧૯૩૯
૩૬ મુંદરા	... ...	૧૯૪૦
૩૭ અંજાર	... ...	૧૯૪૧
૩૮ ભુજ	... ...	૧૯૪૨
૩૯ માંડવી	... ...	૧૯૪૩
૪૦ અંજાર	... ...	૧૯૪૪
૪૧ પાટણ	... ...	૧૯૪૫
૪૨ બોટાદ	... ...	૧૯૪૬
૪૩ ભુજ	... ...	૧૯૪૭

ગામનું નામ.		સંવત.
૪૪ માંડવી	... ...	૧૯૪૮
૪૫ ભોજાય	... ...	૧૯૪૯
૪૬ પત્રી	... ...	૧૯૫૦
૪૭ મુંદરા	... ...	૧૯૫૧
૪૮ ભુજ	... ...	૧૯૫૨
૪૯ ભુજપર	દરબારશ્રીની ખાસ આજ્ઞાથી... ...	૧૯૫૩
૫૦ ભોજાય	... ...	૧૯૫૪
૫૧ ભુજ	... ...	૧૯૫૫
૫૨ મુંદરા	... ...	૧૯૫૬
૫૩ અંજાર	... ...	૧૯૫૭
૫૪ પત્રી	... ...	૧૯૫૮
૫૫ ભોજાય	... ...	૧૯૫૯
૫૬ ભુજ	... ...	૧૯૬૦
૫૭ માંડવી	... ...	૧૯૬૧
૫૮ લુણી	... ...	૧૯૬૨
૫૯ વાંકી	... ...	૧૯૬૩
૬૦ કાંડાગરા	... ...	૧૯૬૪
૬૧ મુંદરા	... ...	૧૯૬૫
૬૨ ભોજાય	... ...	૧૯૬૬
૬૩ પત્રી	... ...	૧૯૬૭
૬૪ લુણી	... ...	૧૯૬૮
૬૫ મુંદરા–સ્વર્ગવાસ અષાડ વદ ૫ શનિવાર	... ...	૧૯૬૯

આચાર્યશ્રીનો વિદ્યમાન શિષ્ય વર્ગ.

૧ મુનિશ્રી આશકરણજી સ્વામી.
૨ ,, નાગજી સ્વામી.
૩ ,, તિલોકચંદજી સ્વામી.
૪ ,, માણેકચંજી સ્વામી.
૫ ,, કૃષ્ણજી સ્વામી.
૬ ,, કપુરચંદજી સ્વામી.
૭ તપસ્વી મોણસી સ્વામી.
૮ ,, કેવલચંદજી સ્વામી.
૯ ,, રામચંદ્રજી સ્વામી.

અગાઉથી થયેલા ગ્રાહકોનાં મુબારક નામ.

કુચ્છ—લુણી.

૫ શાહ વાઘજી તેજપાળ.

૨ શાહ ચના કુરપાળ.

પત્રી.

૧ શાહ હીરજી સાગણુ.

બાડા.

૧ શાહ કેશવજી ખેતશી.

રાયણ.

૧ શાહ પાલણુ માલશી.

વાંઢ.

૧ શાહ દાયા પાશુ.

ચાપર.

૧ શાહ ખેતશી દેવશીની કંપની.

૧ ,, કેશવજી માણુક.

લાયજા મોટા.

૧ શાહ વીરજી નથુ.

ભોજા.

૧ શાહ કાનજી વેલજી.

૨ ,, વીરજી પાશુ.

૨ ,, કેશવજી પાશુ.

૧ ,, કોરશી ડાહ્યા.

ગાગોદર.

૪ વોરા ગાંગજીભાઇ કુંવરજી.

ચિત્રોડ.

૧ વોરા નાનચંદ ધરમશી.

માંડવી.

૨ શાહ માણેકચંદ પાનાચંદ.

ભોજાય.

૧૦ શાહ જેઠા ડાહ્યા.

૫ ,, કેશવજી માલશી.

૧ ,, ડાહ્યા ચાપશી.

૧ ,, કાનજી ઘેલા.

૧ ,, શવજી રણુશી.

૧ ,, શામજી પાશુ.

૧ ,, વેલજી વેરશી.

૧ ,, દેવશી ગોવર.

વાંકી.

૧૦ શાહ રાજપાલ વાઘજી.

૫ દેશાઇ કેશવજી હંસરાજ.

૫ શાહ નેણુશી ખીંયરા.

૧ ,, દેવશી ડાહ્યા.

૧ ,, ખીંસી પાલણુ.

૨ ,, શ્રીપાલ કાનજી.

૧ ,, જેઠા લખમશી.

૧ ,, નેણુશી હીરા.

૧ ,, રણુમલ વાઘજી.

૧ રાજગોર પુજા ધનજી.
૧ ,, ખીમજી લધા.

વીરા.

૨ કોઠારી ખેગાર સેજપાર.
૨ ,, મોતીચંદ ભગવાનજી.

રાયણ.

૪ શાહ વેલજી હીરજી.

વદાડા.

૫ શાહ ચના વિજપાલ.

વડાળા.

૫ શાહ લધા ચના.
૨ પારેખ વેલજી હેમચંદ.
૨ શાહ કરમશી બારમલ.
૧ ,, મુરારજી પાશવીર.
૧ ,, હેમરાજ પાશવીર.
૧ દોશી ડુંગરશી કૃષ્ણજી.

છસરા.

૫ શાહ હીરજી રતનશી.
૫ ,, કુરપાર ચાપશી.
૧ ,, તોર્યા ગોવર.
૧ ,, પત્રામલ જેઠા.
૨ ,, હીરજી નેણશી.
૧ ,, રામજી ઉકેડા.

જરપરા.

૨ મેતા પ્રેમજી દામજી.
૨ મેતા જીવરાજ દેવચંદ.
૨ ,, શીવજી પ્રેમજી.
૧ ,, પદમશી માણેકચંદ.
૧ ,, ખેતશી દામોદર.
૨ બારોટ કરશન જેઠા પો. ૫.

મુંદ્રા.

૫ શેઠ રામજી લાલચંદ.
૧ દોશી મોતીચંદ માણેકચંદ.
૧ મેતા નાથાભાઇ અચલજી.
૧ શાહ ખેરાજ ચાપશી.
૧ દોશી રણછોડ નેમીદાસ.
૧ ,, પ્રેમચંદ મોણશી
૧ દોશી પ્રેમચંદ મોણશી.
૧ ,, ચત્રભુજ પ્રેમજી.
૧ મા. દામજી હરજી.
૧ ,, જાદવજી આણંદજી.
૧ શાહ નથુ કરમશી.
૧ ,, લધુભાઇ કરમશી.

લુણી.

૧૦ શાહ ગોસર દેવરાજ.
૧૦ ,, કરમશી હરધોર.
૧૦ ,, મોનજી દેવશી.
૫ ,, પદમશી ખીંસી.
૧ ,, શવજી વરજાંગ.

૪ શાહ ભીમજી નરપત.
૧ „ મોનજી વીરજી.

કપાયા.

૨ „ ગગુ ખીશી.
૨ „ શીવજી લખમશી.
૪ „ કેશવજી પાશુ.

રામપુર.

૨ દેશાઈ રવજી રાઘવજી.
૪ મેતા ધરમશી હંસરાજ.
૧ શાહ ભગવાનજી વાલજી.
૪ „ ધારશી હીરાચંદ.

દરસડી.

૨ „ અમરચંદ મુળચંદ.

મજલ.

૪ „ વિસનજી દામજી.

કપાયા.

૪ „ કેશવજી ખીંશી.
૪ „ ધનજી રવજી.
૪ „ ઠાકરશી રવજી.
૪ „ માલશી રવજી.
૧ પટેલ વીરજી લાધા.
૧ શાહ મોણશી ભારમલ વૈદ્ય.
૨ „ ભચુભાઈ લાધા
૨ „ દાઉભાઈ કાનજી.

સોજાય.

૮ „ જેઠા ડાયા.
૨ „ મોણશી કાના તણવાણા

નાગલપુર.

૨ શાહ ઘેલા હીરા.
૧ „ મોનજી ધનરાજ.
૨ „ ઘેલા મોનજી.

ગોધરા.

૨ સંઘવી તેજશી ચાપશી.

કચ્છ–લાખાપુર.

૨૮ શા. નાગસી, કુરપાર.
૨૮ „ કરમસી કુરપાર.
૨ „ લાલજી વાલણ
૨ „ ધારસી માણક

કચ્છ–બેરાજા.

૧૦ શા. કચરા માલસી.
૧૦ „ લધા પામારીયા.

કાઠીઆવાડ–વેરાવળ બંદર.

૧૦ શેઠ લીલાધર ઝવેરચંદ.
હા. ભાણીબાઈ.
૫ „ પાનાચંદ ગોવિંદજી.
૫ „ જયચંદ મદનજી.
હા. કુવરબાઈ.
૫ શાહ હરખચંદ કેશવજી.
૨ કપાણી ખુશાલ રાયચંદ.
૨ શેઠ વદ્રાવન ટોકરશી.
૨ „ સુંદરજી હીરાચંદ.

૨ શેઠ વસનજી સોમચંદ.
હા. ગોપાળજી.
૨ ,, રતનજી વીરપાલ.
૨ ,, હીરાચંદ ડુંગરશી.
૧ ,, રાયચંદ જેપાલ.
૫ ,, ફુલચંદ ગોવિંદજી.
૫ ,, મદનજી જુઠાભાઈ.
૫ બખાઈ ગોવિંદજી ઝવેરચંદ.
૨ શેઠ મોહનલાલ ધીરજલાલ.
૨ ,, જગજીવન ગોવિંદજી.
૨ ,, જમનાદાસ હરખચંદ.
૨ ,, હરખચંદ જુઠાભાઇ.
૨ ,, હેમરાજ હીરાચંદ.
૨ ,, નેમચંદ હરખચંદ.
૧ ,, કરમચંદ કલ્યાણજી
૧ ,, રાયચંદ સુંદરજી.
૧ કપાણી દેવચંદ હીરાચંદ.
૧ શેઠ ચત્રભુજ વશનજી.
૧ ,, ફુલચંદ હીરાચંદ
મોરબીવાળા.

૧ દોશી જેઠા વીરજી.
૧ શેઠ ગોવિંદજી સોભાગચંદ.
૧ દાક્તર ત્રીભોવન શવજી.
૧ શેઠ કપુરચંદ લાલચંદ.
૧ ,, જેઠાભાઈ ઝવેરચંદ.
૧૦ રા. રા. રવિશંકર ઘોડા.

મુંબાઈ.

૮ શાહ ઉભાઇયા હેમરાજની
કું. ભીમપુડો.
૧૦ મેતા કપુરચંદ ધરમશી.
૧૦ શાહ મેઘજી કાનજી.
૧૦ ,, મોણુશી ભોજા.
૧૦ ,, જીવરાજ શામજી.
૧૦ ,, વેલજી દેવજી.
૫ ,, નેણુશી દેવશી.
૧ ,, માલશી ભીમશી.
૪ ,, વિજપાલ મોના.
૪ ,, સવજી મોથા.

પાચોરા.

૪ શાહ વેલજી ઓભાયા.
૨ ,, આણંદ હેમરાજ.

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૩	૧	પ્રસિદ્ધ	પ્રસિદ્ધિ
૧૪	કાવ્યની ૩ જી	કલ્યાણી	ગુણકીર્તન
૧૪	,, ૪ થી	કલ્યાણુ	કલ્યાણી
૧	૩	તેવ	તેવા
૪	૨૩	આપણા	આપણા
૫	૧૩	વિચાર મુલક	વિચારમૂલક
૫	૧૭	આદિના	આદિના
૫	૨૫	નીરોગીને	નીરોગી ને
૬	૧૬	હ મેશ	હમેશ
૬	૨૩	હ સરાજ શા	હેમરાજ શા.
૭	૩	તેમના	તેમના
,,	,,	તેમના	તેમનાં
૧૦	૧૫	નાના સરખા	નાના સરખાં
૧૧	૧૩	એમના પાછળના	એમના પાછળના
૧૩	૨૩	સદ્વિચારમા	સદ્વિચારનાં
૧૩	૨૪	કાવ્યના	કાવ્યના
૧૩	૨૫	પાશ	પાસ
૧૪	૧૩	જ્ઞાનગોષ્ઠી	જ્ઞાનગોષ્ઠિ
૧૫	૨૨	પાશ	પાસ
૧૫	૨૪	રૂઢી	રૂઢિ
૧૬	૨–૧૭–૧૯	રૂઢી	રૂઢિ

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૭	શ્લોકની ૨ જી	**बहुकार्यभार**	**र्बहुकार्यभार**
૧૮	૮	અદ્‌ભુત	ઉદ્‌ભૂત
૧૮	૧૫	બીજકોમા	બીજકોના
૨૧	૩	erath	earth
૨૧	૧૫	૧૯૭૨	૧૭૭૨
૨૭	૩	વિપરિત ગ્રહણુ	વિપરીત ગ્રહણુ
૨૭	૧૩	નમનશીલ	મનનશીલ
૩૧	૬	૬૯	૬૯
૩૨	૧૫	ઉડવાના	ઊઠવાના
૩૪	૧૯	તેમજે	તેમજ
,,	૨૪	પૂર્વજન્મોના	પૂર્વજન્મોના
૩૫	૫	મથતા	મથતો
૩૬	૧	અવસ્યપણે	અવશ્યપણે
૩૭	૨	અનુવૃત્તિ	અનુમતિ
૪૭	૨૧	પાશ	પાસ
૪૮	૨૨	શાન્ત્વન	સાન્ત્વન
૪૯	૧૬	આ દેખાતું	આ ન દેખાતું
૫૦	૧૧	તેમને	તેમજ
,,	૧૫	આનન્દાન્દ	આનન્દાનન્દ
૫૩	૧૮	મધ્યાનકાળે	મધ્યાહ્નકાળે
૫૫	૧	આાદ	આદિ
,,	૧૦	ખીન્ન	ખિન્ન
,,	શ્લોકની ૧ લી	**गाभगुरूणां**	**गीर्भिर्गुरूणां**
૫૮	૧૧	કાળ—સ કટ	કાળ—શકટ

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૬૦	૧૭	ચાક	માફ
૬૧	૯	અધરે	અધૂરો
૬૩	૯	સ કુચિત્ત	સંકુચિત
૬૯	૧૬	હો	હોય
૭૩	ફુટનોટ	धन्या:	धीराः
૭૮	૪	કારણોને	કારણોથી
૮૨	૧૨	એકતા	એકતા
૮૩	૨૪	આમા	શામા
૯૩	ફુટનોટ ૨ જી	વદિક	વૈદિક
૯૩	,, ૩ જી	નાહ	નહિ
૯૫	૬	મળી જતા	મળી જતા
૯૬	ફુટનોટ ૭ મી	ઓછા	ઓછાં
૯૯	૬	પ્રાતજ્ઞા	પ્રતિજ્ઞા
૧૦૩	૧૧	વિ	વિચાર
૧૦૪	૧૦	જે	જો
૧૦૭	૧	ધમ	ધર્મ
૧૧૦	૧૬	દશન	દર્શન
૧૨૩	૭	અ શ	('અંશ' જોઇએ નહિ)
૧૨૯	૧૪	નતિ	ઉન્નતિ
૧૩૨	૧	કતવ્ય	કર્તવ્ય
૧૩૪	૧૯	પાડવામાં	પડવામાં
૧૩૫	૧૪	નયજાતિ	નર જતિ
૧૩૮	૧૧	હિત	રહિત
૧૪૪	ફુટનોટ	जडातपोभि	जडास्तपोभि

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
,,	,,	समयन्ति	[illegible]मयन्ति
,,	,,	विकारहेतु	विकारहेतुम् ॥
,,	,,	ભસ્મિભૂત	ભસ્મીભૂત
૧૫૪	૩	સંયતિ	યતિ
૧૬૮	૨	lease	base
૧૭૫	૨	nobles and	the noblest
,,	૪	rejined	refined
૨૦૩	૨૪	કોતરી	હૃદયમાં કોતરી
૨૦૭	૧૩	વિરાગમુલક	વિરાગમૂલક
,,	૨૨	પુરંધર	ધુરંધર
૨૧૨	૨૧	સમજાએલુ છે	સમાએલું છે
૨૨૦	૨૧	બનાવ્યા છે	બતાવ્યાં છે
૨૨૦	૨૩	બીજા	બીજા
૨૨૧	૮	તેમના	તેમનાં
૨૨૧	૨૧	જેની	તેની

હરિગીત.

અનન્ત સૌખ્યું ન મળે ત્રિભુવનમહે જેનું ખરું,
જેના અનુપમ સદ્ગુરૂનાં ચરણ કમળે હું નમું;
દેઈ પુરુષનો સંબંધ થતા સંતાપન સત સર્વદા,
કરશું, ખરું સ્વરૂપ, એ વિણ જીવનનું ફળ અન્ય શું ? ૧

વિધ્વંસ કરવા કર્મ બંધન ને અખંડાનન્દમાં-
સંલગ્ન રે'વા સર્વને એવું અમોઘ જીવનમાં;
જે દેશ, જાતિ, કાલ, નામ રૂપાદિ ધર્મ ઉપાધિઓ,
તેથી વિદૂર વિશુદ્ધ આત્માને સ્મરો સંતત. ૨